પાંચાળનું ધાવણુ તો હું સવા જ મહિનો પી શક્યો. પિતાની બદલી થઇ ગઇ; ને તે પછી તો પાંચાળને મેં ત્રીશ વર્ષે દીઠો. ત્રીસ વર્ષે સંધ્યાની ઝંખાશમાં ભાઇ અમૃતલાલ શેઠે મને દોટ કઢાવીને ચોટીલે ડુંગરે ચડાવી, એ ડુંગર છલકતી પાંચાલનું પ્રિય દર્શન કરાવ્યું છે. પરંતુ પહાડના સંસ્કાર મારા થોડા થોડા તો યે સતત પોષાતા રહ્યા તેનું કારણ એ હતું કે મારા પિતા કાઠિયાવાડ એજન્સી પોલીસના એક નાના દરજ્જાના અમલદાર, એ ને થાણે થાણે એની બદલીઓ થતી, ને લગભગ એ તમામ થાણાં—એ ચોક ને દાઠા, ચમારડી ને લાખાપાદર—કાં કોઇ ગિરમાં, કાં પહાડમાં, ભયંકર નદીનેરાં વાળી વંકી ને વિકરાળ જગ્યાઓ ઉપર સ્થપાએલાં. એ પહાડ ભેદન્તી નદીઓના ઉંડા ધરા ને એ ડુંગરાની એકાન્ત ખોપો મારાં બાળપણાનાં સંગી હતાં. નદીની ભેખડ પરના અમારા [illegible]ોની નાની બારી-ઓમાં થઇને હૂ હૂ ! હૂ હૂ ! ભૂતનાદ [illegible] પવન–સુસવાટાએ મારી નીંદર ઉડાવી દઇને પહાડોનાં હૈયાંના સંદેશા મને સંભ-ળાવ્યા છે. ફાગણી પૂનેમની હુતાશણીના ભડકા ફરતા વીંટળાઇને ગોવાળીડા જુવાનો—અરે ધરડાખખ ખેડુ દુહાગીરો પણ સામ-સામા દુહા–સંગ્રામ માંડતા તેનો પણ હું ભોક્તા હતો. પહાડનો બાળજીવરો, પહાડનાં ટેટાટીંબરું અને ગુંદાં વગેરે ગળચટા મેવાની માફક જ પહાડની પેદાશરૂપ આ દુહાસોરઠાવાળી કવિતાનો પણ રસિયો હતો.

તે પછી તો ઘણાં વર્ષોનો ગાળો પડ્યો. ભિન્ન ભિન્ન જાતના સાહિત્યના સંસ્કાર પડ્યા—અને ભીતરની ભોંયમાં જૂના રસનાં ઝરણાં વહ્યા કરતાં હશે તેની જાણ પણ કયાં હતી! એ પ્રવાહોને કળનાર પાણીકળો મને ૧૯૨૨માં ભેટી ગયો. એ એક મિત્ર હતા. એને બડપણ ઘેરી રહ્યું છે: એની દૃષ્ટિ "ગત [illegible]ના ગાઢ કિલ્લા ઉખેળે" છે: ફિલસુફીનું ઉંડું અવ-ગાહન ક[illegible] જીવને, "માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક [illegible]ણીની સરણીઓ ફુટી રહી છે: સામસામાં બા[illegible]તી કરવા જેટલો જેની સાથે પોતાને ગાઢો

સંબંધ હતો તે સુહૃદ કલાપી–(લાઠીઠાકોર સુરસિંહજી)ની ઘણી ઘણી અપ્રકટ ઘટનાઓને એ સંભારે : પોતાના એ કાળના આખા મંડળને યાદ કરે : એમાં યે ખાસ તો સાંભરે એને સામતભાઇ ગઢવી. હાથમાં ૨૫ ૨૫ મણકા ટપકાવતી હરિજપની માળા, મીંચેલી આંખો, થોડાથોડા હાવભાવ સાથે, ઠાવકી રીતે ધીરા ને ચોકખા નિર્ગળતા મીઠા કંઠના વાર્તાબોલ : ને એ વાર્તાનો પ્રવાહ પૂરો થતાં સુધી કોઇથી ન હોકો પીવાય કે ન વાત સરખી યે કરાય એવી કડકાઇ : ઓહોહો ! શી સામતભાઇ ગઢવીની કહેણી ! મારા એ વૃદ્ધ મિત્ર એ કથાવાર્તાના કોડાર ગઢવી સામતભાઇને યાદ કરીકરી મને પોતાની શાંત શૈલીએ માંગડા ભૂતની, પીઠાત હાટી ને વેજીની, એભલ-વાળા ને સાંઇ નેહડીની, ચાંપરાજની, એવી કૈંક વાર્તાઓ કહે, દુહા ટાંકતા જાય, વિસરાયલા કોઇ ચરણને ઝાલવા સારૂ જીર્ણ સ્મૃતિનાં ગીચ જંગલો શોધવા લાગે : એકેક દુહા ઉપર એની રસના ને કલ્પના ક્યાં ક્યાં લગી વળુંભી રહે !

મારા પહાડસંગી પ્રાણને–ઘણો કાળ બીજે ભમેલાને–એ રીતે ફરીવાર પહાડી જીવનની વાટ સૂઝી ગઇ. તે દિવસથી હું ડુંગરાનાં સાહિત્ય અને તવારીખ શોધી રહ્યો છું. જૂના યુગને પાછો આવતો જોવાની નાદાન અને વિનાશક ખ્વાએશ નહિ–જરીકે નહિ–પણ જૂના સોરઠી કાળને પ્રેમપૂર્વક તપાસવા તથા ઓળખવાની પ્યાસ મને છેલ્લાં નવેક વર્ષથી એક વળગાડ જેવી સતાવી રહી છે. હું હજુ યે એથી લજવાતો નથી. એના મર્મો ભણીભણી ઉકેલવા મથું છું. એમાં ભયંકર મીઠાશ અનુભવું છું. જૂદેરા જીવનસંજોગોમાં બંદીવાન પડેલ આ દેહને છોડી મારી કલ્પના કેટલી મમતાભરી કૈંક ખાંભીઓ ને કથાઓ, ડુંગરમાળો ને દુહા–સોરઠાઓ શોધે છે !

૪. દુહાઓની શો[illegible]માં

"દુહા લાવો : અમને દુહા લાવી આપી [illegible] દેખાડો !"

આવો અનેક મિત્રોનો પુકાર હતો. [illegible] તોય બસો ત્રણસો જેટલા મે લખેલી રસધ[illegible]ની

કથાઓ ઉપર પથરાયલા પડ્યા હશે; પરંતુ દુહાની દુનિયા તો ઘણી બહોળી, ઘણી પહોળી રહી. અત્યાર સુધીની કથાઓ લખવામાં મારૂં મુખ્ય નિશાન દુહાનો સાહિત્યરસ રેલાવવાનું નહોતું. એમાં તો ઘટનાના પ્રસંગોનાં પાણીદાર તત્ત્વો હું ભેળાં કરતો ગયો છું. એ પહાડવાસીઓનાં જુનાં જીવનમાં વેર અને પ્રેમની, બંધુતા ને ધિક્કારની, દગા અને દિલાવરીની, યુદ્ધની ને દોસ્તીની જે દારુણ, કરુણ, ભીષણ અને કોમળ મસ્તીઓ ખેલાઇ ગઇ છે, તેને હું મારા હૈયાના હુલાવ આપી, લાડ લડાવી, મારાં નિરીક્ષણોની રંગપૂરણી પૂરી, હૂબહૂ જીવન–આલેખન કરવા મથતો હતો. તેમાં દુહા તો હું એટલાજ ટાંકતો, જેટલા એ ઘટનાના ઇતિહાસ સાથે મને મળી રહેતા ને જેટલા એ પ્રસંગોને આધાર આપતા.

પણ અખંડ વહેતાં કવિતા–ઝરણાંની આ દુહે સોરઠે સાંકળેલી સળંગ ધારાવાળી ગીતકથાઓ તો આજ સુધી અણાયદી જ સંઘરાયે જતી હતી. મારે દુહા આપવા જ હતા. પણ જેમ હાથમાં આવે તેમ આડફેડ ફેંકાફેંકી કરીને નહિ: ઘડાબંધી વાર્તાની સાંકળના પદ્ધતિસર સાંકળેલા અંકોડાને રૂપે. ને એ કામ દોયલું હતું. લોકોની યાદદાસ્ત નબળી પડી છે. જૂના પાવરધા દુહાગીરો મરી ખૂટયા છે. અત્યારે લોકોમાં જઇ પૂછશો તો કેટલાયે જણ દુહા ગાઇ દેખાડશે ખરા, પણ એક ચરણ કયાંનું, ને કયાં જાતું કોઇ બીજા જ દુહામાંથી તફડાવેલું બીજું ચરણ: બન્નેને મારી મચરડીને બેસનાં કરેલાં પાંખીઆં: અર્થનો અનર્થ: સાચા અસલી શબ્દોનું જોર ન જડે: ન જડે મૂળ કલ્પના કે વિચારની જુક્તિ: જૂનામાં નવું થીગડું દીધેલું હોય: એક વાર્તાનો દુહો ઉઠાવી લઇ, કેવળ એકાદ શબ્દફેરને લીધે બીજી કોઇ વાતમાં ઠોકી બેસાર્યો હોય: શબ્દોનાં માપ કે પંક્તિનાં પ્રમાણ ન જળવાયાં હોય: એવી ગઝબ વિકૃતિ! એને હું દુહાસાહિત્યની સુંદર સૃષ્ટિમાં ખપાવું તો ખપી શકે છે ખરૂં, પણ એ વેપાર કૂડનાં કાટલાંવાળો. એથી હું નથી ઇતિહાસને ન્યાય આપતો, ન સંશોધનને, કે ન સાહિત્યને.

માટે જ મેં રાહ જોઇ છે. ભમી ભમીને, સાચા પાઠ શોધવા માટે કૈંકૈં વાતડાહ્યાઓને પંપાળ્યા છે. ઉંધું ઘાલીને નોટો

અર્થે જ ગયો છું. અનેક પાઠો ભેગા કરીને સાચુ સ્વરૂપ કર્યું હોઇ શકે તે કોમળ હાથે તપાસ્યું છે. રેલગાડી દોડી જતી હોય, દિવસની કામગરી પતાવી રાતની મુસાફરી કરતો, સૂવાનું ને પંથ કાપવાનું એમ 'એક પંથ દો કાજ' પતાવતો હોઉં; એવી અનેક અધરાતે ટ્રેનના ડબ્બામાં ચડીને લલકાર કરતા ગ્રામ્ય દોસ્તોએ મને મીઠી મીઠી ગીત-સૃષ્ટિમાં જગાડ્યો છે: હળવદના ચીથરેહાલ ખેડુ ભાઇઓ ભાવનગર ગાડાં ખરીદવા જતા હોય; બરડાનો ગોવાળ ચારણ એની ભેંસોનાં ચરણ માટેની પાનચરાઇના ત્રમણા ચોગણા વધારવામાં આવેલા દરો ઉપર દિલની વરાળો ઠલવતો પાનેલીના કે ગીરના કોઇ બીડને વેચાતું રાખવા દોડ્યો જતો હોય; વીંખાએલા મેળામાંથી કે નવરાતની એકાદ કોઇ રાત્રિયે કોઇ ગામડાંમાં રમાએલી ભવાઇમાંથી રસતરબોળ બની નીકળેલા મુસાફરો ચડયા હોય; એ સુવે શી રીતે? કયે સુખે એને નીંદર આવે? ફાટેલા કેડીઆના ગજવામાં સંતાડીને દબાવી રાખેલી એની લોહી સાટે રળેલી ખરચી રખેને કદાચ કોઇ અંતરિયાળ કાતરી જાય! આ બ્હીકે એ ઉજાગરા ખેંચે; અને ગળામાંથી સોરઠા ખેંચે. હું જાગીને છેટો બેઠોબેઠો વેણ પકડવા મથું. નોટ કાઢીને શબ્દો ટપકાવવા માંડું. ગાનારની આંખો ત્રાંસી થાય. નોટબુકમાં પેન્સીલ ફરી રહી છે, પોતાની વિરૂદ્ધ કાંઇક ભેદી ટાંચણ થઇ રહ્યું છે! એ અટકી જાય. ગરજ રહી મારે, એટલે એની પાસે જવું પડે. એનો અંદેશો દૂર કરવો, એ મશ્કરી સમજીને સંકોડાઇ જાય એટલે મારી સચ્ચાઇની ખાત્રી આપવી, એની ભૂલકણી સ્મૃતિને હુલાવવી. એ કહેશે "અરે બાપા! આ તો અજડવાણીઃ આ અમારાં અભણનાં ગાંડાંઘેલાંઃ તમને સુધરેલાને આમાં શો રસ!" ઘણું ઘણું કહીએ, પણ એ ઠેકડી જ માને. બ્હીતો ને સંકોડાતો બોલે, વળી શબ્દો ભૂલી જાય. ફરી ફરી ઉથલાવે, યાદ ન આવે એટલે ઉંડો નિઃશ્વાસ નાખીને કહે કે "ભાઇ! હવે તો હૈયું ફુટી ગયું; હતા તો સો સો દુહા જીભને ટેરવે, પણ હવે છાતીયું ફુટી ગઇ!"

પોરસાના દુહા ને! ઓહો, ગઢડા ગામમાં ફલાણા ભાઇને કંઠે પોરસાની વાતના પચાસ દુહા કડેડાટ મોઢે છે: માંગડાના

તો નહિ નહિ ને સો દુહા ફલાણા ગામના ફલાણા તુરીને આવડે છે: અરે, વળાના થડમાં ફલાણા ગામનો ફલાણો ચારણ ગામેતી તો તમારે દુહાનો ભંડાર. જઇને મંડો માંડવા—તમારી પાંચ ચોપડીયું ભરાય!—આવી અનેક લાલચોથી લલચાઇ, ખરે ઉનાળે તરસે તલખતા હરણ જેવો હું, વાહન મળે તો મેળવી, નહિ તો પગપાળો, બતાવેલા ગામડે પહોંચું. જ્યાં ઢગલેઢગલા કલ્પાયા હોય, ત્યાં ચપટી પણ ન જડે. સામેથી આપણે ગાવાનું આદરીએ ત્યારે એ અડબંગની સ્મૃતિને પાનો ચડે. શબ્દોની ઢગઢગ માટીમાંથી એકાદ સરસ પંક્તિ, એકાદ સાચો બોલ, મૂળ દુહાના વિકૃત સ્વરૂપને મટાડી અસલનો રમ્ય આકાર પ્રગટાવનાર એકાદ શુદ્ધિ તો જરૂર નીકળી જ આવે: કોઇ કોઇ વેળા તો એવા એકાદ નાનકડા સુધારાની યે કેટલી મોજ આવે!

સો રોતો સંસાર, સો સૌને સ્વારથે;
ભૂત રૂવે ભેંકાર લોચનીએ લોહી ઝરે!

આ માંગડા ભૂતની કથાનો દોહો: તદ્દન અર્થહીન ને ભાવહીન, કારણ કે વિકૃત: એમાં એક જ ભૂલ સુધરાઇ ગઇ:

સો રોતો સંસાર, (એને) પાંપણીએ પાણી પડે,
(પણ) ભૂત રૂવે ભેંકાર, (એને) લોચનીએ લોહી ઝરે!

ઓહો! આ તો પાણી ટપકાવતા માનવ-રૂદન અને ભૂતના ભયંકર લોહીઝરતા રૂદનનો મુકાબલો: આંધળાને આંખો આવે, તેમ દોહામાં અર્થની સંગતિ આવી; વિરોધમાંથી નિષ્પન્ન થતી વેદના, રચનાનો મરોડ વગેરે આવી ગયાં. આવાં દૃષ્ટાંતોનો પાર નથી. એ બધી સ્વચ્છતા, સુડોલતા અને અસલ સ્વરૂપની નમણાઇ આણવાનું કામ કેટલી કેટલી સબૂરી, કેટલાં ઉદ્યમ, રઝળપાટ અને કળવકળ માગી લ્યે છે!

૫. ગાંડોતુર પ્રેમ

આ ગીતકથાઓને હું કથા તરીકેના રસ માટે ન સંઘરૂં. કથા તરીકે વિધવિધ પ્રસંગોની ખીલાવટ કરનાર વસ્તુ તો એમાંની કોઇકમાં જ હશે. કેટલીક તો એકજ તરેહનું વસ્તુ રજુ કરે

છે. વળી આંહી સંઘરેલી તમામ વાતો માત્ર પ્રેમની, કરૂણતામાં સમાપ્ત થતા પ્રેમની જ વાતો છે. (વીરતા વગેરેની વાતો બીજા ભાગમાં સંઘરીશ.) વાતને અંતે પ્રેમીજન એના મૃત પ્રેમપાત્રની ચિતા પર ચડીને બળી મુવું કહેવાય છે તે હકીકતના સાચ-જૂઠની ય મને કશી ખેવના નથી. હું તો મૂલવી રહ્યો છું એનાં દુહામાં સંઘરાએલી ઊર્મિઓનાં મૂલ અને એ ઊર્મિઓની આલેખનકલાનાં મૂલ. આહિર, ચારણ, કાઠી, હાટી, ભરવાડ, રબારી વગેરે ભમન્તી (Nomadic) જાતિઓનાં પ્રેમી જોડલાંને અમર કરતી આ કથાઓ છે: એ જાતિઓની જ જીભે રામાયણ જેટલા રસથી ગવાતા. જીગર વીંધતા, અંતરની સુવાસ ફોરાવતા, પ્રેમીઓની છાની પ્રીતું પોષતા, ઘાયલોની પ્રણય-વેદનાને અવાજ દેતા આ દુહાઓ છે. આ આહિર વગેરે વર્ણો કોણ છે? નાતરિયાં વર્ણો છે; એક નહિ પણ અનેક વાર પરણી પરણી છુટા-છેડા કરવાનો હક્ક ભોગવનાર જાતિઓ છે. ધર્મ લોપાવાનો, સતીત્વ જવાનો, ભ્રષ્ટ થવાનો એને ડર નથી. એ તો પહાડનાં સંતાન: પહાડને ખોળે ઉછરે, લગ્નની છુટછાટ માણે. તે છતાં આ કથા-ઓનો મુખ્ય સૂર કયો છે? પ્રેમની વફાદારીનો: પોતાના પ્રેમી ભાગીદાર ઉપર મરી ફીટવાનો: સ્વજનના પાળિયા પર લોહીના સીંદૂર ચડા-વવાનો: અંતર જેને માથે એકવાર ઢળ્યું તેના ઉપર ઓળઘોળ થઈ જવાનો. શાસ્ત્રભાખ્યું સતીત્વ નહિ, સ્વતંત્ર લાગણી.

એ પ્યાર ગાંડોતૂર હશે. પ્રથમ દૃષ્ટિની એ પ્રીતિ હશે. નેસ-ડાંની રહેનારી આયર-કન્યા નાગમદે, સવીઆણા શહેરની બજારે પોતાના ઘરની તાવણનું ઘી વેચવા આવે: વાણીઆને હાટડે નેસ-વાસી સુંદરીઓનું આખું જૂથ એઠુંએઠું પોતપોતાની તાવણનાં તોલ કરાવે: એકાએક વીરનર નાગવાળો ઘોડે ચડી બજારે નીકળે: સહુની સાથે નાગમદેનાં યે બે નયણાં એ બહુ સાંભળેલા શુરવીરને નિહાળવા લાગે: વેપારી વાણીઓ ટિખળ કરે કે "એ બાઈ, આમ ધ્યાન તો રાખ્ય, તારા ઘીની ધાર હેઠે ઢોળાય છે; તાંબ-ડીમાં પડતી નથી!" ત્યારે એ પ્રથમ દૃષ્ટિની પ્રીતડી કેટલી ગાંડી-તૂર બનીને બોલી ઉઠી હશે કે

ઘોળ્યાં જાવ રે ઘી, આજુના ઉતારનાં;
ધન્ય વારો, ધન્ય દિ', નિરખ્યો વાળા નાગને!

ધી ઢોળાય છે: રૂપ ઢોળાય છે: વિવેક ઢોળાય છે: પહાડ-પુત્રીનું છલકાતું અંતર પહેલીજ વાર ઉંધું વળીને ઢોળાય છે ત્યારે આખી બજાર દેખે તેમ એની આંખો ફાટી રહે છે; અરે ઓ નાગ! મોઢડા આડેથી તારી ઢાલ તો ખેસવી લે!

બાધી જોવે બજાર પ્રીતમ તમારી પાઘને;
અમણી કીં અભાગ! ધમળના, ઢાલું દિયો!

અમારો સ્ત્રીઓનો ઘેરો બેઠેલ દેખીને તેં ઓ ધમળના પુત્ર! પાપમાંથી ઉગરવા સારૂ મુખ આડે ઢાલનો પડદો કર્યો: અરે એવી તે શી અમારી કમનસીબી કે આખી બજાર તારી પાઘડી નિરખે અને અમે જ બાતલ રહ્યાં! ખેસવી લે! ખેસવી લે! અને હું શી રીતે મારાં નેણાંને રોકું? નજરને રોકવાની બેડી ક્યાંથી લાવું!

પાગે બેડી પેરીએ, હાથે ડહકલાં હોય,
(પણ) નાગડા, નેવળ નોય, આંખ્યું કેરે આડડે!

પગને બેડી પહેરાવી શકાય: હાથનેય હાથકડી જડીને રોકી રખાય; પણ આંખોને ન ચડે બેડી, કે ન બંધાય કડી: આવો પાગલ એ પહાડી પ્રેમ, પ્રથમ દૃષ્ટિનો પ્રેમ લગભગ તમામ વાતોમાં પડ્યો છે. જ્યાં જોઇએ ત્યાં બેશક વધુ પ્રમાણમાં તો શરીરની જ સુંદરતા ગવાઇ છે. પણ છતાં એ પ્રીતિ એક વાર જેને પોતાનું કહી સ્વીકારે છે, તેને ખાતર ડગલે ને પગલે બળવો ઉઠાવે છે. પરિણામની એને ગણતરી જ નથી. માબાપની જોહુકમી: ન્યાતજાતના ભેદની દિવાલો: રૂઢિની આડખીલીઓ: તમામની સામે કાં તો પ્રથમથી જ ઉઘાડો બળવો, ને કાં અંદરખાનેથી ધગધગતી આહ ઠલવતો ધરતીકમ્પ: શક્ય હોય તેટલી ખામોશ: ને આખરે એ મુંગી સબૂરી ખૂટી ગયે, કુળલાજનાં કહેવાતાં બંધનો ભેદી, જે સાચું પોતાનું હોય તેની સાથે બાથ ભીડીને જીવનની સમાપ્તિ: એ છે આ વાર્તાઓનો ઝોક. પહાડીજનોની એ અંગારભરી પ્રેમસૃષ્ટિ.

૬ બળવાખોર સોનલ

પ્રથમથી જ લેતા આવો. મૂળુ રાઢિયાની બરડાઇ પુત્રી સોનલદે નથી માબાપને પૂછતી, નથી ઘરબાર કે કુળ-આબરૂ જોતી: હું તો એને જ વરું, જે ચતુરસુજાણ મારી સમશ્યાઓ પૂરી કરે; ભલે એ રંક હો કે રાજબીજ : સમસ્યાનો ભેદુ મળ્યો. પણ દગો નીવડ્યો. કોઇકની મહેનતે કોઇક મને પરણવા માગતો હતો! દુહા પારખે હલામણ, અને સોન જાશે શું શિયાને! એ દગાની રમત રમનાર ભલેને ખુદ ધૂમલીનો રાજા શિયોજી હોય; અંગાર લાગો એ ચોરના સૂંડીભર્યા શણગારમાં. મને શું એ ગમાર ઘરેણાં-લૂગડાંની લાલચુ લેખે છે! ના. ના,

સૂંડીભર્યાં શણગાર, શિયાનો શોભે નહિ,
હલામણ ભરથાર, શિયો અમારો સાસરો.

અને શિયા! તને હું પરણું. તે કરતાં તો તને કાળો સાપ ન કરડે! વહાલા હલામણ, આંહીથી તારો વડીલ તને દેશવટો દિયે છે, રાજવારસો આંચકી લ્યે છે, તો ય ફિકર નહિ; તને વરવા આવેલી સોન પાછી નહિ જાય; હાલો હલામણ, મારા બરડાદેશમાં; હું મારા મોરાણે ગામે માંડવો નાખીશ. ત્યાં જુગતે કંસાર જમીને ગળામાં વરમાળ પહેરશું, પંડ પીઠીઆળાં કરશું: પણ હલામણ તો બિચારો આપણા નવા યુગના સરસ્વતીચંદ્ર જેવો. વડીલની આજ્ઞા શિર પર ચડાવી ચુપચાપ દેશવટે ચાલી નીકળ્યો. અને કાવ્યરસિક ખરો ને, એટલે માર્ગે વિલાપની સુંદર, કલ્પનામય કવિતાઓ બેશક ગાતો ગયો. હતો તો ઘણો યે વીરનર; એના પ્રતાપે તો બરડા ડુંગરમાંથી વાંસની એક કાતળી યે કોઇથી કપાતી નહિ. એવો જ ટેકીલો એ પ્રેમી હતો-સોનવિજોગે સુંવાળી સેજમાં નથી સૂતો; સાથરે જ પથારી કરી, એક સોન ઉપર સિંધની સોળસેં સુમરીઓ પણ ઘોળી કરી. છતાં વડીલની મરજાદ લોપવાની છાતી એને નહોતી. સાચી બળવાખોર તો સોનલદે: નીકળી પડી હલામણને શોધવા. ક્યાં ક્યાં સુધી ભટકી! છેક હાબા ડુંગર સુધી.

પણ થોડુંક મોડું થઇ ગયું. એ બન્નેનાં લગ્ન તો અગ્નિ-શિખાઓના રચેલા કાળ મંડપમાં જ ઉજવાયાં.

૭. વિશ્વાસઘાતી રાજપ્રેમ

એ તે શું હશે ! વાર્તાએ વાર્તાએ નર નબળો અને નારી સબલ : પુરુષ ખરું ટાણું આવ્યે લથડી પડે અને સ્ત્રીના તેજપુંજ ઝળહળી ઉઠે : પુરુષ રૂઢિનો ગુલામ બની જાય અને સ્ત્રી એકલે હાથે એ તમામ બંધનો સામે બંડ ચલાવે : દુહાના રચનાર, વાર્તાકારોએ કેટલું જોરાવર તત્ત્વ પકડી લીધું છે ! મેહ-ઉજળીની કથા તો એક દારૂણ ખૂટામણની કથા–Story of a terrible betrayal–છે. મૂશળધાર વરસાદની એક મેઘલી રાત્રિયે, ભીંજાઇને મુદું બની ગયેલા એક માર્ગભૂલ્યા ઘોડેસ્વારને, પહાડની પુત્રીએ પહાડવાસીઓની પુરાતન પરિત્રાણ–રીતિ મુજબ પોતાના "પંડયના પલંગ કરી, ધડનો ઢોલીઓ ઢાળી, ઉરને ઓશીકે પોઢાડી," રૂધિર-છલકતા પહાડી દેહની ગોદમાંથી હુંફ આપી જીવાડયો. અને અજાણી હતી, તોયે એકવાર અભડાએલો દેહ હવે અન્યને ન અપાય તેમ વિચારીને એ ભોળી પહાડ–કન્યા એ અસ્વારને જીવન અર્પણ કરી ચૂકી. ધીરે ધીરે ખબર પડી કે અસ્વાર તો ઘુમલીનો રાજકુંવર મેહ જેઠવો છે : અરર, આપણે ચારણ ને એ રાજપુત : ન્યાત જૂદી : ને ચારણ–ક્ષત્રીનો તો આદુની રૂઢી અનુ-સાર ભાઇબ્હેનનો સંબંધ; વળી આપણે ગરીબ ગિરિવાસી, ને એ તો રાજા; એ તો રઝળાવી મૂકે. ઉજળી ! આ વિવાહ ન થાય. આ તો મોતનો મારગ : પણ દીકરીએ ન માન્યું. એકવાર કાયા અભડાણી તે સદાની અભડાણી : ને ન્યાતજાત કોણે કરી છે ! માનવીએ ચણેલી એ ભીંતો, એ વાડા ને એ સીમાડા ; પ્રીતિ તો પૃથ્વી આકાશ ને પાતાળ જેટલી વિશાલ ; સીમાડે ને દિવાલે શે સમાય ! ભલે તમે સર્વ તરછોડો. હું સહી લઇશ.

પહાડની પુત્રી નગરના સંતાન સાથે ફસાઇ પડી. વિશ્વાસને દરિયે વ્હાણ વ્હેતું મૂક્યું. જેઠવો રાજપુત્ર રોજ જંગલમાં જાય, પહાડની ગોદમાં બન્ને વચ્ચેની પ્રીત પોષાય. રાજકુળનો ભોળો

બાળ, પોતાના સંજોગ સમજ્યા વગર, પ્રેમાંધ બનીને પહાડ-કન્યાને કૈં કૈં વચનો આપી ચુક્યો હશે. ગાંધર્વ-લગ્ને કદાચ પરણી પણ લીધું હશે. અને મને પાછળથી એક દોહો જડયો છે તે મુજબ કદાચ ઉજળીને પેટે આધાન તો નહિ રહી ગયું હોય !* "હું હવે તને જલ્દી ખાંડું તેડવા મોકલીશ. જલ્દી રીત-સરના વિવાહ કરી લઇશ. તું તૈયાર રહેજે" : એમ કહીને મેહજી રાજમાં ગયો. પહાડ-કન્યા સાથેના પોતાના સંબંધની જાણ કરી. રાજમાં ને નગરમાં ઉલ્કાપાત મચ્યો. રાજરીતિ અને દુનિયાઇ રૂઢિ ખાઉં ખાઉં કરતાં એની આડે ખડાં થઇ ગયાં. ફજેતાના ફાળકા ફર્યા. નગરનો બાળ, રાજનો વારસદાર, ભવિષ્યનું રાજ-પદ ખોવાની બ્હીકે, લોકોના તિરસ્કારની બ્હીકે, મેડી ઉપર ચડી ગયો. એની ચોપાસ ચોકીઓ મૂકાઇ ગઇ : પહાડી ડાકણ અમારા લાડીલા, હનુમાનવંશી રાજબાળને ભુરકી નાખીને ભર-ખવા આવે એ ભયથી ! રાજબાળ બહ્લી ગયો. શી નવાઇ !

આંહી ઉજળી વાટ જુવે છે. હમણાં આવશે : હમણાં વેલડી મને લેવા આવશે : હું નગરની રાજવધુ બનીશ, મારે સંતાન જન્મશે ! એવાં સ્વપ્ન ઘડતી, મીઠાં મનોરાજ્ય માણતી, વિશ્વાસુ પહાડ-તનયા બેઠી રહી. પણ કોણ આવે ! અરે આખી પૃથ્વીમાં મારા મનનો પારખ તો એક મેહ જ : મારા જોબન-ફુલનો ભમરો એ એક જ : કેમ નથી આવતો ! રે અમારી તો મેહ ! મેહ ! જંખતાં જીભડિયું સુકાય, ને તારા મનમાં કેમ કાંઇ ન મળે ? તું શું મને વિસરી ગયો ? ઘડી બે ઘડી તો મહેમાન થા !

એમ જાપ જપતાં ચોમાસું બેઠું. આકાશી મેહુલો તો મોટા-મોટા છાંટા વરસીને ધરતી ધરવતો આવી પહોંચ્યો, તોય મારો મેહ મારા માટે ઝીણી ઝાકળ વરસવા ય કાં ન આવે ? મારા મેહુલાને કઇ વિજળીએ વળુંબી રોકી રાખ્યો ! ગિરના ડુંગરા

---

*ધુમલી નગરમાં જઇને રંગરંગેલી ઉજળીએ ખૂટી બેઠેલ મેહ જેઠવાને આમ પણ કહ્યું લાગે છે કે

ઇડાં અંતરિયાળ, આળા વણ મૂકાય નહિં;
પાંખું પરવરતે, (અમે) ભમી વરતશું ભાણના !

મોરલાની ગહેકે જાગ્યા, વેણુ-પહાડનાં વનજંગલ લીલૂડી વનસ્પતિએ ફરૂકી ઉઠયાં, તોયે ઓ મારા મેહુલા ! ઓ બરડાના ધણી ! તારૂં મન કાં ન કોળ્યું?

મહિના પછી મહિના જાય છે, મહિને મહિને ઉજળી બારમાસી ગાય છે. પણ એના ઉકળતા દિલને ટાઢક દેવા મેહ ન જ વરસ્યો. અરે મેહ ! આવી અનાવૃષ્ટિ ! આજ મારા જોબનનો હાથી હરાયો થયો છે. હે માવત, તું કાં ન આવે ! કોઇ તેડવા ન આવ્યું. બાપે તો દીકરીને ત્યજી દીધી હતી.* સગાંવ્હાલાંઓએ પણ જાકારો દીધો હશે. મા તો બાળ:પણમાં મરી ગઇ હતી. બાળોતીઆંની બળેલ બાલિકા માતાનાં થાનુંમાં ઠરી નહોતી. એકલી ડુંગર પરથી ઉતરી ઘૂમલી નગરમાં ગઇ. નગરનાં રૂઢિગ્રસ્ત માનવી —નટખટ, હૈયાવિહોણાં ને નિન્દક—એને શાનાં આશરો આપે ! ટલ્લા ખાતી ખાતી, ધીરી અને જોરાવર હ્રદયની એ તરૂણી રાજદેવડીએ ચડી. આડા પહેરા દીઠા. અરે મેહ ! મને એકવાર મોઢું તો દેખાડ ! હું બાપૈયાની જેમ મે ! મે ! કરી તલખું છું. ઉજળીના જીવતરને ઉનાળામાં જ સળગતું મેલી તું બીજે કયાં જઇ વરસ્યો ? શું તારા. બોલકોલનાં વાદળાં ખોટાં જ હતાં ! અને મને સગાવ્હાલાંએ ને માવતરે સુદ્ધાં મૂકી દીધી છે, પણ ફિકર નહિ,

વણ સગે વણ સાગવે, વણ નાતીલે નેહ;
વણ માવતરે જીવીએ, (એક) તું વણ મરીએં મેહ !

એ બધાના સ્નેહ વિના હું જીવી શકીશ. માત્ર તારા વિના હું મરી જઇશ. અરે મોં તો બતાવ. હું આંહી ઉભાઉભા ભોંઠી પડું છું. એક જ નજરની વૃષ્ટિ કરીને મારી દુ:ખની દાઝેલ દેહને જરી ભીંજવ. તારા વિના હુ હૈયાનો અગ્નિ કયાં જઇને ઓલવું !

રાજવંશીએ એનું કાળું મોઢુ ન જ બતાવ્યું. જવાબ કહેવરાવ્યો : પરણી તો નહિ શકાય. ન્યાતજાતની રૂઢિ નડે છે :

---

*એ વાતને આધાર દેતું એક દુહા-ચરણ જડે છે:

" મેહયાં માવતરે, સાસરિયે ય સમાણાં નહિ."

બીજો દુહો પણ કથામાં આવે છે. (સં. ૨૭)

પણ તુ ખુશીથી તારો પેટગુજારો કરવા જરૂર હોય તેટલા દાણા મારા રાજભંડારેથી ભરી જા: ખુશી હોય તો બીજા કોઇ નગરના રાજા સાથે જઇને સ્નેહ કર. હું તને મોકળી કરૂં છું.

હાય! આજ લગી સાકરિયે સાદે બોલાવનાર બરડાધણીએ આજ મ્હોંમાંથી ફૂચા કાઢ્યા. મને પેટભરૂ ગણી મારી ઠેકડી કરી! પહાડ-કન્યાને રૂંવેરૂંવે ઝાળો લાગી. સોરઠિયાણી એના સાચા સ્વરૂપે શોભી ઉઠી. કાલાવાલાની, શરણાગતિની, અધીનતાની ભાષા પલટી ગઇ. વજ્ર ખણખણ્યું. વિશ્વાસઘાતી! તેં મને છેતરી. કસાઇ-ને હીણપ દીધી. મારી લાજું લઇને જાકારો દીધો. મુજ પર-દેશીની પીડ તેં જાણી નહિ. મને તારા ઘરના રાડલા ઝલાવીને ઓશિયાળી બનાવી! સહુની મેણીયાત કરી મૂકી! દગાખોરને મેં અજાણીએ કુંભારને ઘેરથી કાચો ઘડો ઉપાડી લીધો, ને એ ઘડે હું જીવન-સાગર પાર ઉતરવા ચાલી. હું અભડાણી. મને તેં પહેલેથી કેમ ના ન પાડી? ઓ મેહ! તું મરી ગયો હોત તો જ ભલું હતું. તેં મને દગો દીધો. પણ મારાં વેર હું વાળ્યે જ રહીશ. જળનાં ડેડાં જેવાં નહિ પણ મહા વિષધર જેવાં ઝેર તું મારાં સમજજે. હું તને શરાપું છું: જા, કુટિલતા અને પ્રપંચે ભર્યું તારૂં રાજ સળગી ઉઠજો! ઘૂમલીના ઘુમ્મટો તૂટી પડજો! આ નગરીનાં નિર્જન ખંડિયેર પર કાળા કાગડા કળેળજો!

—ને ઘૂમલીનું રાજ રસાતલ જાય છે. વિશ્વાસઘાતી મેહ ગળત-કોઢે ગળી ભુંડે મોતે મરે છે. પહાડોમાં બાળકુંવારી ભમતી, પશુઓ ચારતી ઉજળી, પરલોકમાં પણ વરવું તો છે મેહને જ એવા સંકલ્પો સંઘરતી, મેહની એ વલે સાંભળી પાછી વળી. કોઢિયા પિયુના શબની ઝુંપીમાં જ બેસી જીવતી સળગી ગઇ.

ટકીલો પ્રેમ, પ્રેમ ઉપર બીજા બધા સંસારી હિતની આહુતિ, સમાજના બનાવટી વિધિનિષેધનો ઉઘાડેછોગ લોપ, અંતર આપ્યું તેને અંધ વિશ્વાસે આત્મ-સમર્પણ; પણ વિશ્વાસઘાત અને સ્વમાનહાનિની સામે ઉંડો હુંકાર: પહાડનાં ભોળાં વસનારાંઓ જીવતરમાં આવી ઉર્મિઓ સંઘરતાં હતાં અને લાખો સોરઠવાસીઓ શિવરાતને ગિરનારી મેળે મારા લુકમાનભાઇ મલ્લાં તથા

અખરલાની બરડાઇ મેરાણી બ્હેનને કંઠેથી આવાં જલદ રસનાં પાન મેહ–ઉજળીના ૬૦–૭૦ સોરઠા વાટે કરતાં હતાં. દ્વારિકાથી મહુવા સુધીની અને વઢવાણથી પોરબંદર સુધીની સીમો આવાં દુહાઓને ગાને રેલતી હતી. મેહ–ઉજળીના દુહા ને કથા કંઠે ન હોય એવો માલધારી તમને વીસ વર્ષ ઉપર ભાગ્યે જ ક્યાંયે કાઠીઆવાડમાંથી હાથ આવત.

૮. સાબરમતી જેલમાં

આમે સાબરમતીની જેલમાં હતા. અમારા ૨૦ જણના નિરાળા જૂથમાંથી જ્યારે કોઇનો છુટકારો થતો ત્યારે આગલી સાંજનો એક પહોર એ કારાવાસમાં શિવરાતનો મેળો રચાતો. ગુજરાતના વીશેક કાવ્યરસિયા, સાહીત્યપ્રેમી ને સંસ્કારશીલ પુરુષો વચ્ચે કેટલીએક ગીતકથાઓ મેં ગાઇ સંભળાવેલી તેમાં શેણી–વિજાણંદનો કિસ્સો તો કયો જુવાન વિસરશે ? કારાવાસના મારા રસગુરુ શ્રી મહાદેવ દેસાઇ અને ઉચ્ચ ઉર્દુ તેમજ સંસ્કૃત રસ-સાહિત્યના મસ્ત અનુરાગી શ્રી. દેવદાસ ગાંધી–એએ પહેલી જ વાર સોરઠી ગીતકથાનું શ્રવણ કર્યું. શેણીવિજાણંદે તો એમને ચકચૂર બનાવ્યા. મેલાઘેલા ને માવતરવિહોણા કંગાલ ચારણબાળની બીન બજાવવાની સિદ્ધિ ઉપર વનવાસિની કુમારી શેણી મોહિત થઇ. વનરાઇનાં બન્ને બાળ એકપ્રાણ બની ગયાં. પણ પોતાની કુળ–મોટપમાં છકેલો બાપ એકની એક લાડકવાઇ કન્યાને ભિખારી જંતરવાળા વેરે કેમ પરણાવે ? એક સો ને એક નવચંદ્રી ભેંસો આણવાનાં દોહલાં વ્રત દઇ જુવાનને વિદાય કરનાર બાપ ભૂલ્યો હતો. બેટડીનું અંતર પણ એ જુવાનની પછવાડે જતું રહ્યું હતું. બાપના કુલગૌરવની શી બિસાત હતી એ બે જુવાનોના અમૂલખ પ્રેમની પાસે ! એક વિજાણંદની જ વરમાળ–બીજાની ન બાંધું : ચાર લાખ ચારણ મને પરણવા તૈયાર હોય, તો યે એને બાંધવ કહી બોલાવું : અરે ઓ તેતર ! વનરાઇમાં મારા પિયુની આડે ડાબી બાજુ ઉતરીને અપશકુન દે, જેથી પોઠીડે પલાણેલો પ્રીતમ પાછો વળે: રે ઓઝત નદી ! ઉંચે ટીંબે ચડીને ઉછાળો

લે, આડી ફરી વળ્ય, તો પિયુ પાછો વળે : એમ વર્ષ વીત્યું, સામો આષાઢ આવ્યો : વાદળ વળ્યાં : ધરતી લીલુડી બની : ધરતીને તો મેહુલો મળ્યો, પણ શેણીને વીજાણંદ ન સાંપડ્યો : શેણી સુકાણી. બાપને ત્યજી, સગાંસ્નેહીનાં સગપણ સળગાવી ઘેરથી નીકળી પડેલી વન-કન્યા, વિજાણંદના વાવડ મેળવતી, સગડે સગડે શોધ કરે છે : અરે, અંગે ઓઢેલી કામળી ઉતારી, એની ધજા કરી, ચારે સીમાડા ઉપર ફરફરાવે છે, જેથી જંતરવાળો જુવાન ક્યાંયે હોય તો એ પ્રેમ-ધ્વજ દેખી પાછો વળે. પણ પિયુ ન લાધ્યો. કંકુવરણી ને કોમલાંગી વન-કન્યાએ હેમાળો ગળ્યો. એનાં ગાત્ર ગળતાં હતાં ત્યાં વિજાણંદ આવી પહોંચ્યો : શેણી ! પાછી વળ : તું ભલે પાંગળી થઇ ગઇ, હું ખભે કાવડ ઉપાડી તને તેમાં ફેરવીશ : પણ શેણીને બન્ને ભવ બગાડવા નહોતા. વિજાણંદ ! છેલ્લી વારનું જંતર બજાવી લે; સાંભળતીસાંભળતી હું શાતા પામતી મરૂં : એની મધુર મધુર બરફ-ચિતા ઉપર પુરુષ ભાગીદાર ન બની શક્યો. પુરુષ તે તો આખરે પુરુષ જ. જીવવું એને ગમે છે. એ જીવ્યો. પણ જેને કાજ જીવતો હતો તે બે —એક શેણી અને બીજું બીન (જંતર)—એ બે તો ફુટી ગયાં હતાં. પુરુષ જીવ્યો, પણ પામર જેવો : પેટભરૂ થઇને : ભૂખે માગ્યાં ભાત ખાતો : તેજહીણો ને તલખતો.

પચીસ સોરઠામાં સંઘરાએલી એ કથા સોરઠવાસીઓને સ્નેહના, સમર્પણના, બંડના, સદ્દભિરૂચિના ને કરુણ દર્દેદિલીના શ્વાસો લેવરાવતી હતી. મેં એ વાત દસેક ઠેકાણે માંડી છે : કાવસજી જેહાંગીર હૉલમાં એ દુહાના સૂર બે વાર સંભળાવ્યા છે. શહેરનાં સંસ્કારી સ્ત્રીપુરુષોએ એના શ્રવણ થકી જીવનની Romance-મસ્તી અનુભવી છે, મારા જેલવાસી બાંધવોએ પણ એ કથાને મસ્તકે નિઃશ્વાસ-ફુલો ઢાલવ્યાં છે. એ કથાના પચીસ-ત્રીસ સોરઠાને હું લગભગ faultless, દોષમુક્ત કાવ્ય કહું છું. ઉચ્ચ સાહિત્યનાં ધોરણોને સંતોષે તેવા ગુણો આ ગીતકથામાં વિલસે છે.

'લોકુંની લાજ'-હા, લોકલાજની ઉન્હી બાફમાં કંઇક પ્રેમ ફુલો બફાતાં હતાં. ન્યાતજાતના ભેદોએ અનેક સાચી જોડલીઓને

રૂંધી હતી. રાણો રબો રબારી અને કુંવર રહી આહિર, એટલા સારૂ કુંવરનાં દેહ-દાન કોઇક નાતીલાને કીધાં-પણ એ બનાવટી પરણેતર ક્યાંથી ટકે? રાણક અને ખેંગારનાં પ્રેમલગ્ન તો બે લાડીલાં બાલકોનાં રૂધિરે સીંચાયાં. રૂઢિના સગપણને દાવે રાણકનું કાંડું માગવા આવનારો ગુર્જરોનાથ હાથ મસળતો રહ્યો ને રાણક પ્રેમલગ્નના પ્રીતમની ચેહ પર ચડી. આ એક ચાવી લઇને તમે એક પછી એક વાર્તાનાં તાળાં ઉઘાડશો, તો સોરઠી ગીતકથાઓનો સાચો સંદેશ જડશે.

૯. બીહામણું સ્ત્રીત્વ

એક જલદ અને જાજરમાન: બીજી કોમલ અને કરુણ: એ બે રીતે આપણે સોરઠી ગીતકથાઓ માયલી સુંદરીઓનું સ્વરૂપ ઓળખાવી શકીએ. એનો અડીખમ પ્રાણ પોતાના પવિત્ર શીલ વિષેની, સગા ધણીએ સેવેલી આશંકાને પણ સાંખી શકયો નથી. વેજી અને વીકી: બેય જણીઓ સોણલામાં પોતાના ધણીના શૂરા ભાઇબંધોનાં નામ લવી પડી: ધણીઓએ લીધા અવળા અર્થ: અમારી પરણેલી પરપુરુષને વખાણે કેમ? સ્વપ્નમાં એનાં નામ કેમ ઝંખે? કોમળ નારી વીકી તો બાપડી-ગરીબડી-થઇને સમજાવે છે: વખાણ્યો તે તો કોઇ મેલી મનવાંચ્છનાએ નહિ પણ વીરપૂજાની ભાવના થકી. પેટમાં પાપ હોય તો આ સગા! ખદખદતા તેલમાં અમારા હાથ બોળી સાચ લે: અમને ઘરમાંથી કાઢેડુ કરીને ન કાઢી મૂક: પણ પુરુષ પલળે નહિ: નહિ પલળ, એમ ને? સારૂં. જાઉં છું: પણ કમાએ કાઢેલી વીકી તો પોતાની પતિભક્તિને અખંડ રાખી, ઉંડાં દુઃખને અંતરમાં સંઘરી એવી ને એવી સૌમ્ય રહી રઝળી; જ્યારે ભોજા કામળીઆની વેજી તો ઉપડી પોતાના સ્વમાન-તેજમાં પતિને સળગાવવાનો નિશ્ચય કરીને. આહિરાણી બેડું ભરીને ચાલી નીકળી. જેનું નામ લવી હતી તે બહાદુર પીઠાત હાટીને જ ઘેર જઇ ઉભી રહી: હાટી! હેલ્યને હાથ દે! મને તારી કરી લે. પણ ભરમાતો નહિ હો! એમ ન માનતો કે આપણે મીઠો સંસાર

માંડીએ ને દીકરા જણીએ! ના, ના, હું તો બળતી શગડી બનીને તારા ઘરમાં આવી છું. અને બરાબર વિચારી લેજે હો!

મરજો મેવાડા! પીઠીયા! પાની ખુંદતું;
(એની) લાંપે લાગેજો! (તારે) મરજો મોરીસક–ધણી!

એ પીઠાત! હું આવું છું, ને મારી જ પછવાડે, મારી પાનીએ ખુંદતું, તારૂં ને મારૂં મોત પણ ચાલ્યું આવે છે: મારો કામળીઓ તારો કાળ બનીને પહોંચ્યો સમજ! ભોજો તારા પ્રાણ લેશે. પણ વિના અપરાધે ઘરની સ્ત્રીને જાકારો દેનાર એ ધણીનો પણ મદ ઉતરશે, કે એની સ્ત્રીએ નીંદરમાં ઝંખેલો પુરુષ અન્યાય પામેલી નિર્દોષ સ્ત્રીને સારૂ નિજનું સત્યાનાશ વ્હોરવા જેટલો સાચો વીર હતો, સુંદરીઓનાં સ્વપનાંમાં દેખાવાનો અધિકારી હતો. (પછી તો એ કથામાં પહાડી વૈરની દિલાવરીના ભવ્ય પ્રસંગો આવે છે. પીઠાત–વેજલ પા. ૮૮)

ગીતકથાઓના દુહાઓ આવી વિકરાલ ઘટનાઓ, પહાડી જીવનની આવી વિલક્ષણ નીતિરીતિઓ પણ આલેખે છે. આપણી સમાજનિમિત કડક વિવેક–ભાવનાઓને આંચકા મારે તેવી લોડણ–ખીમરાની અને પદ્મા–માંગડાની ગીતકથાઓ છે. ભરજોબનમાં વૈરાગ્યે ગળી પડેલી વણિક–પુત્રી લોડણ જાત્રાને પંથે જતાંજતાં રસ્તાની અંદર જ પ્રેમઘેલી બની ગઈ; એનાં અકાળ દેહદમન ને અસ્વાભાવિક વ્રતપૂજન પ્રીતિનો જરી સ્પર્શ થતામાં જ તૂટી પડયાં, મુક્ત પ્રેમની થોડી લહર વાતાં તો એ વૈરાગ્યે શીમળાએલું માનવ–ફુલ ફોરી ઉઠયું. વાણીઆની બેટીએ આહિર જુવાન સાથે જીવન જોડયું. અમંગળ શકુનો થયાં તો અંતરમાં ઇચ્છયુ કે સગો ભાઇ મરજો પણ મારા ખીમરાને ઉની આંચ ય ન લાગજો! અને જાત્રાને જેમ તેમ પતાવી દઇ પ્રિયતમને ભેટવા પાછી વળી. ત્યાં તો ઝૂરીઝૂરીને મરેલા પિયુનો પાવળિયો જ લલાટે લખ્યો હતો. વણિકપુત્રીએ વેપાર ન કરી જાણ્યો. અંતરિયાળ કોઇ અલઙાઉ પ્રેમીજનનું મિલન થયું, પણ એ તો હવે મૃત્યુ પામ્યો માટે ચાલો જીવ, આપણે માર્ગે! એવી વેપારવૃત્તિ એની નહોતી. એ તો ભયંકર રાતે સ્મશાનમાં રોકાઇ

ગઈ. ભાઇભાંડુને અને સાથીઓને ઘરની વાટે વળાવ્યાં. પછી તો લોડણે ખીમરાની ખાંભી માથે લોહી ચડાવ્યાં. એ આખી કથામાં જાણે કે પ્રકૃતિવિરોધી, બાળવૈરાગ્યની પ્રશાંત ઠેકડી છે. પ્રેમનો વિજય ગવાયો છે. અનુમરણની ઘેલછા બેશક હાસ્યજનક છે.

૧૦, શા ખપનું આ બધું !

પરંતુ પહાડવાસીઓનો આ પ્રેમોન્માદ ને આ તલખાટ : પ્રેમીજન જીવતે પછાડા ને એ મરતે ખરભાયું ચિતારોહણ : સભ્યતાની ખેવના નહિ ને સામાજીક બંધનોની લગામો નહિ : એવું આ પ્રેમસૃષ્ટિમાંથી શું આપણે પ્રેમના કે લગ્નના વર્તમાન આદર્શ ઘડવા બેસીશું ? ના, ના, હરગિજ નહિ. મેદાનોનાં ઘરોમાં રહેનારા આપણે પહાડશિખરોમાં કે ખીણોખોપોમાં મકાન બાંધવા જતાં નથી પણ જઇએ છીએ એનાં પવન–તુફાનો ને એના અણદીઠ અટવી–માર્ગોમાં થોડો કાળ મહાલીને ભુમિ–જીવનમાં થોડું જોમ ભરી લેવા : તે જ રીતે આ પહાડી પ્રેમસાહિત્યના આપણા વિહારનો પણ રસ એજ હેતુ છે. એનાં ઉંડા બળો છે—ને તે આપણી ઢીલી પોચી પ્રેમભાવનાઓમાં સ્વયંમેવ સંઘરાઇ જશે. Plains પર–મેદાન પર, પૃથ્વીની સમતલ સપાટી પર, સમાજની સો સો સારીનરસી શૃંખલાઓમાં ઝકડાએલા જીવોને પહાડી પ્રેમસાહિત્ય થોડી તાજી હવાની લહરીઓ આપે છે. મસ્તી અને પાગલપણું આપે છે. રૂંધાએલા પ્રાણદ્વારોની ચીરાડો વાટે ગુપચુપ અંદર પેસે છે.

બાકી તો આ રીતે પહાડી ગોપજાતિઓના જીવનોમાં આ એક ડોકિયું છે. કયા ભાવો હજારો સોરઠવાસીઓનાં હૈયાં ઉપર રાજ કરતા હતા તેની આ એક તપાસ છે. એ એક મસ્ત કૌતુકની વસ્તુ છે. એ આપણને સીધા આદર્શો આપી ન શકે, એમાનું ઘણું ય બીહામણું ને કારમું લાગે. કેમકે આખરે તો એ પહાડની પેદાશ છે. પણ Nomadic life, રઝળુ પહાડી જાતિઓનું જીવન, જેમ પેલા પશ્ચિમ દેશના અનેક ચિત્રકારોકલાકારોને અવનવી રેખાઓનું ભાન કરાવી રહેલ છે, તેમ આપણને કલાપ્રેમીઓને આ સાહિત્ય પણ અનેક બળવાન રેખાઓ પૂરી પાડી રહેલ છે. એની અગોચર અસર અત્યારના જીવન–ઉકળાટમાં,

જુવાન જીવનમાં ચાલી રહેલી બાહ્યક્રિયાઓમાં, મસ્ત પ્રેમની થોડાક મુકત લહરીઓ લહેરાવવા જેટલી તો અવશ્ય થવાની. માટે તારવી તારવીને એમાંથી નોખનોખા સારસિદ્ધાંતો કે તારતમ્યો કાઢવા બેસવાની જરૂર નથી. એનું તો ચિત્રદર્શન જ બસ થશે.

"તમે પાણી ને અમે પાળ્ય : આપણે એકબીજાને આઠે પહોર અફળાતાં : પ્રીતિની એવી સદાની ટાઢાળ્ય : તમે સાપ અને અમે ચારૂડી : તમારા જીવતરમાં અમારે મનડે માળો ઘાલ્યો : સાચી પ્રીતિના ઘોડલા ખાડે ને ખાબોચીએ ન પીવે, એને તો ગંભીર ઉંડા ધરા જોઈએ : અરે, દુસ્મનો કુડું બોલે એ શીદ સાંભળીએ! વજનવાળાં માનવી જ ભાર ઝીલે છે, હળવાં જ લોકાપવાદની વાવાઝડીમાં હલી જાય છે : અને જ્યાં સુધી મોંઘાં પ્રેમપાત્રો મળે ત્યાં સુધી સોંઘાં શીદ સાટવીએ? લાખ ખરચીને—ચાહે તે ભોગ આપીને પણ—એ પડખાં જેનાં સરખાં હોય તેને જ લઈએ ના! ને શું બસ, બે દિ'ની વાતુંમાં જ તું બીજો થયો—બદલી ગયો? તું બદલ્યો, પણ અમે? અમે તો તેં બેસાર્યાં મૂક્યાં છે ત્યાં જ બેઠાં છીએ. અમારાથી આંબેથી ઉડી બાવળ પર બેસાય નહિ; ચંદનવૃક્ષથી ચૂકેલ પંખીને વનમાં ક્યાંયે વિસામો ન્હોય. ને હવે અમારે જીવતરમાં સાંધા શા કરવા? હીરાગળ ફાટ્યું હોય તેને તો તાણો લઈને તૂંની શકાય, પણ કાળજું ફાટ્યું તેને સાંધો ક્યાંથી મળે? મોટી આગ લાગી હોય તો આડાં ફરીને ઓલવત, પણ આ તો હૈયાનો ડુંગર દડેજ્યો : અમારી તો હવે 'બામણ્ય રાંડી' એ દશા : અખંડ એકલજીવન : તું જીવતે જ અમારો અનંત રંડાપો : ફિકર નહિ, અમે એ પાળશું. ભગવાં પહેરીને દુનિયાને શીદ દેખાડીએ? આત્મા અમારો સંન્યાસી થઈ ચુકયો છે. માટે હવે તો તારા નામનું તાવીજ—માદળી મઢાવીને હાથે બાંધીશ : એથી યે અધિક, આખી ગીરમાંથી લીલા રંગનો ઉત્તમ બીયો બોળાવીને મારા 'દેયા વચાળે' તારી આકૃતિનાં ત્રાજવડાં ત્રોફાવીશ."

પ્રીતિના કોમલ ભાવો, આવાં લોકગમ્ય સરલ રૂપકોમાં દુહાઓએ સંઘરેલા છે : અને એમાં પહાડી કવિતાનો સંસ્કાર મ્હેકે છે. એ કવિતા અભણોને પણ અંતરે ઉતરી જાય છે કેમકે

એનાં રૂપકો, ઉપમાઓ વગેરે બધાં જીવનની રોજિંદી દુનિયામાંથી જ ઘડેલાં છે. બીજું કેટલું ય ટાયલું પણ હશે. બધા દુહા કાંઇ ચોટદાર હોઇ શકે જ નહિ. પણ એકંદર દુહાસાહિત્યનો ઝોક ગામડિયા જીવતરના મર્મોને લક્ષ્યવેધી વાક્યોથી આંટવાનો જ છે.

૧૧. આશય : આભાર

અહીં તો મેં આ કથાઓનું, દુહાઓનું હાર્દ ઓળખવાનો પ્રયત્ન કરેલ છે. પણ આ સાહિત્યની શાસ્ત્રીય સમાલોચના ને કડક તુલના તો બીજું ઘણુંય માગી લે છે. ગીતકથાઓનું ઘડતર, દુહાઓની ગોઠવણી, દુહાઓને બંધબેસતા કરવામાં આપણે લેવી જોઇતી સંભાળ, ખુદ દુહાસોરઠાઓના માપમેળ વિષેની સ્પષ્ટ સમજ: વગેરે ઘણા ઘણા મુદ્દાઓ છણતો એક પ્રવેશક હું લખી રહેલ છું. તે બીજા ઝુમખામાં રજુ કરીશ.

આ ગીતકથાઓ લખવામાં મેં કડકપણે મારૂં સંપાદક તરીકેનું જ પદ સાચવેલું છે. રસધાર વગેરે આગલાં પુસ્તકોમાં વાર્તાના વસ્તુનો મેં જે નાની નવલિકાની માફક ખિલાવ કર્યો છે, આખા પ્લૉટનું જે ઘડતર ઘડ્યું છે, તે લેખનકલા આંહી નથી વાપરી. દરેક કથાના પ્રારંભમાં મેં એક લાંબી પિઠિકા મૂકી છે. આ પિઠિકામાં તે તે કથા લોકોમાં કેવી રીતે પ્રચલિત છે તે બતાવતું બયાન આપ્યું છે. પછી મેં દુહા, દુહાના અર્થો, દુહા માંહેના શબ્દો વિષેની સમજાવટ કરતાં ટિપ્પણ વગેરે આપ્યાં છે; અને દરેક દુહો કથાના કયા ભાગ સાથે સંકળાયો છે તે સમજી લઇને જુદાં જુદાં ઝુમખાં પાડયાં છે, આમ કરવામાં મારો હેતુ જેમ બને તેમ મારી જાતને છેટી રાખી, દુહાઓને આવર્યા વિના, દુહાઓની ને વાંચનારાઓની વચ્ચે ગાઢ સમાગમ ઉભો કરવાનો છે. કેમકે મેં આ સંગ્રહ મુખ્યત્વે કાવ્યરસિકોને માટે તથા અભ્યાસીઓને માટે જ કર્યો છે. હું વચ્ચેથી ખસી જાઉં તો જ વાંચકો દુહાઓની કવિતાનાં અને દુહામાં ભરેલી લોકભાવનાઓનાં સાચાં મૂલ મૂલવી શકે. અભ્યાસીઓ મારી કલમની સૃષ્ટિને નહિ પણ જૂની લોકસાહિત્યની પુંજીને પિછાને તે

મારો આશય છે. એ આશયને પૂરી સફ્લતા મળે, દુહાસાહિત્યને બને તેટલો ન્યાય મળે, તેટલે સારૂ મેં દુહાના અનેક પાઠો સંઘરી-સંઘરીને પછી તેમાંનાં સાચાં ચોસલાં ગોઠવી, બન્યો હતો તેટલો શુદ્ધ Text–પાઠ રજુ કર્યો છે.

ને આ સંગ્રહને હું પરિપૂર્ણ બનાવવા માગું છું. દુહાઓમાં ગુંથેલી એકેએક વાર્તાને, મારી પોતાની કૃતિઓમાં અગાઉ આવી ગએલ હોય તેને તેમજ બહાર રહી ગએલ બીજી બધીને ભવિષ્યના ઝુમખાંમાં સંઘરી લઇશ.* આની આ જ ઢબે રજુ કરીશ. એટલે કે મારે એવું કડક સંપાદનકાર્ય. કરવાનું છે. લંબાણ થયા વિના દુહાઓ સંઘરાઇ જશે. કથાઓનાં કલેવર ચોકસ થઇ જશે. એટલે પછી ગીતોના સંગ્રહ પરત્વે જેમ કોઇને કશી તપાસ કરવી હોય તો તે 'રઢીયાળી રાત'નાં ને 'ચુંદડી'નાં પાંચ પુસ્તકો ફેંદી શકે છે, તેમ દુહાવાળી ગીતકથાઓ પૈકી કશું જોવું સમજવું હોય તેને આ સંગ્રહો માર્ગદર્શક થઇ શકે.

મારી પૂર્વે છેલ્લાં દશ પંદર વર્ષથી આ ક્ષેત્રમાં જે ભાઇઓ કાર્ય કરી ગયા છે તેઓનો તો મારા પર ને આ વિષય પર મહદ્ ઉપકાર છે. ભાઇ શ્રી.હરગોવીંદ પ્રેમશંકર, કહાનજી ધર્મસિંહ, જ. કા. પાઠક, ને સ્વ. જીવરાજ ગોર જેવા પ્રારંભકો ન હોત તો મારૂં કામ દુર્ઘટ જ બની જાત. ઉસરડી ઉસરડીને એકઠું કરવામાં તો તેઓએ ઘણું ટાણુસર ને વિપુલ સાહિત્યધન સંઘર્યું લેખાય. હું તો તેઓની પાછળ આવ્યો, બની શક્યાં તેટલાં વિશેષ સાધનો દ્વારા વિશેષ સામગ્રી મેળવી. અને એ સમગ્ર સાહિત્યને મારી બુદ્ધિ પ્રમાણે સ્વચ્છ કરવાનું ને પાસા પાડવાનું કામ હું કરી રહ્યો છું. લોકસાહિત્યને આપણે સર્વે મળી બને તેટલા નિર્મળ સ્વરૂપે ગુજરાતને હાથ સોંપતા જઇએ. એ મારી ઉમેદ છે.

---

*'રાણક–ખેંગાર' ની સહુને સુપરિચિત તેમજ સુપ્રસિદ્ધ કથા પણ મેં ઉપાડી લીધી છે. વાંચનાર જોઇ શકશે કે એમાં પણ નવા સોરઠાઓ સાંપડી શક્યા છે. સં.

સોરઠી
ગીત-કથાઓ



સોન–હલામણ

મેર જાતિના સોહામણા ધામ બરડામાં મોરાણું નામે ગામ છે. જૂના કાળમાં ત્યાં મૂળુ રાઢિયો નામે ગામધણી રાજપૂત રહેતો. એને ઘેર 'ઢળકતી ઢેલ્ય' જેવી, 'લચી પડતા કોળેલ આંબા' જેવી, 'પ્રથમ રંગ પકડતી આંબા-શાખ' સરખી, સોનલદે નામે દીકરી હતી. સોનને જ્યારે જોબન બેઠું ત્યારે પરણવાનો સવાલ ઉઠયો. પણ સોન તો ચતુરસુજાન, પ્રવીણ, રસિકા હતી. એ તો કવિતા રચતી. એણે વ્રત લીધું કે પરણવું તો પોતાનો ખરો જોડીદાર મેળવીને પરણવું; નહિ તો કુંવારા જન્મારો કાઢવો. એણે સમસ્યાઓ રચી. દેશમાં જે જે ચતુર પુરુષો હતા તેના પર બારોટ સાથે મોકલી. સમસ્યાની પૂર્તિ કરે તે નરને જ કંઠે વરમાળ રોપવી હતી. સમસ્યાઓ કાવ્યમાં રચાએલી હતી.

ભમીભમીને બારોટ આભપરા ડુંગરાની ખીણમાં જેઠવા રાજાઓના ઘુમલી નગર પર ગયો. ત્યાંના જેઠવારાજ શિયાજીની પાસે સમસ્યા ધરી. સોનના સૌંદર્યનો ભોગી થવા શિયાજીનું દિલ તરફડતું હતું, પણ પોતે બુદ્ધિનો ગમાર હતો. એનામાં સમસ્યાઓ પૂરવાની શક્તિ નહોતી. એણે કૂડ વાપર્યું. પોતાને હલામણ નામનો

જુવાન ભત્રીજો હતો. હલામણ ભવિષ્યનો ગાદીવારસ હતો. રસનો, ગુણનો, રૂપનો ને ચાતુરીનો ભંડાર હતો; પણ કાકાને પિતાને સ્થાને સમજનાર આજ્ઞાંકિત યુવક હતો. સોને મોકલેલી સમસ્યાની પૂર્તિ એણે કરી આપી. કાકાએ પોતાને નામે એ સોન પર બીડી.

પોતાનો જોડીદાર મળ્યો જાણીને આશાભરી સોનલ ઘુમલી નગર આવી, પાદરમાં પડાવ નાખ્યો. વધુ પારખું કરવા સારૂ એક પછી એક ઘણી સમસ્યાઓ મોકલી, તે તમામના સાચા જવાબો શિયાજી તરફથી મળી ગયા. લગ્નને વાર ન રહી. પણ ઓચીંતાનો બધો ભેદ ફુટી ગયો. જળાશયને કાંઠે સોનની દાસીને હલામણની બાનીએ મેણું મારીને ભેદ ફુંકી દીધો કે "હલામણ દુહા પારખે, સોન શિયાને જાય" : માટે બાઇ ! તમારી બાધી મૂઠી જ રાખો એ ઠીક છે. ઉઘાડશો તો વાસર ખાશે !"

સોનને તો આ વાતના સાચજૂઠનો તાગ લેવો હતો. એણે સીધેસીધા હલામણને જ નવી સમસ્યાઓ મોકલી. સાચા ઉત્તરો મળ્યા. બન્નેને પ્રીત બંધાઇ. સુખને સોણલે સોન ઝુલવા લાગી.

શિયોજી સમજ્યો કે આ ભવાડો કરનાર ભત્રીજો જ છે. રાજસત્તાથી એને દેશવટો ફરમાવ્યો. આજ્ઞાપાલક જુવાન ચાલી નીકળ્યો. છેક સિંધમાં ઉતર્યો. કુઇને ઘેર રહ્યો. અંતર તો સોનને જ અર્પણ કરી ચુક્યો હતો, એટલે બીજે ક્યાંય, કોઇના રૂપમાં ન મોહાયો. સોનાવજોગે સુખની સેજમાં નહિ પણ સાથરે સૂતો.

સોને ઘુમલીરાજને ફિટકાર દીધો. એના લગ્ન–કહેણને, ને એના સુંડીભર્યા શણગારને ઠોકર મારી એ તો વ્હાલા હલામણની શોધે નીકળી, છેક સિંધ પહોંચી. હલામણને અખાત્રીજને મેળે હાબા ડુંગરે ગયો સાંભળી, ભટકતી ભટકતી, એ ઝૂરતી વિજોગણ હાબે ડુંગરે પહોંચી. પરંતુ એ પહોંચે તે પહેલાં તો કોડીલો હલામણ હાબાના મેળામાં ઉંચે હીંચકે હીંચકતાં પડીને મૃત્યુ પામ્યો હતો. સોન પણ એ સાચા પિયુનું શિર ખોળામાં લઇ ત્યાં બળી મરી.

§

[હે સોન સુંદરી ! તું આ મોતી મગાવે છે. પરંતુ એની માતા (છીપ) તો સમુદ્રમાં વસે છે, ને એનો પિતા (મેઘ) વસે છે કૈલાસ શિખર પર. એ બન્નેનું મિલન તો છેક આસો માસમાં સ્વાતિ નક્ષત્રે થાય. ત્યારે જ નવાં મોતી નીપજે. માટે અત્યારે જો જોઈતાં હોય તો તને જૂનાં મોકલું.]

આ પાદપૂર્તિ બારોટે સોનને પહોંચાડી. સોનનું વ્રત ફળ્યું. પોતાની સમસ્યા ઉકેલનાર એ રાજા શિયાજીને પરણવા સોન ચાલી નીકળી.

ઘૂઘરીયાળો ઘાઘરો, ચડવા માફાળી વેલ્ય
ગઢ ધૂમલીની બજારમાં ઢળકતી આવે ઢેલ્ય.

ઢળકતી આવે ઢેલ્ય તે વાટે,
બાઈ ! તારો હલામણ ઉભો વાણીડાને હાટે.

લખી કંકોત્રી હલામણ પર મેલ્ય,
ઘૂઘરીઆળો ઘાઘરો, ચડવા માફાળી વેલ્ય. ૭

એવા એના શણગાર હતા, કોઈએ એને ના પણ પાડેલી કે

*ખારાં પાણી ખટમઠાં, દાઈવાળો દેશ,
સોનલ મ જાજે જેઠવે ! બાળેલ બરડો દેશ. ૮

છતાં સોન તો આવી પહોંચી.

પાદર ડેરા તંબુ તાણીને ઉતારો કર્યો. ત્યાંથી પોતાના વર શિયાજીની વધુ ચોકસ કસોટી કરવા માટે નવી સમસ્યાઓ મોકલી:

સમસ્યા : ૨

શિયા! સરોવર દેખાડ, (જ્યાં) પાણી કે નવ પાળ,
તાસ તળે કોળાંબડે, પંખી વળુંભ્યાં ડાળ. ૯

---

*આ દોહો કહેનાર કોઈ સૂરસિંહ નામનો સોન સાથેનાં લગ્નનો ઉમેદવાર મનાય છે. કેટલાકનું માનવું છે કે પ્રથમ સોને એ સૂરસિંહ પર જ સમસ્યા પૂર્તિ થવા માટે મોકલી હતી. અને ઘણા દિવસ થઈ જવાથી એને બીજા દોહામાં ઠપકો પણ કહેવરાવેલો કે

[હે શિયાજી! એવું સરોવર કયું?—જેને પાણી નથી, પાળ નથી, છતાં જેના કિનારાનાં ઝાડની નમેલી ડાળીએ પક્ષીઓ બેઠાં છે!]

જવાબ આવ્યો: સરોવર તે કાન; અને પક્ષી તે કાનમાં પહેરવાની તોટી અથવા વાળી.

સમસ્યા : ૩

ચારપગો ને ચોસલો, નરને નામે નામ
અમે મગાવું જેઠવા! હોય તમારે કામ. ૧૦

[હે જેઠવા! ચાર પગ વાળો, ચોરસ આકારનો, પુરૂષવાચક નામ વાળો—તે પદાર્થનું તમારે (લગ્નમાં) કામ પડશે. એ હું મગાવું છું.]

જવાબ આવ્યો : બાજઠ

સમસ્યા : ૪

પાંખાળો પરવત વસે, ગરમાં જેનાં ગામ
વર પહેલો તોરણુ ચડે, કારીગરનાં કામ ૧૧

[પાંખવાળો છે: પર્વતમાં વસે છે. ગિરમાં એનું ગામ છે. લગ્નમાં હમેશાં એ વરના પહેલાં તોરણે ચડે છે: એ કોણ? એની તમારે જરૂર પડશે.]

શિયાજીએ જવાબ મોકલ્યો: મોડ (મોર). [મોડ હમેશાં પરણતાં સ્ત્રી-પુરૂષને મસ્તકે પહેરાવાય છે. એ ડુંગરાઉ વાંસની કાતળીઓનો બને છે.]

સમસ્યા : ૫

વણુપંખો ઘણુઉડણો, અણુચણીયાં જ ચણુન્ત,
નજીવો સજીવાને હણે, ગણુ બાંધ્યો જ રમન્ત. ૧૨

સૂરા! સારસ જેમ, બગવારે બેસી રીયો;
હોય તો કહે ને હા, નહિ તો નાકારો ભલો.

સૂરા લેક સુજાણ! અક્ષર કોઇ ઉકલ્યો નહિ,
અધૂરાં પૂરાં કરી સોનલનાં સરજ્યાં નહિ.

મને આ બન્ને દોહાઓના અનુપ્રાસોમાં ત્રૂટીઓ દેખાય છે: સં.

[પાંખ વિનાનો: છતાં ઘણું ઉડનારો: કોઇએ ચણેલાં નહિ એવા ભક્ષને ચણનારો: પોતે નિર્જીવ છતાં સજીવોનો હણનારો: ગુણ(દોરી)માં બાંધી રાખવાથી રમે છે: એ કોણ ?]

જવાબ આવ્યો : **તીર.**

સમસ્યા : ૬

માથાહીણો મરગલો, [1]શીંગડીયું બેચાર,
હેડમાં ઘાલ્યો હડહડે, નત્ય નવરાવે નાર. ૧૩

[માથા વિનાનો એક મૃગ: છતાં જેને બે ચાર શીંગડીઓ છે: કેદમાં નાખ્યા છતાં જે કોલાહલ કરે છે: જેને સ્ત્રીઓ નિત્ય નવરાવે છે: એ કોણ ?]

જવાબ આવ્યો : **છાશ વલોવવાનો રવાયો.**

સમસ્યા : ૭

અધ સૂકું અધ લીલડું, ત્રાંબાવરણું જેહ,
અમે મગાવું જેઠવા ! આણી આપો એહ. ૧૪

[જે અરધું સુકેલું ને અરધું લીલું છે: જે ત્રાંબા સરીખા રંગનું છે : તે અમને લાવી આપો હે જેઠવા !]

જવાબમાં મોકલાયું : **શ્રીફળ.**

સમસ્યા : ૮

જે થડ પવન ન સંચરે, પંખી ન બેસે કોય;
તાસ તણાં ફળ મોકલો, સાચા સાજણ હોય. ૧૫

[જેના થડની અંદર કદી પવન પેસતો નથી, જેની ડાળે કદિ પક્ષી બેસતાં નથી, એવા ઝાડનાં ફળ મોકલો—જો મારા સાચા સ્વજન થવું હોય તો.]

જવાબ આવ્યો : **છીપ રૂપી ઝાડનાં મોતી રૂપી ફળ.**

---

૧. રવાયાને શીંગડીઓ કઇ ? નેતરાં ઝાલવાનાં જે નાનાં લાકડ હોય છે તે.

સમસ્યા : ૯

પીતળ પે'રી પદમણી, હાલે ઝાકઝમાળ;
(કાં) સોહે વીવા વધામણે, (કાં) સોહે રાજદુવાર. ૧૬

[એક એવી પદ્મિની છે, કે જે પીતળનાં આભૂષણો પહેરીને ઝળકતી ચાલે છે. એ કાં તો વિવાહ જેવે અવસરે શોભે છે, અથવા તો રાજદ્વારે દીપે છે. એ શું ?]

જવાબ આપ્યો : વેલ્ય (માફાવાળી બળદગાડી)

સમસ્યા : ૧૦

થડ થોડું ઉરે ઘણું, કેડે કેસરી લંક,
શિયા ! સાવઝડું મોકલો ! (જેના) લોહે જડિયા દંત. ૧૭

[હે શિયાજી રાજા ! જે થડે (પગની જગ્યાએ) નાનું છે, છાતીની જગ્યાએ જે લાંબું છે, જેની કમ્મર સિંહની કમર સમી છે, ને જેના દાંત લોઢે જડી રાખેલા છે, એવું સિંહનું બચ્ચું મોકલો !]

જવાબમાં મોકલાયું : સાંબેલું

સમસ્યા : ૧૧

માથું વાઢયે નો મરે, આંખ ફોડયે જીવ જાય;
અમે મગાવું જેઠવા ! જળમાં પેદા થાય. ૧૮

[જેનું માથું કાપવાથી નહિ પણ આંખ ફોડવાથી મૃત્યુ થાય છે. (એટલે કે 'આંખ' નામે ઓળખાતો શેરડીનો એક ભાગ કાઢી નાખવાથી એ ફરી વાર ઉગતી નથી.) જે પાણીમાં પેદા થાય છે, તે મોકલો.

જવાબમાં મોકલાઇ : શેરડી

સમસ્યા : ૧૨

અગની કાંઠે ઉપજે, ગોરી રાતે દંત,
નારીએ નર બાંધીઓ, કર વમાસણ કંથ ! ૧૯

જવાબ : અકોટો. (સ્રીઓનો કાનમાં પહેરવાનો રૂપાનો અલંકાર)

સમશ્યા : ૧૩

થડ થોડો પરગટ ઘણો, પાને પાન હલંત,
સોનલ આવી સાટવે, કાઢો વસાણું કંથ ! ૨૦

[જેનું થડ થોડુંક જ છે, પણ જે પ્રગટ સ્વરૂપમાં, એટલે કે સુગંધમાં બહુ મોટું લાગે છે, જેનાં પાને પાન હલે છે, તે વૃક્ષ તુલ્ય વસ્તુને ખરીદવા સોન આવી છે.]

જવાબમાં મોકલાયું : કપૂર

સમશ્યા : ૧૪

અણીયાળાં ને વાંકડાં, સૂડાવરણાં જેહ,
સમજીને [1]ગજકરણના ! અમને એસું દેહ. ૨૧

જવાબમાં મોકલ્યું : **નાગરવેલનાં પાંદ**

સમશ્યા : ૧૫

*સો નર લીધા સામટા, નારી કહેવાય જેહ,
તુજ રક્ષાને કારણે, હાથ ધરી મેં તેહ. ૨૨

જવાબ : **માળા**

આવી સમશ્યાના સાચા ઉત્તરો મળવાથી સોનને શ્રદ્ધા બેઠી કે શિયોજી જેઠવો સાચો ગુણીજન છે. લગ્નની તૈયારીઓ થવા લાગી. એવે એક દિવસ પ્રભાતે

ઉંચો ડુંગર આભપરો, નીચી જેતાવાવ,
પદમણીયું પાણી ભરે, હંસણી હારોહાર. ૨૩

---

૧. ગજકરણ જેઠવાનો પૂત્ર (શિયાજી)

* મારા મતે તો પ્રથમની એક સમશ્યા સિવાયની બીજી તમામ નિરર્થક લાગે છે. કેટલીક તો તદ્દન બાલિશ અને આધૂનિક લાગે છે. આ ઘણા દોહા પાછળથી પેસાડેલા હોવાનો સંભવ છે. આમાંની ઘણી સમશ્યાઓ શામળ કવિની લખેલી સમશ્યાઓને મળતી પણ છે. સં.

[ઉંચે આભપરાનો ડુંગર છે. તેની તળેટીમાં નીચે જેતાવાવ નામની વાવ છે. ત્યાં પદ્મિની જેવી રૂપવતી અને હંસી જેવી ચાલ્ય વાળી નારીઓ પંક્તિબંધ પાણી ભરે છે.]

એ પનઘટ પર સોનની દાસીઓ અને ગામના એક રાજકુંવર હલામણની દાસીઓ વચ્ચે ટંટો થયો. એટલે સોનની દાસી ગર્વથી બોલી :

અમે પરદેશી પાન, વા વંટોળે આવિયાં,
વરશું જેઠીરાણ, (તે દિ) મોંઘા થઇને મ્હાલશું. ૨૪

[હે બાઇઓ! અમે પરદેશનાં માનવી : વંટોળીઆમાં ઝાડનાં પાંદડાં ખેંચાઇ આવે તેવી રીતે અમે આંહી આવી પડયાં. આજે અમે રઝળતાં છીએ, પરંતુ જે દિવસ અમારી કુંવરી સોનને જેઠવો રાજા શિયોજી પરણશે તે દિવસ અમે સહુ માનપાન પામીને રહીશું. તે દિવસ તમે અમારાં અપમાન નહિ કરી શકો.]

કુંવર હલામણની દાસીઓએ આના જવાબમાં સાચી વાત જણાવી દીધી :

*બાંધી મૂઠી લાખની, ઉઘાડી વાસર ખાય,
હલામણ દુહા પારખે, (પણ) સોન શિયાને જાય.

સોન શિયાને જાય તે અડી,
બેટાની બૈયર બાપનું જડી.

એવાં મેણાં બાઇ! મુંને બાની દીયે,
ને બાંધી મૂઠી લાખ જ લીયે. ૨૫

---

*સોન પોતે પાણી ભરવા નીકળી એ સૂચવતો એક દોઢીઓ ખંડિત સ્વરૂપમાં મળે છ :

સોન પાણી સાંચરી, એને ઘડુલે ઘૂઘરમાળ.
રક્ષા કરે જળદેવકી, સોન છે નાનું બાળ.
છુટું માથું ને લાંબા સરપે વાળ
સોન પાણી સંચરી, એને ઘડુલે ઘૂઘરમાળ. ૨૬

[હે બાઇ ! તમારી ઇજ્જત મૂઠીમાં ઢાંકેલી છે ત્યાં સુધી જ એને લાખ રૂપીઆની સમજજો. જો એ સાચી વાતનો ભેદ ઉઘડી જશે તો પવન સિવાય બીજું કંઇ નહિ રહે. તમે કોડીની કિમ્મતના થઇ જશો. કેમકે તમારા પ્રત્યેક દુહાની સમસ્યા પારખનાર ગમાર શિયોજી નથી, પણ એનો ભત્રીજો હલામણ છે. છતાં સોન તો શિયાને પરણવા બેઠી છે. બેટાની (ભત્રીજાની) બાયડીને બાપ (કાકો) ઉઠાવી જશે.]

આવું સત્ય સાંભળીને દાસી ઝંખવાણી પડી સોન પાસે આવી : સોન પૂછે છે કે હે દાસી ! આટલી નિસ્તેજ કાં બની ગઇ ! દાસી જવાબ આપે છે :

*બાઇ ! અમને બાની વઢી, નદીએ ભરતાં નીર,
એક વચનને કારણે શોષાણાં શરીર.
શોષાણાં શરીર તે ઘડો ફુટી ગયો
ડોલરિયો હલામણ દેશવટે ગયો.
(હવે) મગાવો હીર ને વેચાવો ચીર,
બાઇ અમને બાની વઢી, નદીએ ભરતાં નીર. ૨૭

સોને આખી હકીકતનો મર્મ જાણ્યો. ખબર પડી કે પોતાની પ્રત્યેક સમસ્યાના ઉકેલ મોકલનાર શિયોજી તો એ અર્થે પોતાના ભત્રીજા હલામણ પાસેથી જ કરાવતો. આવાં છલ કરીને મૂઢ શિયોજી એને પરણવા લોલૂપ હતો. સોને તુર્ત પોતાના સાચા વર હલામણને સમસ્યાયુક્ત લગ્નપ્રસ્તાવ પાઠવ્યો : હે હલામણ ! અમને આ ચીજ મોકલો !

ધર પર ભરિયલ ધ્રો, ગગનાસર બાંધલ ગળે,
પવને નવ પેખેલ, માછલ જળ માણેલ નહિ. ૨૮

[સપાટી (ધરતી) ઉપર ધ્રો નામનું ઘાસ ઉગેલ છે, ગળામાં (અંદરના ભાગમાં) ગગન-સરોવર છે : જેને પવન સુદ્ધાંએ દીઠેલ નથી :

---

*આ દોઢીયો અથવા છકડીયો દોહો કહેવાય છે. એમાં છ પંક્તિઓ આવી અને છેલ્લે પહેલી પંક્તિની 'દોઢય' વળી.

જેનું પાણી માછલાંએ પણ માણ્યું નથી. એવું વિચિત્ર સરોવર અમને મોકલી આપો !]

જવાબમાં હલામણે 'શ્રીફળ' મોકલ્યું. સાચી સમસ્યા ઉકેલાઇ. લગ્ન મોકલ્યાં. હલામણ પરણવા માટે સોનાની ડેલી પર હાજર થયો. પરંતુ આવનાર પુરુષ અગાઉ બન્યું તે માફક બનાવટી તો રખે ને હોય ! એટલે ખાત્રી કરવા માટે સોને પુનઃ કસોટી માંડી. સમસ્યા મોકલી.

૧ : લંક લપેટણ સીતહર, નહિ લંકાપત રાવ,
જે કારણ કૌરવ હણ્યા, (તે) મોકલ મારા રાવ ! ૨૯

[જે લંક-લપેટણ છે : (૧. લંકાને રક્ષનાર. ૨. કમર પર વીંટવામાં કામ આવનાર.) જે સીતહર છે: (સીતાનું અથવા ઠંડીનું હરણ કરનાર:) જેને કારણે (એટલે કે દ્રૌપદીનાં ખેંચાએલાં ચીરને કારણે) આખું કૌરવ-સૈન્ય હણાયું, તે ચીજ મને મોકલો હે રાજા !]

ઉત્તરમાં હલામણે **'રેશમી ચીર'** મોકલ્યું.

૨ : ગજમંડણ હસતીચઢણ, વેશ્યાવલ્લો જેહ,
અબળા કેરૂં આભરણ, આણી આપો એહ. ૩૦

[જે હાથીનો શણગાર છે, જે હાથી પર ચડે છે, જે વેશ્યાને વહાલો છે ને જે સ્ત્રીજાતિનું શોભા-ચિન્હ છે, તે મોકલો !]

ઉતરમાં હલામણે **સીંદૂર** મોકલ્યો.

૩ : આભ થકી યે ઉજળો, ચંદાવલ્લો જેહ;
વામા કેરો વાલીડો, આણી આપો એહ ! ૩૧

[આકાશથી પણ જે ઉજ્જવલ છે. ચંદ્રને જે પ્રિય છે, સ્ત્રીનો જે માનીતો છે, તે મોકલો.

જવાબમાં હલ .ણે **અરીસો** મોકલ્યો.

૪ : અણીયાળાં ભમ્મરમુખાં, નારીવલ્લાં જેહ,
વરતી લ્યો ગજકરણના ! આણી આપો એહ ! ૩૨

[જે અણીદાર છે: ભમરમુખાં છે: સ્ત્રીઓને વ્હાલાં છે: તેને સમજી જઈને હે ગજકરણ જેઠવાના પુત્ર! અમને લાવી આપો!]

ઉત્તરમાં હલામણે નાગરવેલનાં પાંદ મોકલ્યાં. સોનને ખાત્રી થઈ ગઈ કે સાચો વ્રત પૂરાં કરનાર તો હલામણ જ છે. એટલે સોને હલામણને કહાવ્યું કે

*હાલો હલામણ દેશમાં, સોની બેસારૂં ચાર,
[1]મોરાણું નાખું માંડવો, જુગતે જમીએ કંસાર.
જુગતે જમીએં કંસાર તે લગાર ચાખીએ!
પંડ પીઠીઆળું કરી, ગળામાં વરમાળું નાખીએ.
મારે માથે બરડાનો રાજા, હું થઈ છું નિયાલ,
હાલો હલામણ આપણા દેશમાં! સોની બેસારૂં ચાર. ૩૩

પછી સોને હલામણને નજરે દીઠો. એના રૂપનાં પોતે વખાણ કર્યાં:

નવરો દીનોનાથ (તે 'દિ) હરખે ઘડયો હલામણો,
પૂતળું બેસાર્યું પાટ [2]બહોંતેરસેં બરડાધણી. ૩૪
મોતીડાની માળ, હૈયે હલામણ તણે,
કંકુવરણી કાય જુવાની તારી જેઠવા! ૩૫
જેવી સોન સુજાણ, તેવો હલામણ જેઠવો,
તન બે એકજ પ્રાણ, જુગતે જુગતું જોડલું. ૩૬
હલામણને હોઠ, પરોવેલ પરવાળાં
[3]નવરો દીનોનાથ (તે 'દી) હરખે ઘડયો હલામણો. ૩૭

---

* આ દોઢીઓ બરાબર માપ વિનાનો અને વિકૃત છે

૧. સોન મોરાણા ગામની રહીશ હતી.

૨. બરડાધણીનાં, એટલે કે જેઠવાનાં તાબાનાં બહોંતેરસો ગામ ગણાતાં. એ સમયમાં જેઠવા રાજાની આણ છેક મોરબી સુધી વર્તતી.

૩. એ પંક્તિ આ દુહામાં અનુમાસને હિસાબે બંધ બેસતી નથી થતી. સાચી પંક્તિ ગુમ થાય છે.

૩. દેશવટો અને દેશાટન

ભત્રીજા હલામણને પોતાની પાપ-વાંછનાની આડે આવનાર ગણી શિયાજી રાજાએ દેશવટો દીધો.

હલામણ હાલી નીકળ્યો, રેઢાં મેલીને રાજ
.... ગળે ગેંડાની ઢાલ.

ગળે ગેંડાની ઢાલ તે ટપ ટપ ચુવે
માતા મીણલ રંગમોલમાં રૂવે.

ચડયને બાની કઠોડલે ! કર્યને હલામણને સાદ !
હલામણ હાલી નીકળ્યો, રેઢાં મેલીને રાજ. ૩૮

ચાલતાં ચાલતાં રસ્તામાં કઇ કઇ જગ્યાએ હલામણ થંભ્યો અને શા શા વિચારો કરતો ગયો તેનું વૃત્તાંત આવે છે;

*જોઇ જેતાવાવ, નવલખ્યા નાળ્યા નહિ,
[1]રામાપ્રોળનું રાજ, પ્રાપતમાં હોય (તો) પામીએ. ૩૯

[અરે ધૂમલીની જેતાવાવ ન જોઇ. નવલખો મહેલ પણ ન નિહાળ્યો અને રામાપોળનું રાજ તો કિસ્મતમાં હોય તો જ પમાય.]

કદાચ કાકા રોષ ઉતારીને પાછા બોલાવશે એ આશાથી થોડે છેટે આવેલી બગાધાર નામની ધાર પર બેઠો રહ્યો:

બેઠલ બગાધાર, જાણ્યું મનામણાં મેલશે,
દેશવટો ધરાર, સાચો દીધેલ શિયે જેઠવે. ૪૦

[બગાધારના ડુંગર પર બેસી રહ્યો છું. મનમાં આશા હતી કે કાકા મનાવવા મોકલશે. પરંતુ હવે તો સાચેસાચ શિયાજીએ દેશવટો દીધો.]

કાકાએ કહેવરાવ્યું કે જો સોન ઉપરનો દાવો છોડી દે તો રાજમાં રહેવા દઉં. જવાબમાં હલામણે કહેવરાવ્યું:

---

* જેતાવાવ, નવલખો, રામાપોળ વગેરે ધૂમલીનાં સ્થળો હતાં. આજ પણ એનાં ખંડિયર ઉભાં છે, ૧ 'પ્રોળ' એ રૂપ મૂળ 'પોળ'-માંથી થઇ ગયું લાગે છે. એ રીતે 'ર'કાર ઘણીવાર ઘુસી જાય છે. જેમ કે 'તટ'નું 'ત્રટ'.

બદલે બીજાં લોક, બરડાઈત બદલે નહિ;
લાગે કુળમાં ખોટ, હીણું કરે હલામણો. ૪૧

[બીજાં લોકો ભલે ફરી જાય, બરડાનો રાજા ન ફરે. હલામણ જો હલકું પગલું ભરે તો કુળને કલંક બેસે.]

ચાલી નીકળે છે:

મેલ્યું કાળુભાર કચોળીયું, મેલ્યું ભૂંજેલું તળાવ,
જીવતડા કે'દિ આવશું, (નીકર) ગઢ ધૂમલીને જુહાર. ૪૨

[ધુમલી નગરનું કાળુભાર તળાવ, કચોળીયું તળાવ, ને ભુંજેલું તળાવ: ત્રણેને હું વટાવી ગયો. હવે તો જીવતો રહીશ તો કદિક આવીશ. નહિ તો ધૂમલીના ગઢને સદાના સલામ છે.]

આગળ વધ્યો. એક પછી એક નદીઓ વટાવી: વટાવતો વટાવતો પછવાડે ધૂમલી તરફ અને આભપરાના શિખર પર નજર કરતો જાય છે:

[1]ઢબરથી ઢળતે, ખારે મન ખૂંતે નહિ;
વરતુ ઉતરતે, આભપરો અળગો થયો. ૪૩

[ઢબર નદીથી ઉતર્યો. ખારો નદીની અંદર મન ઠર્યું નહિ. વરતુ નામે નદી પણ ઉતરી ગયો. હવે તો આભપરો દૂર રહી ગયો.]

આગળ ચાલતાં બરડાના વીસાવાડા ગામને પાદર નીકળે છે. ત્યાં ગંગાજળ તળાવ છે.

[2]વીસળપરને વાસ, વાસો વસાવ્યાં નહિ;
(નીકર) નત્ય ગંગાજળ નાત, આભપરો આંખ્યું આગળે. ૪૪

---

૧. બીજો પાઠ:

ઢબરને ઢોરે, ટીંબે મન ટક્યું નહિ;
કાનમેરાને કોરે, ઇસે મન આંટા દીએ.
[કાનમેરો ડુંગર છે. બરડાનો એક વિભાગ.]

૨. બીજો પાઠ:

વીસલપરને વાસ, વાસો વસાવ્યાં નહિ;
(નીકર) નત્ય રત્નાકર ન્હાત, દર્શન કરત દેવનાં.
પરંતુ વીસાવાડાની પાસે રત્નાકર (દરિયો) છે જ નહિ.

[આ વીસાવાડામાં હું વાસ કરીને રહ્યો હોત ! તો રોજ ગંગા-જળ તળાવમાં ન્હાત અને આભપરો ડુંગર પણ આંખોની સન્મુખ જ રહેત; ને હું ધૂમલીની આ રાજખટપટમાંથી બચી જાત.]

પછી પોતે તળાવડીનું પાણી પીવે છે. પણ ભેંસોએ માંહી પડીને અગાડેલું પાણી ભાવતું નથી તેથી પોતાના શરીરને કરુણ ઠપકો આપે છે:

ડોબાનાં ડોળેલ, ભાંભર જળ ભાવે નહિ,
સુગાળ મ થા શરીર ! વેણું-જળ વાંસે રીયાં. ૪૫

[હે મારા શરીર ! તું આટલું ચાગલું ન થા ! તને ભેંસોનાં ડોળેલાં ને મળમૂત્રથી ખારાં થયેલાં આ નીર નથી ભાવતાં, પણ શો ઇલાજ ! તારી વ્હાલી મીઠી વેણું નદીનાં નીર તો દૂર રહી ગયાં.]

વીસળપરના વાણીઆ ! એક સંદેશો સુણયે,
સોનલ આંહીથી નીકળે, (તો) ઝાઝા જુવાર ભણયે. ૪૬

૧જાળેરાની ઝોક, આતમ અંઘોળ્યું નહિ,
સરગાપરીનો સંતોક, પાંજર કે દિ પામશે ! ૪૭

[જાળેરા ગામની નદીમાં મેં મારું હૃદય નવરાવ્યું પણ નહિ. હવે તો ફરીવાર મારું હૃદયપીંજર એ સ્વર્ગાપુરીનો સંતોષ નથી પામવાનું.]

રસ્તે એક નદી આવી. નદીમાં તણાતો આવતો એક વાંસ દીઠો. પોતાને ધૂમલી શહેરની વેણુ નદીને તીરે ઉગતા વાંસનું સ્મરણ થયું:

*વીણાઇ કેરા વાંસ, શે અવગુણે આવિયો ?
ભણને ભોમના ભ્રાત ! સંદેશો કાંઇ સોનનો ! ૪૮

૧હલામણ જાળેરા ગામને પાદર પાજ બાંધીને વરતુ નદી ઉતરેલો. ત્યાં એના ઘોડાના ડાબલાની છાપો પડેલી હોવાનું તથા એણે દાતણની ચીર વાવેલી તેનું રૂખડું ઉગેલું હોવાનું બતાવાય છે.

*પાઠાન્તરઃ આ પાઠ પ્રાસ મળવાથી વધુ ઠીક લાગે છેઃ

વાલા વિજોગી વાંસ, અહીં શે અવગુણ આવિયો,
પાવા ઘડાવું પાંચ, સંદેશો ભણય સોનનો !

[હે વીણોઇ ડુંગરના વાંસ ! તું વળી કયા અપરાધે (દેશવટો પામીને) આહીં આવ્યો ! હે મારી ભૂમિના નિવાસી ભાઇ (દેશબંધુ), કાંઇ સોનનો સંદેશો તો કહે !]

દેશાઇ દીઠે દેશ, વધન હરાણું વાંસડા !
ભણુને ભોમ તણા ! સંદેશો કાંઇ સોનનો. ૪૯

[દેશબંધુને દેખતાં જાણે દેશ જોયો હોય તેવો પ્રેમ થાય છે. હે વાંસડા ! જાણે વિઘ્નો હરાય છે. હે મારી ભૂમિના (વતની) ! સોનનો કંઇક સંદેશો તો કહે !]

જાણે કે વાંસ જવાબ આપે છે :

હલામણ હુતે, *કાતળીય કપાતી નહિં;
જેઠીરાણુ જાતે, [1]વન વન થીયા વાંસડા. ૫૦

[હે ભાઇ હલામણ ! તું હતો ત્યાં સુધી અમારી એક કાતળી પણ કોઇ કાપતું નહોતું. પણ હવે તો હે જેઠવા રાજા ! તારા જવાથી અમે વાંસડા બધા નષ્ટ ભ્રષ્ટ થઇ ગયા.]

અને સોનનો સંદેશો તો હું શી રીતે આપું ?

+(હું) કેડી મેરનો વાંસ, કાપ્યો કોઇ કબાડીએ
લેવાણો લોઢે, (મને) શુદ્ધ નો રહી સોનની. ૫૧

[હું કેડીમેર ડુંગરનો વાંસડો : મને કોઇ કઠીઆરાએ કાપ્યો ને હું તો પાણીના લોઢ (પૂર)માં ખેંચાયો. એટલે મને સોનની શુદ્ધિ ન રહી.]

એમ કરતાં હલામણ ઓખામંડળ પણ ઓળંગી ગયો :

ઓખો બરડો ને ઘૂમલી, મેલ્યા ત્રણે દેશ
શિયે જેઠવે છેતર્યા, કાઢયાં કાળે વેશ. ૫૨

---

* પાઠાન્તર : 'પાને પણ પડતાં નહિ.'

૧. પાઠાન્તર: 'વન વન વીંખાણા વાંસડા.'

+ પાઠાન્તર : લઇ 'કબાડીએ કાપીઓ, ઝીંકયો જાંખું માય.' સરખાવો 'ઝાક' પૃ. ૧૬.

[ધૂમલી, બરડો પ્રદેશ, અને ઓખામંડળ : એમ ત્રણે પ્રદેશને વટાવી ગયો. હાય ! શિયાજી જેઠવાએ છેતરીને મને કાળે ચેરે કાઢયો]

દરિયાને તીરે હલામણ ઉભો રહ્યો. એણે સાગરને ઉછળતો ને અશાંત દીઠો. બોલ્યો :

સાગરને સખ ન્હોય, *રાત દિવસ રીબાવણું,
હાલકલોળો હોય, હૈયે હલામણ તણે. ૫૩

[આ સાગરને પણ સુખ નથી. દિવસરાત એ રીબાય છે. હલામણના હૈયાની માફક એનું હૈયું પણ હાલકલોલ થઇ રહ્યું છે.]

સમુદ્રની ખાડીમાં એક મોટો મચ્છ પડેલો તેને જોઇ હલામણ પૂછે છે :

[1]મચ્છ મહાજળ હોય, કિયે અવગુણે કાઢિયો ?
છલકી છેહ થિયો ? (કે) [2]સાયરે સંઘર્યો નહિ ? ૫૪

[હે મચ્છ ! તારો વાસો તો ઉંડા જળમાં હોય. તને સમુદ્રે કયે દોષે કાઢયો ? શું તું તારી જાણે જ છલકાઇને બહાર નીકળી ગયો ? કે તને સમુદ્રે સંઘર્યો નહિ ?]

જાણે મચ્છ જવાબ આપે છે :

ગઇ [3]વીજ્ય વળે, વીજ્યે વળાણું નહિ,
[4]સાનાની સંગતે, હાલી ઘટ હળવું થીયું. ૫૫

[હે હલામણ ! હું મોટું માછલું પણ નાના માછલાની સંગત કરીને નીચી ભૂમિકા પર ઉતર્યું. એ નાનાંની સંગે સંગે હું પણ

---

*પાઠાન્તર : ૧. રાત દિવસ રીસામણાં ૨. રાત દિવસ રીણારળાં. ૩ રાતોદિન હીલોળવાં.

૧. પાઠાન્તર :

(૧) મચ્છ મહાજળ હોય, કિયે અવગુણે આવીયો ?
એવા સાયર ન્હોય, મર કેતા અવગણ કરે.

૨. પાઠાન્તરઃ રીણાયલે રાખ્યો નહિ.

૩. વેજ્ય. ૪. નાનાં માછલાં

ભરતીની વેળ્યમાં કિનારા તરફ ચાલ્યું આવ્યું. પછી વેળ્ય પાછી વળી ત્યારે એ નાનાં તો મને છોડીને ચાલ્યાં ગયાં, પણ મારો દેહ મોટો હોવાને કારણે મારાથી કિનારા પરથી ખસી ન શકાયું. હું છીછરા જળમાં પડી રહ્યું.

હાં રે કુંવર હલામણા ! [1]દશાના ફરતા ઘાટ,
(તું) ઉથલ્યો આભપરા ધણી ! (તો) માછલડું કોણ માત્ર ! ૫૬

[હે કુંવર હલામણ ! એ તો બધા દશાના પલટતા ઘાટ છે. તારા જેવો આભપરા ડુંગરનો ધણી ઉથલી પડયો, તો હું માછલું શી વિસાતમાં ?]

હલામણ દિલાસો ધરે છે:

રામ સમા બાણાવળી, સીતા સમાં સતી,
એને વન વસવું પડયું (તો) મારી કોણ ગતિ ! ૫૭

કાંઠે માછલાં પકડનારા માછીને હલામણ કહે છે:

જાળીડા ! નાખને જાળ, [2]નસીબની નોંધી કરી
કરમ છે કપાળ, (કે) બોંતેરસેં બરડે રીયાં ? ૫૮

[હે ભાઇ માછી ! એક વાર મારા તકદીરની ઠરાવીને તું જાળ નાખ તો ? જોઉં તો ખરો, કે મારાં ભાગ્ય મારાં કપાળમાં જ છે, કે એ તકદીર પણ બહોંતેરસો ગામના બરડા રાજ્યમાં જ રહ્યાં ?–અર્થાત જો પોતાના નામે જાળમાં માછલું આવે તો પોતે સમજી શકે કે એનું કિસ્મત પરદેશમાં ફળશે.

માછીમારે હલામણના નામ પર જાળ નાખી. બહાર કાઢતાં અંદર મોતીડાં ને રત્નો આવ્યાં. હલામણે ફરીવાર કહ્યું:

જાળીડા નાખને જાળ ! તારા નમતની નોંધીને,
(આવ્યાં) શંખલાં ને શેવાળ, માછલીયું ટોળે વળી. ૫૯

માછીમારે જાળ નાખી. બહાર કાઢી. અંદર કેવળ શંખલાં ને શેવાળ જ આવ્યાં. એ જોઇ હલામણ બોલ્યો:

---

૧. પાઠાન્તર: "પડે પોશીતા પાગ"

૨. પાઠાન્તર: 'મારા નસીબની નોંધીને' અથવા 'મીઠા મેરામણ મધે'.

આજુકો સાગર ઉમટયો, રતન રેલાણાં જાય,
[1]કરમહીણો કર વાવરે, સંખલે મૂઠ ભરાય. ૬૦

[આ સાગરમાં રત્નો રેલાયે જાય છે. પરંતુ એમાં કિસ્મત વગર હાથ નાખવાથી મૂઠીમાં માત્ર શંખલાં જ આવે છે, રત્ન નથી આવતાં.]

ચાલતાં ચાલતાં એને અંતરે કેટલાં દુઃખ થયાં?

જેતી વેળુ વોંકળે, જેતા કણુ કોઠાર,
એતાં દઃખ દહાર, હૈયે લાગ્યાં હલામણુ! ૬૧

[નદીમાં જેટલી રેતીની કણીઓ હોય: કોઠારમાં જેટલા દાણાના કણુ હોય: એટલાં દુઃખો હલામણને હૈયે લાગ્યાં.]

ચાલતાં ચાલતાં બરડાને સીમાડે સમુદ્રતીરના મીઆણી ગામે આવ્યોઃ

[2]મીઆણીને મોરે, હાકલ્યું મન હાલે નહિ,
કોયલાની કોરે, લટકયું લાંબા ઉપરે. ૬૨

[મીઆણી ગામ છોડીને આગળ મારૂં હૃદય હાકલ કરવા છતાં પણ હાલતું નથી. આ કોયલા ડુંગરની કોર પર અને લાંબધાર પર અંતર લટકી રહે છે. (કોયલો ડુંગર દરિયામાં ટાપુ જેવો છે.) અને

૧. પાઠાન્તરઃ 'કરમહીણા ભરે ખોબલા, સંખલે મૂઠી ભરાય.' (બૃહત્કાવ્યદોહન ભા.૧ની અંદર 'ઓખાહરણ'માં 'સામેરીના દુહા' છે તેમાં પાઠ આવો છેઃ

"સામેરી સાયર ઉમટયો, રતન તણાણાં જાય."
"કરમહીણો ભરે મૂઠડી, શંખલે હાથ ભરાય."

૨. પોરબંદર રાજમાં બરડા પ્રદેશનું સમુદ્રતીરનું છેલ્લું નાકું આ મીયાણી ગામ પૂર્વે એક નગર હોવું જોઇએ. મોટાં શિવલિંગોવાળાં ઘણાં દેવાલયો અને અન્ય અસલી મંદિરો ત્યાં ઉભાં છે. ત્યાંથી ખાડી ઓળંગીને 'કોયલા' ડુંગર પર જવાય છે. એની ટોચ પર પ્રાચીન અને નીચે પેટાળમાં અર્વાચીન એમ બે દેવળો 'હર્ષદી માતા'નાં સ્થાનકો છે. દંતકથા એવી છે કે આ હર્ષદી માતાની નજર પૂર્વે ડુંગરની ટોચેથી દરિયામાં ચાલતાં વહાણો પર પડવાથી વહાણો ડુબી જતાં, એટલે જગડુશા નામના વણિકે દેવીને નીચે ઉતારવા ડગલે ડગલે પાડાનો અને છેલ્લે પુત્ર તથા પુત્રવધુનો ભોગ આપેલો.

માતા રોવે મેડીએ મંડળિક માઢ ચડે,
હીરો હલામણ હલ ગીયો, શિયા સખ કરે ! ૬૩

[ધૂમલીની મેડીએ માતા રડે છે, માઢ પર ચડી નાનો ભાઇ મંડળિક રડે છે. હલામણ જેવો હીરો ચાલ્યો ગયો. હે શિયા ! હવે તું તારે સુખ કરીને રહેજે !

૪. સિંધની બજારમાં

ગામની બજારમાં હલામણ ઉભો છે. તે વખતે કોઇ રાજકુંવરી વેપારીની દુકાને હટાણું કરવા બેઠેલી એને એની દાસીએ આવીને કહ્યું:

કાળો ઘોડો ને કાટવો, ભમ્મર ભાલું હાથ,
બાઇ ! આપણી બજારમાં જોઇ જેઠવાની જાત. ૬૪

[હે બાઇ ! આપણી બજારમાં એક અસ્વાર દીઠો. કાળો ઘોડો છે: કાળો લેબાસ છે : હાથમાં ભમ્મર ભાલું છે : મુખમુદ્રા પરથી જેઠવા કુળનો જણાય છે.]

આંગળીએ ચોગઠ વળે, નહિ વેઢો કે વળ;
બાઇ ! આપણી બજારમાં દીઠો માધવો નળ. ૬૫

[જેની આંગળીઓ એટલી બધી કૂણી (વેઢા અથવા નળ વિનાની) છે કે જેમ વાળીએ તેમ વળે છે : એવો કોઇ માધવા નળ સમો સુંદર પુરૂષ મેં આપણી બજારમાં દીઠો હે ! બાઇ (માધવો નળ નામનો કોઇ એક વાર્તાનાયક જૂના સાહિત્યમાં આવે છે. એ અતિ સુંદર હતો.]

એક તો ઇંદર રાજીઓ, બીજો માધવ જાણુ,
ત્રીજો હલામણ જેઠવો વેણું-ઘણી વખાણુ. ૬૬

રાજકુંવરી (દેવલદે)એ દાસીને હલામણ પાસે પૂછવા મોકલી: દાસી પૂછે છે:

અસૂરા ઉભા [1]પરખડા! કોણુ તમારાં નામ ?
કિયા રાજાના બેટડા, કિયું તમારૂં ગામ ? ૬૭

---

૧ પુરૂષ' પરથી 'પરખ' ને પછી 'પરખડો.'

[હે અસૂરી વેળાએ ઉભેલા પુરૂષ ! તમારૂં નામ શું ? તમે કોના પુત્ર ? કયુ ગામ તમારૂં ?]

હલામણ ઉત્તર આપે છેઃ

અસૂરા ઉભા પરખડા, હલામણ મારૂં નામ,
ગજકરણનો બેટડો, ઘુમલી મારૂં ગામ. ૬૮

રાજકુંવરી એ રૂપ નિહાળવામાં રહી, એટલે પોતે જે હાર મૂલવ્યો હતો તે વેપારીની દુકાને જ વિસરીને ઘેર આવી. એણે પોતાની માતાને કહેવરાવ્યું :

વાણીડાને હાટ (અમે) દો દો વસત વિસારીયું
એક હૈડાનો હાર, બીજો હલામણ જેઠવો. ૬૯

રાજમાતા હલામણની ફુઇ હતી. એણે હલામણને તેડવા મોકલ્યો. હલામણ વાણીઆની દુકાનમાં સંતાઇ ગયો છે. વાણીઓ માનતો નથી. હલામણને બહાર કાઢતો નથી. તેથી દેવલદેએ કહ્યું :

વાવો મ થા વાણીઆ, હૈયું રાખને હાથ,
ગાંઠડિયુંના ગરાક ! કાળજ હોય તો કાઢને ! ૭૦

[હે વાણીઆ ! તું વેવલો ન બન. તું તારૂં હૃદય કાબુમાં રાખ. અને હે ગાંસડીઓના ગ્રાહક ! હે વસ્તુઓના વેપારી ! તું મારૂં કાળજું (હલામણ) આંહી હોય તો કાઢી દે.

હલામણ બહાર નીકળે છે. એને મહેલમાં લાવે છે. ફુઇ એને માટે શય્યા પાથરવા લાગે છે ત્યારે હલામણ બોલે છે :

સુખની સેજું નોય સેજડીએ સુવાય નૈ,
હલામણને હોય સોન વિજોગે સાથરો. ૭૧

[આજ મારે સુખની શય્યા ન હોય. શય્યા પર મારાથી સુવાય નહિ. સોનના વિયોગમાં તો હલામણને સાથરો જ શોભે.]

ઢોલીઓ મ ઢળાવ, ઢોલીએ મન ઢળશે નહિ,
સાથરડે સૂવાડ (તોય) રૂડું માને રઢિયાળી. ૭૨

[હે ફુઇ, ઢોલીઆ ન ઢળાવો. મારૂં હૃદય ઢોલીએ નહિ ઠરે. અરે, આજ તો તું મને સાથરે સૂવારીશ, તો પણ સોન રાઢિયાણીને રીસ લાગશે. એના વિના હું શી રીતે સુખે સુઉં ?]

ફુઇ એને દુઃખ વિસરાવવા સિંધની સુમરીઓમાંથી કોઇ એકની સાથે પરણવા લોભાવે છે. સુમરીઓને નિરખીને હલામણ બોલે છે:

લાંબા પેરે ઘાઘરા, પેટે ડફુરીયું,
વારૂં હું સોન ઉપરાં, સોળસેં સુમરીયું! ૭૩

[જે લાંબા ચણીયા પહેરે છે, અને જેનાં પેટ મોટાં છે, એવી એક જ નહિ, પણ સોળસો સુમરીઓને હું એક સોન ઉપરથી ન્યોછાવર કરી નાખું છું. [સોનની તોલે કોઇ સુમરી ન આવે.]

આવળ જેડી ઉજળી, દો ફુલેજો ભાર,
જેડી સંધજી સુમરી, (એડી) માંડપરી મેઘવાળ. ૭૪

[આવળ ફુલ જેવી ઉજળા વર્ણની અને વજનમાં બે ફુલ જેટલી હળવી આ સીંધની સુમરીઓ ભલે રૂપવતી રહી, પણ એના સરખી રૂપાળી તો મારા ગામ માંડપરની મેઘવાળ (ઢેઢ) કન્યાઓ પડી છે.]

૫. સોન શોધે ચડે છે

ધુમલીથી હલામણ ગયો એટલે શિયાજીએ લગ્નચિન્હ તરીકે સોનને શણગાર મોકલ્યાઃ સોન એ શણગાર પાછા વાળે છેઃ કહાવે છે કે

સુંડીભર્યો શણગાર શિયાનો શોભે નહિ,
હલામણ ભરથાર, શિયો અમારો સાસરો. ૭૫

[આ સુંડલી ભરીને મોકલેલો શિયાજીનો શણગાર મને ન શોભે, કેમકે મારો પતિ તો હલામણ છે. શિયોજી તો મારો સાસરો છે.]

શિયાને કરડે સાપ કાળો કરંડા માયલો,
હલામણ ભરથાર, શિયો અમારો સાસરો. ૭૬

[મને પરણવા આવનાર શિયાજીને તો કાળો, વાદીના કરંડીઆ માયલો સાપ ડસે !]

મન ભણ્યિું ન ભણાય, મન જાળવ્યું જળવાય નૈ,
ઘુંટાય ઘટડા માંય, વળી આવો વેણું-ધણી ! ૭૭

[મનની વાત કહેવા જતાં કહેવાતી નથી, તેમ મનમાં સાચવી પણ શકાતી નથી. અંતરની અંદર ઘોળાયા જ કરે છે. હે વેણુ નદીના રાજા હલામણ ! તમે પાછા આવો.]

ઉતારા અંગાર જાતાં લાગે જેઠવો,
હૂલ્યું હૈયા માંય હાલ્યો મારી હલામણો. ૭૮

[જેઠવો ચાલ્યો જતાં આ મુકામના વસવાટ મને અંગાર સમ લાગે છે. હૃદયમાં હૂલ્ય (અણીદાર હથીઆર) ભોંકીને જાણે હલામણ ચાલ્યો ગયો.]

ઘોળી ધૂમલીની બજાર, લિયાળા લાગે;
જેઠીરાણ જાતે ઉથલતે આભપરા-ધણી. ૭૯

[હવે જેઠવો રાજા અને આભપરા પહાડનો સ્વામી જતાં આ ધૂમલીની બજાર હું છોડી દઇશ. મને શરીરમાં જ્વાળા લાગે છે.]

વીણોઇને વને વીંટાણું વેલા જી[1]
નીતરતે નેણે, હાલી નીકળ્યો હલામણો. ૮૦

[આ વીણોઇ ડુંગરના વનમાં જેમ વેલા વધી વધીને વીંટાઇ-ગુંચવાઇ જાય, તેમ અમે પણ અટવાઇ ગયાં. અને હલામણ તો આંસુ ટપકતે નેત્રે ચાલી નીકળ્યો.]

[2]હલામણને કારણે ભગવો પેર્યો ભેખ
પીયર મારૂં પાછું રીયું, પોંચી ઘુમલી ઠેઠ.

પોંચી ઘુમલી ઠેઠ તે સાચી,
સોન વરવા આવી ને જાય પાછી. ૮૧

---

૧. 'જી'નો અર્થ 'જેમ' 'માફક' છે. એ ચારણી ભાષા-પ્રયોગ છે.
૨. આ દોઢીયો ત્રટક છે.

સોન કે' વોળાવી સાસરે, તે દિ' દકળો લાગ્યો' તો દેશ
વાલાં હતાં તે વેરી થીયાં, શો કરવો ઉપદેશ !

શો કરવો ઉપદેશ કે જાણીયાં
ચોખાં ને બ્રાહ્મણ કે વાણીયાં.

હલામણને કારણે મેં ભગવો પેર્યો ભેખ
સોન કે' વોળાવી સાસરે, તે દિ' દકળો લાગેલ દેશ. ૮૨

હાલો બાની ! વનરા ઢુંઢીએ, મળી ઉડાડિયેં મોર,
[1](જેને) ટૌકે હલામણ સાંભરે, કટકા કાળજ કોર.

કાળજ કોર તે કટકા કિયો,
ડોલરિયા હલામણને દેશવટો થિયો;

સોન કે' શિયા ! તેં વખંડી અમારી જોડ,
હાલો બાની ! વનરા ઢુંઢીએ, મળી ઉડાડિયેં મોર. ૮૩

[હે દાસી ! ચાલો આપણે વનરાઇમાં હલામણને શોધીએ. અને આ મોરલાને ઉડાડીએ. કેમકે એના ટૌકા સાંભળતાં જ હલામણ મને યાદ આવવાથી મારા કાળજાની કોરના કટકા થાય છે. મારો ડોલરિયો હલામણ દેશવટે જાય છે. હે શિયાજી ! તેં અમારી જોડલી વિછોડી !]

સોને રથ કર્યો સાબદો, નીકળી બરડાની બા'ર,
ધોરીને ગળે ઘુઘરા, મોરે મોતીની માળ.

મોરે મોતીની માળ તે જડતર જડી,
પીંજણીએ પગ દઇ સોન રથડે ચડી;

ચુબકીઆળી ચુંદડી અંગે ઓઢી સાર,
સોને રથ કર્યો સાબદો, નીકળી બરડાની બા'ર. ૮૪

---

1 પાઠન્તર : 'જેની ગહેકે હલામણ ગયો'

[સોને રથ તૈયાર કર્યો, બરડાની બહાર નીકળી. રથને જોતરેલા ધોરી(બળદો) ની ડોકે ઘૂઘરમાળ પહેરાવી છે. અને એને મોરડે મોતીની માળા સજી છે. એવા સણગારેલા રથની પીંજણી પર પગ મૂકીને સોન ચડી ગઇ. એના અંગ પર ભાત વાળી ચુંદડી ઓઢેલી છે.]

ભાળ લેતી લેતી સોન સિંધમાં કેરાકોટ ગામે ગઇ. એને સમાચાર મળ્યા કે હલામણ તો [1]અખાત્રીજને મેળે [2]હાબા ડુંગર પર હીંચોળે હીંચકવા ગયો છે. સોન એની પાછળ હાબે આવી. પરંતુ એને થોડુંક જ મોડું થયું હતું. હલામણ હીંચકેથી પડીને મરી ગયો હતો. સોને કલ્પાંત આદર્યું.

> હાબાની હદમાંય પીઠીભર્યો પોઢાડિયો
> મીંઢળ છુટ્યા મસાણ, હારી બેઠાં હલામણો. ૮૫

[આ હાબા ડુંગરની હદમાં મેં હલામણને પીઠી ભરેલો (લગ્નના લેપથી મર્દેલો) પોઢાડયો. અમારાં મીંઢળ સ્મશાને છૂટયાં. હું હલામણને હારી બેઠી.]

> પીઠીઆળે પગે ચોરિયે ય ચડયાં નહિ,
> ધ્રસકતે ઢોલે બાજોઠે ય બેઠાં નહિ. ૮૬

[અરે ! પગ પર પીળી પીઠીનું મર્દન કરીને અમે કન્યા–ચોરીની વિધિ પણ ન કરી. ઢોલ બજાવીને બાજઠ પર પણ ન બેસી શક્યાં.]

> તાટકતી તાળીએ હલામણથી હસિયાં નહિ,
> અવઢવ્ય રૈ ગઇ એ જામોઠામી જેઠવા ! ૮૭

[અરેરે ! હું સામસામી તાળી લઇ દઇને હલામણ સાથે હસી પણ નહિ. મારા મનમાં તો એ ઝંખના સદાને માટે રહી ગઇ.]

---

૧. અક્ષયતૃતિયા : એટલે વૈશાખ શુદ ત્રીજ : તે દિવસે ગામડાના પાદરમાં ઝાડ પર હીંચકા બાંધીને હીંચકવાનો રિવાજ હતો. હજુ પણ છે.

૨. ભુજથી બે ગાઉ દૂર 'હાબો' ડુંગર છે. એના ઉપર ઝાકળ નથી પડતી. કોઇ 'હાલો' લખે છે તે ખોટું છે.

હલામણ હીલોળ દુઃખના દરિયા ઉમટયા,
પાંજર કીં પરોળ વિસમશે વેણુ-ધણી ! ૮૮

[હે હલામણ ! આ તો અંતરમાં દુઃખના દરિયા ઉમટીને છોળે ચડયા. હવે મારૂં હૃદય-પાંજર કેમ કરીને પોતાનું દુઃખ શમાવશે હે વેણુના સ્વામી !]

*હાબા ડુંગર હેઠ, હલામણ હીંચોળ્યો નહિ,
(નીકર) આવતો ઉડળ લેત જતને કરીને જેઠવા ! ૮૯

[આ હાબા ડુંગરની તળેટીમાં વ્હેલી આવીને હું હલામણને અખાત્રીજના હીંચકા પર હીંચોળી ન શકી. જો હું હીંચકાવવા હાજર હોત, તો હે જેઠવા ! તું પડીને જ્યારે નીચે આવતો હતો ત્યારે હું તને જાળવીને મારી બાથમાં ઝીલી લેત. તને પડવા ન દેત.]

[1]હલામણની હડતાળ, આંગળીએ ઉઘડે નહિ
કુંચીયું વિનાનાં કમાડ જડી હાલ્યો તું જેઠવા! ૯૦

---

*હલામણ હાબે ડુંગરે હીંચકેથી પડીને મુવો હતો, તેની સાક્ષી આ દોહો પૂરે છે. તે ઉપરાંત આજ સુધી પણ એ મૃત્યુના શોકમાં અખાત્રી-જને દિવસે હાલામણના વંશજો હીંચકે નથી હીંચકતા, એમ કહેવાય છે.

૧ પાઠાન્તર : હલામણની હડતાલ દેયુંમાં દીધલ રહી,
કેમ ઉઘડશે કમાડ જડતરવાળાં જેઠવા !

એક બીજો દોઢીઓ દોહો આવો મળે છે :

"હાબેથી હલામણ ઉતર્યો, માથે સાંકળિયા ટોપ
"થર થર કંપે માળવો, રોવે ઉજણનાં લોક.
"રોવે ઉજણનાં લોક તે ઘોખો ધરી,
"લાંચ્યને બાની, કાળું ગજકણ, પાળીએ હલામણનો શોક
"હાબેથી હલામણ ઉતર્યો, માથે સાંકળિયા ટોપ."

આમાં 'માળવો' દેશ અને 'ઉજ્જણીનાં લોક'નો ઉલ્લેખ તદ્દન અર્થ-શૂન્ય છે. હલામણને એની સાથે કશી નિસ્બત નહોતી. પરંતુ રાજા વિક્રમના સ્થાન તરીકે એ બન્ને શબ્દો લોક-માનસમાં અતિશય વ્યાપી ગયા હોવાથી લોકો ઠીક પડે તે ઠેકાણે એ પ્રયોગો કરતા હતા. સં.

[હલામણના મૃત્યુથી મારા ભાગ્યને હાટડે જે તાળું દેવાઇ ગયું છે તે કોઇ માનવીની આંગળી વડે નહિ ઉઘડે. કેમકે તાળાકુંચીથી બંધ કરીને નહિ પણ કમાડને જડી દઇને તું તો હાલી નીકળ્યો છે હે જેઠવા !]

બેવડ મીંઢળ બાંધીઆ હલામણને હાથ
સોનલદેને સાથ બળવું બરડાના ધણી! ૯૧

[પછી સોને લગ્ન-વિધિ કરી. હલામણના શબને હાથે બેવડા મીંઢળ બાંધ્યા, અને તેના ભેળી બળી મરવાનું નક્કી કર્યું.]

હલામણને હૈયે ખોડસ ખડકાણાં,
સાથે સરગાળા ! બળવું બરડાના ધણી ! ૯૨

[હલામણની છાતી પર મોટાં લાકડાં ખડકાયાં. અને હે સ્વર્ગાળા (સ્વર્ગે સંચરનાર) બરડાના સ્વામી ! સોનને પણ તારી સાથે બળવું રહ્યું.*

સુખીયાં માથે દુઃખ પડયું, તૂટયો માથે આભ,
હલામણ જ્યાં હાલનો (ત્યાં) ઉગ્યો જોને ડાભ. ૯૩

---

*હલામણ સર્પદંશથી મરી ગયો, જીવતો થયો ને પાછા આવી રાજ કર્યું, તેવી મતલબનો કશો આધાર આ દોહાઓમાંથી મળતો નથી. આખી કથાનો અંત કરુણતામાં જ આવી જાય છે. બીજી અનેક કરુણાન્તક કથાઓની સાથે આનાં અંગેઅંગ મળતાં થાય છે. એટલે અંત વિષેનો નિર્ણય એ સામ્ય પરથી પણ થઇ શકે છે. આગળ વધીને એટલે સુધી કહી શકાય કે કરુણ અંત વિના તો આવી ગીત-કથા રચવા જેવું જ લોકકવિને ન લાગ્યું હોત.

આવો એક દોહો પ્રચલિત છે:

સોન સોનાનું ટીલડું, હલામણ કળાયલ મોર,
ભગવતે ભેગાં નવ કર્યાં, નીકર ભલ બનત જોડય.
ભલી બનત જોડય તે સાચી
સોન આવી વરવા ન ફરે પાછી
સોનની કાપડીએ સાચાં મોતીની કોર,
સોન સોનાનું ટીલડું, હલામણ કળાયલ મોર.

મેહ–ઉજળી

[સેંકડો વર્ષો પહેલાં બનેલી મનાતી આ વાર્તા છે. બરડા ડુંગરની એક ધાર ઉપર ચારણોના નેસ પડ્યા હતા. ત્યાં રહીને ચારણો પોતાનાં પશુઓને ચારતાં હતાં. એક વખત ચોમાસાની મેઘલી રાતે, ઝમઝૂટ વરસતા વરસાદની અંદર, એ નેસડાના નિવાસી અમરા કાળા નામના ચારણની ઓસરીએ એક ઘોડો આવીને ઉભો રહ્યો. ઘોર અંધારે ચારણની જુવાન કન્યા ઉજળીએ ઘોડા ઉપર હાથ ફેરવ્યો. શરદીથી થીજીને બેહોશ બનેલા એક અસવારને ઘોડાની ડોકે મડાગાંઠ વાળીને બાઝેલો દીઠો. નીચે ઉતાર્યો. ઘરમાં લઇ જઇ, એને શુદ્ધિમાં લાવવાનો બીજો કોઇ ઇલાજ ન ફાવવાથી ચારણ–કન્યા ઉજળી તેની સાથે શય્યામાં સુતી. એના દેહને પોતાના દેહની ગરમી આપીને જીવતો કર્યો. અસ્વાર ઘૂમલી નગરનો રાજકુમાર મેહજી જેઠવો નીકળ્યો. ઉજળીએ તો પોતાનાં અંગો અભડાઇ ગયાં માનીને મેહજીને જ અંતર અર્પણ કર્યું ને મેહજીએ પણ પોતાની પ્રાણદાત્રી પહાડી સુંદરીને પરણવાનો કોલ આપ્યો.

પછી તો વારંવાર મેહજી એ પહાડની ધાર પર આવતો. બન્ને પ્રેમીઓ મળતાં. લગનના મનસુબા કરતાં. પણ રજપૂતનો પુત્ર ચારણ–કન્યાને ન પરણી શકે, એ બન્નેના સંબંધો તો

અસલથી ભા-ભીન (ભાઇ-બ્હેન)ના જ છે, એવી રૂઢિ આડે આવીને ઉભી રહી.

રાજપિતાને અને નગરજનોને આ મેહ-ઉજળીના છુપા સંબંધની જાણ થઇ ચૂકી. સહુ આ રૂઢિ-ભંગથી ત્રાસી ઉઠયા. એ મહાપાપ થશે તો ઇશ્વરી કોપ ઉતરશે એમ મનાયું. કુમાર મેહજીને ચેતવવાની યુક્તિ રચાઇ. કોઇ કહે છે કે ગામના મહાજને એક ગાય ઉપર એક માણસને બેસારી કુમારની નજર સન્મુખ એક સરઘસ કાઢયું. કોઇ વળી કહે છે કે રાજપિતાએ એક ગોઠ બોલાવી લોકમેદિનીની વચ્ચે ગોઠનાં માંસ-ભોજન ખાતર એક ગાયનો વધ કરવાની તૈયારી બતાવી. આ રીતે મેહજીને ઇસારામાં સમજાવી દીધું કે ચારણ-કન્યા સાથેનો વિવાહ ગૌવધ અથવા ગૌ-સવારી જેવો જ પાપમય છે. ને એ પાપાચરણથી પ્રજા હાહાકાર કરી મૂકશે.

કુમાર પોતાના અંતઃકરણને કચરીને આવાસમાં બેસી ગયો. ઉજળીએ ઘણા દિવસ વાટ જોઇ. વિવાહની તિથિ વીતી ગઇ. આકુલ વનવાસિની આખરે આ ટીંગાતી મનદશા ન સહેવાતાં હીંમત કરીને ઘૂમલીમાં આવી. મેહજીને મહેલે ગઇ. પહેરગીરોએ એને ઉપર ચડવા ન દીધી. એણે આંગણામાં (અથવા કદાચ પાદરમાં) ઉભા રહીને મેહને સાદ પાડયા. 'એક વાર તો મ્હોં બતાવ !' એવા કાલાવાલા કર્યા. મેહજીએ બારીએથી ડોકું કાઢીને જવાબ આપ્યો. 'રાજપૂતથી ચારણીને ન પરણાય. આપણી પ્રીતિને હવે વિસારી જજે."

ઉજળી બહુ બહુ રડી. શાપ દીધો. ચાલી નીકળી. નેસડું ઉપાડી ઠાંગા ડુંગરે ચાલી ગઇ. સદાની કુંવારી જ રહી.

કહેવાય છે કે એ શાપને પરિણામે મેહ-કુમારને શરીરે ગળત-કોઢ નીકળ્યો. એનું મોત થયું. એ ટાણે ઉજળી આવીને એના શબ સાથે બળી મરી.

દોહાઓમાં આ બધા જ પ્રસંગો નથી. ફક્ત ઉજળીની વાટના ઉદ્દગારો, વિરહના સ્વરો, મેહજીએ આપેલો જવાબ ને પોતે દીધેલો શાપ : એટલું જ નીકળે છે. બાકીનું બધું લોકોક્ત છે.

આ કથાને રા. જગજીવન કા. પાઠકે ઇ. સ. ૧૯૧૫ના 'ગુજરાતી'ના દીપાવલિ અંકમાં આપેલી હતી ને 'મકરધ્વજવંશી મહીપમાલા'ની ચોપડીમાં મૂકી છે. એમાં સંપાદક તળાજાના એભલવાળા માટે કહેવાતો પ્રસંગ. (સાતદુકાળી, મંત્રેલ હરણ, વગેરેનો : જુઓ રસધાર : ૧ : પા. ૧૮૮) મેહજીની સાથે જોડે છે. ઉપરાંત આ પ્રસંગ બરડા ડુંગરમાં નહિ પણ ત્યાં ૫૦-૬૦ ગાઉ દૂરના ઠાગા ડુંગરમાં બન્યાનું માને છે. મેહજીને રા. પાઠક ૧૧૪મી પેઢીએ મૂકે છે. પણ તેની સાલસંવત નથી આપતા. પોતે તે પછીના ૧૪૭માં રાજાને બારમી શતાબ્દીમાં મૂકતા હોય, અંદાજે મેહજીનો સમય બીજા ત્રીજા સૈકાની અંદર માની શકાય. પરંતુ બીજા એક મેહજીને (૧૫૨) પોતે સંવત ૧૨૩૫માં મૂકે છે. ઉજળીવાળો મેહજી આ તો ન હોય ? કથાના દોહાઓ ૧૦૦૦-૧૫૦૦ વર્ષના પ્રાચીન તો નથી જ સંભવતા. ઘટના બન્યા બાદ ૧૦૦-૨૦૦ વર્ષમાં એનું કવિતાસાહિત્ય રચાય એવું ગણીએ તો મેહ ઉજળીના દોહા સંવત ૧૪૦૦-૧૫૦૦ જેટલા જુના હોવાનું કલ્પવું અનુકૂલ પડે છે. તો પછી આ કથાનો નાયક ૧૫૨મો મેહજી હોવાનો સંભવ વધુ સ્વીકારવા યોગ્ય મનાય.]

§

૧. નેસડામાં વાટ-પ્રતીક્ષા

અમરા કાજાની ઉજળી, ભાણુ જેઠવાનો મેહ
જે દિ'નાં સૂતેલ સાથરે, તે દિ'નો બાંધેલ નેહ. ૧

[ઉજળી હતી અમરા કાજા નામના ચારણની પુત્રી; અને મેહ હતો ભાણુ જેઠવાનો પુત્ર. જે દિવસે એ બંન્ને એકજ પથારી પર સૂતા હતાં, તે દિવસનો સ્નેહ બંધાએલો.]

---

૧. વરસાદમાં બેહોશ બનેલા મેહને ઉજળી ચારણીએ પોતાની ગોદમાં લઇ પોતાના શરીરની હૂંફ વડે શુદ્ધિમાં આણેલો, એવી કહેવાતી વાતને આ પંક્તિથી ટેકો મળે છે.

"જે દિનાં પોઢેલ પીંગલે" એ પાઠ સાચો નથી; કેમકે પીંગલે (પારણે) સૂવાની અવસ્થામાં, (બાલ્યાવસ્થામાં) તેઓ મળ્યાં જ નથી.

ઠાંગે રે'તી ઠેઠ, આવે પણ ઓરે નહિ,
આવ્યું [1]બરડે બેટ, પાંજર દાણેપાણીએ. ૨

[ઉજળી છેક ઠાંગા ડુંગરામાં (પાંચાલ પ્રદેશમાં) રહેતી. ઘણે દૂર રહેતી. પણ એનું દેહપીંજર લેણાદેવીને કારણે બરડા બેટમાં આવ્યું.]

જમીં [2]ઢમઢાળે સંસારે શોધી વળી,
મનનો પારખ મે ભેદુ મળિયો ભાણનો. ૩

[જમીન (પૃથ્વી) ઢંઢોળીને આખા સંસારમાં ઉજળી શોધી વળી હતી. પરંતુ એના દિલને પિછાનનાર વિશ્વાસુ તો એક ભાણ જેઠવાનો પુત્ર મેહ જ મળ્યો.]

ફરતાં આવેલ ફુલ, માળી કોઇ મળિયો નહિ,
માખ શું જાણે મૂલ, ભમર પાખે ભાણના ! ૪

[હે ભાણના પુત્ર મેહ ! આ યૌવન–ફુલવાડીમાં વિધ વિધ ફુલ આવ્યાં છે. પણ એને કોઇ માળી નથી મળ્યો. અને રસગ્રાહી ભ્રમર વગર, સામાન્ય માખી એ ફુલનું મુલ્ય પણ શું સમજે ?]

જુનાં તજીને નીર, નવાં નવાણ નિહાળવાં !
ફરતા કુવા ફેર, જળ એનું એ જેઠવા ! ૫

[હે મેહ જેઠવા ! જૂનાં નવાણ ત્યજીને નવે કયે પ્રેમ-જળાશયે હું પીવા જાઉં ? કુવાઓ જૂજવા હોય, પણ જળ તો એકનું એકજ છે.]

*મે મે કરતાં અમે, મેનાં તો મનમાં નહિ !
વાલાં પળ્યાં વદેશ, વિસારી વેણુના ધણી ! ૬

[હું ઓ મેહ ! ઓ મેહ ! પુકારૂ છું. પણ મેહના તો મનમાં પણ નથી આવતું. મારાં પ્રિયજન તો મને વિસારીને પરદેશ ગયાં, હે વેણું પહાડના સ્વામી !

---

૧. બરડાને 'બેટ' કહેવાનો કશો અર્થ નથી. ૨. 'ઢંઢોળી' બદલે ચારણી ભાષામાં 'ઢંઢોળે' બોલાય છે.

* બીજો પાઠ : 'મે મે કરતાં મે (અમારી) જીભડિયું જાંઈ ઘિયું.'

[1]તોણ્યું દીયો તમે, જેઠવા જીવાયે નહિ,
તારા અંગનાં અમે ભૂખ્યાં છૈએ ભાણના! ૭

[હે જેઠવા! સંકોચાતે હૃદયે જેમ કોઇ તૂટો પૂરવા માટે આપતો હોય તેમ તમે સંકોચ કરીને સ્નેહ આપો તો તો કેમ જીવી શકાય? હે ભાણના પુત્ર! હું તો તારા શરીરની ભૂખી છું.]

તું આવ્યે ઉમા ઘણો, તું ગ્યે ગળે ઝલાણ,
મે થાને મેમાન, બ ઘડી બરડાના ધણી! ૮

[મેહ! તું આવે છે ત્યારે અત્યંત ઉમંગ થાય છે. તું જાય ં ત્યારે જાણે કે વેદનાથી ગળું ઝલાય છે. હે મેહ! બે ઘડી માટે તા મહેમાન બન!

મે તું તો મેહ, વૂઠે વનસ્પતિ [2]વળે,
ઝાકળને જામે ભોમ નો પાકે ભાણના! ૯

[હે જેઠવા! તું તો મે (વરસાદ) સમાન છો. તું વરસે ત્યારેજ વનસ્પતિ ફાલે છે. કાંઇ ઝાકળનાં વર્ષણથી ભૂમિમાં ધાન્ય ન પાકે. મતલબ કે તારા ભરપૂર પ્રેમ–સીંચન વિના થોડી થોડી માયા બતાવીને તું ચાલ્યો જા તેમાં મારૂં જીવન સુધરે નહિ.]

૨. વર્ષારંભે

એમ વાટ જોતાં જોતાં તો ચોમાસું બેઠું. વરસાદને નિહાળી ઉજળીની મન–વેદના વધી. એણે મે (વરસાદ) અને મેહ (જેઠવો) બન્નેનું સામ્ય કલ્પીને વિલાપ ચલાવ્યા: આ આખા વિલાપમાં કવિએ 'વરસાદ અને વિજળી'નું રૂપક બાંધ્યું જણાય છે.

મોટે [3]રૂપણગે મેહ આવ્યો ધરતી ધરવતો,
અમ [4]પાંતીનો એહ ઝાકળ ન વરસ્યો જેઠવા ૧૦

---

૧. તોણ્ય દેવી: તૂટ પડેલી તે પૂરવી. કોઇ નિરાધાર મનુષ્યને થોડો વખત ટકાવ આપી માંડો સમય વટાવી દેવો, એ અર્થમાં હજુ વપરાય છે. ૨. વળે: ઠોળે: પહેલાં હતી તેવી થાય. ૩. ફોરાં. ૪. પ્રત્યેનો (મૂળ 'પંક્તિ' પરથી)

[આ મેહ મોટાં મોટાં ફોરા વરસીને ધરતીને તૃપ્ત કરતો આવી પહોંચ્યો. પરંતુ મારા પરત્વે તો મેહ જેઠવો ઝાકળ જેવડાં બિન્દુ વડે પણ ન વરસ્યો.]

ગરના ડુંગર જાગિયા ફરકયાં વેણુ-વન,,,
મેહ તમારૂં મન બકોળ થયું બરડા-ધણી! ૧૧

[આ ગિરના ડુંગર જાગી ઉઠયા. વેણુ-ડુંગરનાં વનજંગલો પણ ખીલી ઉઠયાં. છતાં હે મેહ, તમારૂં અંતર કેમ કોળ્યા વિનાનું રહ્યું ?]

¹દાબળનાં દાઝેલ, પણગે પાલવીએ નહિ;
એક વાર એલી કરે ! વન કોળે વેણું-ધણી ! ૧૨

[હું દાવાનળમાં દાઝેલ ઝાડવા સરખી, એકાદ બે ટીપાથી નવપલ્લવિત નહિ બની શકું. હે વેણુના ધણી ! એક વાર સતત (આઠ દિવસની) વૃષ્ટિ કરીને તું વરસે, તો જ અમારા જીવન-વન કોળશે. મતલબ કે અલ્પ સ્નેહથી હું નહિ તૃપ્ત થાઉં.]

નાણે દાણો નવ મળે, નારી છાંડે નેહ.
(કાં) વીજળીએ વળુંભીઓ, (કાં) માંદો પડયો મેહ. ૧૩

[હે મેહ ! તું વરસતાં વિલંબ કરે છે, તેથી છતે પૈસે પણ દાણા નથી મળતા. અન્નને અભાવે સ્ત્રી સ્વામીના સ્નેહ ત્યજી ચાલી જાય છે. કાંતો તને તારી પ્રિયતમા વીજળીએ રોકી રાખ્યો, અથવા તું માંદો પડયો.]

૩. બારમાસી : મહિને મહિને મેહની વાટ જોતી ઉજળી તલસે છે.

¹કારતક મહિના માંય, સૌને શિયાળો સાંભરે
ટાઢડીયું તન માંય, આઢણ દે આભપરા-ધણી ! ૧૪

---

૧. પાઠાન્તર : 'દાભણ ડુંઠાં અમે'

૧. પાઠાન્તર
કારતક મહિને કણ, સહુને શિયાળો સાંભરે,
(કેને) માણું કેને મણ આપે આભપરા-ધણી !

[કાર્તિક મહિનામાં સહુને શિયાળો સાંભરે છે. તનમાં ટાઢ વાય છે. માટે હે આભપરાના સ્વામી મેહ જેઠવા! તું મને તારું (સ્નેહરૂપી) ઓઢણું આપ!]

માગશરમાં માનવ તણા સહુના એક જ શ્વાસ,
(ઇ) વાતુંનો વિશવાસ જાણ્યું કરશે જેઠવો! ૧૫

[માગશર માસમાં તો સહુ માનવીના એકશ્વાસ થઇ જાય છે. (પ્રિયજનો જૂદાં રહી શકતાં નથી.) મેં તો માનેલું કે એ વાતનો વિશ્વાસ કરીને મેહ જેઠવો પણ મારી પાસે આવશે.]

પોષ મહિનાની પ્રીત જાણ્યું કરશે જેઠવો;
રાણા! રાખો રીત, બોલ દઇ બરડા-ધણી! ૧૬

[મેં તો જાણેલું કે છેવટ પોષ મહિનામાં તો જેઠવા-પુત્ર પ્રીતિ કરશે. હે બરડા-ડુંગરના રાજા, કોલ દીધા પછી હવે તો સજ્જન બનો!]

માહ મહિના માંય ઢોલ ત્રંબાળુ ધ્રૂશકે;
લગન ચોખાં લે આવ! વધાવું વેણુના ધણી! ૧૭

[માહ મહિનામાં વિવાહની ઋતુ હોવાથી ઢોલનગારાં વાગે છે. માટે હે વેણુ ડુંગરના ધણી મેહ! તું યે જો શુભ તિથિની લગ્ન-કંકોત્રી મોકલ તો હું વધાવી લઉં]

ફાગણ મહિને ફુલ, કેશૂડાં કોળ્યાં ઘણાં;
(એનાં) મોંઘાં કરજો મૂલ, આવીને આભપરા-ધણી! ૧૮

[ફાગણ મહિને કેશૂડાં વગેરેનાં ઘણાં ફુલો ખીલ્યાં છે. પરંતુ હે આભપરાના રાજા! તમે આવીને એ ફુલોનાં મૂલ્ય મોંઘાં કરો. (અત્યારે તો એ મારે મન નકામાં છે.]

[1]ચૈતરમાં ચત માંય કોળામણુ વળે કારમી,
(એની) ઉલટ ઘણી અંગ માંય, આવો આભપરા–ધણી! ૧૯

[ચૈત્ર માસમાં બહારની વનસ્પતિની માફક મારા ચિત્તની અંદર પણ નવી ઉર્મિઓની વસમી કુંપળો ફુટે છે. એ ઋતુનો ઉલ્લાસ મારા અંગમાં ઉભરાય છે. માટે હે આભપરાના ધણી ! તમે આવો]

[2]વૈશાખે વનમાંય આંબે સાખું ઉતરે,
તમ વ્હોણી કરમાય, વિજોગે વેણુના ધણી ! ૨૦

[વૈશાખમાં આંબા પરથી કેરીની શાખો પડે છે. પરંતુ હે વેણુના સ્વામી ! તારા વિયોગમાં એ ફળો સુકાઇ જાય છે. કોઇ એનો ખાનાર નથી.]

જેઠ વસમો જાય, ધર સૂકી ધોરી તણી,
[3]પૂછલ પોરા ખાય, જીવન વિનાનાં જેઠવા ! ૨૧

[જેઠ મહિનો એટલો વસમો જાય છે કે બળદનાં કાંધ (ગરદન) સુકાઇ ગયાં. નિશ્ચેતન થઇ ગયેલાં, પૂંછડે પડેલાં એ પશુઓ વિસામા ખાતાં ખાતાં હળ ખેંચે છે. (મારા અંતઃકરણની પણ એ બળદો જેવી લાચાર હાલત બની છે.)]

---

૧. પાઠાન્તર

ચૈતર માસે છેહ ડોલરિયા ! દઇએ નહિ.
ખાંતે ખબરું લે ! વિજોગણની વેણુ–ધણી !

[હે ડોલર–પુષ્પ સમા પ્રીતમ ! ચૈત્ર મહિને આવો દગો ન દઇએ. હવે તો હોંશેથી આ વિયોગિનીની સાર લેવા આવ !]

૨. પાઠાન્તર

વૈશાખ મહિના માંય આંબા રાણ્યું ઉતરે,
સાખું લૈ સરદાર, વેડો વીણોઇના ધણી !

૩. પશુ તાકાદ ગુમાવીને લથડી પડે એને 'પૂછડે પડયું' અથવા 'પૂછલી ગયું' કહે છે.

અષાઢ કોરાડો ઉતર્યો, મૈયલ પતર્યો મે,
દલને ટાઢક દે! જીવન [1]લાંભે જેઠવા! ૨૨

[અષાઢ પણ કોરો જ પૂરો થયો. મે (વરસાદ અથવા મેહ જેઠવો) તો ઠગારો નીવડયો. હે જેઠવા! થોડોક વરસીને પણ મારા દિલને ઠંડક દે, તો જીવન થોડું અવલમ્બી રહે.]

શ્રાવણ મહિનો સાબદો જેમ તેમ કાઢયો જે,
તમ વણું મરશું મે! ભેળાં રાખો ભાણુના! ૨૩

[આખો શ્રાવણ મહિનો પણ વૃષ્ટિ વિના માંડ માંડ કાઢયો. હવે તો તમારા વિના અમે મરી જશું. હે ભાણ જેઠવાના પુત્ર! મને તમારી સાથે રાખો!]

હાથી પૂછલ્યો હોય, (એને) કેમ કરી ઉઠાડીએ!
જેઠવા વિચારી જોય, ભાદરવો જાય ભાણુના! ૨૪

[આ તો ભાદરવો પણ કોરો જાય છે, હે જેઠવા! બીજાં નાનાં પશુ પૂછલ્યાં (ચેતનહીન) હોય તેને તો હરકોઇ ઉપાયે ઉઠાડીએ, પણ હાથી જેવું મોટું પશુ પણ જ્યારે આવી અનાવૃષ્ટિને પરિણામે ડુબી જાય છે, ત્યારે એને કેમ કરીને બેઠો કરવો? ધ્વનિ એ છે કે પૂછલેલ હાથી જેવી લાચાર ગતિ મારા બલવાન પ્રેમની બની ગઇ છે.]

આસો મહિનાની અમે રાણા! લાલચ રાખીએ,
ત્રોડિયું સર્યું તમે, જીવ્યું નો જાય જેઠવા! ૨૫

[હે મેહ! હજુ આસો માસમાં પણ અમે તારી આશા રાખેલી છે. પણ તમે એ (સ્નેહ-જળની) સરવાણીઓ તોડી નાખી. હવે મારાથી જીવાશે નહિ.]

મા તણાવ તું મેહ! તારા વેઠયાં નહિ વરતીએં;
(એક) સગપણ ને સ્નેહ તારે તાણ્યે તૂટશે. ૨૬

---

૧. અવલમ્બે

[હે મેહ ! તું હવે વધુ ન લંબાવ. તારૂં દુઃખ સહતાં સહતાં તો અમારાથી વર્ષ નહિ ઉતરી શકાય. જગતના સ્નેહસંબંધો એક તારા તણાવવા થકી જ તુટશે.]

વણુ સગે વણુ સાગવે, વણુ નાતરીએ નેહ,
વણુ માવતરે જીવીએ, તું વણુ મરીએ મેહ ! ૨૭

[હે મેહ ! સગા કે સ્નેહી વિના, સંબંધી વિના, અરે માતાપિતા વિના પણ જીવી શકાય. માત્ર એક તારા અભાવે જ મોત નીપજે.]
આંહી વરસાદ અને સ્વામી, બન્નેનો સમાન મહિમા ગવાયો છે.

૩. નિરાશ ઉજળી આભપરા પહાડ પર ધુમલી નગરમાં જાયછે. મેહની મેડી સામે ઉભી રહી મેણાં બોલે છે.

આભ પરે આવી ઉજળી, ચારણુ ભૂખી છે
જાઉં કિસે હું જેઠવા, મત મુંઝાયલ મે' ! ૨૮

[હે મેહ જેઠવા ! હું ઉજળી ચારણી ભુખી તરસી આભપરા પર આવી છું. બીજે કયાં જાઉં ? મારી મતિ મુંઝાઇ ગઇ છે.]

[1]વાડી માથે વાદળાં, મોલું માથે મેહ,
દુઃખની દાઝેલ દેહ, ભોંઠાં પડીએ ભાણુના ! ૨૯

[વાડીઓ ઉપર વાદળાં છવાયાં છે. પણ મેહ તો મહેલ ઉપર ચડી બેઠો છે. મારો દેહ દુઃખથી દાઝી ગએલ છે. એ ભાણના પુત્ર ! હું લાજ્જત બનું છું.]

---

૧. વાડી માથે વાદળાં મેડી માથે મે.
ઉભી અરદાસાં કરૂં, એક હોંકારો દે !

એક આવો સોરઠો પણ ચાલે છે:

ઉજળી હાલી હટારણે, માથે મંડાણો મેહ,
વાલ્યમ વરસ ને ! અંગ પલાળે ઉજળી.

મુંઝવ મા તું મે ! ઉંડાં જળમાં ઉતારીને,
મોઢું દેખાડ મે ! ભોંઠપ મ દે ભાણુના ! ૩૦

[હે મેહ ! તું મને આટલી હદ સુધી ઉંડા પાણીમાં ઉતાર્યા પછી (આટલા સ્નેહ સંબંધમાં મને સંડોવ્યા પછી હવે) આમ લજ્જિત ન કર. મોં બતાવ.]

પરઐથાં પાછાં વળ્યાં, તરસા ઝાઝી છે;
તું વણુ વાલા મે, અગન્યું કયાં જઇ ઓલવું ? ૩૧

[મને ષા બહુ જ લાગી છે. પણ મારે પાણીના પરબ પરથી (ખુદ પ્રેમના ભરપૂર સ્થાન પરથી) પાછા વળવું પડે છે. હવે તો હે મેહ ! તારા વિના મારી તૃષાની આગ કયાં જઇ ઓલવું ?]

ઉનાળાના અમેં લાંબા દિ' લેવાય નૈ,
[1]તોણયું દઇને તમે જીવતાં રાખો જેઠવા ! ૩૨

[હે જેઠવા ! અમારાથી આ વિરહ રૂપ ઉનાળાના લાંબા દિવસો નથી વીતાવી શકાતા. હવે તો જેમ ગરીબને કોઇ માગ્યું આપીને જીવાડે, તેમ તમે પણ મને થોડું થોડું હેત આપીને જીવતી રાખો.]

બાપૈયો બીજે પાલર વણુ પીવે નહિ,
સમદર ભરિયો છે, (તોય) જળ નો બોટે જેઠવા ! ૩૩

[હે મેહ ! બાપૈયો પક્ષી પાલર (વરસાદનું નવું) જળ સિવાય બીજે કયાંય પાણી પીએ નહિ. સમુદ્ર ભર્યો હોય છતાં તેમાં ચાંચ સરખીયે ન બોળે. એ જ દશા મારી છે. બીજે ભરપૂર સ્નેહનાં પાણી પડયાં હોય, તો પણ મારૂં મન તો માત્ર એક મેહ (જેઠવા)ની જ પ્રીતનો સ્વીકાર કરે.)

---

૧. જુઓ પૃષ્ટ ૩૩ : ટિપ્પણ

માથે મંડાણો મેહ, [1]વશ મેલીને વરસશે;
વરસ્યો જઇ વદેશ, ઉનાળો રીયો ઉજળી ! ૩૪

[મેં માનેલું કે આ મથાળ પર અંધારેલો મેહ તો ભરપૂર વૃષ્ટિ કરશે. એટલે કે આટલી પ્રીતિ જમાવ્યા પછી તો મેહજી અંતર આખું ઠલવી નાખશે. પરંતુ ત્યાં તો હે મેહ ! તું વિદેશે જઇ વરસ્યો. (અન્યને સ્નેહ આપવા ગયો.) ઉજળીને તો વિયોગનો ઉનાળો જ રહ્યો.]

[2]મે મે કરતાં અમે બાપૈયા ઘોડે બોલિયે,
નજર વિનાનો ને(હ) બાઘે નૈ બરડા ધણી ! ૩૫

[બાપૈયાની માફક હું પણ 'ઓ મેહ !' 'ઓ મેહ !' પુકારું છું. પરંતુ હે બરડાના સ્વામી ! દૃષ્ટોદૃષ્ટ મળ્યા વિના સ્નેહ નથી બાઝતો.]

આવ્યાં આશા કરે, નિરાશ એને તો વાળીએ;
તબડુક ટુંકારે ભોંઠપ ઝાઝી ભાણુના ! ૩૬

[આશા કરી આવેલીને નિરાશ કરી પાછી વાળવી ન ઘટે. હે મેહ ! તારા આવા ટુંકારા થકી મને ઘણી લજ્જા આવે છે, હે ભાણુ જેઠવાના પુત્ર !]

વરમંડ ખોટાં વાદળાં, વાયે ટાઢા વા,
મેનું કોઈ ન માનશો (ભેએ) માર્યાં બાપ ને મા ![3] ૩૭

[આ વ્યોમમાં (આકાશમાં) ચડેલાં વાદળાં જૂઠાં છે. આ ઠંડો પવન ફૂંકે છે. પણ હવે એ મેહની એવી એંધાણીઓ પર કોઇ વિશ્વાસ ન રાખજો. (એ ઠગારો છે. આશા આપીને પણ નહિ આવે.) કેમ કે એ તો પોતાનાં માબાપને (જળને તથા સૂર્યને) મારી નાખનાર છે. (બીજાને શું જીવાડશે ?)]

---

૧. વરસાદની કાળી ધારાઓ, જેને 'દોરિયા' પણ કહે છે.

૨. પાઠાન્તર : મેઠીએ બેઠો મે બોલામણાં બહુ કરે,
નજરું વિનાનો ને બાઝે નહિ બરડાધણી !

૩. પાણીને સુકાવીને મેહ બંધાય છે, તથા બંધાયા પછી સૂર્યને ઢાંકી દે છે. એ અર્થ બેસતો જણાય છે.

મેહ જેઠવો બારીએ ડોકું કાઢીને જવાબ આપે છેઃ

ચારણુ એટલા દેવ, જોગમાયા કરી જાણીયેં;
[1]લોહીનાં ખપર ખપે, (તો)* બુડે બરડાનો ધણી. ૩૮

[હે ઉજળી! અમારે રજપુતોને માટે તો ચારણ જાતિનાં જેટલાં લોકો, તેટલાં દેવ તુલ્ય લેખાય. તું ચારણ-કન્યા છે, એટલે તને તો હું દેવી સમ માનું છું. જો તમારા સરખાં લોહીનાં પાત્રો હું પીઉ, તો તો હું બરડાનો સ્વામી નાશ પામું.]

તમે છોરૂ ચારણુ તણાં, લાજું લોપાય ને;
[2]મન બગાડું અમે, (તો)આભપરો લાજે ઉજળી! ૩૯

[હે ઉજળી ! તું તો ચારણનું સંતાન છે. તારી લજ્જા મર્યાદા મારાથી ન જ લોપાય. જો હું મારું મન બગાડું, તારા પર પ્રેમ કરવાનો કુવિચાર સેવું, તો મારો આભપરો ડુંગર બદનામ થાય.]

કણુ ને દાણા કોય, ભણ્ય તો દઉં ગાડાં ભરી;
હૈયે ભૂખું હોય, (તો) આભપરે આવે ઉજળી! ૪૦

[તું કહે તો તને અનાજનાં ગાડાં ભરી ભરી આપું. ભવિષ્યમાં જ્યારે જ્યારે પેટમાં (હૈયે) ભૂખ હોય, ત્યારે ત્યારે સુખેથી આંહી આભપરે આવીને અનાજ લઇ જજે.]

---

૧ લોહીનાં ખપર : ચારણીને પરણવું એ લોહી પીવા બરોબર પાપકર્મ કહેવાય. અથવા તો એવો અર્થ હોય કે "જો હું રજપૂત તને ચારણીને બહેન કરી ન માનું, પરણું, તો તો ચારણો મારે દ્વારે ત્રાગાં કરી ખપરો ભરી ભરી લોહી રેડે, ને એટલું બધું લોહી રેડાય કે હું બરડાનો રાજા બૂડી જાઉં, નાશ પામું."

*લોહીનાં ખપર ખપે, (તો) ચારણ્ય ઉજળી!

એ બીજો પાઠ છે; વધુ વાસ્તવિક લાગે છે.

૨ 'અમે મન બગાડુ' એ પરજની (ચારણી) ભાષાનો પ્રયોગ છે.

આંયાંથી જાને ઉજળી ! નવેનગર કર નેહ,
જાને [1]રાવળજામને, છોગાળો ન દે છેહ. ૪૧

[હે ઉજળી ! તારે અનાજ ન જોતું હોય, પણ રાજાને જ પરણવું હોય, તો સુખેથી તું નવાનગર જઇ રાજા રાવળ જામની સાથે સ્નેહ કર. એ છોગાવાળો (રસિક) રાજા તને દગો નહિ દે.]

૪. હતાશાનું રૂદન : મેહને શાપ : વિદાય.

આવી હલકી ભાષામાં પોતાની અવગણના થતી સાંભળીને ચારણ-કન્યા રોમેરોમે સળગી ઉઠી. પોતે જેને જીવનનાં પ્રેમ, પવિત્રતા ને પ્રતિષ્ઠા અર્પણ કરી નાખ્યાં છે, તેના જ મ્હોમાંથી આ શબ્દો પડયા; ઉજળીના શિર ઉપર જાણે એટલાં વજ્ર પડયાં. એ કળકળે છે:

સાકરને સાદે બોલાવતો બરડાના ધણી,
(આજ) કુચા કાંઉ કાઢે, જાતે દા'ડે જેઠવા ! ૪૨

[હે બરડાના સ્વામી જેઠવા ! આજ સુધી તું મને મીઠે સ્વરે બોલાવતો, ને આજ જતે દિવસે મ્હોંમાંથી કુચા જેવા શુષ્ક ને હલકા શબ્દો તું શીદ કાઢે છે.]

[2]છાણે વીંછી ચડાવીએ, ટાકર મારે તેહ,
માગી લીધો મેહ, બરડાના બિલેસર કને. ૪૩

[પરંતુ સાચું, તું આવું બોલે એમાં આશ્ચર્ય નથી. કેમકે જેમ જાણી બુઝીને છાણા પર ચડાવેલો વીંછી તો ડંખ જ મારે એ સહજ છે, તેમ મેં પણ હે મેહ ! તને બરડા ડુંગરના બિલેશ્વર મહાદેવ પાસેથી મારી જાતે જ માગી લીધો, તારા સ્નેહને મેં જાણી બુઝીને અંગીકાર કર્યો, એટલે મને તારા જેવા કૃતઘ્નીના વિષદંશ થાય જ.]

---

૧ આ દોહો ક્ષેપક જણાય છે. તે સમયે રાવળજામ નહોતો.

૨. 'છાણે વીંછી ચડાવવો'=જાણી બુઝીને સંકટ વ્હોરવું. (લૌકિક કહેવત)

આવડિયું અમે, જેઠીરાણુ ! જાણેલ નહિ,
(નીકર) પિયર પગ ઢાંકે, બેસત બરડાના ધણી ! ૪૪

હે જેઠવા રાણા ! તારી અધમતા આટલી હદે હશે એ મેં જાણ્યું નહોતું. નહિ તો હે બરડાના સ્વામી ! હું મારા પગ ઢાંકીને મારા પિયરમાં જ સી રહેત: અખંડકૌમારવ્રત ધારણ કરી લેત.]

છેતરીને દીધા છેહ, [1]હાલીતલ હળવાં થયાં,
મનમાં નોતું મેહ, (તો)ભાણુના ! નાકારો ભલો. ૪૫

[હે મેહ ! તેં મને છેતરીને દગો દીધો. હું–આંહી સ્વેચ્છાથી આવનારી–હલકી પડી. જો તારા મનમાં સ્નેહ નહોતો, તો હે ભાણુ જેઠવાના પુત્ર ! મને પ્રથમથી જ ના પાડવી બહેતર હતી.]

મનમાં હૂતું મેહ, (તો) નાકારો કાં ન મોકલ્યો !
લાજું [2]અમણી લે, ભોંઠાં પાડયાં ભાણુના ! ૪૬

[હે મેહ ! જો આવું કપટ તારા મનમાં હતું, તો મને 'ના' કેમ ન મોકલી ? મારી લાજ લઇને તેં મને ભોંઠી પાડી.]

પરદેશીની પીડ જેઠીરાણુ ! જાણી નાહ,
તાણીને માર્યાં તીર, ભાથે ભરીને ભાણુના ! ૪૭

[હે જેઠવા રાણા ! મારી–પરદેશી માનવીની પીડા તું ન સમજી શકયો. હે ભાણુના પુત્ર ! તેં તો ભાથામાં ભરીભરીને મને તીર માર્યાં.]

ઓશિયાળાં અમે, [3]ટોડાઝલ ટળિયાં નહિ,
મેણીઆત રાખ્યાં મે ! [4]જામોકામી જેઠવા ! ૪૮

---

૧. હાલનાર (હાલીતલ, હાલતલ, મારતલ વગેરે પ્રયોગો ચારણી ભાષાના 'તલ' પ્રત્યયથી બન્યા છે.)

૨. અમણી : અમારી (ચારણી પ્રયોગ.) લે: લઇ. ચારણી પ્રયોગ

૩. ટોડાઝલ : (આશ્રિત મનુષ્ય હમેશાં દયામણે મ્હોયે પોતાના આશ્રયદાતાનાં દ્વારના ટોડા ઝાલી ઉભું રહે છે તે પરથી) લાચાર.

૪. સદાકાળ ('જામોકામી જેઠવા' લોકોમાં કહેવત જ થઇ પડી છે.)

[હું તારી ઓશિયાળી (આશ્રિત) બનીને તારા ઘરના ટોડા ઝાલી હમેશાં તારી દયા ચાચતી જ રહી. એ દયામણી હાલત ટળી જ નહિ. અને હે જેઠવા ! તેં મને સદાને માટે મેંણાં ખાતી (કલંકિત) કરી મૂકી.]

બાળોતીયાનાં બળેલ, (અમે) થાનું માં ઠરિયાં નહિ,
તરછોડયાં તમે, જામોકામા જેઠવા ! ૪૯

[* હું તો બાળોતીઆમાં સૂવા લાયક (બાળક) હતી તે દિવસથી જ દુઃખી છું. મારૂ બાળપણુ નિરાધાર ગયું. માતાના સ્તન પર પણ હું નથી ઠરી. (માનું ધાવણુ ન પામી.) ને છેવટે તેં પણ મને સદાને માટે તરછોડી !]

તાવમાં માણુસ જેમ આધાં ઠેલે અન્નને,
મે'ને લાગી એમ અફીણુ [1]શેખી ઉજળી. ૫૦

[તાવમાં પીડાતો મનુષ્ય જેમ કંટાળી અન્નને તરછોડે, તેમ આજે મેહ જેઠવાએ પણ મને ઘણાથી તરછોડી. હું ઉજળી એને અફીણુ સમ કડવી લાગી.]

[2]અભડાણાં અમે, મુસલમાન મળ્યો નહિ;
છેલ્લી છાંટ તમે, જળની નાખો જેઠવા ! ૫૧

[હું ભ્રષ્ટ બની. કોઇ મુસલમાન મળ્યો નહિ, કે જેને સ્પર્શીને હું મારી આભડછેટ નિવારૂં. માટે હવે તો હે જેઠવા ! તું જ મને છેલ્લી વાર પાણીનો છાંટો નાખી લે.]

---

*આ દુહો સૂચવે છે કે ઉજળીની માતા વ્હેલી મરી ગઇ હશે.

૧ 'શેખી' : 'સરખી'નું રૂપાન્તર લાગે છે.

૨ કોઇ ચાંડાલને અડકી જવાય તો તે આભડછેટનું નિવારણુ બે રીતે કરવાનો લૌકિક રિવાજ હતોઃ કાં પાણીના છાંટા લઇને, અથવા મુસલમાનને અડકીને. આંહી ઉજળી પણ પોતાને મેહજી જેવા ચાંડાલના સ્પર્શ થકી દોષિત થએલી માને છે. પરંતુ આ અર્થ સંગત નથી જણાતો. તેમ હોત તો ઉજળી છાંટ નાખવાનું જેઠવાને ન કહેત.

ખીમરા ! ખારો દેશ, મીઠાબોલાં માનવી,
નગણાસું શો નેહ ! બોલ્યો નૈ બરડાધણી. ૫૨

[ઉજળી પોતાના સંગાથી ચારણ ખીમરાને કહે છેઃ હે ખીમરા ! આ બરડો દેશ ખારો નીકળ્યો. એનાં ક્ષારવાળાં (નિર્દય) હૃદયનાં માનવીઓ માત્ર મ્હોંયેથી જ મીઠું મીઠું બોલે છે. આવા નગુણા (કૃતઘ્ની) સાથે સ્નેહ શો હોય ! ચાલો આપણે. બરડાનો સ્વામી નથી બોલતો.]

કાચો ઘડો કુંભાર, અણજાણ્યે મેં ઉપાડિયો,
ભવનો ભાંગણહાર જેઠીરાણ જાણેલ નહિ. ૫૩

[અરેરે ! મેં અજાણ્યે કુંભારને ઘરથી માટીનો કાચો ઘડો ઉપાડ્યો. (કાચા માનવીનો પ્યાર કર્યો.) મેં નહોતું જાણ્યું કે આ જેઠવા રાણા રૂપી મારૂં પ્રેમપાત્ર આમ સ્હેલાઇથી તૂટી પડીને મારી આખી-જીંદગી રદ કરી નાખશે.]

આભપરેથી ઉછળ્યાં, જળમાં દીધો ઝોક,
સરગાપરને ચોક, ભેળા થાશું ભાણના ! ૫૪

[આભપરા પહાડ પરથી તો હું ફેંકાઇ ગઇ, ઉંડા પાણીમાં ડુબી ગઇ. હવે તો હે ભાણના પુત્ર ! સ્વર્ગના ચોગાનમાં આપણે મળીશું.]

આટલાં વીતકો વીતવા છતાં ઉજળી પોતાના પ્રીતમને સ્વર્ગમાં પામવાની ભાવના ભાવી રહી છે. ફરી પાછી રોષ કરે છેઃ

મરી ગ્યો હત મે, (તો) દલમાંથી દઝણું ટળત,
જીવતાં માણસ જે (એને) બાળો કાં બરડા-ધણી ! ૫૫

[હે મેહ ! આ કરતાં તો તું મરી ગયો હોત, તો મારા દિલમાંથી દાઝ (આંતર્દાહના દાગ) ભુંસાઇ જાત. હે બરડાના સ્વામી ! મને જીવતા માનવીને કાં બાળી રહ્યો છે તું ?]

કળ કળ કરશે કાગ, ઘુમલીનો ઘુમટ જશે,
લાગો વધતી આગ, રાણા! તારા રાજમાં. ૫૬

[હે રાણા! હું શાપ આપું છું: કે આ નગર પર કાગડા કળકળશે. (નગર ઉજ્જડ બનશે.) ઘુમલી નગરના ઘુમ્મટો તૂટી પડશે. અને તારા રાજમાં વધુ ને વધુ આગ લાગશે.]

જળનાં ડેડા જેહ, દબાણું થકાં ડસે,
(પણ)[1]વશીઅરનાં [2]વેડેલ જીવે ન કે દિ' જેઠવા! ૫૭

[પાણીમાં રહેતા પામર જળસાપો તો પગ તળે દબાયા હોય તો જરા ડસી લે છે. એના દંશથી કંઇ મૃત્યુ ન નીપજે. પરંતુ મહા-વિષધારી સર્પનાં ડસેલાં માનવી તો કદાપિ ન જીવે, હે જેઠવા! એવી રીતે, પામર મનુષ્યોના શાપ ન ફળે, પણ મારા સમ કુલિન ને પવિત્ર ચારણ-કન્યાના શાપ તારો નાશ કરી નાખશે.]

---

૧. 'વશીઅર' એ 'વિષધર'નું રૂપાન્તર છે.

૨. 'વેડેલ' શબ્દ આંહી 'કરડેલ' એ અર્થમાં યોજાયો છે. સાધારણ રીતે 'વેડવું' એટલે 'તોડવું'; જેમ કે 'આંબો વેડવો'=કેરીઓ તોડવી.

શેણી-વીજાણંદ

જૂના સમયની ગીરનો કાંઠો બતાવતું ગોરવીઆળી ગામ હજુ છે. એ ગામમાં વેદો ગોરવીઆળો નામે પરજીઓ (માલધારી) ચારણ રહેતો. વેદાને શેણી નામે એક દીકરી હતી. એ વેદાને ઘેર વીજાણંદ ભાંચવીઆ નામનો એક જુવાન ચારણ ગીરમાંથી આવતો અને પોતાનું જંતર (બીન) બજાવી ગામડિયા દાયરાને ડોલાવતો. જંતર બજાવવામાં એ પ્રવિણ હતો એટલું જ નહિ પણ એ સંગીતમાં પોતાનો સમસ્ત પ્રાણ ઢલવી દેતો.

અનેક રૂપાળી રાત્રિએ વેદા ચારણના ઘરના ચોગાનમાં વિજાણંદનું જંતર સવારોસવાર બજ્યા કરતું, વીજાણંદના કંઠમાંથા પ્રેમનાં, વિલાપનાં ને વીરત્વનાં ગાન વછૂટતાં, યુવાન શેણી ઘરની ઓથે બેસીને એ સંગીત સાંભળતી, અને ગાનાર સાંભળનાર વચ્ચે અબોલ પ્રીતિ બંધાયે જતી હતી.

એક દિવસ વીજાણંદના સંગીત પર બેહદ પ્રસન્ન થયેલા વેદા ચારણે એને કહ્યું 'તું માગ તે આપું.' વીજાણંદે વિશ્વાસ ધરીને શેણી સાથે વિવાહ માગ્યો. પણ એવા ભટકતા ભિખારીને પોતાની લાડકવાઈ દીકરી શેણી પરણાવવાનું વેદાને નહોતું ગમતું. એણે વીજાણંદ સમક્ષ એક વિકટ શર્ત મૂકી: "આજથી બરાબર એક

વરસની અંદર એક સો ને એક *નવચાંદરી ભેંસો આણીને મને આપે, તો શેણીને તારી વેરે પરણાવું."

વીજાણંદ એ કરાર પૂરો કરવા ચાલી નીકળ્યો. નેસડે નેસડે માલધારીઓને જંતરના સંગીત થકી રીઝાવી નવચાંદરી ભેંસોની ભેટ એકઠી કરવા લાગ્યો. પણ નવચાંદરી ભેંસો મેળવવાનું મુશ્કેલ હતું. વીજાણંદથી ઠરાવેલી મુદતે પાછા ન પહોંચાયું.

છેલ્લા દિવસની સાંજ સુધી પોતાના વહાલા વીજાણંદની વાટ જોયા પછી આશા ગુમાવીને શેણીએ અખંડ કૌમારનું વ્રત લીધું. પિતાની રજા લઇ હિમાલયમાં ગળવા (આવતે જન્મે વીજાણંદને વરાય તે ધાર્મિક માન્યતાથી) ચાલી ગઈ. રસ્તામાં સ્થલે સ્થલે વીજાણંદની ભાળ કાઢતી રહી. પરંતુ ક્યાંયે વીજાણંદનું મિલન લાધ્યું નહિ. હિમાલય પર ચડીને શેણી બરફની ઉંડી કંદરામાં બેસી ગઇ.

વીજાણંદ પાછળ પહોંચ્યો. શેણીનું સ્થાન શોધી કાઢ્યું. શેણીને પાછી વળવા વિનવી. પણ શેણીએ ન માન્યું. પોતે શેણીની સંગાથે ન મરી શક્યો. છેલ્લી વારને માટે એના બીનને સાંભળતી સાંભળતી શેણી પ્રાણ ત્યજી ગઇ. વીજાણંદ પાછો સંસારમાં ગાંડા ઘેલા જેવો ભટકી મરી ગયો. શેણી અત્યારે ચારણોમાં 'શેણી આઇ' તરીકે પૂજાય છે. આ આખી ઘટનાને કથા રૂપે રસધાર ભા. ૫ માં લખવામાં આવી છે. આ કથા આપણને ગ્રીસની પુરાણકથા 'ઑર્ફિઅસ'નું સ્મરણ કરાવે છે.

શેણી : સજની : 'સ્વજન' પરથી (નારી જાતિ)

§

---

*ચારે પગનાં કાંડાં ધોળાં : પૂછડાને છેડે ધોળા વાળ : એક આંચળ ધોળો : લલાટમાં ધોળું ટીલું : મ્હોં ધોળું : એક આંખ ધોળી : એવાં શ્વેતવરણાં નવ ચંદ્ર-ચિન્હો વાળી ભેંસ 'નવચાંદરી' કહેવાય.

૧. સંગીતમાંથી પ્રીતિનો ઉદય

વીજાણંદ આડો વીંઝણો, શેણી આડી ભીંત;
પડદેથી વાતું કરે, બાળાપણની પ્રીત. ૧

[વિજાણંદ પોતાના મુખ આડે વીંઝણો (પંખો) રાખતો, અને શેણી દિવાલની આડશ કરીને બેસતી. એ રીતે બન્ને જણાં વચમાં અંતપંટ રાખીને મુંગી વાતો કરતાં. એવી બાલ્યાવસ્થાની પ્રીતિ બંધાઇ હતી.]

જંતર મોટે તૂંબડે, બતરીસે ગમે,
છતરીશ લાવણ રમે વીજાણંદને ટેરવે. ૨

[વીજાણંદનું વાજીંત્ર (બીન) મોટાં બે તુંબડાવાળું હતું. એ વાદ્યને બત્રીસ ગમા (પડદા) હતા. એ ગમા પર જ્યારે વીજાણંદની આંગળીનાં ટેરવાં ફરતાં ત્યારે છત્રીસ પ્રકારની લાગણીઓ (રાગિણીઓ) ગુંજી ઉઠતી.]

ગમે ગમે ગોઠડી, નવ તાંત્યુમાં નેહ,
હૈયામાં હલકે વીજાણંદના તૂંબડાં. ૩

[એ પ્રત્યેક ગમો (પડદો) જાણે કે પ્રેમની ગોષ્ટિઓ કરતો હતો; વાજીંત્રની નવ તાંત્યો (તંતુઓ) વાટે જાણે કે સ્નેહ ગુંજતો હતો; અને વીજાણંદના એ જંતરનાં બે મોટાં તુંબડાં જાણે કે શેણીના હૈયામાં હલક દેતાં હતાં. આખા વાદ્યનો વિભાગેવિભાગ વીજાણંદની ગુપ્ત પ્રીતિનો વાહક બની શેણીના હૈયામાં એ સંગીત વાટે સંદેશા ચલાવતો હતો.]

જંતર ઝાલ્યું હાથ, ભાંચવીએ ભાંગતી રાતનું,
સમદર લે સંગાથ, વાઢેલ શઢ વીજાણંદે. ૪

[ભાંચવીઆ શાખાના ચારણ વીજાણંદે એક દિવસ જામતી રાત્રિયે પોતાનું જંતર હાથમાં લીધું, અને એ જ્યારે બજાવવા લાગ્યો ત્યારે જાણે કે સ્નેહના સમુદ્રમાં શેણીને ખેંચી જઇને પછી હૃદયનૌકાના શઢ ચીરી નાખ્યા. એટલે કે શેણીનું હૃદય-નાવ એ સંગીતને હિલ્લોલે હિલ્લોલે સ્નેહસાગરમાં ઘસડાઇ, સંયમ હારી, તોફાને ચડી ગયું.]

૨. શેણીના પિતાની શર્ત પૂરી કરવા વીજાણંદની વિદાય : શેણીની વર્ષભર વાટપ્રતીક્ષા : વર્ષને અન્તે નિરાશા : હિમાલય તરફ ગમન

વીજાણંદ હાલી નીકળ્યો, [1]પોઠીડા પલાણે,
[2]ડાબો થાને ગણે(શ) ! (તો)વીજાણંદ પાછો વળે. ૫

[પોતાના પોઠીઆ (બળદ) પર પોતાની ચીજવસ્તુ લાદીને વીજાણંદ ચાલી નીકળ્યો. શેણી જંગલના તેતરને કહે છે કે "હે ગણેશ ! તું વીજાણંદની આડે ઉડીને ડાબી બાજુ ઉતરી જાને ! તો વીજાણંદ અપશુકન થયું સમજીને એક વાર પાછો વળી આવે."]

વરસ વળ્યાં વાદળ વળ્યા, ધરતી લીલાણી;
(એક) વિજાણંદને કારણે શેણી સુકાણી. ૬

[એક વર્ષની અવધિ કરી હતી તે વર્ષ પાછું વળ્યું. વાદળાં પણ ગયે વર્ષે જતાં રહેલાં તે પાછાં વળ્યાં. સમય અને મેહ, બન્નેના પ્રવાસ પૂરા થયા. મેહને પુનર્મિલને પૃથ્વી લીલુડી બની ગઇ. પરંતુ તેઓની જ સાથે ગએલો પ્રવાસી વીજાણંદ પાછો ન આવ્યો તેથી જગતભરમાં એક શેણી જ સુકાઇ ગઇ. આ દોહો બતાવે છે કે વીજાણંદ બરાબર આષાઢ બેસતાં નવચાંદરી ભેંસો લેવા ઉપડયો હશે.]

ચડ ટીંબા, ચડ ટેકરી, ચડ [3]ગુંદાળી ધાર !
[4]ઓઝત ! ઉછાળો લઈ વીજાણંદ પાછો વાળ ! ૭

[ગોરવીઆળી ગામના પાદરમાં ઓઝત નદીને કાંઠે ઉભેલી શેણી કહે છે કે "ઓ ઓઝત ! તું ટેકરા ટેકરી ચડીને, ગુંદાળી નામની ધાર પર ચડીને, ઉંચા ઉછાળા લઇને, ક્યાંયે વીજાણંદ હોય તો નજર કર, અને એને પાછો વળવાનું કહે ઓ બ્હેન !"]

---

૧. અસલના ચારણો પોઠીઆ(બળદો)ને વાહન તરીકે વાપરતા.

૨. તેતર પક્ષીને ગ્રામ્ય શકુનોની પારભાષામાં 'ગણેશ' કહે છે. પ્રવાસને આરંભે તેતર ડાબી બાજુ ઉતરે તો અમંગલ શુકન સમજી પ્રવાસી પાછો વળી જતો.

૩. ટેકરીનું નામ. ૪. નદીનું નામ.

ખેતર પાકયું, કણુ ઝરે, મન બેઠું માળે
વળ્ય વેલો વીજાણુંદા ! (મને) રોઝડાં રંઝાડે ૮

[હે વીજાણંદ ! મારા જીવનનું ખેતર પાકી ગયું. યૌવન રૂપી દાણા ઝરી જાય છે. અંતઃકરણ તારી રાહ જોતું માળા પર બેઠું છે. હવે તો તું વહેલો વહેલો પાછો વળ ! કેમકે મારા જીવનક્ષેત્રને નાદાન ચારણ ઉમેદવારો રૂપી રોઝડાં સતાવે છે. અર્થાત, બીજા બેવકૂફ ચારણો મને પરણવાના પ્રયત્નો કરી મને પીડે છે. ('રોઝડાં' નામનાં પશુઓ નાદાની માટે પ્રખ્યાત છે.]

ખેતર પાકયું પોંક થિયો, મન બેઠું માળે;
અધવચ મેલ્યાં એકલાં, હાલ્ય હૈડા હેમાળે ! ૯

[મારા જીવન રૂપી ખેતર પાકયું છે, યૌવન રૂપી પોંક (લીલા દાણા) શેકાઇને ખાવા માટે તૈયાર કરી મૂકેલ છે. મારૂં મન માળા ઉપર બેઠું બેઠું વાટ જુવે છે. પરંતુ મને તો વીજાણંદે અધવાટે રઝળાવી. હે હૃદય ! હવે તો હિમાલયે ચાલો !]

વીજાણુંદની વરમાળ, બીજાની બાંધું નહિ;
ચારણુ હોય લખચાર, (તેને) બાંધવ કહી બોલાવીએ! ૧૦

[હે પિતા ! હું વીજાણંદ સિવાય બીજા કોઇની વરમાળા મારે કંઠે નહિ બાંધું. બીજા ચાર લાખ ચારણો હોય તો યે શું ! એ તમામને હું 'ભાઇ' કહીને બોલાવીશ. મારે બીજા કોઇની સાથે લગ્ન નથી કરવાં.]

મત્યું શું દો માનવી ! જગ્જણુની જૂજવી,
આટલી ડાહ્યપ હતી (તો) વીજાણુંદ કાં વાળ્યો નહિ! ૧૧

[બીજે પરણવાની સલાહ આપનાર ગામલોકોને શેણી કહે છે: હે માનવીઓ ! હવે તમે દરેક તમારી જુદી જુદી સલાહો શું આપી રહ્યા છો ! તમારા સહુમાં આટલું ડહાપણ હતું, તો તે દિવસે જ કેમ વીજાણંદને પાછો ન વાળ્યો ?]

ધોબ્યાં લૂગડ ધોય, રૂપાળો શચું નહિ,
મર મેલડીઓ હોય, (તોય) વર મારો વીજાણંદો. ૧૨

[ધોબીનાં ધોએલ લુગડાં પહેરનાર અને રૂપવંત કોઇ પુરૂષ હોય તે. પણ એ મારે ન જોઇએ; અને વીજાણંદ ભલે મેલો ઘેલો હોય તો પણ એ જ મારો વર છે.]

છાળાનાં ચાટેલ, ખોરાં ઘી ખવાય નૈ,
મેશુંનાં મથેલ વાલાં ઘી વીજાણંદનાં. ૧૩

[હે લોકો ! બકરાનાં ચાટેલાં બગડેલ ઘી મારાથી નહિ ખવાય. મને તો ભેંસોનાં મહી-મંથન કરીને તારેલા વીજાણંદના ઘી વહાલાં છે વ્યંગ્યાર્થ એ છે કે અન્ય ચારણોનો મલિન સ્નેહ મારે નથી જોઇતો. મને તો વીજાણંદનો વિશુદ્ધ પ્રેમ વહાલો છે.]

શેણી ચાલી નીકળે છે. રસ્તામાં શોધ્યા કરે છે,

મારગ-કાંઠે મઢી કરૂં, લઉં જોગણના વેશ;
ગોતું દેશ-વિદેશ, (કોઇ) વાવડ દો વીજાણંદના! ૧૪

[આ રસ્તાને કાંઠે હું મઢૂલી બનાવીને જોગણવેશે વાસ કરીશ. અને દેશવિદેશે હું વીજાણંદની શોધ કરાવીશ. હે વટેમાર્ગુઓ ! મને તમે વીજાણંદનો પતો આપો.]

પોતે ચાલતી ચાલતી ભાલ નામના ગુજરાત-સૌરાષ્ટ્ર વચ્ચેના નિર્જળા પ્રદેશમાં આવીને પુકારે છે :

(કોઇ) જંતરવાળો જુવાન, *ભાલમાં ભૂલો પડયો,
સગડે પાડું સાદ, વાવડ દો વીજાણંદના ! ૧૫

[જંતર (બીન) બજાવનારો જુવાન વીજાણંદ કદાચ આંહી ભાલમાં ક્યાંઇક ભૂલો પડયો હશે. હું એને પગલે પગલે પુકાર કરૂં છું કે ઓ લોકો ! મને કોઇ વીજાણંદના સમાચાર આપો.]

---

* ભાલ પ્રદેશમાં ઉનાળામાં એટલી બધી ધૂળ ઉડે છે કે દિવસના ભાગમાં પ્રવાસી ચાલી શકતો નથી. ચોમાસામાં પણ એ આખો મુલક જળમગ્ન બની મુસાફરોને ગુંચવાડે ચડાવે છે. એ પરથી જ "ભાલમાં ભૂલો પડયો" કહેવાયું જણાય છે.

લાલ સુરંગી ધોતીએ, કેસર ભીને વાન,
હાલ્યો જાતો હાટડે, જંતરવાળો જુવાન. ૧૬

[લોકો શેણીને જવાબ આપે છે કે "હા, લાલ રંગની કોરના ધોતીઆ (ફેંટા) વાળો, અને શરીરે જરા શ્યામવરણો એક બીનધારી જુવાન હમણાં જ બજારમાં ચાલ્યો જતો હતો.]

શેણી એ સાંભળીને ઘેલી બની દોડવા લાગે છે. વર્ત'પાછી અટકી જાય છે. માથા પર ઓઢેલ કામળીને લાકડી પર ચડાવી ઉંચી ફરફરાવે છે. બોલે છે :

ચાલું તો ચુંકું નીકળે, ધોડયે લાજી મરું;
વીજાણંદ વાગડ ઉતર્યો, ઉભી *પોત્યું કરું; ૧૭

[હું ધીરી ધીરી ચાલું છું તો પગમાં જાણે ખીલીઓ ભોંકાતી હોય એવું લાગે છે; (કેમકે મારે ને વીજાણંદને એટલું છેટું પડે છે એ મારાથી સહેવાતું નથી.) અને એને જલ્દી આંબી જવા માટે દોડું છું, તો મને લોકોની લજ્જા આવે છે. મારો વીજાણંદ તો છેક વાગડ પ્રદેશમાં ઉતરી ગયો છે. એટલે હવે હું ઉભી ઉભી મારી ઓઢણીને લાકડી પર ચડાવી વાવટા રૂપે નિશાની કરું છું. કદાચ આસપાસ ક્યાંયે વીજાણંદ હોય તો મારી કામળી ઓળખીને એ નિશાની પર ચાલ્યો આવે !]

૪. હિમાલયમાં પહોંચીને બરફમાં શેણી ગાત્રો ગાળવા બેસી જાય છે.

હાડ હેમાળે નવ ગળ્યાં, સોહામણ શેણીનાં,
(તથ.) ¹કાસા કેરે પૂતળે પરણેવાં પડયાં. ૧૮

[સોહામણી શેણીના હાડકાં હિમાલયના હિમમાં ન ગળ્યાં. (કેમકે ગળવા આવનારે સજોડે બેસવું જોઇએ એવો ધર્માદેશ હતો.) પછી

*પોત્ય કરવી : લાકડી ઉપર લુગડું લટકાવી વાવટા રૂપે ઇસારત કરવી.

૧. એ નામનું લીલું ઘાસ.

શેણીને ઘાસનું એક પૂતળું બનાવી, તેમાં પોતાના મનમાન્યા સ્વામી વીજાણંદનો સંકલ્પ મૂકી, એની સાથે લગ્ન-વિધિ કરવી પડી.]

તે પછી તુર્ત શેણીનાં ગાત્રો ગળવા લાગે છે. વીજાણંદ મુકામ કરતો પહોંચે છે. આવીને એ બરફની ગુફાને કિનારે ઉભો રહે છે. શેણીને બહાર નીકળવાં વિનવે છે. શેણી ઉત્તર આપે છે :

હાડાં હેમાળે, ગળિયાં જે [1]ગૂડા [2]લગે;
વીજાણંદ ! વળે, [3]ઘણમૂલા જાને ઘરે ! ૧૯

[હે મહામૂલા વીજાણંદ ! તું હવે પાછો વળીને ઘેરે ચાલ્યો જા. કેમકે મારાં હાડકાં તો હિમાલયમાં છેક પગનાં ઘુંટણ સુધી ગળી ગયાં છે. હું અપંગ બની ગઇ છું. હવે આવીને શું કરું ?]

ઉંચે ઉભેલો વીજાણંદ કહે છે :

વળ વળ [4]વેદાની ! (તું) પાંગળી હો તોય પાળશું,
કાંધે કાવડ કરી (તને) જાત્રા બધી જુવારશું. ૨૦

[હે વેદા ચારણની (પુત્રી)! તું પાછી આવ ! પાછી આવ ! તું અપંગ હશે તો પણ હું તને પોષીશ; એટલું જ નહિ પણ તને કાવડમાં બેસારી, એ કાવડ મારે ખભે ઉપાડી હું તને હિન્દનાં અડસઠે તીર્થ-સ્થળોની યાત્રા કરાવીશ.]

વળું તો રહું વાંઝણી, [5]મુવાં ન પામું આગ,
આલુકો અવતાર વણસાડ્યો વીજાણંદા ! ૨૧

[હે વીજાણંદ ! હવે જો હું પાછી વળું તો મારે અપુત્ર રહેવું પડે, એટલે મરતી વેળા મારા શબને અગ્નિસંસ્કાર કરનાર દીકરો ન હોય. તેથી આવતો જન્મ પણ બગડે. એ કરતાં આ એકજ અવતાર મેં બગાડ્યો એટલું બસ છે.]

---

૧. ગૂડા : ઘુંટણ. ૨. લગે : લગી, સુધી. ૩. ઘણા મુલ્યના. ૪. વેદા+ની (પુત્રી) ઉંગળી ભાષાપ્રયોગ. ૫. હિન્દુ સમાજમાં મૃત્યુવેળા શબને આગ મૂકનાર પુત્ર ન હોય તો તે મૃત માનવી અવગતિએ ગયો મનાય છે.

ગળીયું અરધું ગાત્ર, અરધામાં અરધું રીયું,
હવે મસળતા હાથ, વીંજાણું'દ પાછા વળો! ૨૨

[હે વીંજાણું'દ! મારું અરધું અંગ ગળી ગયું. એમાંથી પણ અરધું જ રહ્યું. માટે હવે તો હાથ ઘસતા, પસ્તાતા તમે પાછા વળો. શેણી હવે નહિ મળે.]

વીંજાણું'દ જંતર વગાડ! હેમાળો હલકુ દિયે;
મોહ્યા માછલમાર, માછલીયું ટોળે મળે. ૨૩

[ઉંડી ઉંડી હિમ-કંદરામાંથી શેણી ઉત્તર આપે છે: વીંજાણું'દ, હવે તો તારું બીન બજાવી લે. (છેલ્લી વાર હું એ સાંભળતી સાંભળતી સંતોષથી મરું.) વીંજાણું'દ બીન બજાવવા લાગ્યો. હિમાલય પહાડ પડઘા દે છે. દૂર દૂરનાં સરોવરમાં જાળ નાખતા મચ્છીમારો પણ સંગીતમુગ્ધ બનીને થંભી જાય છે. માછલીઓ પણ એ સંગીત સાંભળવા માટે પાણીની સપાટી પર ટોળે વળે છે.*]

જંતર ભાંગ્યું, જડ પડી, ત્રુટ્યો મોભી ત્રાગ,
વેદાની શેણી હલ ગઇ, જંત્રી ન કાઢે રાગ! ૨૪

[ઓચીંતુ વીંજાણું'દના હાથમાંથી બીન પડી જઇને ભાંગી ગયું. એમાં ચીરાડ પડી. વચલો મુખ્ય તાર તૂટી ગયો. બીનકાર(જંત્રી)નો રાગ પણ નીકળતો અટકી ગયો; ને ત્યાં ઉંડાણમાં વેદા ચારણની પુત્રી શેણી પણ સદાને માટે ચાલી ગઇ.]

ભુખે ખાધાં ભાત, પેટ ભરી પામર જી'',
શેણી જેવો સાથ, વીંજાણું'દ મેલી વળ્યો.* ૨૫

---

*એ બરફભર્યા પ્રદેશમાં સરોવર શી રીતે હોય? માછલીઓ કેમ જીવે? મચ્છીમારો ક્યાંથી? એ પ્રશ્ન ઉઠે છે. કદાચ કવિની કલ્પના જ હશે.

પાઠાન્તર: શેણી જેવો સાથ, વળાવી વીંજાણું'દ વળ્યો;
ભુખ્યાં ખાવા ભાત, પાંજર પેટ ભરી.

[પછી તો વીજાણંદે જગતમાં પામરની જેમ પેટ ભર્યાં કર્યું. ભુખથી પીડાઇને અન્ન ખાધું. (ખાવાપીવાનો રસ તો રહ્યો નહોતો). અરેરે! શેણી સરખા સંગાથને વિદાય દઇને વીજાણંદ પાછા વળ્યા!]

શેણી-વીજાણંદની કથા મારવાડમાં પણ પ્રચલિત થએલી જણાય છે. તેની એંધાણી રૂપે નીચેના બે દોહા મળેલ છેઃ શેણી પોતાના હાથને કહે છેઃ

કંકુબરણુ કળાઇયાં, ચૂડી રત્તડિયાંહ,
બીંઝા ગળ બિલગી નહિ, (થાને) બાળું બાંહ્યડિયાંહ! ૨૭

[હે મારા બાહુઓ (બાંહડિયાં)! તમારી કંકુવરણી તો કળાઇઓ (કોણીથી નીચલા ભાગ) છે. તમારી ચૂડીઓ રાતીચોળ છે. પરંતુ તમે વીજા(વીજાણંદ)ને ગળે ન વળગ્યા—ન લપેટાયા—ન આલિંગન કર્યું, એટલે બળજો તમે! ધિઃકાર છે તમને!]

સીંધડીરાં સોદાગરાં, શેણીરાં શેણાંહ,
બીંઝા આંગળ બાંચજો, બિધ રૂડી બેણાંહ. ૨૮

[હે સીંધ દેશના સોદાગરો! શેણીના સ્વજન વીજાની પાસે આ મારાં વેણ રૂડી રીતે વાંચજો!]

લોકમાંથી શેણી સંબંધે બે કથાઓ મળે છે.

૧ : હિમાલયમાં જતાં રસ્તે વઢીઆરમાં 'કુંવર' નામના ગામે 'લાળ ગમારો' નામના ભરવાડને ઘેર શેણી રાત રહેલી. ત્યાં શેણીએ 'મીઠી જાળ' નામના ઝાડનું દાતણ કરી રોપ્યું હતું તેનું ઝાડ ઉગ્યું કહેવાય છે.

૨ : અંત સમયે જ્યારે વીજાણંદ ચાલી નીકળ્યો ત્યારે શેણીએ એને કહ્યું કે "જા, ભરૂ ભડકાવતો રહેજે." એ મુજબ વીજાણંદ ભરૂ-(ભરવાડ)નો માગણ થયો. આજે પણ ભરવાડોમાં માંડવો થાય ત્યારે માણેકસ્થંભ ઉપર વીજાણંદનું ચિત્ર કોરવામાં આવે છે. ભરવાડો આજ સુધી 'ભાંચવીઆ'ને (વીજાણંદની શાખાના ચારણોને) કન્યાકોરી આપે છે.

રાણો-કુંવર

રાણો રબારી કોમનો હતો; મહુવા પાસે વાંગર ગામનો રહેવાસી હતો. અને કુંવર ચભાડ શાખાના આહિરની પુત્રી હતી. બન્નેનાં માલધારી કુટુંબોનાં નેસડાં ક્યાંઈક ડુંગરામાં એકબીજાંની નજીક પડયાં હશે; ત્યાં ભેંસો ચારતાં ચારતાં, યુવાન વયનાં એ બન્ને જણાંને પ્રીત બંધાએલી હશે. પરંતુ આહિર જાતિ રબારી કરતાં ઉંચેરી હોવાથી બન્નેની વચ્ચે વિવાહનો સંભવ નહોતો. એક દિવસ રાણો જોતો રહ્યો અને કોઇ આહિરની સાથે પરણાવી દેવામાં આવેલી અબોલ કુંવર સાસરિયે ચાલી નીકળી. તે પછી રાણો વતનમાં ન રહી શક્યો. કુંવરના સમાચાર મેળવા એને પગલે પગલે ભમવા લાગ્યો. સંસારની મરજાદને કારણે પોતે કુંવરને પ્રત્યક્ષ મળવા તો ન જઇ શક્યો. પણ કુંવરનાં સાસરિયાં એક પછી એક જે જે રહેઠાણ ખાલી કરતાં કરતાં ચાલ્યાં જતાં હતાં, તે તે રહેઠાણ પર જઇને રાણો એ સૂનાં ખોરડાંમાં કુંવરની સ્મૃતિઓ અનુભવતો હતો. આખરે કુંવરનાં સાસરિયાં ગિરકાંઠે આવેલા સાણા ડુંગર થી નીકળી ગિરના ઉંચામાં ઉંચા વિકટ ડુંગર નાંદીવેલા પર જઇ રહ્યાં અને રાણો આવીને સાણામાં રોકાયો. કદાચ કુંવરનું કુટુંબ ધુંવાસને ઘડે (એ નામના ડુંગર પર) ગયું હોય તેમ સમજી ત્યાં પણ આંટો મારીને શુન્ય હદયે રાણો પાછો સાણા ડુંગર પર આવ્યો. નાંદીવેલો અને સાણા ડુંગર સાતેક ગાઉને અંતરે સામસામા ઉભા છે. કુંવર નાંદીવેલે ઝુરે છે

ને રાણો સાણે ડુંગરે રહે છે. ઝુરતી કુંવરનું શરીર સુકાવા લાગ્યું એટલે એના પતિએ માન્યું કે સ્ત્રીને ગિરનું પાણી લાગવાથી પેટમાં સારણગાંઠ થઇ છે. તેથી એણે કુંવરને પેટે દવા તરીકે ડામ દેવરાવ્યા. બીજી બાજુ રાણાને સાથેસાથ ગિરનું પાણી લાગ્યું ને એનું પેટ વધી ગયું. એના પગનું જોર શોષાઇ ગયું. ઝાઝુ જીવવાની કે ફરીવાર પરસ્પર મળવાની હવે આશા નથી. તે વખતે ઓચીંતાની એક દિવસ રાત્રિયે કુંવર આવી પહોંચે છે, અને એ બન્ને પ્રેમીઓનાં હાડપીંજર બની ગએલાં બદસૂરત શરીરો એક જ આલિંગનની ભીંસમાં ભાંગી જઇ એકસાથે શ્વાસ ત્યજે છે.

દુહાઓમાંથી તો ફક્ત આટલી જ કથા તારવી શકાય છે. પરંતુ મહુવા પંથકના અનેક માલધારીઓમાં એવી વાત પ્રચલિત છે, કે સાણે રાણો સૂતેલો તેમાં કુંવર આવી. રાણાના શરીર પર ઓઢેલું વસ્ત્ર કુંવર ચુપચાપ ખેંચવા લાગી. કદાચ પોતાની ભેંસ લૂગડું ચાવતી ખેંચતી હશે એમ સમજી રાણાએ ભેંસને આવે શબ્દે ડચકારી : “ હે–હે, માવડી ! ” પછી તો કુંવર પ્રગટ થઇ. પરંતુ રાણાએ એને અજાણે અજાણે “ માવડી ” કહી દીધેલી તેથી ત્યાર પછી રાણાએ કુંવરને જીવનભર મા બ્હેન કરીને જ રાખી હતી.

[વધુ વિગતો માટે જુઓ–રસધાર ભાગ ૫]

§

૧ : કુંવરનું સૌંદર્ય

જંગલમાં ઢોર ચારતો ચારતો રાણો પોતાની પ્રેમિકાને વિષે આવા કાલાઘેલા ઉદ્દગારો ગાયા કરે છે :

કુંવર કાળી નાગણી, સંકેલી નખમાં સમાય,
(એનું) કરડયું ડગ નો ચાતરે, કુંવર ચાભાડય કે'વાય. ૧

કાળી નાગણી જેવું એના રૂપનું ઝેર છે. જેને એના પ્રેમરૂપી દાંત વડે એ કરડે, તે એક ડગલું પણ ભરી શકે નહિ. એને વશ થઇ જાય. એવી કુંવર, સાખે ચાભાડી [ચભાડ આહિરની પુત્રી] કહેવાય છે.

બાળે બીજાની હાલ્ય, હલબલતાં ડગલાં ભરે,
હંસલા જેવી હાલ્ય હોય કોટાળી કુંવરની. ૨

[બીજી સ્ત્રીઓની ચાલ્ય તો ઢંગ વગરનાં ડગલાં ભરતી હોય છે. પણ મારી કોટાળી કુંવર તો હંસગતિએ ચાલે છે.]

બાળે બીજાના વાળ, ઓડયેથી ઉંચા રિયા,
ચોટો ચોસરિયાળ, કડ્યથી હેઠો કુંવરને. ૩

[આગ ઉઠજો બીજી સ્ત્રીઓનાં માથામાં, જેના વાળ ગરદન સુધી પણ ન પહોંચે એવા જીથરકા (નાના) હોય છે. અને મારી કુંવરના માથા પર તો જુઓ! ચાર સેરો પાડીને ગુંથેલો એનો ચોટલો છેક કમ્મરથી પણ નીચે ઢળકતો શોભે છે.]

બાળે બીજાની આંખ્ય, ચુંચીયું ને ખુંચીયું,
મૃગના જેવી આંખ્ય, હોય કોટાળી કુંવરણી. ૪

બાળે બીજાનાં ઉર, હાલે ને હચબચે,
અણીઆળાં એ ઉર, હોય કોટાળી કુંવરનાં ૫

[બાળજો બીજી સ્ત્રીઓનાં સ્તન, કે જે ઢીલાં પોચાં પડીને હલબલે છે. મારી કુંવરનાં સ્તન તો તંદુરસ્તીને લીધે કઠણ અને અણીદાર રહ્યાં છે.]

બહુ બોલે ને બહુ બકે, લવ લવ કાઢે વેણ,
કરડજો એને કાળોતરો, (ભલે) હોય આપણાં શેણ! ૬

[કોઇ બહુ બોલનારી, બહુ બકનારી, લવારી કરનારી, ભલે એ પોતાની સજની-હોય, તો યે એને કાળો નાગ કરડજો!]

થોડું બોલે ને થરહરે, મરકીને કાઢે વેણ,
(એને) કે'દિ કાંટો મ વાગજો, (ભલે) હોય પારકાં શેણ! ૭

[ઓછાબોલી, આંચકો ખાનારી અને મોઢું મલકાવીને જ શબ્દો ઉચ્ચારનારી સ્ત્રી ભલે ને અન્ય કોઇની ઘરનારી હોય, તો યે એને કાંટો પણ ન વાગજો, એવી હું દુવા દઉં છું.]

કાળમુખાં ને રીસાળવાં, નીચાં ઢાળે નેણ,
(એને) કાળો નાગણ કરડજો, (મર)હોય આપણાં શેણ! ૮

[ગુસ્સાથી કાળું મ્હોં કરનારી, રીસાળ, નીચી નજર ઢાળનારી, એવી સ્ત્રી ભલે આપણી પોતાની સજની હોય, તો પણ એને કાળી નાગણીના દંશ થજો!]

હસમુખાં ને હેતાળવાં, અમૃત વરસે નેણ,
(એને) કાંટો કે'દિ મ વાગજો, (મર) હોય પારકાં શેણ. ૯

[જે સ્ત્રી હસમુખી, હેતાળ, નેત્રોમાંથી અમૃત વરસાવતી હોય, તે ભલે અન્યની સ્ત્રી હોય, તો પણ એને કાંટો સુદ્ધાં ન વાગજો!]

રાણા! રાતે ફુલડે ખાખર નીંઘલિયાં,
સાજણ ઘેરે સામટે આણાત ઉઘલિયાં. ૧૦

[જંગલમાં ફાગણ મહિને ખાખરાનાં ઝાડ રાતાંચોળ કેશુડાંનાં ફૂલે કોળ્યાં હોય, તેવી શોભીતી રાતી ચુંદડીઓ ઓઢીને ચાલતી જાનડીઓનાં વૃંદ વચ્ચે વીંટળાઇને ચાભાડી કુંવર આણું વળી સાસરે ચાલી જાય છે!]

૨ : રાણાનું પરિભ્રમણ

મેલ્યું વાંગર ને માઢીયું, મેલી મહુવાની બજાર,
ડગલાં દિ' ને રાત (મારે) ભરવાં પડે ભેરાઇનાં. ૧૧

[મેં તો સદાને માટે મારા ગામ વાંગર ને માઢીયું ત્યજી દીધાં. મહુવાની બજારે હટાણું કરવાનું ધુંવાસ ડુંગરથી છેટું થઇ પડયું. હવે તો મારે દિવસરાત ભેરાઇ ગામના આંટા ખાવા પડે છે.]

રાણો કે' રહીયું નહિ તનડું ટેક ધરી,
કપરા જોગ કરી હાલીતલ હળવું પડયું. ૧૨

[રાણો કહે છે કે મારું શરીર કુંવરને વિસરવાનો નિશ્ચય કરીને પાછળથી ન રહી શક્યું. અને આવા વસમા સંજોગો ઉભા કરીને ચાલી નીકળનાર એ શરીર પોતાની જાતે જ હલકું પડયું.]

જીવ ઢંઢોળે ઝુંપડાં, જૂને નેખમ જાય,
ખોરડ ખાવા ધાય, (તોય) મન વાર્યું કરે નહિ. ૧૩

[મારો પ્રાણ કુંવરનાં જુનાં રહેઠાણોમાં જઇ જઇને સૂનાં ઝુંપડાં તપાસી રહ્યો છે. પરંતુ એ બધાં ખાલી ખોરડાં તો મને ખાવા ધાય છે. છતાં હૃદય એ કુંવરના નિવાસોમાં ભટકતું રોકાતું નથી.]

કાગા જમત હે આંગણે, ખનખન પથારા,
સાણા ! સાજણ કયાં ગયાં, મેલીને ઉતારા ? ૧૪

[એ છિન્ન ભિન્ન થઇ ગયેલાં ઝુંપડાંને આંગણે કાગડા ચણી રહ્યા છે. ઉતારાઓ અસ્તવ્યસ્ત પડયા છે. રાણો સાણા ડુંગરને પૂછે છે કે "હે ભાઇ, આ ઉતારા છોડીને મારાં સ્વજનો કયાં ચાલ્યાં ગયાં ?"]

ચોસર જેનો ચોટલો, નાક ભાતીલાં નેણ,
રાણો પૂછે રાવલને, કોઇ દીઠાં મુંજાં સેણ ! ૧૫

[હે રાવલ નદી ! જેનો ચાર સેરે ગુંથેલ ચોટલો છે, અને જેનાં નાક કાન તથા નેણ ધાટીલાં છે, એવી મારી સજનીને તેં કયાંયે જોઇ ?]

૩ : કુંવરની મનોદશા

સાણે વીજું સાટકે, નાંદે અમારા નેસ,
કુંવર બચ્ચું કુંજનું, બેઠી [1]બાળે વેશ. ૧૬

[સાણા ડુંગર ઉપર વિજળી ચમકારા કરે છે, અને અમારાં નેસડાં હવે તો નાંદીવેલા ઉપર છે. કુંજડીના બચ્ચા જેવી કુંવર બાળુડે વેશે નાંદીવેલે બેઠી છે.]

આભે ધારાળા કાઢીઆ, વાદળ ચમકી વીજ,
રૂદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ. ૧૭

[આસમાનમાંથી મેઘની ધારાઓ નીકળી. વાદળમાં વિજળી ઝબુકી. કુંવરના હૃદયને રાણો સાંભર્યો. કેમકે આષાઢ મહિનાની બીજ આવી.]

---

૧. 'બાળેવેશ' 'બાળુડે વેશ' એ પ્રયોગ રૂપાળી સ્ત્રીની પ્રશસ્તિ માટે થાય છે.

કોટે મોર કણુંકીઆ, વાદળ ઝબુકી વીજ,
રુદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ. ૧૮

[ગામડાંના ગઢ કોટ ઉપર અને ડુંગરાની ટોચ ઉપર મોરલા ટહુક્યા. આષાઢી બીજ આભમાં દેખાણી. હૃદયને રાણો યાદ આવ્યો.]

રામરામીયું રાણા ! (મને) પરદેશની પોગે નહિ;
છેટાની સેલાણા ! વસમી વાંગરના ધણી ! ૧૯

[હે વાંગર ગામના વાસી રાણા ! વટેમાર્ગુઓની સાથે મોકલેલા તારા રામરામ મને આઘેથી પહોંચતા નથી. છેટાની વાટો બહુ વસમી છે. આપણે ઘણાં દૂર પડયાં છીએ.]

[1]રાખડીયું રાણા ! બળેવની બાંધી રહી,
છોડને સેલાણા ! કાંડેથી કુંવર તણે. ૨૦

[ઓ રાણા ! ગઇ બળેવે તેં આવીને સીમમાં પીપળાને છાંયે મારે કાંડે રાખડી બાંધી હતી, તે એમની એમ રહી છે. હવે તો તું આવીને તારી રાખડી છોડી જા.]

છાનું છાનું વિજોગે ઝુરતી કુંવરનું શરીર શોષાવા લાગ્યું. ત્યારે એના પરણેલા પતિને વ્હેમ આવ્યો કે કુંવરના પેટમાં સારણગાંઠનો રોગ હશે. તેથી એ કુંવરના પેટ પર ડામ દેવા લાગ્યો. મુખેથી ચુપ-ચાપ રહી સહી લેતી કુંવર મનમાં મનમાં શું કહે છે :

સારણગાંઠયું સગા ! કાળજની કળાય નૈ,
(એનાં) ઓસડ અલબેલા રાણાની આગળ રીયાં. ૨૧

[હે નાદાન સગા, એ સારણગાંઠો તો કાળજાની અંદર ઉપડી છે. તને એ નહિ દેખાય; અને એની દવા પણ બીજા કોઇની પાસે નથી. એ ઓસડ તો રાણાની પાસે જ રહ્યું.

---

૧. શ્રાવણ વદી એકમના દિવસને બળેવ કહેવાય છે. તે દિવસે બ્હેનો ભાઇઓને કાંડે રક્ષા-બંધન (રક્ષણની આશિષોવાળો દોરો) બાંધે છે. આંહી રાણાએ કુંવરને રાખડી બાંધ્યાનું શી રીતે કહેવાયું છે તે સમજાતું નથી.

૪ : સાણા ડુંગરમાં રાણાની અંતર-વેદના

સાણે મન સૂતું નહિ, ધુંવાસને ધડે,
આવ્યું આંટો લે, રોતું મન રાણો ભણે. ૨૨

[રાણો બોલ્યા કરે છે કે મારું મન સાણામાં શાંતિથી સૂઇ ન શક્યું. કદાચ કુંવર ધુંવાસના ધડા નામના નજીકના ડુંગર પર હશે એમ સમજી હું ત્યાં ગયો. ત્યાંથી આંટો મારીને મારું રડતું મન પાછું આવીને પડયું છે.]

કુંવર ઉછળે ભલ ઉછળે, (તું) શીદ ઉછળ સાણા!
કાલ્ય કુંવર મનાવશું, (તું) પડયો રે'ને પાણા! ૨૩

કુંવર નેસ લઇને હાલી નીકળી ત્યારે એને સાણો ઉછળતો લાગે છે.

[હે સાણા ડુંગર! હે પત્થર! કુંવર મારાથી રીસાઇને આમ તેમ કુદકા મારતી નાસે છે, એને તો કાલે જ મનાવી લેશું. પણ એમાં તું શીદ ઉછાળા મારે છે!]

એક કાગડાને જોઇ પોતે પૂછે છે :

ક્યાંથી આવ્યો કાગ, વનરાવન વીંધે કરે!
કહેને કેડાક પાર, કિયે આરે કુંવર ઉતરી? ૨૪

[ઓ કાગડા! તું આ વન વીંધીને કયાંથી આવે છે? તેં કુંવરને ક્યાંયે દીઠી? કઇ નદીને આરે જઇને કુંવર ઉતરી છે?]

પાતળ પેટી, પીળરંગાં, પસવને પારે,
કુંવર કુંપો કાચનો, ઉતર્યાં કયે આરે! ૨૫

[પાતળા પેટવાળી છે, રંગ ચંપકવરણો—પીળો છે, 'પસવ' (હરણની જાતના પ્રાણી) જેવી સુંવાળી તો એની કાયા છે: કુંવર કાચના સીસા સરખી નાજુક છે, એવી કુંવર કયે કાંઠે ઉતરી છે હે ભાઇ કાગા!]

અને હે ભાઇ! કુંવરને એટલો સંદેશો દેજે કે

ગંર લાગી ગૂડા ગળ્યા, પેટે વધ્યો [1]પીચો,
કાગા ભણજો કુંવરને, રાણો સાણે રીચો. ૨૬

---

૧ પીચો : જળોદરનો રોગ.

[રાણાને તો ગિરનું પાણી લાગ્યું છેઃ એના હાથ પગ ગળી ગયા છે. એનું પેટ વધી ગયું છે, અને હવે તો રાણો સદાનો સાણે ડુંગરે જ રહી જશે, હવે મેળાપ નહિ થઇ શકે.]

આખી રાત ઉજાગરો કરતો કરતો રાણો વિચારે છે :

રાણા જોને રાત, પૃથમીને પોરો થિયો,
ન સુવે નીંદરમાંય, હૈયું કાંકણુહારનું. ૨૭

[હે રાણા! રાત્રિ તો પૃથ્વી આખીને વિશ્રામ લેવાનો સમય છે. તમામ જીવ જન્તુ ને માનવી પોઢી જાય છે, નથી સૂતું એક કંકણહાર નામનું પક્ષી. એને એકને ઝંપ નથી. એની માફક આ મારા હૃદયને પણ ઉજાગરા કરવા સરજાયા છે.]

આછર પાણી આંબડે, ચરવા કંકોળેલ કાસ,
મેયુંને નો મેલાવીયેં ડોળેસરનો વાસ. ૨૮

[આંબડા કુવાનાં આછાં તેલ જેવાં પાણી અને ચરવા માટે મીઠું ઘાસઃ એવો ડોળીઆ ગામનો વસવાટ મારી ભેંસોને મેં શીદ છોડાવ્યો !]

૫ : કુંવરનું ગુપ્ત આગમન, છેલ્લું મિલન, ને મૃત્યુ :

(તારી) દેહડી ઉપર ડામ, ચાભાડી, કેણે ચોડિયા !
કિયા વેરીનાં કામ, કાયા બગાડી કુંવરની ! ૨૯

[તારા દેહ ઉપર, ઓ ચભાડ આહિરની દીકરી ! આ ડામ કોણે દીધા ? એવો કયો વેરી વૈદ્ય મળ્યો કે જેણે તારી કાયા બગાડી દીધી ?]
કુંવર કહે છે :

રાણા! આજુની રાત, ભીંસી બથ ભરીએ નહિ,
હૈડાં કેરાં હાડ, કુંવરનાં કચરાઈ ગીયાં. ૩૦

[હે રાણા ! આજની રાત્રિ જોર કરીને બથ ન ભરીએ તો ઠીક. પરંતુ બન્નેએ ગાઢ આલિંગન ભર્યું. તેની ભીંસથી કુંવરનાં હાડકાં કચરાઇ ગયાં.]

કમો–વીકોઇ

આહિર જાતિનું આ જોડલું ક્યાંનું રહેવાસી હતું તે દોહાઓમાંથી નીકળતું નથી. કથા માત્ર આટલી જ પ્રચલિત છે: કમો બહારગામ ગએલો: પાછળથી એનો પરગામવાસી મિત્ર કાળો ઝાલ મહેમાન બનીને આવ્યો. કમાની વાટ જોઇ એક બે દિવસ રોકાયો. પછી ચાલ્યો ગયો. કમો ઘેર આવે છે. વિકોઇ એને મિત્ર આવી ગયાના સમાચાર આપે છે. નિર્દોષ ભાવે એ સ્ત્રી પતિની પાસે પતિના મિત્રનાં વખાણ કરે છે. રાત પડી. દંપતિ સૂતાં. ઓચીંતો કમો જાગી ગયો. એને અંદેશો પડયો કે સૂતેલી સ્ત્રી નીંદરમાં પણ 'વાહ કાળો ઝાલ! વાહ કાળો ઝાલ!' એવું ઝંખી રહી છે. સ્ત્રીના શિયળ પર પોતે વ્હેમાયો. જગાડી. કહ્યું કે "ચાલી જા કાળા ઝાલ પાસે. તું તો એને જ ઝંખી રહી છે."

વીકોઇનું અંતઃકરણ પવિત્ર હતું. એણે શુદ્ધ ભાવે કાળા ઝાલને વખાણેલો. કાળો તો એને મન ભાઇ સમાન હતો. ધણીના મનનો મેલ ધોવા એણે ઘણા કાલાવાલા કર્યા–ઘણું રડી. પણ કમાનો સંશય ટળ્યો જ નહિ. એણે વીકોઇને જોરાવરીથી ઘર બહાર કાઢી રઝળતી મૂકી દીધી. વીકોઇ કાળા ઝાલને ઘેર ગઇ. પોતાનાં વીતકો વર્ણવ્યાં. કાળાએ એને ધર્મની બ્હેન ગણી આશરો

આપ્યો. કાળાને આશા હતી કે કમો પસ્તાઇને કોઇક દિવસ તેડવા આવશે.

દોહાઓ માત્ર આટલા જ છે. બીજા ક્ષેપક હશે ખરા. પણ સાંગોપાંગ સાચી વાત ઉતારી આપે એવા સંપૂર્ણ દોહાની સંકલના જડતી નથી.

§

૧ : નિર્દોષ વીકોઈના કાલાવાલા

કીધી હોત કમા ! (તો) ધોખો મન ધરત નહિ,
સ્વપનામાંય સગા ! ઝંખી હઇશ કાળા આલ સું. ૧

[હે કમા ! મારે ને કાળા ઝાલને જીવનમાં તો કશો સંબંધ છે જ નહિ, પણ હું સ્વપ્ને ય જો એને ઝંખી હોત ને તું કાઢી મૂકતો હોત, તો મને માઠું ન લાગત.]

એવા કાલાવાલા કરતી વીકોઇ ઘરના આંગણામાં છાપરાંની વળી ઝાલીને ખસિયાણી પડી ગએલી ઉભી રહે છે.

વીકોઇ ! વળા મ ઝાલ્ય, વળે વાસીંગણું નહિ,
જઇ કાળો જુવાર્ય ! કમા મન કોળ્યું નહિ. ૨

[કમો એનો હાથ વળા પરથી ખસેડીને કહે છે : હે વીકોઇ ! ઘરના વળા ન પકડ. વળા પકડીને તું આંહી વાસ નહિ કરી શકે. હવે તો તું જઇને કાળા ઝાલને મારા જુવાર કહેજે. કમાનું મન હવે તારા તરફ નથી આકર્ષાતું; નથી ખીલતું.]

સારૂં સારડીએ પાંજર મારૂં પીંગલાં
ફરતું ફુદડીએ ન જાઉં કાળા ઝાલસું. ૩

[તું કહે તો હું શારડી વતી મારા હૃદય–પીંજરને ફરતાં છેદ પાડી નાખું. પણ હું કાળા ઝાલને ઘેર એની સ્ત્રી બનીને તો નહિ જાઉં.]

[1]ક્રમા ! કાઢી મ મેલ્ય, કાઢયે કાઢેડુ કેવાઈં,
પાલી અમણું પેટ, અધવાલીએ ઉકેલશું. ૪

[વીકોઇ વિનવે છે : હે ક્રમા, તું મને કાઢી ન મૂક. કાઢી મૂકવાથી હું 'કાઢેડુ' ગણાઇશ. એ કરતાં તો તું મને તારી દાસી થઇને આંહી રહેવા દે. મારું પેટ એક પાલી જેટલું અનાજ માગે છે, પણ તું અરધી પાલી આપીશ તો તેટલેથી હું પેટગુજારો કરીશ.]

સગા ! લેને સાચ, કડામાં તેલ ઉનાં કરી,
પંડ્યમાં હશે જો પાપ, ઝાળું અંગડે લાગશે. ૫

[હે સ્વજન ! તું કડાઇમાં તેલ ગરમ કરીને મારું સત્ય લઇ જો ! એ ઉના તેલમાં હું બેસું. જો મારા દેહમાં પાપ હશે તો અંગે જ્વાળાઓ લાગશે, નહિ તો મને એ તેલનો શીતળ સ્પર્શ થશે.]

પાલરને પણુગે નવખંડ નીલો થાય,
વીકોઇની વિનતિએ ક્રમા મન કોળ્યું નહિ. ૬

[વરસાદના થોડા છાંટા વરસે તો તેથી નવે ખંડ પૃથ્વી લીલી થઇ જાય—આખી પૃથ્વી પર વનસ્પતિ ઉગી જાય; પરંતુ ક્રમાનું મન તો એ પૃથ્વીથી યે કઠોર, એટલે વીકોઇની આટલી બધી આજીજી વરસાવા છતાં યે લગારે લીલું ન થયું.]

સગતળિયું સગા ! (કું તો) ઇડરગઢથી આણીએં,
(એથી) કુણેરિયું ક્રમા ! (કું તો) કાળજથી કઢાવીએં. ૭

[હે સગા ! તું કહે તો હું તારા પગના જોડાની સગતળીઓ છેક ઇડરગઢથી મગાવી લઉં, ને એથી પણ વધુ સુકોમળ જોઇતી હોય તો મારા કલેજામાંથી ચામડી કાઢીને તારા પગની સગતળીઓ બનાવી આપું.]

પાઠાન્તર—

૧: ક્રમા ! અમું મ કાઢય, ઘરમાંથી ધાંધાં કરી,
હરચંદવાળાં હાડ, ક્રમા ! તેં હાથે કર્યાં.

૨: ક્રમા ! કાઢી મ મેલ્ય, ઝાંખુંથી મને ઝાટકી,
ઉપાડી દેયે હેલ્ય ક્યે વન જઇ વરતશું !

૨ : પરતાએલા કમાનો વીકોઇની પાછળ રઝળપાટ

વીકોઇ વહે ઉતાવળી, નદીએ ઓળાં નીરૂ
ચાળો લગાડ્યો છીપરે, વીકોઇ ધોઈ ગઇ ચીર. ૮

[કમો મિત્રને ગામ નદીકિનારે આવ્યો : જોયું તો વીકોઇ હોટાહોટ ગામ તરફ ચાલી જતી હતી. નદીમાં ભરપૂર નીર વહેતાં હતાં. જે છીપર ઉપર વીકોઇ કપડાં ધોઇ ગઇ, તે છીપર ઉપર જઇને કમો ઉભો રહ્યો. એનું દિલ છીપર (શિલા) પર લાગી ગયું. કેમકે વીકોઇએ એના ઉપર લૂગડાં ધોએલાં.]

[1]નહિ સાબુનો સંઘરો ! નહિ નીર તમારે નેસ,
કમા ! મેલે લૂગડે વળી નીકળ્યો વદેશ ! ૯

[પાદરની પનીઆરીઓ કુવાકાંઠે હભી ઉભી મશ્કરી કરવા લાગી. કે શું તારે ઘેર સાબુ નથી ને ગામડે પાણી નથી ? એટલે જ ઓ કમા ! તું ગંદે કપડે વિદેશે ચાલી નીકળ્યો જણાય છે.]

સાબુનો સંઘરો ઘણો, નીર ઘણાં અમ નેસ,
[2]ઉજળાં કેને દેખાડીએ (મારી) વીકોઇ ગઇ વદેશ. ૧૦

[કમો જવાબ આપે છે: સાબુ તો મારે ઘેર ઘણો છે, મારે ગામડે પાણી પણ બહોળું છે. પરંતુ હું મારા કપડાં ઉજળાં કરીને કોને બતાવું? મારી વીકોઇ તો વિદેશે ચાલી ગઇ છે. એના વિના મને સારાં વસ્રો કેમ ગમે !]

વીકોઇ વગે રોય મોકળિયું મેલે કરે
કમા જેહડો કોય (હવે) સગો સાંપડશે નહિ. ૧૧

[હે વિકોઇ ! હવે તું ઉર્મીઓ છુટી મૂકીને રોઇ લે. કેમકે હવે કમા જેવો સગો તને કોઇ નહિ સાંપડે.]

---

૧. પાઠાન્તર : નહિ સાબુનો સંઘરો, નહિ નદિયુંમાં નીર
કમો મેલે લુગડે, જાણું ભમતો ફકીર.

૨. પાઠાન્તર—'ઓઢી પેરી કેને દેખાડીએ.'

રતન ગયું રોળ

સોરઠના ગિરકાંઠાનાં વાસી કોઇ ચારણ–ચારણી મુલકમાં દુષ્કાળ પડવાથી પોતાની ભેંસો હાંકી પરમુલક ગએલાં. ચોમાસું બેસતે, દેશમાં સારો વરસાદ પડયાના સમાચાર સાંભળી બન્ને જણાં હર્ષાતૂર હૃદયે ભેંસો હાંકીને મુલકમાં ઉતર્યા. વચ્ચે કોઇ એક પોરસાવાળા નામે રાજપૂતનું ગામડું આવ્યું. પોરસાવાળાનો આશરો મળે તો એજ ગામમાં રહેઠાણ કરવાની બન્નેની ઇચ્છા હોવાથી ચારણ પોતાની સ્ત્રીને ભેંસો સાથે નદીમાં ઉભી રહેવાનું કહી ગામમાં ગયો. ત્યાં રોકાણ થઇ ગયું. પાછળથી નદીમાં પૂર આવ્યું. ચારણી અને પશુ તણાઇ ગયાં. એ દિવાની અવસ્થામાં એણે સ્ત્રીના વિયોગની વેદના દોહા વાટે ગાયા કરી. કહેવાય છે કે એની માનસિક ઘેલછા મટાડવા માટે પોરસાવાળાએ એ જ મૃત ચારણની જુવાન બહેનને લાવી, એવા જ પોશાક પહેરાવી, વળતા વર્ષની એ ઋતુમાં, એવો જ સમય શોધી, નદી વચ્ચે ઉભી રાખી, ને પછી 'પૂર આવ્યું' પૂર આવ્યું !' એવી એવી બૂમો પડાવી. ઘેલા ચારણને નદીતીરે લાવ્યા. નદી વચ્ચે ઉભેલી તે પોતાની જ ચારણી છે એવા નવા ભ્રમને લીધે ચારણની જૂની ઘેલછા છુટી ગઇ.

આ ઘટનાનાં સ્થળ, સમય, કે સાચાં નામો જડતાં નથી. માત્ર 'પોરસો' દોહામાં મશહૂર થયો છે.

§

જવ જેટલાં જાળાં, વાળા મું દ્યો વતન,
તો આણીએ ઉચાળા પાદર તમણે પોરસા ! ૧

[હે પોરસા વાળા ! મને જો જરાક જેટલાં જમીનનાં જાળાં કાઢી આપો તો હું આંહી તમારે પાદર રહેઠાણ કરીને મારી ઘરવખરી લઈ આવું.]

મેં આવો ઉતારો કર્યો જબ્બર વસીલો જોય,
(પણ) કામણગારૂં કોય પાદર તારૂં પોરસા ! ૨

[હે પોરસાવાળા ! તારા સરખો મોટો આશ્રયદાતા જોઈને મેં ઉતારો કર્યો. પણ તારા ગામનું પાદર તો કામણ કરીને મારી જીંદગી સંતાડી બેઠું છે.]

કુતું તે હારાવિયો, ખરીનો બેઠો ખોઈ,
(એવું) કામણગારૂં કોઈ પાદર તારૂં પોરસા ! ૩

[હે પોરસાવાળા ! તારૂં પાદર એવું તો કામણગારૂં, એવું જાદુ કરનારૂં, કે મુજ ગરીબની જે મૂડી હતી તે હું આંહી ગુમાવી બેઠો. મારા જીવનનો ખજાનો ચોરાઈ ગયો.]

કુતું કામળની કોર, છેડેથી છૂટી પીયું,
રતન ગીયું રોળ, પાદર તારે પોરસા ! ૪

[હે પોરસા વાળા ! અણસમજુ ગામડિયો ગોપજન જેમ પોતાને મળેલા એકના એક રત્નને કામળીની કોરે ગાંઠ વાળીને બાંધી રાખે, પણ ઉનની કામળીની ગાંઠ સારી વળે નહિ, ઓચીંતી એ છેડે વાળેલ ગાંઠ છૂટી જાય, ને રત્ન રોળાઈ જાય; એ જ રીતે મેં અણઘડે મારી રત્ન જેવી ઘારણીને કાળજી કરીને સાચવી નહિ. નદીના પટમાં જતી રાખી ! મારી બેદરકારીથી હું એને આજ તારા પાદરમાં ગુમાવી બેઠો.]

સાથે હો સંગાથ, (કોઇ) વણીઆવ આવ્યાં વરતવા,
(ત્યાં_તો)આખાં રણુમાં રાત, પાદર તારે પોરસા ! ૫

[અમે વિદેશી વટેમાર્ગુ જીવતરની સંગાથી બીને સાથે લઇ તારે આંગણે ગુજારો કરવા આવ્યાં. ત્યાં તો ઓ પોરસા વાળા ! તારા પાદરમાં જ અમને તો અંતરિયાળ રાત રાખી દીધાં.]

ઓચીંતાં આવે, મધરાતે વાદળ ગાજ્યાં,
(મારૂ) રતન ગ્યું રેલે, પાદર તારે પોરસા ! ૬

[જીવનની અધરાત થઇ ગઈ તે ટાણે ઓચીંતાં જાણે વાદળ વરસ્યાં, ને મારૂં રતન તણાઇ ગયું.]

કાયા કંકુની લોળ, (અમે) સાંચવતાં સોનાં જી,
પડયાં શંકને રોળ, પાદર તારે પોરસા ! ૭

[કંકુની પૂતળી સરખી એ પ્રિયતમાની કાયાને હું સોના સરખી મહામૂલી ગણીને જાળવતો હતો. ત્યાં તો હું ગરીબ આદમી તારા પાદરમાં આવીને લૂંટાઈ ગયો. મારૂં સાચવેલું ધન રોળાઇ ગયું.]

બેઠલ બખ્ય કરે, સાંસલેલ સાંસા જી,
(ત્યાં તો) ફડકયું લે ફાળે, પાદર તારે પોરસા ! ૮

[હે પોરસાવાળા ! શિકારીથી ત્રાસીને નાસેલ, શ્વાસભર્યું સસલું જેમ પોતાની નાની શી બખોલ કરીને તેની અંદર શિકારીઓથી ગુપ્ત પડયું રહે, તેમ હું પણ મારી ચારણીરૂપી ગરીબ બખોલમાં છાનો-માનો વિસામો લેતો હતો. એમાં કાળરૂપી શિકારીની ફાળ પડી, મારૂં વિસામાનું ધામ છૂટી ગયું, ને હું હવે એ કાળની મોખરે, શિકારીની આગળ નિરાધાર સસલો દોડે તેમ દોડી રહ્યો છું.]

દલને ડામણુ દે, ઉલળ ઉંટ વારે,
રીઝું સાલ્ગું ઘે પાદર તારે પોરસા ! ૯

[મારા દિલને જાણે કે હવે ડામણુ (બેડી) પડી છે. પગે ડામણુ નાંખે ટોળાથી વછૂટા પાડેલા ઉંટની માફક એ એકલી ભમેલું છે. અને

હે પોરસા ! એવા વિખૂટા પડેલા ઉંટની માફક મારું બંદીવાન અંતઃકરણ તારે પાદર એકલ દશામાં ઉણું ઉણું પોકાર કરે છે. વિયોગી દિલને ઉંટની ઉપમા આપવાનું કારણ એ છે, કે મનુષ્ય કરતાં પશુનો, અને તેમાં પણ ઉંટનો *Herd–Instinct* સમૂહ–સ્નેહ એટલો બધો પ્રબળ છે કે ઉંટના આખા ટોળામાંથી એક ઉંટને વિખૂટું પાડીને જ્યારે માલધારીઓ એને પગે બંધ બાંધી રોકી લે છે, ત્યારે એ એકાકી ઉંટ ઉણું ઉણું, સાંભળનાર સર્વ કોઇનું હૃદય ભેદાય તેવું આક્રંદ કરે છે, અને એની આંખોમાં તે વેળા ચોધાર આંસુ ચાલતાં હોય છે. જાણકાર માલધારીઓએ કહેલી આ કથા છે.]

કુવાને કાંઠે, હલ મારૂં ડોકાય;
(પણ) જોયે તરસ્યું ન જાય, પીધા વિણુની પોરસા ! ૧૦

[તરસ્યો માનવી કુવાને કાંઠે ઉભો રહીને પાણીમાં ડોકિયાં કરે, તેથી એની તરસ કદિ છીપતી નથી. તેવી રીતે હે પોરસાવાળા, મારૂં હૃદય તરસે વલવલતું, એ પ્રિયાના સ્મરણ રૂપી કુવામાં ડોકિયાં કરે છે. પરંતુ એનાં રૂપગુણનાં નીરને પીવાનો વખત તો હવે ચાલ્યો ગયો.]

બાવળ ને ઝાડ જ બીઆં વાધે નીર વન્યા,
(પણ) પણ કેળ્યું કોળે ના પાણી વણુની પોરસા ! ૧૧

[હે પોરસા વાળા ! બાવળ જેવાં બળવાન અને કઠોર ઝાડ તો પાણી વિના ઉછરે. પણ કેળ જેવી કોમળ વનસ્પતિને તો અતિશય પાણીનું સીંચન જોઇએ. તેવી રીતે અનેક જોરાવર હૃદયના માનવી પ્રેમજળ સિવાય જીવી શકે, પણ હું કેળ જેવો કોમળ હૃદયનો જીવ મારી સ્ત્રી વગર શી રીતે જીવું !]

વવારીએં વાળા, તળીએ ટાઢક જોય,
(પણ) કેળ્યું કોળે ના, (ફુંદી) પાણી વણુની પોરસા ! ૧૨

[હે પોરસા દરબાર ! તું કહે છે કે હું ફરીવાર પરણું. મારા સ્નેહરૂપી ઝાડને તું કોઇ ટાઢું પાણીવાળું તળ જોઇને–એટલે કે કોઇ સ્નેહભર્યું પાત્ર જોઈને રોપવા માગે છે, પણ હે બાપ ! મારો સ્નેહ તો કેળના રોપ સરીખો કોમળ છે. એને ઉપરથી પાણી પાયા વિના કોળાવી નહિ શકાય. એને તો મરનાર ચારણીનું જ કુપજળ પીવા જોઇએ.]

તરસ્યાં જાય તળાવ (ત્યાં તો) સરોવર સૂકે ગયાં;
અગનિ કીં ઓલાય પીધા વિણુની પોરસા! ૧૩

[હે પોરસા વાળા! તરસ્યા થઈને અમો સરોવર તીરે ગયાં, ત્યાં તો છલોછલ ભરેલું સરોવર અમારી આંખો સામે પલકવારમાં સૂકાઈ ગયું. હવે પાણી પીધા વગર મારા અંતરની પ્યાસની જ્વાલા શી રીતે ઓલવાય ?]

હેયું હિયાડે, સાંચવતાં સોનાં જી'
રોળાણી રાંખાડે, પાદર તારે પોરસા! ૧૪

[દિવસો દિવસ અમે જે પ્રિય દેહને સોનાની માફક સાચવતાં હતાં તે આજ તારે પાદર રાખમાં રોળાઇ ગઈ, ઓ પોરસાવાળા!]

સુઘડ હેતાળી સુંદરી, સુખની છાકમછોળ
(હવે) ઘોખા ને ધમરોળ, પાદર તારે પોરસા! ૧૫

[એવી ચતુર અને સ્નેહાળ સુંદરીના સાથમાં મારે સુખની છોળો છલકતી, પણ હવે સ્રી મરતાં તો હે પોરસાવાળા! તારા પાદરમાં મારે જીવતરભરના ક્લેશ અને કષ્ટના ધમપછાડા જ રહ્યા.]

તરિયા ગઈ, તૃષણા રહી હૈયું હાલકલોલ
રતન ગીયું રોળ પાદર તારે પોરસા! ૧૬

[હવે તો હે પોરસાવાળા! જીવતરમાંથી જન્મ-સંગાથી સ્રી ચાલી ગઈ, મનમાં સંસાર-સુખની વાંછના હતી તે અણપૂરી રહી ગઈ, અંતઃકરણ આ ભાવસાગરમાં તૂટેલી નૌકા સરીખું ડામાડોળ સ્થિતિમાં પડી ગયું, કેમકે તારા પાદરમાં મારૂં અમુલખ રત્ન રોળાઇ ગયું.]

સૂતલ સખ કરે, કણુકણુતું કુંજાં જી'
માર્યું મધરાતે પાદર તારે પોરસા! ૧૭

[હે પોરસા વાળા! કુંજડ પક્ષીઓની રીત છે કે રાતે ક્યાંઇક આખું વૃંદ ઓથ શોધીને આરામ કરે અને ચાર કુંજડાં વારા ફરતી ચોકી રાખે. સૂતાં સૂતાં કુંજડાં લ્હેરથી ઝીણું ઝીણું કણુકયા કરે. આવી લ્હેરથી મારૂં હૃદય-પક્ષી પણ પોઢયું હતું. ત્યાં તો બરાબર મધરાતની ભરનિદ્રામાં શિકારીએ એને તીર માર્યું.]

ભાંભરતું વાછરડું વાળા! ભળાય
(પણ) થર આતમ નો થાય, પરસ્યા વણુનો પોરસા! ૧૮

[હે પોરસા વાળા ! ગાય પોતાના વાછરડાને પોતાની સન્મુખ જ બાંધેલું જોતી હોય, છતાં પણ એને પોતાની જીભથી સ્પર્શ કર્યા વગર એ માતાનો જીવ ઠરતો નથી, તેમ મારા હૃદયને પણ મારી પ્રિયાના સ્મરણ માત્રથી જ શાંતિ નથી વળતી.]

ઉડી મન આંબર ચડે ચકવાં જીં સહાય,
(ત્યાં તો) કઠ્ઠરી રાત કળાય પોહ ન ફાટે પોરસા! ૧૯

[સંધ્યાકાળથી જ વિખૂટાં પડીને નદીનાં સામસામાં કિનારા પરથી બેઠેલાં ચક્રવાક પક્ષીનાં નર માદા જેમ રાતમાં વારંવાર ઉડી ઉડીને અંબર (આકાશ) પર ચડી જોયા કરે કે સૂરજ ઉગ્યો છે? પ્હો ફાટી છે? એ રીતે મારૂં હૃદય-ચકવું પણ વારે વારે નજર કરે છે કે આ વિયોગ-રાત્રિનો અંત છે ખરો! પણ મારે તો મિલનનું પ્રભાત પડતું જ નથી. (ચક્રવાક પક્ષી અને ચક્રવાકી આખો દિવસ સંગાથે રહે, પણ સંધ્યાકાળે કુદરતી રીતે જ એને વિખૂટાં પડી આખી રાત જળાશયની સામસામી પાળે પરસ્પર ચીસો પાડતાં પાડતાં ગુજારવી પડે, એવી માન્યતા પ્રચલિત છે)]

અમારા ઉડે ગીયા અદ્ધર ઉચાળા,
(હવે) વીસમશું વાળા, પેલા ભવમાં પોરસા! ૨૦

[હે પોરસા વાળા! મારા ઉચાળા (સર સામાન) અદ્ધરથી ઉડી ગયા. હવે તો આવતા જન્મમાં જ વિશ્રામ પામશું.]

રાણક—રા' ખેંગાર

કોઇ રાજાને ઘેર કુંવરી જન્મી. રાજાએ જોષ જોવરાવ્યા. જોષીઓએ ભાખ્યું કે આ કન્યા અવજોગમાં અવતરી છે, એથી કાં એનાં માતાપિતાનો અથવા એના પતિનો એ નાશ કરાવશે. રાજાએ કન્યાને ચુંદડીમાં વીંટાળી ગામની બહાર ખાડામાં નાખી દેવરાવી. દૈવયોગે કોઇ કુંભાર ત્યાં માટી ખોદવા આવતાં જીવતું બાળક દીઠું. માન્યું કે પ્રભુએજ મારૂં વાંઝીઆપણું ભાંગવા આ બાળક મોકલ્યું હશે. ઘેર લઇ ગયો, પાળી મોટી કરી. રાણકદેવડી નામ પાડ્યું. રાણક જુવાન બની છે, ભારી રૂપવતી છે તે વખતે જુનાગઢ ઉપર રા' ખેંગાર રાજ કરે છે, ને ગુર્જર પાટણ ઉપર સિદ્ધરાજ જયસિંહ. રાણક અને એનાં કુંભાર માતાપિતા જુનાગઢની પાસે મજેવડી ગામમાં રહેતાં હોવાનું કહેવાય છે.

એક દિવસ પાટણમાં સિદ્ધરાજને ઘેર ભાટ આવ્યા. તેઓએ જમતાં જમતાં નિસાસો નાખી કહ્યું કે "રાજા, તારા ઘરમાં પદ્મિની સ્ત્રી નથી." રાજાના મોકલ્યા એ ભાટો સોરઠમાં ઉતરી, સુંદરી રાણકનાં વખાણ સાંભળતા સાંભળતા મજેવડી જઇ રાણકને તપાસે છે, પદ્મિનીનાં પૂરાં લક્ષણો દેખે છે, રાણકના જન્મની ખરી વાત નક્કી કરે છે. સિદ્ધરાજનું વેવીશાળ રાણક વેરે કરાવી પાછા પાટણ સીધાવે છે.

આ વાતની ખબર વિનાનો ખેંગાર એક દિવસ ઘોડેસ્વારીમાં એકલો ભમતો એકલી રાણકને કોઇ કુવા કાંઠે મળે છે. બન્ને વચ્ચે પ્રીત બંધાય છે, પરણીને પોતાને મ્હેલે તેડી જાય છે.

સિદ્ધરાજ અને ખેંગાર વચ્ચે આ બનાવે મોટું વેર જગાવ્યું. ગુર્જરપતિએ જુનાગઢને ઘેરો ઘાલ્યો. જુનાગઢનો કિલ્લો તો અજેય હતો, પણ ખેંગારની એક મોટી ભુલ થઇ: પોતાને ઘેર આશ્રિત થઇને રહેલા પોતાના દેશળદેવ ને વીશળદેવ નામના બે ભાણેજોમાંથી એક દિવસ વીશળદેવને ખેંગારે એક ઉંચી જાતનો મદિરા રાણકને આપી આવવા માટે એકલો અંતઃપુરમાં મોકલ્યો. વીશળદેવ એક તો મદિરા પીને ગયેલો, તેમાં વળી રાણકે અને પોતે રાણીવાસમાં પરસ્પર મદિરા–પાન કરાવ્યું. બન્ને યુવાન હતાં. ચકચૂર બન્યાં અને બેભાન હાલતમાં એક જ હીંડોળા પર ઢળી પડયાં.

ખેંગારે આવીને આ દૃશ્ય જોયું, વ્યાપેલા રોષને શમાવી રાખી, બન્નેની ઉપર પોતાની પાંભરી ઓઢાડી, અને સામેના સ્થંભ પર પોતાનો કટાર હુલાવી એ ચાલ્યો ગયો. નશો છૂટતાં જાગી ઉઠેલાં મામીભાણેજે પોતાની ભૂલ અને ખેંગારની નિશાનીઓ દીઠી. વીસળદેવ ખેંગાર પાસે કરગર્યો. ખેંગારે એને રાજ બહાર કાઢી મૂકયો. કિનાખોર વીસળદેવે શત્રુને મળી જઇ, દગાબાજીથી દરવાજા ઉઘડાવી, શત્રુસૈન્યને જુનાગઢમાં દાખલ કરી દીધું. ખેંગારને માર્યો, જુનાગઢને રોળી નાખ્યું, રાણકને ઉઠાવી સિદ્ધરાજ પાટણ ભણી ચાલ્યો. સતી રાણકે સિદ્ધરાજ સાથે પરણવાની ના કહી, પોતાના બે દીકરાને શત્રુએ એની આંખો સામે કાપી નાખ્યા તેથી પણ રાણક ન ડગી, ને આખરે એ વઢવાણ શહેરની ભોગાવો નદીના પટમાં ખેંગારના માથા સાથે ચિતા પર ચડી બળી મરી. કહે છે કે રાણકને સતી થવા માટે કોઇએ એક અંગાર જેટલો પણ અગ્નિ ન આપવો એવી દુહાઇ ફેરવી હોવાથી રાણક પોતાના સતીત્વના પ્રતાપે વેકુરીમાંથી સ્વયંભૂ અગ્નિ પ્રગટાવી બળી હતી.

આ ઇતિહાસ ઇ. સ. ૧૧૦૦ની આસપાસ બન્યો બોલાય છે. રાણક મૂળ સિંધના કેરાકોટ નગરના રાજા રોરને ઘેર જન્મી હોવાનું મનાય છે.

§

૧ : વેવીશાળ

સિદ્ધરાજનું વેવીશાળ જ્યારે બારોટો કુંભાર ઘરની પાલિત કન્યા રાણકદેવડીની સાથે કરીને પાટણ આવ્યા ત્યારે સિદ્ધરાજ કોપાયે હતો. તેનો રોષ શમાવવા બારોટોએ આ રીતે સાચી કથા કહી :

આંગણ આંબો રોપિયો, શાખ પડી ઘરબાર,
દેવે ઉપાઈ દેવડી, કેંમ ભણો કુંભાર ! ૧

[આંબાને વાવ્યો હોય આપણાં આંગણામાં, પણ એની બહાર ઢળતી ડાળી પરથી કોઇ પાકેલ કેરી આંગણાની બહાર રસ્તા પર પડી ગઇ હોય, તેવી જ રીતે રાણકદેવડીને પણ દેવે (ઈશ્વરે) તો ઉચ્ચ રજપૂત કુળમાં જ ઉત્પન્ન કરી હતી, પણ એ સંજોગવશાત રાજકુળની બહાર કુંભારને હાથ જઇ પડી. તેથી એ પણ પેલી કેરીની માફક જ ઉચ્ચ મટી નથી જતી. માટે એને કોઇ કુંભાર ન કહેજો ।]

ચોરી રચિયલ ચાર, ગોખે જે ગરવા તણે;
કાંડે લઇ કંસાર ખેંગારે ખવરાવિયો. ૨

[ગિરનારને (ઉપરકોટને) ગોખે લગ્નની ચોરી રચાઇ. (બન્ને પરણ્યાં). ખેંગારે તો લગ્ન મંડપની અંદર રાણકને પોતાના હાથથી કંસાર ખવરાવવાની વિધિ પણ કરી નાંખી. પૂરેપૂરું પાણિ-ગ્રહણ કરી લીધું.]

સોપારી શ્રીકાર, પાન કોડીનારનાં,
બીડું બીજીવાર ખેંગારે ખવરાવિયું. ૩

[પછી તો ખેંગારે રાણકને કોડીનાર ગામની નાગર-વેલનું પાન તથા સુંદર સોપારીવાળું તાંબુલનું બીડું પણ ખવરાવ્યું. (બીડું ખવરાવવાની વિધિ પણ રજપૂતના લગ્નમાં થતી હતી.)]

પરણીને ખેંગાર રાણકદેવડીને મજેવડીથી: જૂનાગઢમાં તેડી લાવ્યો. પરંતુ નગરમાં પેસતાં જ અપશુકન થયું:

૨. ખેંગાર સાથે લગ્ન

પ્રથમ પરોળે પેસતાં, થીયો ઠકવો ને ઠેશ,
(કાં) સૂનો સોરઠ દેશ ! (કાં) રંડાપો રાણકદેવીને ! ૪

[ગઢની પરોળ(દરવાજા)માં પેસતાં જ રાણકને પગે ઠોકર આવી. વ્હેમ પડયો કે કાં તો સૌરાષ્ટ્ર દેશ ઉજ્જડ થશે, કાં મારો પતિ મૃત્યુ પામશે. હું વિધવા થઇશ.]

પોતાની વિવાહિત કન્યાને ખેંગાર પરણી જવાથી: ગુર્જરપતિ સિદ્ધરાજ જેસંગ કોપાયે:.

જેસંગદેવે જાય, ધારાનગર ઢંઢોળિયો
કપરો તે કે'વાય, ખેંગારસું ખેધો મ કર ! ૫

[જયસિંહ સિદ્ધરાજે જઇને ધારાનગરીના રાજાને હરાવ્યો. પણ એણે કહ્યું કે જુનાગઢ પર ચડવું એ કઠિન કામ છે. હે જયસિંહ ! ખેંગાર સાથે વેર ન કરજે.]

બાવન હજાર બંધિયા, ઘોડા ગઢ ગિરનાર
કેમ હઠે સોરઠ-ધણી ખેહણુ-દળ ખેંગાર ? ૬

[ગઢ ગિરનાર (જુનાગઢ)ના રાજાને ઘેર તો બાવન હજાર ઘોડેસવારોની સેના રહે છે. એવો સૌરાષ્ટ્રસ્વામી, એવો મહાન દળવાળો ખેંગાર કેમ હઠશે ?]

૩. ખેંગાર પાસેથી મદિરાની ભેટ લઇ દેસળનું અંતઃપુરે જવું: મતિ ભૂલેલી દેવડીનું નશામાં ચકચુર થવું: મામો-ભાણેજનું બેહોશ હાલતમાં એક જ હીંડોળે હળી પડવું. સ્થંભ પર કટાર મારીને ખેંગારનું ચાલ્યા જવું : દેવડીનું જાગવું.

થંભ કટારો થરહર્યો, વરમંડ પૂગી વરાળ,
ઉઠને ભાણેજ દેશળા ! કોપ્યો રા' ખેંગાર. ૭

[રાણક દેસળને જગાડે છે: ઓ ભાણેજ દેશળ! તું ઊઠ. જો આ સ્થંભ પર કટાર ખૂતેલ છે. ખેંગાર કોપ્યો લાગે છે. એના દિલની વરાળ છેક મસ્તકને તાળવે (અથવા વ્યોમમાં) પહોચી લાગે છે.]

ખેંગાર દેશળને ફિટકાર દઇ ચાલ્યા જવા કહ્યું. દેશળ કરગરે છે:

નથી મેં ઘોડા ગૂડિયા, નથી ભાર્યા ભંડાર
નથી મેં માણી દેવડી, ઓળંભા મ દે ખેંગાર! ૮

[હે ખેંગાર! મેં નથી તારા ઘોડા માર્યા. નથી તારા ખજાના છુપાવ્યા. રાણકદેવી પર મેં કુદૃષ્ટિ નથી કરી. તું મને ઉપાલંભ (ઠપકો) ન આપ.]

ખેંગાર ન માન્યો. દેશળને દેશવટો દીધો,

૪. સિદ્ધરાજની સેના જુનાગઢને ઘેરો ઘાલે છે. રાજમાતા મીણલદેવીના તંબુ ઉપરકોટની બહાર ખેંચાયા છે. કવિ મીણલ અને રાણક વચ્ચે વિવાદ થયાની કલ્પના કરે છે.

કવણ ખટકાવે કમાડ! મેડી રાણકદેવની;
જાણશે રા' ખેંગાર, (તો) ત્રાટક કાન જ ત્રોડશે. ૯

[રાણક પૂછે છે: આંહી મારા આવાસનાં કમાડ કોણ ખખડાવે છે? જો ખેંગાર જાણશે તો ખખડાવનારના કાન તોડી નાખશે.]

મારો મેંઢો લાડકો, આયો ગઢ ગરનાર,
મારી રા ખેંગાર, ઉતારવી રાણકદેવને. ૧૦

[મીણલદેવી કહે છે: મારો લાડકવાયો પુત્ર ચઢીને ગઢ ગિરનાર પર આવ્યો છે. રા' ખેંગારને મારીને અમારે રાણકને ઉતારવી છે.]

*અમારા ગઢ હેઠ, કેણે તંબુ તાણિયા !
સધરો મોટો શેઠ, બીજા બાધા વાણિયા ! ૧૧

[રાણક પૂછે છે : અમારા ગઢ નીચે કોણે તંબુ તાણ્યા છે ? શું એક સિદ્ધરાજ જ મોટા શેઠીઓ છે, ને બાકીના સર્વને જગતમાં પામર વાણીઆ સમજો છો ?]

વાણીઆના વેપાર જાતે દા'ડે જાણશો !
મારશું રા'ખેંગાર, ઉતારશું રાણકદેવીને ! ૧૨

[મીણલ જવાબ આપે છે : હા હા, રાણક ! તું અમને વેપારીડા વાણીઆ કહે છે; અમારો વેપાર કેવી તરેહનો છે તે તો તું થોડા દિવસ પછી જાણીશ. રા' ખેંગારને મારીને તને અમે ઉપરકોટ પરથી ઉતારીશું.]

ઝાંપો ભાંગ્યો, ઝડ પડી, ભેળ્યો ગઢ ગિરનાર,
દૂદો હમીર બે મારિયા, સોરઠના શણગાર. ૧૩

[જુનાગઢનો દરવાજો ભાંગી ગયો. એમાં ચીરાડ પડી ગઢ ગિરનાર ઉપર શત્રુ–સેના ફરી વળી. દૂદો અને હમીર નામના બન્ને દ્વારપાળો, કે જે સોરઠરાજના શણગાર રૂપ યોદ્ધાઓ હતા, તેને મારી પાડ્યા.]

---

*આ દોહાની પ્રાચીનતા પુરવાર કરતો જૂની ગુજરાતી ભાષાનો દોહો 'મેરૂતુંગસૂરિના પ્રબંધ ચિન્તામણિ'માંથી જડે છે :

રાણા સવ્વે વાણિયા, જેસલુ બડુઉ સેઠિ,
કાહૂં વણિજડું માણ્ડીયઉ, અમ્મીણા ગઢ હેઠિ.

આ પ્રબંધ ચિન્તામણિ ગ્રંથ સં. ૧૩૬૧માં રચાએલો છે : [જૈન ગુર્જર કવિઓ : પાનું ૨૫૬] તેની અંદર દૃષ્ટાંત તરીકે ટાંકેલા આ દોહા એથી પણ જૂના તો હોવા જ જોઈએ. સં.

૫. રાણકનો વિલાપ અને સિદ્ધરાજ સાથે બળાત્કારે પ્રવાસ

રાણકદેવીની સમક્ષ ખેંગારનું શબ લાવવામાં આવે છે. તેને નિહાળીને રાણક આનંદ અને ગર્વથી ઉચ્ચારે છે :

વાયે ફરકે મૂછડી, રયણ ઝબૂકે દંત,
જુઓ [1]પટોળાં વાળિયું ! [2]લોબડિયાળીનો કંથ. ૧૪

[મારા સ્વામીની મૂછોના વાળ વાયરાની લહરમાં ફરફરી રહેલ છે, અને એના દાંત રત્ન જેવા ચળકે છે. કેમ જાણે હજુ એ વીર જીવતો હોય ! અરે ઓ સિદ્ધરાજ જયસંગના નગર પાટણની ઝીણાં પટોળાં પહેરનારી સ્ત્રીઓ ! આ જાડી ઉનની કામળી ઓઢનાર સોરઠિયાણીના સ્વામીને જોઇ લ્યો ! અને સરખાવો કે બેમાંથી કોના ધણી સાચા વીર હોય છે !

પતિના શબને સંબોધી રાણક ઉન્માદમાં આવી જઇ કહે છે : કેમ જાણે પોઢેલા પતિને યુદ્ધે મોકલવા જગાડતી હોય !

સ્વામી ! ઉઠો સેન લૈ, ખડગ ધરો ખેંગાર,
છત્રપતિએ છાઇયો, ગઢ જૂનો ગિરનાર. ૧૫

[હે સ્વામી ! સૈન્ય લઇને ઉઠો. હે ખેંગાર ! તરવાર ધારણ કરો. આપણા ગઢ ગિરનાર પર ગુજરાતના છત્રપતિ જયસિંગે છાપો મારેલ છે.]

સિદ્ધરાજ રાણકને જોરાવરીથી જુનાગઢ છોડાવી ગુજરાત તરફ ઉપાડી જાય છે, ત્યારે પોતાની ભૂમિનાં પશુપક્ષી, ઝાડ પાન, પહાડ વગેરે પ્રિય સંગાથીઓને સંબોધી રાણક મેણાં મારે છે. ખેંગારના ઘોડાને ઠપકો આપે છે :

---

૧ પટોળાંવાળી : પાટણની સ્ત્રીઓ ('પટોળાં' નામની સુંદર ઝીણી સાડી પહેરનાર) ૨ લોબડિયાળી: લોબડી (ઉનની કામળી) પહેરનાર સૌરાષ્ટ્રણ. સૌરાષ્ટ્ર દેશમાં મોટે ભાગે માલધારીઓ જ રહેતા હોઇ, એની સ્ત્રીઓ, ઘેટાંની ઉનની કામળીઓ પહેરતી. 'લોબડી' શબ્દ અસલ સંસ્કૃત 'રોમપટ્ટી' પરથી આવ્યો જણાય છે.

તરવરિયા તોખાર! હૈયું ન ફાટયું [1]હંસલા,
મરતાં રા' ખેંગાર, ગામતરાં ગૂજરાતનાં. ૧૬

[હે વેગીલા ઘોડા! તારો સ્વામી ખેંગાર મરતાં આજે મારે (અથવા તારે) ગુજરાતમાં જવું પડે છે એ જોઇને તારું હૃદય ફાટી કેમ નથી પડતું?]

ઉપરકોટના ગોખ પર ચડીને ટૌકા કરતા મોરને કહે છે:

કાં ટૌકે ગરજ છ મોર! ગોખે [2]ગરવાને ચડી,
કાપી કાળજ-કોર, [3]પીંજર દાઝયો પાણીએ. ૧૭

[હે મોર! ઉપરકોટના ગોખમાં ચડીને તું ટહુકાર કેમ ગજાવી રહ્યો છે? એ ટૌકા મીઠા છતાં આજે તો મારા કાળજાની કોર કાપી નાખે છે; જાણે કે પાણી થકી મારું દેહ-પીંજર દાઝી જાય છે.]

પાદરના વડલાને કહે છે:

વડ વાવડી તણા! (તું) નીધણીઆ, નીલો રિયો!
મરતે રા' ખેંગાર, સૂકી સાલ ન કયો! ૧૮

[હે વાવ ઉપર ઝકુંબેલા વડલા! તું ધણી વગરનો બની ગયો છતાં હજુ લીલો ને લીલો કેમ રહ્યો? ખેંગારના શોકમાં તું સૂકાઇને લાકડું કાં ન બની ગયો?]

---

૧ હંસલો : ઘોડો

૨. 'ગરવો, મૂળ 'ગીરનાર'ને માટે વપરાય છે, પણ આંહી રાણકનો રાજમહેલ ઉપરકોટ સમજીએ.

૩. 'દાઝયો પાણીએ' એ શબ્દો સ્વભાવ-પલટો બતાવીને વેદનાનો ખ્યાલ આપે છે. પાણીનો સ્વભાવ ઠારવાનો છે, દઝાડવાનો નહિ. મોરના ટૌકાનો સ્વભાવ સુખ કરવાનો છે, દિલને કાપવાનો નહિ. છતાં આજે રા' ખેંગાર જતાં પ્રકૃતિનું પરિવર્તન. કોઇ વળી 'દાઝયો પ્રાણીઓ' એવા પાઠ પણ લે છે.

વનરાઇમાં ઉભેલા સાબરને કહે છે :

રે સાબર ! શીંગાળ, (એક દિ') અમેય [1]શીંગાળા હતાં;
મરતે રા' ખેંગાર (આજ) ભવનાં [2]બીલાં થઇ રિયાં. ૧૯

[હે ઉંચા શીંગવાળા સાબર ! તારી માફક હું પણ એક દિવસ શીંગવાળી (ખેંગાર સરખા સ્વામીના પ્રતાપે અને રક્ષણે ગૌરવવન્તી) હતી. પણ આજે ખેંગાર મરતાં, મારાં ઉંચાં શીંગ–મારાં ગૌરવ નીચે ઢળી પડયાં છે.]

ચંપાફુલના છોડને કહે છે :

ચંપા ! તું કાં મોરિયો ? થડ મેલું અંગાર;
(તારો) માણીતલ માર્યો ગિયો, ખાંતીલો ખેંગાર. ૨૦

[હે ચંપાના છોડ ! તારાં ફુલોની સુવાસ માણનાર રસીલો ખેંગાર તો માર્યો ગયો, છતાં તું કેમ ફાલ્યો છે ? તારા થડમાં અગ્નિ મૂકીને હું તને ભસ્મ કરી નાખું, એવી દાઝ મારા દિલમાં થાય છે.]

અંતે વિદાય થતી થતી ગિરનારને ઠપકો આપે છે :

ઉંચો ગઢ ગરનાર, વાદળસું વાતું કરે;
મરતાં રા' ખેંગાર, રંડાપો રાણકદેવીને. ૨૧

[ગિરનાર પહાડ તો આકાશ સાથે વાતો કરતો હોય તેટલો ઉંચો ઉભો છે; એને શું ? રા' ખેંગાર મરતાં વૈધવ્ય તો રાણકને આવ્યું.]

*ગોઝારા ગરનાર ! વળામણ વેરીને કિયો !
મરતાં રા' ખેંગાર ખરેડી ખાંગો નવ થિયો ! ૨૨

---

૧. શીંગાળા : ગૌરવવાળાં, શીંગડાને ગૌરવનું ચિન્હ ગણેલ છે.

૨. બીલાં : જે પ્રાણીનાં શીંગડાં નીચે વળેલાં હોય છે, તે 'બીલાં' કહેવાય. જેમકે 'બીલીઓ બળદ.'

* અસલ દોહો પ્રાચીન ભાષામાંથી આવો નીકળે છે.

તંઇ ગડૂઆ ગિરનાર ! કાહૂં મણિ મત્સરૂ ધરિઉ !
મારીતાં ષંગાર, એક્ક સિહરૂ ન ઢાલિઉ !

[હે હત્યારા ગિરનાર ! આજે તું ઉંચી નજરે ઉભો ઉભો શત્રુ સિદ્ધરાજને વિદાય દઇ રહ્યો છે ! તારો સ્વામી ખેંગાર મરતાં શોક અને લજ્જાને ભારે તું હલબલી જઇને ખંડિત કાં નથી થઇ જતો ?]

એ વખતે રાણકના મર્મપ્રહારોથી ગિરનારનાં શિખરો જાણે તૂટી પડતાં હોય અને રાણક એને મા-કાર કરતી હોય એમ કહે છે:

મ પડ મારા આધાર ! ચોસલા કોણ ચડાવશે ?
ગયા ચડાવણહાર; જીવતાં જાતર આવશે. ૨૩

[હે મારા આધાર સ્વરૂપ ! તું ન પડ. તું પડીશ તો તારા પત્થરો કોણ ચડાવશે ? ચડાવનાર વીર ખેંગાર તો ગયો. હવે તો જીવતાં હશે તેજ તારી યાત્રાએ આવશે.]

ઉતર્યાં ગઢ ગિરનાર, તનડું આવ્યું તળેટીએ;
વળતાં બીજી વાર, દામોકુંડ નથી દેખવો. ૨૪

[ગિરનારનો ગઢ ઉતરીને મારૂં શરીર તળેટીમાં આવી પહોચ્યું. હવે બીજી વાર તો મારે આ સ્થળે વળવાનું કે દામોકુંડ જોવાનું નિર્માયું નથી.]

સિદ્ધરાજ જ્યારે રાણકને પોતાના પાટનગર પાટણમાં લઇ જઇ પટરાણી કરવાની લાલચ આપે છે, ત્યારે રાણક પોતાના પ્રિય સોરઠ દેશ અને સૂકા પાટણ પ્રદેશ વચ્ચે સરખામણી કરે છે :

બાળું પાટણ દેશ, જીસે પટોળાં નીપજે;
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી. ૨૫

[જ્યાં પટોળાંના સાળુઓ બને છે તે તારા પાટણ શહેરને છો આગ લાગો ! સુંદર તો મારો સૌરાષ્ટ્ર દેશ છે, કે જ્યાં રૂપાળી ઉનની કામળીનું ઓઢણું વણાય છે.]

મારૂં પાટણ દેશ, (જ્યાં) પાણી વિણ પોરા મરે !
સરવો સોરઠ દેશ, (જ્યાં) સાવઝડાં સેજળ પીવે. ૨૬

[નાશ થજો એ પાટણ પ્રદેશનો, કે જ્યાં ઝીણા પોરા જીવતા રહે એટલું ય પાણી નથી ટકતું. એથી તો ભલો છે મારો સોરઠ દેશ, કે જ્યાંની અખંડ વહેતી નદીઓમાં સિંહ જેવાં જબરદસ્ત પશુઓ પણ ભરપૂર પાણીની અંદર ઉભાં રહી પી શકે છે.]

પોતાનું રાણીપદ લેવા કોઇ પણ રીતે કબૂલ ન થતી રાણક ઉપર જયસિંહ જુલમ આદરે છે. એના બે નાના દીકરાઓને પાણી વિના ટળવળાવે છે : રાણક કલ્પાંત કરે છે :

(કોઇ) [1]પહલી પાણી પાય, એને ઘડે ઘી ઘુંટાવીએ;
(મારાં) કુંપળડાં કરમાય, રોપા રાણકદેવના. ૨૭

[મારા કુમળા રોપા જેવા બાળકો આજ પાણી વિના મરી રહ્યા છે. અત્યારે જો કોઇ એને એક ખોબો ભરીને પાણી પીવરાવે, તો તેને બદલે ભવિષ્યમાં હું એ ખોબો પાણી દેનારને ઘડા ભરી ભરી ઘીના ઘુંટડા ભરાવીશ.]

એથી યે આગળ વધીને સિદ્ધરાજ જ્યારે બલાત્કારથી હા પડાવવા રાણકના દીકરાઓની હત્યા કરવાનું ઠરાવે છે, અને માણેરો નામે દીકરો મૃત્યુની ઘડીએ 'મા ! મા !' પોકારી રડે છે, ત્યારે રાણક દીકરાને શીખામણ આપે છે :

માણેરા, મ રોય ! મ કર આંખ્યું રાતીયું !
લાગે કુળમાં ખોય, મરતાં મા ન સંભારીએ. ૨૮

[હે માણેરા ! ન રોવાય. આંખો રાતી પણ ન કરાય. મરતી વેળા માને સંભારીને કાયર બની રડીએ તો આપણા કુળને ખોટ (કલંક) લાગે.]

---

૧. પહલી : અસલ 'પોહ' પછી 'પહ' ને પછી રૂપાન્તર, 'પહલી' : જેમકે 'એ માણસ પોહ આંસુડે રોયો' અર્થાત 'ખોબે આંસુડે' : લગ્નમાં 'પહ ભરાવવા'ની વિધિ થાય છે.

આવરદા આવી રહી, [1]જૂના સામું જોય !
માણેરા ! મરવા તણી, ખેંગારના ! [2]ખમત્યું નોય. ૨૯

[હે માણેરા ! આપણું આયુષ્ય ખૂટી ગયું સમજ, અને અત્યારે તો આપણા જૂનાગઢની લાજ આબરૂ સામે જોવું ઘટે. હે ખેંગારના બાળ ! તારે તે વળી મરવામાં વિલંબ હોય કદિ !]

પાંપણુને પાણે, ભણ્ય તો કુવા ભરાવીએં;
માણેરો મરતે, શરીરમાં સરણ્યું વહે. ૩૦

[હે સિદ્ધરાજ ! મારા માણેરાનું મોત થવાથી મારા શરીરમાં આંસુઓની એટલી તો મોટી સરણીઓ (નદીઓ) વહી રહી છે, કે તું કહેતો હોય તો હું મારી પાંપણોમાંથી આંસુડાં ટપકાવીને કુવાના કુવા ભરાવી દઉં.]

આટલાં વીતકો વીત્યા છતાં ય હઠ ન છોડતી સતીને સિદ્ધરાજ રોષથી પાટું મારે છે. રાણક કહે છે :

પાટુ પડખા માંય, ખેંગારની ય ખાધલ નહિ;
મોજડિયુંના માર, સધરાને શોભે નહિ. ૩૧

[હે સિદ્ધરાજ ! મારા સ્વામી ખેંગારના પગની લાત, પણ મેં મારા શરીર પર નથી ખાધી. હું તો તારી પાટુ સાંખી લઉં છું, પણ સિદ્ધરાજ ઉઠીને એક પરવશ અબળાને જોડાના માર મારે, એ સિદ્ધરાજને શોભતું નથી.]

પશવડી કરે પોકાર, ગરમાં ગળતી રાતની
સાવઝડે ને સાન, ... ૩૨

[મોડી રાત્રિયે ગિરિઓનાં જંગલમાં હરણી પોકાર કરતી હોય, પણ એનો ભક્ષ કરનાર સિંહને પારકાં દુઃખની સાન નથી હોતી, એવી હાલત રાણકની થઇ રહી છે.]

---

૧. 'સામું જોય' : કોઇ પણ કૃત્ય કરતી વખતે પોતાની કુલ-પ્રતિષ્ઠા અથવા ખાનદાનીનું સ્મરણ રાખવું, એને બટ્ટો બેસે તેવું આચરણ ન કરવું, એ અર્થમાં વપરાય છે. જૂનો : જુનાગઢ

૨. ખમત્ય : ('ક્ષમતિ' પરથી) ખંચાવું.

૬. રાણકનું સતી થવું

વઢવાણ શહેરની ભોગાવો નદીમાં રાણક સતી થઇ. એને પોતાની દેહ સળગાવવાનો દેવતા દેવાની સિદ્ધરાજે લોકોને મનાઇ કરી હતી, અને કહેવાય છે કે રાણકના સતને પ્રતાપે આપોઆપ અગ્નિ પ્રગટ્યો હતો.

વાયો વા સવા, વાયે વેળુ પરજળી,
ઉભો ત્યાં સધરા, સત જોવા સોરઠીઆણીનું. ૩૩

[સરખી દિશાનો વાયુ વાયો. વાયરા વડે નદીની રેતી સળગી ઉઠી. એ સમયે સિદ્ધરાજ એ સૌરાષ્ટ્રણનું સત જોવા ત્યાં ઉભો હતો.]

બળતી દેવડી છેલ્લો શાપ આપે છે.

*વારૂ શે'ર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે;
ભોગવતો ખેંગાર, (હવે) ભોગવ ભોગાવા-ધણી! ૩૪

[આ સુંદર શહેર વઢવાણ, કે જેની ભાગોળે ભોગાવો નદી વહે છે, (તેને પાદર હું સળગી મરૂં છું.) હે ભોગાવાના ધણી ! મારૂં આ શરીર કે જેને ખેંગાર ભોગવતો હતો, તેને હવે તું ભોગવી લેજે, તારામાં સામર્થ્ય હોય તો ! તારે તો ઘણી લાલસા હતી આ શરીરને ભોગવવાની. તેં એ શરીરને તારૂં કરવા છેવટ સુધી મથી જોયું. મને અગ્નિ પણ ન મળવા દીધો. હવે ભોગવી લેજે !]

---

* અસલ પ્રાચીન ગુજરાતી દોહો : ('જૈન ગુર્જર કવિઓ' પૃ. ૨૫૭)

વાઢી તોં વઢવાણ ! વીસારતાં ન વીસરઇ,
સોના સમા પરાણ, ભોગાવહ પઇ ભોગવીઇ.

(હે વઢવાણ : તું શત્રુઓથી વઢાયું છે, તો પણ વિસારતાં તું વિસરતું નથી. હે ભોગાવાના પતિ સિદ્ધરાજ ! હવે તું મારા આ સોના સમા પ્રાણ ભોગવી લેજે !)

'ભોગાવો' : એ મૂળ 'ભોગાવતી' પરથી 'ભોગાવહ' થયું; ને પછી 'ભોગાવો'.

પીઠાત–વેજલ

કામળીઆ શાખના આહિરોનો જ્યાં વસવાટ છે, તે પ્રદેશને કામળીઆવાડ કહે છે. એ રસાળ કામળીઆ-વાડના કુંજળ નામે ગામડામાં ભોજો નામે બહાદુર કામળીઓ આહિર રહે; અને જૂનાગઢ નજીકના સોરઠ પ્રદેશમાં માળીઆ (હાટીના) નામે ગામમાં પીઠાત નામનો એક હાટી કોમનો જોરાવર નર રહે. ભોજો અને પીઠાત બન્ને ગરાસદાર : નામાંકિત : જાતે જૂદા છતાં વીરતાએ કરી એક બીજાના દિલોજાન ભાઈબંધો : દૂર રહેતા તેથી મળવાનો અવસર બહુ આવતો નહિ.

એક દિવસ ભોજો ઘેરે નહિ, ને તેના ગામને પાદર થઈ પીઠાત હાટી મુસાફરીમાં નીકળ્યો છે. પીઠાતે ખબર પૂછાવ્યા, પણ ભાઈબંધ ઘેર ન હોવાથી રોકાયા વગર ચાલી નીકળ્યો. ભોજા કામળીઆની સ્ત્રી વેજીએ આ સમાચાર સાંભળતાં જ પીઠાત હાટીની પાછળ ઘોડાં દોડાવ્યાં, કહાવ્યું કે "મારો આહિર ઘેર નથી, પણ ભરથારનો ભાઈબંધ રોટલા ખાધા વિના કેમ જઈ શકે ?" પાછો વાળીને પીઠાતને રાત રોકયો. મીઠી મહેમાની કરી. બળતે દિવસ પીઠાત વિદાય થયો.

ભોજો કામળીઓ મુસાફરીથી ઘેર આવ્યો ત્યારે વેજીએ

પીઠાત આવ્યાની વાત કરી. ધણીની પાસે ધણીના ભાઇબંધનાં વખાણ પણ કર્યાં. રાત પડી. ભોજો અને વેજી સૂઇ ગયાં.

વેજી તો ભરનિદ્રામાં પડી, પણ ભોજાની ઉંઘ ઉડી ગઇ હતી. એને અંદેશો પડ્યો છે : કેમકે પોતાની રૂપાળી સ્ત્રીએ એક પરપુરુષનાં ગુણગાન કર્યાં છે. વળી એ પુરુષ પોતાની ગેરહાજરીમાં આવીને રહી ગયો છે. આવા વ્હેમો જે વખતે ભોજાના અંતઃકરણને ડંખી રહેલ છે, તેજ વખતે, એની બાજુમાં જ સૂતેલી વેજી ભરનિદ્રામાં બોલી ઉઠી : "વાહ પીઠાત ! વાહ પીઠાત ! વાહ પીઠાત !"

સાંભળીને ભોજો ઢોલીઆ ઉપરથી નીચે ઉતરી ગયો. પગનો અંગૂઠો ખેંચીને એણે વેજીને જગાડી. કહ્યું કે "વેજી, ઢોલીઓ ત્રણ જણાંનો ભાર ખમી શકશે નહિ." વેજી એ મર્મવચન સમજી નહિ. પૂછ્યું "ભોજા, ત્રીજું કોણ દીઠું ?" ભોજો કહે કે "પીઠાત હાટી : સ્વપ્નામાંય તું જેને ઝંખી રહી છે તે ભાઇબંધ. હવે તો તું ત્યાં જ શોભીશ: માળીઆને ઓરડે."

વેજીના હૃદયમાં પીઠાતની વીરમૂર્તિ કેવે ભાવે વસી ગઇ હતી તે તો એ જ જાણે. પણ વેજીએ ભોજાને લળી લળી સમજાવ્યો કે "મારા પેટમાં પાપ નહોતું. પીઠાતને મેં વખાણ્યો છે, તે તો ચોકખા ભાવથી." પણ આ બધી સમજાવટથી ભોજાના મનની ચીરાડ ન પૂરાઇ. એણે વેજીને ઘરમાં સંઘરવાની ના જ પાડી. કહ્યું કે "વેજી, હવે તો પીઠાતનું જ ઘર માંડો."

વેજીના મનનો કાળ ફુંફાડી ઉઠ્યો. સાચેસાચ એણે ભોજા ઉપર વેર વાળવાનાં પગલાં ભર્યાં. જૂના જમાનાની રીત પ્રમાણે એણે પાણીની હેલ્ય ભરી, માથા પર ઉપાડી, પગપાળા ચાલવા માં . ચાલતી ચાલતી હાટીના માળીઆ ગામે પહોંચી. પીઠાતની ડેલીએ જઇ ઉભી રહી. પીઠાતે દેખી, ઓળખી. અચરજ પામ્યો. પૂછ્યું "તમે આંહી ક્યાંથી ?"

વેજી કહે "પીઠાત, ભોજાએ તારી મારી વચ્ચેના વ્હેમ પરથી મને જાકારો દીધો છે. મેં તને શુરવીર માન્યો, શુરવીર

તરીકે તારા ઉપર મારો ભાવ ઉપજ્યો, એ મારૂં પાપ ઠર્યું છે. ભોજાએ મને એબ દીધી છે. મારે વેર લેવું છે. મારી હેલ્ય ઉતરાવી લે! નહિ તો હું આંહી મારા પ્રાણ કાઢીશ."

હેલ્ય ઉતરાવવી એટલે એ હેલ્ય લઇ આવનાર સ્ત્રીને પરણી પોતાના ઘરમાં બેસારવી. પીઠાત મુંઝાયોઃ ના કહે તો પોતે બાયલો ઠરે છે અને સ્ત્રીહત્યા ચડે છેઃ પરણે તો મિત્રદ્રોહી બનાય છે અને વસમાં વેર બંધાય છે. આ સ્ત્રીને સંઘરવામાં છેવટ વિનાશ જ છે. પણ મને મર્દને એ વિચાર શોભે નહિ."

પીઠાતે હેલ્ય ઉતરાવી. વેજી અને પીઠાતનો ઘર–સંસાર ચાલ્યો. ભોજાને જાણ થઇ. એના દિલનો વ્હેમ પાકો થયો. પોતાનું ઘર ભાંગનાર ભાઇબંધ ઉપર વેર વાળવા માટે એ નીકળ્યો. ભેગો ફક્ત એક ભાણેજ જ હતો. અક્કેક તલવાર હતી. હાટીને માળીએ એક દિવસ સમી સાંજે છાનામાના પહોંચ્યા.

ગામની બહાર એક શિવાલય છે. પીઠાતને રોજ સાંજે ત્યાં માળાના જપ કરવા આવવાનું વ્રત છે. ભોજો અને ભાણેજ ત્યાં રહીને પીઠાતને એકલો ભેટવાનો લાગ તપાસે છે. થોડે દિવસે એ લાગ ફાવ્યો. પીઠાતની મા મરી ગએલી તેના કારજનો (ઉત્તરકાર્યનો) દિવસ છે. ઘેરે નાતીલા જાતીલા પરોણાઓની ઠઠ જામી છે. કામ-કાજમાંથી પરવારતાં ઠીક ઠીક મોડું થઇ ગયું છે. હજુ પરોણાઓને વાળુ કરાવવાની થોડીક વાર છે. પીઠાત શિવાલયનું દર્શન પતાવી લેવા માટે એકલો ને જરા અસૂરો નીકળી પડ્યો.

દર્શન કરીને પીઠાત પાછો વળે છે તે વખતે મામો ને ભાણેજ ઉઘાડી તલવારે આડા ફરી વળ્યા. અરસ્પરસ ઓળખાણ થવામાં તો એક ઘડીની જ વાર લાગી. "કોણ, ભોજો ભાઇ કે?" "હા પીઠાત! એજ." "ભોજાભાઇ, આવી પહોંચ્યાને? ફિકર નહિ. તમારો હક્ક છે. ખુશીથી પતાવો. હું તૈયાર છું." "ના પીઠાત, એમ નહિ. હું કસાઇખાનું કરવા નથી આવ્યો. એમ હોત તો તો પડકાર્યા વિના છાનોમાનો જ તને વાઢી નાખ્યો હોત. પણ

હું તો તને સામે પગલે મળવા આવ્યો છું. કાઢ તલવાર. પહેલો ઘા તારો." "ના ભોજાભાઇ, પહેલો અપરાધીનો ન હોય. માટે તમે તમારે ટુંકું કરો. પણ ભોજાભાઇ, એક માગણી કરૂં છું. ઘેરે માના કારજનું વાળુ કર્યા વિના મહેમાનો મારી વાટ જોઇને ભુખ્યા બેઠા રહેશે, તમે જો રજા આપો, તો હું પાછો જઇ સૌને જમાડી, પોઢાડી, શાંતિથી પાછો આવું."

ભાણેજ અવિશ્વાસુ છે. ના પાડે છે. પણ ભોજો પીઠાતને ઓળખે છે. કોલ દઇને ગએલો પીઠાત, મોતથી ડરીને પડયો રહે નહિ. ભલે જઇ આવે. નીકર મહેમાનોનાં વાળુ રઝળે, પીઠાતની માનું કારજ બગડે, જનેતાના જીવની અસદ્‌ગતિ થાય. ભલે પીઠાત જઇ આવ. અમે વાટ જોશું."

પીઠાત ઘેર ગયો. ધીરજથી, ગુલતાનથી, જાણે કાંઇ જ બન્યું નથી તેવો તોર રાખી તમામ વાત પતાવી દીધી. ફક્ત વેજીએ જ પીઠાતના મુખમંડળ ઉપર આફતની વાદળી પારખી હતી. સહુ ઝંપી ગયા પછી જ્યારે પીઠાત એકલો પાદર તરફ ચાલ્યો, ત્યારે પાછળ પાછળ વેજી પણ છેટી છેટી રહીને ચાલી નીકળી.

વાટ જોઇ બેઠેલા મામાભાણેજે પીઠાતને દીઠો. ભોજાનું દિલ ફુલાયુ: "જો ભાણેજ, મારો વિશ્વાસ સાચો પડયો. શુરવીર કોલ પ્રમાણે પાછો આવે છેઃ મરવા સારુ."

ભાણેજ કહે "ભૂલો છો મામા, નિરખીને જુઓ. એક નહિ, બે જણા આવે છે. ભુજનો બળિયો હાટી એ બીજા જણની મદદથી આપણને જ રાત રાખશે. મામા! વિશ્વાસે વ્હાણુ બૂડ્યાં."

ત્યાં તો પીઠાત લગોલગ આવી ગયો. ભોજાએ મેણું માર્યું: "પીઠાત, દગો કે? એકના બે બનીને આવ્યા કે?"

પીઠાતે પણ ચોંકીને પછવાડે જોયું. એણે અંધારામાં બીજો આદમી દીઠો. આદમી નજીક થાતાં પરખાયોઃ એ તો વેજી!

વેજી બોલી, "કામળીઆ! તમે આવ્યાની તો મને જાણ નહોતી, પણ પીઠાત ઉપર કાંઇક આફત જાણીને હું આવી છું.

હવે હું સમજી ગઈ છું. મને કાંઈ ઓરતો નથી. તમે ખુશીથી તમારી લેણદેણ ચુકાવો. પણ પીઠાત ! તને મારીને પછી આ બે જણા પાળા કેટલેક પહોંચી શકશે ? તું ખરો વીર હો, તો એને ભાગવા માટે બે ઘોડાં તો દેવાં જોઈએ ને !"

આ રીતે ભોજાની, પીઠાતની ને વેજીની ખાનદાની દીપી ઉઠી. ભોજાનો કાળ નીતરી ગયો. સહુનાં મન નિર્મળ થયાં. વેજી ને પીઠાત ભોજાને ગામમાં લઈ ગયાં. મહેમાન કરી ઝાઝા દિવસ રોકયો. ત્યારથી બેઉ જણા પાકા ભાઈબંધ થઈ પડયા. વેજી તો પીઠાતને જ રહી. ભોજાને અંતરે હવે એ વાતનું ઝેર છાંટો પણ નથી રહ્યું.

એક દિવસ પીઠો અને ભોજો પોતપોતાનાં કુટુંબોને લઈ એક સાથે દ્વારિકાની જાત્રાએ નીકળ્યાં છે. રસ્તામાં એક વાર પીઠાતની ઘોડી પરસેવે ભીંજાઈ ગઈ છે. પાસે ભોજો ઉભો છે. પીઠાત ઉપર ભોજાને એટલી બધી માયા ઉપજેલ છે, કે પોતે પોતાની ભેટ પર બાંધેલી પછેડીના છેડા વડે પીઠાતની ઘોડીનો પરસેવો લૂછવા લાગ્યો. વેલડીના પડદામાંથી જોઈ રહેલી વેજીએ આ દેખાવ દેખીને પોતાના વેરની પૂરી તૃપ્તિ અનુભવી. પીઠાતની વીરતાના તાપથી ભોજા જેવા ભડવીરો પણ કેવા રાંક બની ગયા છે ! એવું એને લાગ્યું. એનાથી ન રહેવાયું, એણે મેણું માર્યું કે

'કરમ તાહરાં કોય, પીઠીઆ ! પા'ણ ફાટે'

[ઓ પીઠાત ! કેવાં મહાન્ પરાક્રમ છે તારાં, કે પત્થરો પણ ફાટી જાય છે.]

ભોજાના દિલમાં આ વચનનું તીર ભોંકાઈ ગયું એણે પીઠાતને કહ્યું "પીઠાત, ભોજો પીઠાતની ઘોડીનો પરસેવો પોતાને લૂગડે લૂછે, એ પીઠાતના ડરથી ખરૂં ને ?" પીઠાત કહે "ના ના, ભોજા ભાઈ, સ્રીના બોલ સામે જોશો મા. તમે મારી આંખ માથા ઉપર છો. વેજીની મતિ ઓછી, કે આવું બોલી."

"ના પીઠાત, હવે તો નથી સહેવાતું. ઉઠ, હવે તો તલવાર લે."

બન્ને જણા વેદના ભરેલે હૈયે ત્યાં દ્વંદ્વ યુદ્ધ લડીને માર્યા ગયા.

§

જૂના પીઠાતનું સ્મરણ

ઓ પળ ફરી આવે નહિ, રૂડી [1]જલમરી રાત,
હવે પાડો, હાટીઓ! પાછું નામ પીઠાત. ૧

[હાટી કોમમાં કોઇ નવા અવતરેલા બાળકનું નામ 'પીઠાત' એવું પાડવામાં આવ્યું, ત્યારે ચારણ મર્મ કરીને કહે છે કે "ઓ હાટીઓ! ભલેને તમે તમારાં બાળકોનું પીઠાત એવું નવેસર નામ પાડો, પણ એ પુરાતન શૂરવીર પીઠાત હાટીની પ્રતાપી જન્મ-રાત્રિ, અને એ પુરુષના જન્મની સુંદર પળ કંઇ હવે પાછી નથી આવવાની. નામ ફરીને પાડશો, પણ ગુણકર્મ ક્યાંથી લાવશો?"]

પીઠાતને વેજીનું ટોંકણું

હાટી હાલ્યો જાય, પાદર અમારે પીઠીયો,
પીઠો અમણો પ્રાણ, સગો નાડયું [2]સાસની. ૨

[વેજી પોતાના માણસોને કહે છે કે આજ મારા ગામના પાદરમાંથી પીઠાત હાટી જેવો મહેમાન મહેમાની વિના ચાલ્યો જાય છે. પીઠાત તો અમારા પ્રાણ તુલ્ય છે, અમારા શરીરની નાડી સમાન સંબંધી છે. માટે એને રોકો.]

હેલ્ય લઇને વેજીનું પીઠાત-ઘેર જવું

ઉજળમાંથી આવતી, વાટે ન કરી વેલ્ય,
હાટી ઉતાર હેલ્ય, (નીકર) પગથી નીસર પીઠીયા! ૩

---

૧ જલમારી=જન્મની. ૨. શ્વાસની.

[હે પીઠાત ! હું છેક ઉજળ ગામથી પગપાળી ચાલી આવું છું. મેં રસ્તામાં કશું વાહન નહોતું રાખ્યું. આટલી વેદના વેઠીને આવું છું કેમકે મારે તારી સ્ત્રી બનવું છે. માટે હે હાટી ! કાં તો મારું બેડું ઉતરાવીને મને સ્વીકારી લે, નહિ તો તું બીરૂ, નામર્દ છે એવું કબુલ કરીને મારા પગ નીચેથી નીકળી જા !]

ગર આખી ગોતી કરી, (મેં) સીંધી સીસોદરા !
તોંથી ત્રોવર ઓરા, પરા ન ભાળ્યા પીઠીયા ! ૪

[હે સિસોદીઆ ક્ષત્રિય ! હું આખી ગીરમાં શોધી વળી. પણ તારાથી વધુ નજીક બીજું એક પણ તરૂવર–છાયાનું સ્થાન–મેં દીઠું નહિ.]

કામળીઆ હાટી કહાં, તવીએં એને તડાં,
મસાણુથી મડાં, પાછાં નો જાય પીઠીઆ ! ૫

[હે પીઠાત ! હું તો કામળીઆને અને હાટીને, બન્નેને સરખાં જ મર્દ ને ખાનદાન કુળ સમજું છું. એટલે બોજાની સ્ત્રી મટી તારી થવામાં મને હીણપ નથી. ને હવે શું હું તારી સમજાવી પાછી વળીશ ? ના ના, મસાણમાં આવેલાં મુડદાં પાછાં ન જાય, તેમ તારો સંકલ્પ કરીને આવેલી વેજલ પણ તને તજીને પાછી નહિ જાય.]

કાંકરીઆળા કોટ, પીઠા ! તેં કૈક પાલટયા,
[1]ગડગડીઆળા ગઢ, વસમા છે વેજી તણા. ૬

[ને હે પીઠાત ! મને સંઘરવામાં તારા ઉપર મહાન શત્રુ ઉભો થાય છે તે પણ સમજી લેજે. તેં શૂરવીરે અત્યાર સુધી કેટલાએ શત્રુઓને ઉથલાવ્યા પણ તે બધા તો નાની કાંકરીઓના ચણેલા કોટ જેવાઃ જ્યારે આ બોજો કામળીઓ તો મોટા ગડગડીઆ પત્થરોના કિલ્લા જેવો ભયંકર છે.]

---

૧. 'ધાધરીઆળો ધેર વસમો છે વેજી તણો' એવો જે પાઠ બોલાય છે, તે કદાચ કાળાન્તરે લોકરુચિમાં હીનતા આવતાં યોજાતો ગયો હોવાનો સંભવ છે. સં.

શિવાલયમાં : શત્રુઓ ઘેરી વળે છે ત્યારે:

મરણુ મેવાડા! પીઠીઆ પાની ખુંદતું,
(એની) લાંપે લાખાણુ! મરવું મોરીસક-ધણી! ૭

[વેજલ કહે છે : હે પીઠાત : મૃત્યુ તો દરેક માનવીનાં પગલાં પાછળ ચાલ્યું જ આવે છે. એટલે હે મોરીસક ગામના ધણી! એની છલંગે મરવું તો નિમાયું જ છે.]

દ્વારકાને રસ્તે વેજલનો મર્મ-પ્રહાર

વાઢે દળ વેરી તણા, જાતા ને વળતાં જોય,
કરમ તાહળાં કોય, પાણા ફાટે પીઠીયા! ૮

[હે પીઠા! તું તો વેરીઓનાં સૈન્યને વાઢનાર બહાદુર છે. તારા પરાક્રમ એવાં છે, કે એના તાપથી પત્થરો પણ ચીરાઇ જાય છે. વ્યંગ્યાર્થ એ છે, કે ભોજા કામળીઆ સરીખો કાળમીંઢ નર પણ તારી ઘોડીનો પરસેવો લૂછવા પોતાની પછેડી વાપરી રહ્યો છે.]

અંતનું દ્વંદ્વયુદ્ધ

તેં અચબો ઉઠાડિયો, કામળીઆ! કટકે,
ઘી નામીયું ઘડે, ભડકા માઝું ભોજલા! ૯

[હે કામળીઆ! તેં તો અજાયબી કરી. વેર રૂપી ભડકો વેજલે સળગાવ્યો હતો તેમાં તેં તારા શૌર્યનું ઘી ઘડા ભરીભરીને ઠલવી દીધું.]

સૂરનો હેમીઓ

સાચી વાર્તા લોક-સ્મૃતિની અંદરથી લુપ્ત થઇ જણાય છે. દોહાઓ હજુ જીવતા છે, લોકો લાડથી ગાય છે, પણ ઘટનાના અંકોડા મળતા નથી. કોઇ ગાનારાઓ કહે છે કે હેમીઓ નામનો આહિર કુળનો જુવાન પોતાની સાચી પ્રિયતમાને ત્યજી એના માબાપની આજ્ઞા મુજબ બીજે પરણી ગયો તેથી ઉપજેલું આ પ્રિયતમાનું આક્રંદ છે. કોઇ કહે છે કે હેમીઓ સાતગાલોળ નામે ગામનાં આહિર સૂર ભેડાનો દીકરો હતો. એનું સગપણ પોતાની સુમદે નામની ફુઇની દીકરી કલાંની વેરે થએલું; પણ એનો પ્રેમ તડભીંગરોડ નામે ગામના આહિર દેવાત પોપટની પુત્રી સોમલ ઉપર ઢળેલો હતો. હેમીઓ ફુઇની દીકરી સાથે પરણવાની ના પાડી બેઠો હતો. તેથી છેવટે ફુઇએ ઇર્ષાને વશ બની ભત્રીજાને જમવા બોલાવી ઝેર દીધું હતું. અને મરતાં મરતાં હેમીઆએ પોતાની પ્રિયતમા સોમલને જોવાની ઝંખના કરી તેથી સોમલને તેડવા માટે દૂત ગયો હતો, પણ સોમલ પહોંચે તે પહેલાં હેમીઓ મરણ પામ્યો હતો : એવી વાતને આધાર આપતા બે ત્રણ દોહા આમ બોલાય છે : દૂત જઇને દરવાનને કહે છે :

દરવાણી દર ખોલ ! દરવાજા કાં દઇ વાસ્યો
સૂતી સોમલને જગાડ ! હાલકલોળે હેમીઓ.

સાત ગાઉ ભેળેથી સાબદો, પંડ્યો આવ્યો પરદેશ,
સામો મળ્યો સવારમાં, વીરા વધામણી દેશ.

અબુધ ને અજાણ, પાડોશીને પૂછ્યું નહિ
કુઇએ દીધું ફરાળ, હાલકલોળે હેમીઓ,

સોમલ કે' સંસારમાં, ફેરા નવ ફરી
કલેજે ઘા કરી, હાથુંથી ગયો હેમીઓ.

આવા ત્રણ ચાર દોહાઓ મળે છે. પણ તે કથાની કે કવિતાની દષ્ટિએ નિરર્થક છે.

કોઈ કહે છે કે પ્રેમિકા જાતની કણબણ હતી માટે સંબંધ તૂટયો; કોઇ કહે છે કે એ જાતે બ્રાહ્મણી હતી ને નામ લખમાદે હતું.

આંહી સંગ્રહેલા દોહાઓ ફક્ત આટલું જ સૂચવે છે : કોઇ પણ કારણે ત્યાગ કરી જતા પિયુને પ્રેમિકા લગ્ન માટે વિનવે છે : પોતે ઝંખી ઝંખીને બિમાર પડે છે છતાં લોક લાજનો માર્યો પ્રેમી પાસે આવતો નથી. છેવટે પ્રેમી ચાહે લોકાપવાદના કે ચાહે પિતા માતાના દબાણને વશ બની બીજે લગન કરી બેસે છે. રઝળી પડેલી પ્રેમિકા એકલ જીવન સ્વીકારી લઇ હૈયામાં તો હેમીઆને જ પધરાવે છે. દુહાઓ તો બન્ને વચ્ચે વિયોગ પડયા પછીનો જ પ્રસંગ ગાવાનું સરુ કરે છે.

§

૧ : વિરહ અને ચિંતા થકી પ્રેમિકાની બિમારી

ઘર પાછળ ઘમકાર, પગ વાગે પ્રીતાળનો,
ઉફડકીને ઉભી થાય, હૈયે વાગ્યો હેમીઓ. ૧

[બિમાર પ્રેયસીને પલે પલે શંકા પડે છે કે આ ઘરની પછવાડે રસ્તા પર જાણે પિયુનાં પગલાં સંભળાય છે. પથારીમાંથી વારે વારે

ફાળ ખાઇને ઉભી થાય છે. કેમકે હૈયામાં હેમીઆની ઝંખના વેદના કરી રહી છે,]

આવ્યો હશે. પણ પાદરથી જ ખબર પુછાવીને પાછો વળી ગયો હશે.

ઉંબર લગ આવે, દઃખનો પૂછેલ દેઈનાં,
કાંઉ નગણુ સગે, હેતમઠાં જયાં હેમીઆ ! ૨

[હે હેમીઆ ! તું મારા ઘરના ઉંબર સુધી આવી ગયો, છતાં મારા દેહનાં દુઃખની ખબર પૂછવા પણ તું ન આવ્યો ? આવા નગુણા સ્વજન પર હું શા માટે પ્રીતિ ધરાવી રહી છું ?]

લોકુંની લાજે, આંયાં લગ આવેલ નૈ;
પરસું પૂછાવેલ દુઃખ અમારી દેઈનાં ૩

[હે હેમીઆ ! તું આ ગામમાં આવ્યો, છતાં કેવળ લોકોની લજ્જાથી ડરીને મારી સન્મુખ ન આવ્યો, ને પરાયાં લોકોની મારફત જ મારા શરીરના સમાચાર પુછાવી ચાલ્યો ગયો !]

૨ : પ્રેમીજન આવતો અટકયો તે કદાચ બીજાના દબાણથી, શીખવણીથી, પ્રેમિકાની પરજ્ઞાતિને કારણે, અથવા કોઈએ એને વિષે ઉભા કરેલ કશા વ્હેમને લીધે હશે. આમ માનીને સંદેશા કહાવે છે : પ્રેમનું તત્વ ચર્ચે છે.

ભારે ઝીલે ભાર, હળવાં વાયેથી હલે,
દોખી બોલે દાવ, સાંભળીએં નૈ સૂરના ! ૪

[હે સૂર ભેડા આહિરના દીકરા ! જે ઝાડ (આંબા જેવાં) પોતે જ ભારવાળાંને તોલદાર હોય છે, તે જ .બીજાનો બોજો સહન કરી શકે છે; ને જે ઝાડ પોતે જ હલકાં હોય છે તે તો થોડા પવનના ઝપાટાથી પણ હલી જાય છે; એટલે કે ગંભીર અને સમર્થ મનુષ્યો જ નિન્દા તિરસ્કારના બોજા ઉઠાવી શકે છે. માટે હે સમર્થ પુરુષ ! આપણા દુશ્મનો આપણી બદનામી કરે છે તેને તું કાન દેતો નહિ.]

ઘેરા મળે ઘણા, રામડા! રોઝાંના;
(પણ) મરગાંસુ મેળા, સરજ્યા લાધે, સૂરના! ૫

[હે સૂરના પુત્ર! કમઅક્કલ રોઝડાં પશુઓનાં તો ટોળેટોળ જંગલમાં મળે છે, પણ સાચાં મૃગલાંનો મેળાપ તો ભાગ્યમાં સર્જ્યો હોય તો જ થઇ શકે છે. તારા સરીખા ગુણીયલ માનવીની પ્રાપ્તિ પણ એવી વિરલ છે.]

કડય લગ પેરી કાછ, મેરામણ જોયો મથી,
લાધે સંખલા લાખ, છીપે રિયો તું સૂરના! ૬

[હે સુરના પુત્ર! કેડય સુધીનો કછોટો ભીડીને હું સંસાર રૂપી સમુદ્રની અંદર શોધી વળી, મારા હાથમાં લાખો માનવ-શંખલા આવ્યા, પણ તુજ સમ સાચું માનવ-મોતી તો છીપમાં સંતાઇ રહ્યું. એ છીપ મારા હાથમાં આવી નહિ.]

ખાડે ને ખાબોચીએ, પોકાર્યો પીવે નૈ,
ઘેયને લઇ ધૂને, સેંજળ પીવે, સૂરના! ૭

હે સૂરના! તારો જાતવંત આતમ-ઘોડલો, તું એને ચાહે તેટલો પચકારીશ, 'બાપો! બાપો!' કરીશ, તો પણ એ ખાડા ખાબોચીઆંના છીછરાં નીર નહિ પીવે. એને તો ઉંડા પાણીના ધૂનામાં લઇ જઇને ઉભો રાખીશ તો જ એ છલોછલ પીશે, તૃપ્તિ પામશે. ભાવ એ છે કે ખાડા ખાબોચીઆ સમાં છીછરાં ને મલિન પ્રેમપાત્રોમાં નહિ, પણ ધૂના જેવાં ઉંડાં ગંભીર માનવીની પ્રીતિમાં જ આત્માની તરસ છીપી શકે.]

[2]ભીંસાંનાં [3]ભાંગેલ, [4]ભાંભળ જળ ભાવે નહિ
ઘેર્યને લઇ ધૂને, સેંજળ પીંયે, સૂરના! ૮

[હે સૂરના! ભેંસોએ અંદર પડીને ડોળી નાખેલું અને પોતાનાં મળમૂત્રથી ફિક્કું કરી નાખેલું પાણી મારા પ્રેમ-ઘોડલાને ભાવતું

---

૧. ઘોડાને પાણી પાવા જળાશય પર લઇ જવો તે ક્રિયાને "ઘોડો ઘેરવો" કહે છે. ૨. ભીંસાં=ભેંસો. ૩. ડોળી નાખેલ. ૪. ખારાશવાળું.

નથી. માટે તું મને ઊંડા પાણીના જળાશયમાં પીવડાવ, તો સંતોષથી છલોછલ પી શકાય. ભાવ એ છે કે કોઇ હલકા પુરુષનો સ્નેહ મારે નથી જોઇતો.]

કાંઉ કુઘર કરાં, કુઘરે મન કોળે નહિ;
એથી તો ઉઘરાં, (અમે)સોના સરખાં, સૂરનાં ! ૯

[શા માટે હું કુડા માણસની સાથે ઘર કરું ? સંસાર જોડું ! શા માટે પરણવાને ખાતર જ ગમે ત્યાં પરણી લઉં ? મારું દિલ મારા ખરા જોડીદાર વિના ખીલતું નથી. એ કરતાં તો ઘરસંસાર વિનાનું જીવન જ મારે મન સોના સરખું છે.]

ઉંચું આભ ચડી, કરલાય મન કુંજાં જેમ,
ભોં મંડળ ભમી, હંસ ન ભાળું હેમીઓ ! ૧૦

[મારું મન કુંજ પક્ષીની માફક આકાશે ચડીને આક્રંદ કરે છે. આખા ભુમિ–મંડળ પર મારી આંખ ભમી વળી. પણ મારો હેમીઓ રૂપી હંસ નથી દેખાતો.]

૩ : વિવાહ સદાને માટે તુટયાની જાણ થયા પછીની હતાશા.

કેસરીઆ કરેલ, વાઘા વેત્રાવેલ રિયા,
પીઠીઆળે પંડયે, હાથુંથી ગીયો હેમીઓ. ૧૧

[લગ્નને માટે સીવડાવીને કેસરી રંગમાં રંગાવેલા પોશાક પણ પડયા રહ્યા. કેમકે એ પહેરીને પરણવાનો હતો તે હેમીઓ તો પીળા પીઠી–લેપ વડે મહેંકેલે શરીરે જ છટકી ગયો; એટલે કે બરાબર વિવાહની ઘડીએ જ ચાલ્યો ગયો.]

ગર પાકી ગુંદીએ, [1]વનફળ વેડયાં નૈ,
આટકતે આંબે, સાખ્રાળુ રિયાં, સૂરના ! ૧૨

---

૧. પાઠાન્તર: 'ચીજું ન ચખાણી.'

[ગીર-જંગલની વનરાઇ લાલ લાલ ગુંદાં વડે લુંબઝુંબી રહી, પણ એ પાકેલ ફળ ઉતારીને ઉપભોગ ન કરી શકાયો. પાકી કેરીઓથી આંબા લચી રહ્યા હતા, પણ હે સૂરના ! હું તો લાલચમાં ને લાલચમાં ટાંપી રહી. ફળો ખવાયાં નહિ. આંહી પોતાના અણમાણ્યા યૌવનનો ભાવ છે.]

તોંસુ ખાધી ખાંડ, હેમીયા હૈયામાં રહી,
કે'દિ વછૂટશે વાણુ, ખારે દડ ખોડાણુમલ ! ૧૩

[હે હેમીઆ ! તારી સાથેના વિવાહ નિમિત્તેની જે માંગલિક ખાંડ મેં ખાધી, તે તો છાતીમાં જ ચોંટી રહી. પૂરી પેટમાં ન ઉતરી. કેમકે તેં સંબંધ ત્રોડી નાખ્યો. હવે આ ખારા સમુદ્રમાં ખૂતી ગએલ મારૂં જીવન-નાવ કયે દિવસ છૂટું થશે ?]

હીરાગળ ફાટ્યું હોય, (એને) તાણો લઇને તૂંણીએં,
(પણ) કાળજ ફાટ્યં કોય, (એનો) સાંધો ન મળે સૂરના ! ૧૪

[હીરાગળ નામનું કપડું ફાટી ગયું હોય, તો તો એને દોરા વતી તૂંનીને (સીવીને) એનું છિદ્ર પૂરી દઇ શકાય, પણ કલેજામાં પડેલી ચીરાડને તો સાંધી શકાતી જ નથી, હે સૂરના પુત્ર !]

ભાણું ભાંગ્યું હોય, (એને) રેણ દઇને રાખીએં,
(પણ) [1]કરમ કુટ્યું કોય, એનો સાંધો ન મળે સૂરના ! ૧૫

[એજ રીતે ધાતુનું વાસણ ભાંગી જાય તો રેવણ કરીને એને સમારી શકાય છે. પણ કિસ્મત ફુટે તો તેને માટે કોઇ રેવણ કામનો ઇલાજ નથી હે સૂરના પુત્ર !]

લાગી હત જો લા, (તો) આડાં ફરી ઓલવત,
(પણ) દલડે લાગેલ દા, ડુંગર હડેડયો હેમીઆ ! ૧૬

[હે હેમીઆ ! જો બહારના જગતમાં આગ લાગી હોત તો આડાં પડીને બુઝાવી શકાત. પરંતુ આ તો અંતઃકરણની અંદરનો ડુંગર સળગી ઉઠયો છે.]

---

૧. કાચ લપટયો હોય.

રાતુંને રૂંએ, ભમતી હું કુવા ભરૂં,
નેણુંને નીરે, સાયર છલિયા સૂરના! ૧૭

[હે સૂરના પુત્ર! રાત્રિયે રડી રડીને હું આંસુના કુવા ભરી રહી છું. મારાં નયનોનાં નીર થકી હવે તો સાગર છલકાય છે. અતિશય રૂદનનો ભાવ વ્યકત થયો છે.]

૪ : આત્મ-સમર્પણ

ભગવા પે'રેને ભેખ, દુનિયાને કાંઉ દેખાડીયેં,
આતમ અમણું એક, સંન્યાસી થ્યું સૂરના! ૧૮

[હવે ભગવાં કપડાં પહેરીને હું દુનિયાને શું દેખાડું! અંદરનો મારો આત્મા પોતે જ સંન્યાસી થઇ ચૂકયો છે. મેં તારી આશા લીધી છે.]

રૂપાની રેણે, માદળડી મઢાવીએં;
સોના સાંકળીએ, [1]હાથે બાંધું હેમીઓ! ૧૯

[હવે હેમીઓ સદેહે તો મને મળવો દુર્લભ છે. એટલે હું રૂપાની એક માદળી (તાવીજ) કરાવી તેની અંદર મારા હેમીઆની કલ્પના-મૂર્તિને પધરાવી, તે અંદરથી નીકળવા ન પામે માટે ઉપર રેવણ કામ કરાવી, એક સોનાની સાંકળીમાં પરોવી મારા હાથ સાથે બાંધી રાખીશ. એ રીતે હેમીઓ મારો સદાનો કેદી બની રહેશે.]

ના, ના, એ રીતે તો કદાચ મારો હેમીઓ ફરીને પાછો ખોવાઇ જાય. માદળડી ક્યાંય પડી જાય. માટે,

ગર બાંધી ગોતેં કરેં, બોળાવશું બીયાં,
(મના) ત્રોફાવું ત્રાજવડાં, (મારા) હૈયા વચાળે હેમીએ. ૨૦

[આપણો સંયોગ તો હવે આ રીતે દુર્લભ છે, હું તને સદેહે તો નહિ પ્રાપ્ત કરી શકું, છતાં હું ગીરના જંગલમાં શોધ કરીને ત્રાજવાં (છુંદણાં) પડાવવાના રંગ માટેનું ઝાડ શોધીશ, એને પલાળીને લીલો

1. બીજો પાઠ : 'કાળજનો કેવાકુ કરૂં।'

રંગ તૈયાર કરીશ, અને બરાબર મારી છાતીના મધ્ય ભાગ ઉપર હેમીઆની આકૃતિ ચિતરીને એનું છુંદણું પડાવીશ. પછી એ મારા પ્રિયતમના ચિત્રને કોઇ ભુંસી નહિ શકે. એ પ્રતિમા તો મારા શરીર ઉપર ચામડી હશે ત્યાં સુધી છપાએલી જ રહેશે.*]

---

* ત્રાજવાં ત્રોફાવવાં=છુંદણાં પડાવવાં : Tatooing : લોકહૃદય-માં આ છુંદણાં છપાવવાની પ્રથા માટે અતિ પ્રબલ ભાવ ભર્યો હતો. કેવળ શરીર શણગારવાને માટે ફુલ, પાંદડીઓ, કે પક્ષી-આકારો, છુંદાવવા પૂરતો જ એ શોખ નહોતો; પણ ઇશ્વર અથવા ઇષ્ટદેવ-દેવીનાં નામો તેમજ આકૃતિઓ (જેવાં કે રાધાકૃષ્ણના મ્હોરાં) છુંદાવવા સુધીનો ધર્મભાવ પણ સેવાતો હતો. આંહી આ ત્યજાએલી પ્રિયતમા પોતાને ત્યજી જનાર પ્રિયજનનું ચિત્ર-છુંદણું, શરીરના અન્ય કોઇ અવયવ પર નહિ પણ 'હૈયા વચાળે' છુંદાવવા માગે છે. પ્રિય આકૃતિનું કાયમીપણું તેમ જ વધુમાં વધુ સામીપ્ય, એ બે ભાવોનો મેળ આ ઉદ્‌ગારમાં સમાયો છે.

લોડણ–ખીમરો

જામનગર રાજને તાબે રાવલ નામનું એક ગામ છે. રાવલ ગામથી થોડે છેટે સાની નામે નદી છે, અને એની નજીકમાં 'લોઢી તળાવ' નામે તળાવડી છે. ત્યાં બે ખાંભીઓ (પાવળિયા) ઉભેલ છે. રાવલ ગામના આહિરો એ બન્ને ખાંભાઓને જાત્રા જવારે છે અને સીંદૂર ચડાવે છે. એ બે ખાંભીઓ ખીમરા અને લોડણની ખાંભીઓ તરીકે ઓળખાય છે.

જૂના કાળમાં—કેટલા જૂના તે ચોક્કસ નથી—આ રાવલ ગામે રાવલીઆ આહિરોનું જૂથ રહેતું ને તેમના મુખીને ઘેર ખીમરો નામે જુવાન દીકરો હતો. દ્વારકાની યાત્રાએ જતાં તીર્થ-યાત્રીઓનો માર્ગ બરાબર આ રાવલ ગામને પાદર થઇને નીકળતો. યાત્રાળુઓ એ ગામને મોટું જોઇ રાત પણ રોકાતાં. ઘણા ઘણા સંઘો ત્યાં થઇને આવતા જતા.

એક દિવસ ઠેઠ ખંભાતથી ઉતરેલો એક સંઘ દ્વારિકા જતાં રાવલને પાદર રોકાયો છે, સાની નદીને સામે કાંઠે સંઘના ડેરા તંબુ ખેંચાયા છે. કોઇ કહે છે કે એ સંઘ વાણીઆઓનો હતો, બીજા બોલે છે કે આહિરોનો. રાવલ ગામના ગામેતી આહિરોએ એ આબરૂદાર અને આઘે આઘેથી આવેલા સંઘની સરભરા કરી.

ગામની આહિરાણીઓએ સાંભળ્યું કે આ સંઘની સાથે સંઘપતિની એક લોડણ અથવા લોડી નામે પુત્રી છે. કન્યા જુવાન અવસ્થાની છતાં ભક્તિ અને વૈરાગ્યમાં તલ્લીન છે, ભારી રૂપવતી છતાં પુરુષજાત પ્રતિ અણગમો ધરાવે છે, અને જીવનભર ન પરણવાનાં એણે વ્રત લીધાં છે. ભલભલા પુરુષો પણ એનું અંતઃકરણ પીગળાવી શકયા નથી.

ભરપૂર જોબનમાં વૈરાગે ગળી પડેલી આ ખંભાતણ કેવી હશે! આહિર ગામેતીની વહુવારૂઓને સંઘના પડાવમાં જઈ જોવાનું કૌતુક થયું. એવું જ મન થયું એ ભાભીઓના નાના દિયરને. દિયર ભોજાઈઓનો લાડકવાયો હતો. હઠીલો હતો. કહે કે સાથે આવું ને આવું! પણ લોડી ખંભાતણ તો પુરુષને મળતી નથી. શી રીતે લઈ જવો? દિયર હજુ ૧૮–૨૦ વર્ષની ઉમરનો છે : કિશોરી મુખમુદ્રા છેઃ મૂછોનો દોરો હજુ ફુટયો નથી. ટીખળી ભાભીઓ કહે કે "અમારા પોશાક પહેરીને, નણંદ બનીને આવવું છે?" ભોળા નિર્દોષ દિયરે હા કહી. સ્ત્રીના વેશ સજ્યા. બહુ રૂડી રીતે એને સ્ત્રીવેશ શોભી ઉઠયા. કોઈ કળી ન શકે. ઘેરો વળીને આહિરણો યાત્રાળુઓ પાસે ચાલી.

નદીને સામે કાંઠે કન્યા લોડણ પોતાના અલાયદા તંબુમાં બેઠી બેઠી આ મળવા આવનારી આહિરણોના જૂથને નદીપટ ઉતરતું જોઈ રહી છે. જોતાં જોતાં એને કૌતુક થાય છે, કે બીજી બધી સ્ત્રીઓ તો લૂગડાં ઉંચે લઈને પાણી વચ્ચે ધીરા પગ દેતી ચાલે છે, ત્યારે એ બધામાંથી એક તરુણી પાણીમાં પગ પલાળવાને બદલે છલંગો મારી મારીને આખો પાણી–પટ કાં કુદી રહી છે? છલંગ પણ કેવી મર્દાઈભરી! જોતાંની વારે જ લોડણનું વૈરાગ્યમય શરીર, પગથી છાતી સુધી, કોઈ નવીન ઉર્મિનો થડકાર પામી રહે છે!

આહિરણો તંબુમાં આવી. જુના સોરઠી રીવાજ મુજબ મહેમાન કન્યા સર્વે બહેનોની સાથે 'સાંઈ માંઈ' કરીને, એટલે કે બાથ ભરી ભરીને મળી. સહુને ભેટીને છેવટે નણંદવેશધારી

દિયર ખીમરાની સાથે બથોબથ લીધી. પણ એ છેલ્લી ભેટાભેટનો સુખાનુભવ કંઇક જુદોજ થયો. વૈરાગ્યને સ્થાને શરીરના રોમેરોમમાં વિકલતા જન્મી. પ્રીતિની લહર વાઇ રહી. અગાઉ કદિ નહિ એવા થનગનાટ એના અંગેઅંગમાં ઉપડવા લાગ્યા. આહિરાણીઓ બેઠી ત્યાં લગી આખો ય વખત લોડણ તો એ નાનકડી નણંદ ઉપર જ હેતના ઓઘ ઢોળતી રહી.

આહિરાણીઓનું જૂથ પાછું ગામ ભણી વળ્યું. નદીનો પટ ઉતરવા લાગ્યું. લોડણ એના ડેરામાંથી મીટ માંડીને જોઇ રહી છે. પણ આ વખતે તો પેલી ભોજાઇઓની નણંદ ફાળ ભરીને નદી કાં ટપતી નથી? એનાં તોફાન ક્યાં ગળી ગયાં? સહુના ભેળી એ પણ પાણીમાં પગ બોળીને જ ચાલી જાય છે. અરે એટલું જ નહિ, એના તો પગ પણ પૂરા ઠરતા નથી. શેવાળવાળી શિલા ઉપર એ બે પગ લથડવાં લઇ રહેલ છે. લોડણે ભેદ પારખ્યો: એ સ્ત્રી નહિ: નક્કી કોઇ પુરુષ : એણે મારાં વ્રત ખોટાં પાડયાં. મારૂં હૈયું એ પી ગયો.

ભોજાઇઓએ ઝીણી નજરે જોયું કે આ તો હમવામાંથી ખસવું થઇ પડયું. દિયરની દશા તો અવળી થઇ. આજ લગી એને સંસારનો વા વાયો નહોતો, પણ હવે તો એને હૈયે કળજુગ પેસી ગયો. ખીમરો ઝૂરવા લાગ્યો. એનો જીવ સાનો નદીની સામી ભેખડ ઉપર ભમવા મંડયો. એને, પહાડોના અને સિંહ–દિપડાના એ સહવાસી આહિર જુવાનને આજ પહેલી જ વાર ખબર પડી કે શરીરની એકએક કણી ઓગળીને ઢળવાઇ જવા ઝંખે એવું બીજું એક માનવી જગત પર જીવે છે, ને જડયું છે.

રાત પડી. સંસારી લાજમરજાદ ઉપર અંધાર–પડદા ઉતર્યા. ખીમરાથી ન રહેવાયું. સામે કાંઠે ચડયો. આખો પડાવ પોઢી ગયો છે. એક જ ડેરામાં ઉતરેલ માનવી–લોડણ જાગે છે. કાળી રાતે બે પોયણાં, નિષ્પાપ ફુલો પાંખડીએ પાંખડી ભાડીને મળે છે. ન્યાતભેદના, જાહેરખાનગીના, જુદેરી જાતિના, તમામ ભેદો એકજ અભેદમાં ઓસરી જાય છે.

વળતી રાતે તો સંઘે પડાવ ઉપાડયો. સહુ જ્યારે પોતપોતાની તૈયારીમાં પડયાં છે ત્યારે નદીની આવી ભેખડની ઓથે રકાઝક થઇ રહી છે. ખીમરાને ખબર નહોતી કે પ્રીતિના અમૃતમાં વિયોગનું વિષ પણ પડેલું છે. એ ભાનભૂલેલો જુવાન "તું જા મા! તું જા મા!" કહી ચોધાર રડે છે. લોડણ એને મનાવે છે કે "હું ઝટ પાછી આવીશ, આઠ જ દિવસે વળી આવીશ. મને જવા દે. આ સંઘના ઉચાળા ઉપડયા. કોઈ જાણશે તો આપણો નાશ થશે."

વેદના તો બેઉને સરખી હશે; પણ સ્ત્રીજાતમાં ધીરજનું અંગ અદકેરું. મનાવી ફોસલાવીને ખંભાતણ દ્વારકાને તીર્થે જવા ચાલી નીકળી. "ખીમરા! તારા સાટુ હું ગોમતીજીમાંથી બે કૂંપા તીર્થજળ લેતી આવીશ!" એમ કહી ખીમરાની પાસેથી બે ખાલી સીસા લીધા. પણ આહિર જુવાન તો દૂધનું ઝાડવું: પ્રીતિનો પ્રથમ ઉગમ: સંસારની વાટ કદિ સમજેલ નહિ: વેદના કોઇને વંચાવી શકે તેવું નથી: વિદેશણ વદાડ પાળશે કે નહિ પાળે એની શી ખાત્રી? ખીમરો ઝૂરી ઝૂરીને ગળવા લાગ્યો. આઠ દિવસમાં તો એની આવરદા ખલ્લાસ થઇ.

વદાડ પ્રમાણે દોટમદોટ લોડણ પાછી આવી. ગામની નજીક આવતાં જ મસાણને કાંઠે નવો પાવળિયો દીઠો. કોણ મુવું? આહિરનો જુવાન બેટો ખીમરો: શાથી? કોણ જાણે, કોઇક ડાકણના વળગાડથી.

એ ખાંભી ઉપર ખંભાતણ લોડણે ગોમતી-જળના સીસા ઠાલવ્યા, ને પછી પોતાનાં લોહીના સીંદૂર ચડાવ્યા.

§

આવી ઉભે દેશ, ગાંજુ કોઇ ગમિયો નહિ;
(પણ) રૂડો રાવલ દેશ, ખૂત્યો ઘટમાં ખીમરો! ૧

[હું આખો સૌરાષ્ટ્ર દેશ જોતી ચાલી આવું છું: બીજે ક્યાંય મને કોઇ પુરુષ પસંદ પડયો નહિ. પણ આ રાવલ ગામના પ્રદેશમાં ખીમરો મારા દિલની અંદર ખૂંચી ગયો.]

શી રીતે એ અંતઃકરણમાં પેસી ગયો?

[1]આવતડો આહિર, ભોજાયું ભેળો મળી;
વરત અમારાં વીર ! ખોટાં કરાવ્યાં ખીમરા ! ૨

[આહિર જુવાન એની ભાભીઓની સંગાથે સ્ત્રીવેશે ભળી જઇને આવતો હતો. પુરુષજાતને ન મળવાનું, એકલ જીવન ગાળવાનું મારું વ્રત, ઓ ખીમરા! તેં જ જૂઠું પાડ્યું.]

*આરો ઉતરતે, પગ પરખાણો પુરુષનો,
થડકયો થાનોલે, ખંભા સુધી ખીમરો. ૩

[લોડણને તો, એ આહિરાણીઓ નદીનો આરો ઉતરતી હતી ત્યારે જ તેમાં એક પુરુષનો પગ ઓળખાઇ ગયો હતો. સ્ત્રીવેશ-ધારી ખીમરાની છલંગ અછતી નહોતી રહી. બીજી બધી સ્ત્રીઓ પાણીમાં ચાલીને આરો ઉતરતી હતી ત્યારે ખીમરો જ નદીના પ્રવાહની ઉપર થઇને ટપતો હતો. નદી-પટ પરની એની ફાળ જોતાં જ જાણે કે મારા સ્તન ભાગમાં-છાતીમાં-છેક ખંભા સુધી એ ખીમરાનું સ્વરૂપ થડકી રહ્યું હતું. (અથવા-એ છલંગ મારતી વેળા ખીમરાનું ભરપુર શરીર છેક ખભાં અને છાતી પર્યંત થડકાર અનુભવી રહ્યું હતું. એવું માંસલ, લોહી છલકતું, સુડોલ શરીર એ છલંગોની મસ્તીથી એટલું દીપી ઉઠ્યું કે લોડણને મોહ પ્રગટ થયો.]

---

૧. 'આવતડો' એ 'આવતો'નું લાડકવાયું રૂપ છે.

*આંહી જેમ સ્ત્રીવેશમાંથી પુરુષ પારખવાનું તત્ત્વ છે તેમ પુરુષ-વેશમાંથી સ્ત્રીને પિછાનવાની એંધાણીઓ પણ લોક-સાહિત્યમાં નોંધાએલ છે : દા. ત.

"ચાલો મારા સાથી ! આપણ દરિયે નહાવા જઇએ રે,
"અસ્તરી હશે તો એ કાંઠે બેસી નહાશે રે,
"પુરુષ હશે તો એ દરિયો ડોળી નહાશે રે."

[તેજમલ ઠાકોર : રઢીયાળી રાત ભા. ૩]

પછી મિલન વેળા વધુ પારખ્યો :

તું મળતે મળિયાં, [1]ભજ [2]એને ભેળાં કરે;
નારી નૈ નરાં, ખરાં નીવેડયાં ખીમરા ! ૪

[હે ખીમરા ! તને તો બન્ને ભુજાઓ ભેગી કરીને, એટલે કે બાથ ભરીને હું મળી, તે વખતે મને ખરી ખાત્રી થઇ કે તું નારી નહિ પણ નર હતો.]

પછી તારો કંઠ પ્રિય લાગ્યો :

મર વાંસળિયું વાય, મવરે મન માને નહિ,
સરવો તારો સાદ, ખાંડથી વાલો ખીમરા ! ૫

[હે ખીમરા ! લોકો છોને વાંસળી બજાવે; એના સૂરથી મારૂં મન રાજી થતું નથી. પણ તારો સાદ તો મીઠો-ખાંડ કરતાં યે વધુ વહાલો લાગે તેવો સુંદર છે.]

બધાં પાછાં વળે છે: નદીનો આરો ઉતરે છે: લોડણ જોઇ રહી છે: છલંગોને બદલે તો ખીમરો લથડિયાં ખાઇ રહેલ છે: એનીમસ્તી ઉતરી ગઇ છે: લોડણ એને લપસતો દેખીને કહે છે:

પાણે પગ દઇએં નહિ, સેવાળેલ સગા !
લડથડ મા લાડા ! ખમા તુંને ખીમરા ! ૬

[ઓ મારા સ્વજન ! ખમા તને ! ઇશ્વરની રક્ષા હજો તને ! તું લથડિયાં ન લે, ઓ લાડીલા ! તું સંભાળીને પગલાં માંડ. સેવાળ બાઝેલ પત્થર પર તું પગ ન દેતો. રખે તું પડી જઇશ.]

૨ : વિદાયની રાત્રિયે

સંઘડો સડેડયો જાય, ખમાડયો ય ખમે નહિ;
રો મા રાવલિયા !, [3]ખોટી મ કર ખીમરા! ૭

---

૧. ભુજ ૨. 'બન્ને'નું ચારણી રૂપ. ૩ ખોટી કરવું: રોકાણ કરવું

[ચોધાર રડતા અને રોકવા મથતા ખીમરાને લોડણ સમજાવે છેઃ ઓ ખીમરા ! આમ જો, આ અમારો જાત્રાસંઘ ઉતાવળથી ચાલ્યો જાય છે. એ હવે રોકાયો રોકાતો નથી. હવે રડ ના, હે રાવળિયા આહિર ! હવે મને વિલંબ કરાવ ના, મને રાજી થઇને રજા દે.]

અરે લોડણ ! તું પાછી નહિ આવે ! આવી ખારી ભૂમિમાં તને નહિ આવવું ગમે તો ?

ખીમરા ! ખારો દેશ, મીઠાબોલાં માનવી;
વળતાં વિસામો લેશ, ખોટી મ કર ખીમરા ! ૮

[હે ખીમરા ! આ બધો પ્રદેશ તો ક્ષારવાળો છે, પણ એમાં તારા જેવાં મીઠાબોલાં માનવી વસે છે. માટે જ હું આંહી ચોક્કસ આવીશ, પાછા ફરતી વેળા હું આંહી વિશ્રામ લઇશ, માટે અત્યારે મને રોકી રાખ નહિ.]

તોયે ખીમરો કલ્પાંત છોડતો નથી. લોડણ ફોસલાવે છે :

વીસે દિ'નો વાદાડ, આઠે દા'ડે આવશું,
રો મા રાવલિયા, ખારે આંસુડે ખીમરા ! ૯

[તું રડ નહિ. ખારાં આસુ પાડ નહિ. મેં તને વીસ દિવસે પાછી આંહી પહોંચાડવાનો કોલ દીધો છે, તેને બદલે હવે તો હું આઠ જ દિવસમાં પાછી આવીશ.]

૩ : દ્વારકાને રસ્તે

રસ્તામાં લોડણનો ભાઇ બહેનના હાથમાં સીસા દેખે છે, પૂછે છેઃ

કૂંપા કાચ તણા, મારગમાં ક્યાંથી મળ્યા,
મૂકી દે મોભણ ! ખટક બેઠી ખીમરે. ૧૦

[હે બહેન ! તને રસ્તામાં આ કાચના સીસા ક્યાંથી મળ્યા ? તું છોડી દે એને. તને ખીમરાની લત લાગી છે એ ઠીક નથી.]

કૂંપા કાચ તણા, મિતરૂં પાસેથી મળ્યા,
રાવલિયો રદામાં, ખાંતે નવરાવું ખીમરો. ૧૧

[બહેન કહે છે : ઓ ભાઇ ! આ કાચના સીસા તો મારા વ્હાલા મિત્ર પાસેથી મળ્યા છે. મારા હૃદયમાં રાવલિયો આહિર ખીમરો બેઠો છે, તેને હું આ સીસા ભરી ભરી રેડીને ન્હવરાવીશ.]

રાત્રિયે રસ્તામાં લોડણ અમંગળ શકુન દેખે છે :

ડાબી ભેરવ કળકળે, જમણાં જાંગળ થાય,
લોડી ખંભાતણ ઈં ભણે, (આ) સંઘ દ્વારકા ન જાય. ૧૨

[આપણા સંઘની ડાબી બાજુએ ભેરવ (ચીબરી) નામનું પક્ષી ચીસો પાડે છે; અને હરણાં જમણી બાજુ ઉતરે છે. લોડી ખંભાતણ એમ કહે છે કે આવાં અપશકનને લીધે આ સંઘ દ્વારકા નહિ પહોંચે એવું લાગે છે.]

આજુની અધરાત, બે બે પંખી બોલિયાં,
વાલ્યમા તમણી વાત ખોટી હોજો ખીમરા! ૧૩

[અપશકુન પછી અપશકુન થઇ રહેલ છે : આજની અધરાતે હું સૂતી હતી ત્યાં મેં બે પક્ષીઓની એક સામટી અમંગળ વાચા સાંભળી. એવી વાણી પોતાના પ્રિયજન ઉપરની આફત સૂચવે છે. એવું કંઇ હોય, તો વ્હાલા! ખીમરા તારા વિષે એ ખોટું જ પડજો ! કોઇ બીજા સગા વ્હાલા ઉપર જ એ અમંગલ ઉતરજો.]

દ્વારિકા પહોંચી, તો ત્યાં પણ રાતે એજ અમંગલ ભણકારા !

દ્વારકાને મંદિર, (મને) અવળું સપનું આવિયું;
સાચું (હો) સગે વીર! (પણ) ખોટું તમણું ખીમરા! ૧૪

[દ્વારિકાના દેવળમાં સૂતી છું, ત્યાં પણ મને ભયંકર માઠું સ્વપ્નું આવ્યું. જાણે કોઇ આત્મજનનું મોત થયું. હે પ્રભુ ! એ સ્વપ્નું સાચું જ પડવાનું હોય, તો મારા સગા ભાઇને વિષે સુખેથી સાચું પડજો, પણ મારા પ્રિયતમ ખીમરાના સંબંધમાં તો ખોટું જ નીવડજો ! ભાઈ ભલે મરે, પણ પિયુ ન મરજો !]

૪ : દ્વારકાથી લોડણ પાછી વળે છે : રાવલ ગામે આવે છે : સ્મશાનમાં ખીમરાનો મૃત્યુ–સ્થંભ (પાવળિયો) નિહાળે છે. ત્યાં વિલાપ કરી કરી પ્રાણ ત્યજે છે.

મારગ–કાંઠે મસાણ, ઉજળડાં આયર તણાં,
પોઢેલ અમણો પ્રાણ, રાવલિયો રીસાવી ગયો. ૧૫

[આ રસ્તાના કાંઠા ઉપર ઉજળાં આહિર લોકોનું સ્મશાન છે. ત્યાં અમારો પ્રાણ પોઢી ગયો છે. રાવલિયો આહિર ખીમરો મારાથી રીસાઇને સૂઇ ગયો છે.]

મારગ કાંઠે મસાણ, ઓળખ્યા નૈ આયર તણાં,
ઉતારી આરસપાણ, ખાંભી કોરાવું, ખીમરા ! ૧૬

[હું આવતી હતી ત્યારે મેં આ આહિર પિયુનું સ્મશાન મે ઓળખેલું નહિ. હે ખીમરા ! હવે તો હું આરસપત્થર કોતરાવીને તારી ખાંભી બનાવરાવીશ.]

જાતાં જોયો જુવાન, વળતાં ભાળું પાળીઓ,
ઉતરાવું આરસ પાણ, ખાંતે કંડારૂં ખીમરો. ૧૭

[જતી વેળા જેને મેં જીવતો જુવાન જોયેલો, તેને હું અત્યારે પાછી આવતી વેળા પત્થરનો પ્રાણહીન પાવળિયો બની ગએલ જોઉં છું. હવે તો આરસ પત્થર ઘડાવીને હું તેમાં મારા ખીમરાની મૂર્તિ કોતરાવીશ.]

ઘોડાળા, જાવ ઘર–વાટ, (અમે) પાળાં પળતાં પૂગશું,
રે'વી મારે રાત, (તારી) ખાંભી માથે ખીમરા ! ૧૮

[પોતાની સાથેના ઘોડેસવારોને, સંઘના લોકોને લોડણ કહે છે : કે તમે હવે ઘરની વાટે ચાલતા થાઓ ! કેમકે મારે તો આ ખીમરાની ખાંભી ઉપર રાતવાસો રહેવું પડશે. હું પાછળ પાછળ ધીરે ધીરે પગે ચાલીને પહોંચી જઇશ.]

સહુને વિદાય કરી, પોતે એકાકિની, અંધારી રાતે, એ સ્મશાનમાં, ખીમરાની ખાંભી ઉપર રૂદન કરે છે :

શવલિયા! શું રાત, વગડાની વેરણ થઇ,
સગા! દેને સાદ, ખાંભીમાંથી ખીમરા! ૧૯

[હે રાવલવાસી પિયુ! આ જંગલની રાત મને ત્રાસ આપી રહી છે. એકલતા મારાથી સહી જતી નથી. હે સ્વજન, તારી ખાંભીના પત્થરમાંથી મને એક અવાજ તો દે!]

તડકો ને આ ટાઢ્ય, વગડો ય વેઠેલ નૈ,
રે'વો મારે રાત્ય, (તારી) ખાંભી માથે ખીમરા! ૨૦

[હે ખીમરા! આ જંગલનો વાસ, આ તડકો ને ઠંડી કદિ જ નથી અનુભવ્યાં. છતાં આજે મારે તારી ખાંભી ઉપર રાત રહેવું છે]

મોતી માળીગળ તણું, (જાણ્યું) પેરાવશું પાંજરને,
(ત્યાં) ડૂબ્યું મધદરિયે, ખોયું રતન ખીમરો! ૨૧

[હે ખીમરા! મેં તો એમ માનેલું કે મને સમુદ્રનું આવું સાચું મોતી મળ્યું છે તે હું મારા કંઠને પહેરાવીશ. ત્યાં તો એ ખીમરા રૂપી રત્ન મધસાગરે પડીને ડૂબી ગયું.]

રેત હું રાવલમાં, ચડત મન ચાંખડીએ;
(ત્યાં તો) રોળ્યાં રાવલીએ, ખડવઢુ કર્યાં ખીમરે. ૨૨

[મનમાં તો ઉમેદ હતી કે હું રાવલ ગામમાં જ રોકાઇને રહેઠાણ કરત; લગ્નની ચાખડી પર ચડત. ત્યાં તો રાવલીઆએ મને રઝળાવીને ઘાસ વાઢનારી(ભિખારણ) કરી મૂકી.]

ચોરી આંટા ચાર, પાટે પરણ્યાં નૈ,
વાલ્યમ તમારી માળ ખંતની ન નાખી ખીમરા!૨૩

[લગ્ન-ચોરીમાં વિવાહના ચાર આંટા ફરીને બાજઠે બેઠાં નહિ. હે વહાલા! તારી વરમાળ કંઠમાં ન પહેરી શકાઇ.]

સાની તડય સગા! પગ લપટ્યો પાસા જી,
ઉંડે જળ આણી, ખસતાં કીધાં ખીમરા! ૨૪

[આ સાની નદીનાં કોતરમાં મારો પગ, સુંવાળો પાસો લપટ તેમ લપટી પડ્યો. જાણે કે તેં મને ઉંડા જળમાં ખેંચી જઇને પછી ધક્કો દીધો.]

કુંપા કાચ તણા, રાખ્યા રિયા નૈ,
ભાંગી ભૂકા થિયા, (તારી)ખાંભી માથે ખીમરા! ૨૫

[આ કાચના સીસામાં હું ગોમતી–જળ ભરીને લાવી, તે આજ તારી ખાંભી ઉપર પછડાઇને તુટી ગયા.]

સારડિયું સગા ! પંડ્યમાં જઇ પૂગિયું,
વલાસ્યું વલહા ! (મુને)ખણુ ખણુ સાંભરે ખીમરા! ૨૬

[હે સ્વજન ! વેદનાની શારડી છેક મારા હૃદય સુધી પહોંચી ગઇ. હે વહાલા ! તારી સાથેના વિલાસ મને ક્ષણેક્ષણ સાંભરે છે.]

ગયું લાગિયું ગૂહાનુ, ઇંગાર ઓલાય નૈ,
મરતે મારૂ રાણુ, ખોડસ ધખિયાં ખીમરા ! ૨૭

[આ તો ગીરનું જંગલ સળગી ઉઠયું, એના અંગાર ઓલવાય નહિ. તું મરતાં મારે તો મોટા લાકડાનો અગ્નિ સળગી ઉઠયા જેવું થયું.]

અવળે શકને આવિયાં, ડાબો ગણેશ થિયો,
*મેરીપરને મારગે, રાવલિયો રણુમાં રિયો. ૨૮

[હું અમંગળ શકુનમાં આવી હોઇશ, ગણેશ (તેતર) પક્ષી મારી મોખ ડાબી બાજુ ઉતર્યું હશે. એટલે જ મારો રાવલિયો મેરીપર ગામને માર્ગે મૃત્યુ પામ્યો.]

વિગતે કરૂં વિચાર, પાણો પૂજાય નૈ,
સયરો તેડાવી સલાટ, (તારી)ખાંભી નખાવું ખીમરા! ૨૯

[હું ખીમરાની ખાક ઉપર સાદા પત્થરની ખાંભી ખોડેલી જોઉં છું. હું વિચારૂં છું તો એમ લાગે છે કે એવો પત્થર તો મારાથી

*મેરીપર ગામ રાવલથી દ્વારિકા જતાં આવે છે.

પૂજાશ નહિ. નહિ. માટે હે ખીમરા ! હું તો એક પ્રવીણ સલાટને તેડાવીને આંહી તારી ઘાટદાર ખાંભી નખાવીશ.]

પછી તો એ ખાંભી જાણે સજીવ હોય એવું ચિંતવતી, ખાંભીમાં છુપાએલા ખીમરાને આલીંગન ભરે છે. પાગલ બની જઇને લવે છેઃ

અણીઆળાં અમ ઉર, ભીંસુ તોય ભાંગે નહિ,
બળ કરતી હું બીઉં, (તારી)ખાંભી માથે ખીમરા! ૩૦

[હું તારી ખાંભીની સાથે ભેટી પડીને મારાં યૌવનભરપુર અણીદાર સ્તનો દબાવું છું તો પણ એ ચગદાતાં નથી. ગાઢ આલીંગન ભરીને છાતી છુંદી નાખું એવું થાય છે. પરંતુ વધુ જોર કરતાં હું ડરૂં છું. કેમકે રખે ને ઉલટું તારી ખાંભી ભાંગી જાય !]

ખીમરા ! મોટી ખોડ, માણસને મરવા તણી,
લાગે લાખ કરોડ, ઇ જેવી એકોય નૈ. ૩૧

[ઓ ખીમરા ! માનવીને બીજા તમામ ભોગ આપવાની વાત સહેલ છે, પણ પોતાના પ્રિયજનની પાછળ મરવા જેટલું સ્વાર્પણ બહુ મુશ્કેલ છે. બીજાં લાખો નુકશાન ખમી શકાય, પણ પ્રાણ દેવાની વાત અસહ્ય છે. તું મારી પાછળ મરી જઇ શક્યો. તારૂં આત્મ-સમર્પણ એ રીતે શ્રેષ્ઠ છે. હું પણ એજ કરી બતાવીશ.]

સીંદોર ચડાવે સગાં, દીવો ને નાળીએર હોય,
(પણ)લોડણ ચડાવે લોય, (તારી)ખાંભી માથે ખીમરા! ૩૨

[હે ખીમરા ! તારાં બીજા સગાં તો આંહી આવીને તારી ખાંભી ઉપર સીંદૂર ચડાવે છે, દીવો પ્રગટાવે છે, નાળીએર ધરે છે. પણ લોડણ તો સીંદૂરને બદલે પોતાનું લોહી ચડાવીને તારી જાત્રા જુવારી રહી છે.]

ખંભાતથી હાલી ખીમરા! નાવા ગોમતી ગઇ;
અધૂરા લખ્યા'તા આંકડા, રાવલ અધવચ રહી. ૩૩

[હે ખીમરા ! લોડણ છેક ખંભાતથી નીકળીને દ્વારકાના ગોમતી-તીર્થે ન્હાવા ગઇ , પણ એના ભાગ્ય-લેખ અધૂરા હતા . એટલે એ પાછી ઘેરે ન પહોંચી શકી; અધવચ્ચે રાવલ ગામમાં જ રહી ગઇ.]

મારૂ–ઢોલો

એક રણવાસી અને બીજું પહાડવાસી, એવાં બે પ્રેમીઓની આ વાર્તા છે. મારવાડ દેશના જેસલમીર રાજની અને સિંધ દેશની વચ્ચે થળપાકરનું વિશાળ ગાઢું રણ પડ્યું પડ્યું સળગે છે. એક દિવસ એ મરૂભૂમિના કોઈ ગામડાનો ઠાકોર પોતાની ઠકરાણી સાથે સોરઠમાં જાત્રાએ નીકળ્યો. એના ગામનું નામ એક દોહામાં પીંગળગઢ બોલાયું છે, અને એ ઠાકોરને એક દુહો પીંગળરાવ કહી ઓળખાવે છે. જાત્રાનું ધામ દુહામાં નથી જડતું, પણ લોકવાણી પ્રભાસપાટણ ભાખે છે, મરૂભૂમિનાં એ બે વાસીઓ સોરઠના આથમણા કિનારાની હરિયાળી ભોમમાં ઉતરે છે. અને બીજાં બે જાત્રાળુઓ સાથે મેળાપ કરે છે. એ પણ પતિપત્ની છે. દોહામાં પતિનું નળરાજ એવું નામ અપાયું છે. એના ગઢગામડાનો ઉલ્લેખ નથી મળતો.

ચારે જાત્રાળુઓ સોમનાથના એ તીર્થધામમાં, સાગરની પાળે, કોઈ ઘટાદાર પારસ–પીપળાને છાંયડે ચોપાટ રમ્યાં. ભાઈબંધી જામી પડી. ચાર ઉપરાંત બીજા પણ બે જીવ માતાના પેટમાં સૂતાં સૂતાં એ મિત્રતાની લ્હેર પામી રહ્યાં હતાં. બન્ને ઠકરાણીઓના ઉદરમાં ઓધાન હતાં.

રણનાં બે વાસીઓ એ લીલૂડી કંઠાળ ભોમમાં લાંબો સમય ઠહેરી ગયાં. દોસ્તીમાં જડાયલ જીવને વતન જવું ગમતું નહોતું. બન્ને ઠકરાણીઓને પ્રસવ થયો. રણકાંઠાની રહેનારીને દીકરી જન્મી; પહાડની વસનારીને પુત્ર આવ્યો. બાળકો પારણે રમતાં હતાં. જોડી બરાબર મળી જતી હતી. બન્નેનાં વેવીશાળ કરી, બોલ બોલી, ગોળ ખાઇ, માવતર વિખૂટાં પડ્યાં. મરૂભોમનાં વાસીઓ પારકર વટાવીને પોતાને ગઢગામડે ઉતરી ગયાં.

પછી તો ઘણાં વર્ષો વીત્યાં. કારમો કાળ વર્ત્યો, સોરઠમાં દીકરાનાં માબાપ મરી ગયાં. મરૂદેશની કન્યાનાં માવતરના પણ દેહ પડયા. છેટાંની વાટ, પારણાંના વેવીશાળની કોઇને પૂરી ખબર પણ નહિ, ટપાલ બેપીઆનો વ્યવહાર ન મળે; એટલે જૂનો સંબંધ ઘસાઇ ભુંસાઇને લુપ્ત થઇ ગયો. સોરઠી ભોમનો જુવાન બેટો ઢોલો સગાંસંબંધીઓના ગોઠવેલા લગ્નફાંસલામાં પડી ગયો. એની ધણ(સ્ત્રી)નું નામ માલવણ: ઢોલાને એના બાળ-વિવાહ વિષે કોઇ જાતની ખબર જ નથી.

એજ સમયે મરૂભોમની માવતરવિહોણી કન્યા મારૂને ય જોબન બેઠેલ હતું. પણ એને તો પોતાના પારણાં-વિવાહની જાણ થઇ ચુકી છે. એટલે એ વાટ જોતી બેઠી રહી છે આશા છે કે કોઇક દિવસ પહાડી સ્વામી હાથ ઝાલવા આવી પહોંચશે. ઘણો કાળ વીત્યો. તો યે કોઇ ન આવ્યું. સોરઠથી થળપારકરને કાંઠે ઉતરનારાં વટેમાર્ગુઓની જીભેથી એ સાંભળે છે કે ઢોલો હયાત છે: પરણ્યો છે: પણ જીવતરમાં સુખ નથી પામ્યો: સાચી જોડી નથી જડી.

મરૂભોમની બેટી અધીર બની ગઇ. મુસાફરોની સાથે સંદેશા કહાવ્યા. પ્રવાસીઓએ સોરઠના બાળ આગળ જઇને મેણાં દીધાં કે આવી આવી રૂપગુણભરી મારૂને તેં કેમ વિસારી! પહાડનો બાળ આ સહુ વાતો સાંભળીને જાગી ઉઠયો. એણે સામા કાંઠાના પુકાર સાંભળ્યા. પવનવેગી ઉંટ હોકાર્યો. મરૂદેશમાં પહોંચીને જે પોતાની હતી તેનું પાણિગ્રહણ કર્યું.

૧ : વિવાહના બોલ કોલ

ચાર જણું ચોપડ રમે, પારસ પીંપળ હેઠ;
નળ પીંગળ સંગી હુવા, (જે દિ') મારૂ ઢોલા પેટ. ૧

[ચારે જણાં—નળ અને એની સ્ત્રી તથા પીંગળ અને એની પત્ની—પારસ પીપળાના ઝાડ નીચે ચોપાટ રમતાં હતાં. તે ટાણે મારૂ અને ઢોલો, બન્ને પોતપોતાની માતાના ગર્ભમાં હતા. આવે રૂડે સમયે નળ અને પીંગળ વચ્ચે ભાઇબંધી બંધાઈ.]

પીંગળરાવરી પદમણી, નળરાજારો ઢોલ;
જબહીં પોઢ્યાં પારણે, તબહીં [1]બોલા બોલ. ૨

[પદ્મિની મારૂ પીંગળરાજની પત્નીને પેટ જન્મી; અને ઢોલો નળરાજની સ્ત્રીને અવતર્યો. એ બન્ને બાળકો પારણે પોઢતાં હતા ત્યારથી જ માબાપોએ બચ્ચાંના વેવીશાળના કોલ આપ્યા હતા.

૨ : વિજોગણના સંદેશા

આટલી જન્મ–કથા અને વિવાહના બોલ કોલની વાત પછી, ઘણાં વર્ષો સુધી શાં શાં વીતકો વીત્યાં, તે દર્શાવતો એક પણ દોહો નથી. વીસેક વર્ષનો ગાળો વહી જાય છે. ઢોલાનો ઘર-સંસાર તો માલવણની સાથે લીલેસૂકો ચાલી રહ્યો છે; ત્યારે બીજી બાજુ દૂર દૂરના મરૂ દેશમાં ભરજોબનીયે ઝોલાં ખાતી મારૂ ઢોલાને માટે જ ઝંખે છે. એને તો જાણ થઇ ગઇ છે કે પારણે પોઢ્યાં હતાં તે દિવસથી એ ઢોલાને વરી છે. એને બીજે પરણવું નથી. કોઇક દિવસ ઢોલો આવશે એવી એને આશા છે. પણ જોબન તો હવે છોળે ચડયું છે. ધીરજ ઘણી તવાઇ રહી છે. આકાશે વહેતાં પંખીની સાથે, અથવા કદાચ માર્ગેથી નીકળતા મુસાફરોની જોડે મારૂ ઢોલાને સંદેશા મોકલે છે:

---

૧. 'બોલ બોલવા' એ પ્રયોગ હજુ પણ લોકસમૂહમાં પ્રચલિત છે. એનો અર્થ 'વેવીશાળ (વિવાહ) કરવું' એ છે.

*પંથી ! એક સંદેસડો, ઢોલાને પહુંચાય;
જોબન-કળિયું મોરિયું, ભમર ન બેઠો આય. ૩

[ઓ મુસાફર ! મારા ઢોલાને એક સંદેશો પહોંચાડજે: કે જોબન-ફુલની કળી હવે તો ખીલી છે, છતાં યે તું ભમરો આવીને એના ઉપર કાં નથી બેસતો !]

પંથી ! એક સંદેસડો, ઢોલાને કહી જાવ,
જોબન-હુસતી જાગિયો, અંકુશ લઇ ઘર આવ. ૪

[ઓ પંથી ! ઢોલાને એક સંદેશો કહેજો, કે જોબન રૂપી હાથી મદોન્મત્ત બની ગયો છે, માટે હે .માવત ! હવે તો તું અંકુશ લઇને ઘેરે આવ.]

પંથી ! એક સંદેસડો, ઢોલા લગ લે જાવ;
જોબન-ચંપો મોરિયો, કળી ચુંટનકું આવ. ૫

[ઓ પંથી ! એક સંદેશો ઢોલાની પાસે લઇ જા, કે જોબન રૂપી ચંપા-છોડ મ્હોરી ઉઠયો છે. માટે તું માળી બની કળીઓ ચુંટવા આવ.]

પંથી ! એક સંદેસડો, ઢોલાને ·સમજાવ;
જોબન-આંબો ફાલિયો, શાખ ન ચાખે આવ ! ૬

[હે ઢોલા ! જોબનનો આંબો ફાલ્યો છે, છતાં તું એની શાખો ચાખવા કાં ન આવે ?]

ઢોલા તુંથી ઢોર ભલ, (જે) ચરે જંગલરો ઘાસ;
દન ઉગી દન આથમે, કરે· [1]ઘરાંરી આશ. ૭

[ઓ ઢોલા ! તારાથી તો પશુઓ પણ સારાં; જંગલમાં જઇને તેઓ ફક્ત ઘાસ જ ચરે છે, છતાં દિવસ ઉગીને સાંજ પડે, તે વેળા તો એ ઘાસ ચરનારાં પશુઓને પણ ઘેર આવવાની-પોતાનાં વાછરૂ-પાડરૂને મળવાની ઉમેદ થાય છે.]

---

* અથવા 'પંખી' ૧ ઘરોની.

પીળી પાંખરા પોપટા ! જઇ ઢોલાને કેહ;
મારૂ મન ઉંચું કિયું, છાંયા કાંઉ ન દેહ ! ૮

[એ પીળી પાંખના પોપટ ! તું ઢોલાને જઇ કહેજે, કે તેં મારૂનું મન અધીરૂં કરી મૂકયું છે. તું મને તારી છાંયડી કાં નથી દેતો ?]

[1]મત તું બોલે મોરલા ! ઉડી મ બેસ ખજૂર;
થાને જળથળ ઢૂકડો, માને વાલ્હમ દૂર. ૯

[ખજુરીના ઝાડ પર બેસીને ટહૂકાર કરતા મોરને મારૂ કહે છે " ઓ મોર ! તું ખજૂરી પર બેસીને બોલ નહિ. તું શીદ પુકાર કરેછે ? તારે તો જળનું સ્થળ નજીક છે; પણ મારે મારો પ્રિયતમ ઘણો દૂર છે. તારા ટોકાર થકી તું મને એ પ્રિયની યાદ વેધુ વેદનાભરી કરી મૂકેછે.]

૩: ઢોલાને મારૂ વિષે જાણ

ચારણ, ભાટો, કૈં કૈં મુસાફરો મારૂના દેશમાંથી ફરતા ફરતા ઢોલાને ગામ આવે છે. મારૂ અને ઢોલા વચ્ચેના વિસરાએલા બાળ-વિવાહની જાણ કરાવે છે. મારૂનાં શીલ, તપ અને તલખાટ કેવાં તીવ્ર છે તેનું ભાન આપે છે. ઢોલાના અંતરમાં પ્રીતિનો ઉદય થાવ છે. એ પ્રીતિમાં વધુ રસ પૂરવા માટે પ્રવાસીઓ મારૂનાં રૂપની સ્તુતિ કરે છે:

મારૂ એસો પાતળી, જેસી રાણુ ખજૂર;
થોડાબોલી ઘણુચવી, (તેને) કેમ વિસારી દૂર ! ૧૦

[મારૂ શરીરે કેવી પાતળી છે : ખજૂરી અને રાયણના ઝાડ જેવી : એવી સુડોળ, થોડું બોલનારી અને ઘણું ચાવનારી (ઉંડો વિચાર કરનારી) ગુણીયલ સ્ત્રીને તેં શા માટે વિસારી છે ઓ ઢોલા !]

---

૧. આવો જ દોહો બીજી એક કથામાં છે:

કોયલ સરવે સાદડે માઝમ રાત મ કૂર !
તારે આંબા ઢૂકડા, મારે દેશળ દૂર.

મારૂ એસી પાતળી, ખોબો ધાન ન ખાય;
ઉછાળી આભે ચડે, સંકેલી નખમાં સમાય. ૧૧

[મારૂ એવી તો પાતળી છે, કે એક ખોબા જેટલું પણ અન્ન એને નથી ખાઇતું. એનું અંગ એટલું હળવું છે કે ઉછાળીએ તો આકાશમાં ચડે; અને સંકેલીએ તો નખમાં સમાઇ જાય.]

મારૂ એસી પાતળી, જેસી ખાંડારી ધાર;
ચાલન્તાં પગ લડથડે, (તો) કટકા થાય દો-ચાર. ૧૨

[જેવી પાતળી તલવારની ધાર હોય છે, તેવી પાતળી મારૂ છે. જો ચાલતાં ચાલતાં એનો પગ લથડવાથી એ પડી જાય, તો એના શરીરના બેચાર ટુકડા થઇ જાય, એવી તો એ નાજુક છે.]

ચંદનરી મારૂ ઘડી, (તેનો) છોડો રહિયો પાસ;
(તે) છોડારો ચાંદો ઘડયો, ચોડયો લઇ આકાશ ૧૩

[સર્જનહારે પ્રથમ તો મારૂને ચંદનના લાકડામાંથી ઘડી કાઢી. એને ઘડયા પછી ચંદનનું જે છોડું (ટુકડો) બાકી રહ્યું, તેમાંથી સર્જનહારે ચંદ્રમા બનાવ્યો, બનાવીને આકાશે ચોડયો.]

૪ : મારૂને મળવા માટેની મુસાફરી

આવી ગુણીયલ મારૂ : જે આટલાં વર્ષોથી મારી જ વાટ જોઇ જોઇ, પોતાનાં જોબન સળગાવતી બેઠી રહી છે—તેને મેં કેમ વિસારી! ઢોલાનું અંતર દહવા લાગ્યું. એ અધીરો બન્યો. હવે તો આજે ને આજે, દીવે વાટયો ચડે તે પહેલાં જ મારૂને દેશ પહોંચ્યે રહું. વચ્ચે વિશાળ રણ પડયું છે તેને વળોટી જાઉં. મારે આંગણે અનેક પવનવેગી સાંઢીઆ બાંધ્યા છે, તેનું આજ પારખું થશે.

ઢોલો ચિત્ત વિચારિયો, મારૂ દેશ અલગ;
આપણુ જાઇ જોઇએ, *કરલા હુંદો વગ. ૧૪

* કરલા+હુંદો (હુંદો=નો) : ઉંટનો

[ઢોલાએ ચિત્તમાં વિચાર્યું કે મારૂનો મરૂ દેશ તો ઘણો દૂર છે. માટે હું જઇને મારા ઉંટની મદદ મેળવું.]

બધા ઉંટો બાંધ્યા છે તે સ્થાને જઇને ઢોલો પૂછે છે:

કુણ ગળ બાંધું ઘૂઘરા, કુણ શિર સાજું સાજ,
કિયો ઢોલારો કેહેલિયો, (જે) મારૂ મેળે આજ ? ૧૫

[આજ હું કોને ગળે ઘૂઘરા બાંધું ? તમો સહુમાંથી હું કોને મસ્તકે રૂડા સાજ સજાવું ? ઢોલાના ઉંટોમાંથી એવો કયો એક ઉંટ છે, કે જે મને આજ ને આજ મારૂ સાથે મેળાપ કરાવે ?]

જાણે કે એક વેગીલો ઉંટ ઢોલાનો બોલ ઝીલેછે :

મુજ ગળ બાંધો ઘૂઘરા, મુજ શિર સાજો સાજ,
મેં ઢોલારો કેહેલિયો, (થાને) મારૂ મેળાં આજ. ૧૬

[મારે કંઠે ઘૂઘરા બાંધો. મારા પર સુંદર સાજ સજો. હું ઢોલાનો ઉંટ, હું તેનો આજે ને આજે મારૂ સાથે મેળાપ થાય, એવી ઝડપે હું મજલ કાપીશ.]

ઉંટ ઉપર સાજ સજાયા છે. ઢોલો કયાં જવાનો છે તેની કોઇને જાણ નથી. પણ એની સ્ત્રી માલવણ આ બધો ભેદ પામી ગઇ છે. એ ઢોલાને રોકી રાખે છે :

ઢોલો હાલું હાલું હાલું કરે, ધણ હાલણ નવ [1]દેહ;
ઝબ ઝબ ઝુંબે પાગડે, ટપ ટપ નીર ભરેહ. ૧૭

[ઢોલો વારંવાર ઉપડવાનું કહે છે, પણ એની ધણીઆણી એને ચાલવા દેતી નથી. ઢોલો ઉંટ પર ચડે છે કે તુર્ત જ દોડીને માલવણ ઉંટનું પાગડું પકડી ટીંગાઇ રહે છે. અને આંખોમાંથી ટપક ટપક આંસુ પાડે છે.]

---

૧. દેહ (દે), ભરેહ (ભરે) એવા શબ્દોમાં 'હ' પ્રત્યય ફક્ત કાવ્યની માત્રા મેળવવા પૂરતો જ આવે છે.

ઢોલો અંતરની વાત કહી શકતો નથી. મુંઝાઇને ઉભો રહે છે. ઉભો ઉભો નખ વડે ભીંત ખોતરે છે. માલવણ એને પંપાળીને પૂછે છે:

ઢોલા ! કેમ દયામણા, [1]નખસું ખોદો ભીંત,
અમથી તે કુણ આગલી, ચડી તમારે ચિત ? ૧૮

[હે ઢોલા ! આમ દયામણું મ્હોં કરી ઉભા ઉભા નખ વતી દિવાલ શા માટે ખોતરી રહ્યા છો ? કોનું ચિંતન કરો છો ? મારાથી અધિક પ્રિય એવી કોણ સ્ત્રી તમારા ચિત્તમાં ચડી છે ?]

ઢોલો બાંધે ધોતીઆં, માલવણ ધાન ન ખાય,
ખોડો થાને કેહેલિયા ! ઢોલો ગામ ન જાય. ૧૯

[મુસાફરીએ ઉપડવા માટે ઢોલો માથા પર ધોતીયું (પાઘડી) બાંધી રહ્યો છે, એ દેખીને માલવણ અન્ન ખાતી નથી. ઉંટની પાસે જઈને માલવણ કહેછે કે "એ ભાઇ ઉંટ ! તું પગે લંગડો બની જવાનો ડોળ કરને ! તો મારો ઢોલો મુસાફરીએ ન જાય.]

ઉંટ જાણે કે ઉત્તર આપે છે :

ખોડો *થાં તો §ડાંભ ખાં, બાંધો ભુખ મરાં,
જાઉં ઢોલારે સાસરે, (તો) હરિયાં [2]મુંડ ચરાં. ૨૦

[ના, ના, હું લંગડો બન્યાનો ડોળ કરું, તો તો મારે ડામ ખાવા પડે. અને પછી ચલાય નહિ એટલે ખીલે બંધાયા બંધાયા મારે ભૂખે મરવું પડે. તે કરતાં તો હું જો ઢોલાને સાસરે-મારૂને ઘેર-જાઉં તો ત્યાં મને લીલી લીલી મગની શીંગોનો ચારો ચરવા મળશે.]

---

૧. 'નખથી ભીંત ખોતરવી' એ કોઇ ઉંડા વિચારની, મનની મુંઝવણની-કોઇના સ્મરણની નિશાની છે.

*થાં (થાઉં), ખાં (ખાઉં), મરાં (મરું), એ બધાં ચારણી ભાષાનાં રૂપ છે.

§ખોડંગતા પશુને એના પગ ઉપર ધગધગતા લોઢા વડે ડામ દેવાનો ઉપચાર ચાલે છે ૨. મુંડ : મગ

માલવણ જાણે કે ફોસલાવે છે :

¹ડાંભુ ઝીણે ડાભડે, તાતાં સીંચું તેલ,
બાંધું ઉંડે ભોંયરે, નીરૂં નાગરવેલ. ૨૧

[ઓ ભાઇ ઉંટ! તને જો ડામ દેવાનું કહેશે, તો હું પોતે જ એ ડામ આપીશ : બહુ જ ઝીણા સળીયા વતી તને ડામ દઇશ, (વધારે ઇજા નહિ કરૂં), પછી એ ઠેકાણે તેલ ગરમ કરીને સીંચીશ (તેથી તને આરામ રહેશે): અને કોઇ ન દેખી જાય તેમ ઉંડા ભોંયરામાં તને બાંધીને હું નાગરવેલનો ચારો ખવરાવીશ. મારૂને ઘેર તને મળે તે કરતાં યે અધિક સુખ વૈભવ હું આપીશ. મારે હરકોઇ ઇલાજે હું લંગડાપણાનો ડોળ કરીને ઢોલાને મારૂ-ઘેર જતો અટકાવ.]

કરહો ન રિયો વારીઓ, હલફુલ લગ્ગી કાય,
ઉંનો ડામ દેવારતાં, ડાંભુ તો સર જાય. ૨૨

[પણ ઉંટ તો વાર્યો ન રહ્યો. એની કાયા મુસાફરીએ ચડવા માટે તલપી રહી. માલવણ એને ઉના ડામ દેવા ગઇ, પણ ડામ દેવાના સળીઆ સરી પડયા.]

સાંઢીઓ જાણે કે અસ્વારનું અંતર ઓળખે છે. વિજોગી જનોને ભેળાં કરવા માટે તનતોડ વેગ કરે છે. પણ એના પગમાં માલવણે ડામ દીધો છે, ત્યાં કાંકરી ભરાઇ જઇને ખટકે છે. ઉંટ મજલ કાપી શકતો નથી. થળપારકરના રણની વચ્ચે જ સૂર્ય આથમવા લાગે છે. નિરાશ ઢોલો ઉંટને ઠપકો આપે છે:

²દેવ પહોંચ્યો ડુંગરે, હરણ્યું પહોંચી હલાર,
ફૂટય લાખેણા કેહેલિયા! (મને) રાખ્યો રણ મોઝાર. ૨૩

---

૧ બીજો પાઠ :
બાંધુ વડની છાંયડી, નીરૂં નાગરવેલ;
ડાંભ સમારૂં હાથસું, સીંચુ તેલ ફુલેલ.

૨ બીજો પાઠ : દી ગ્યો દરિયા ડુંગરે, નીયો નીર ઝરણે;
કાળી સાંઢરા કેહેલિયા, રોળ્યો થળ રણે.

[સૂર્યદેવ તો ડુંગરે (અસ્તાચળે) પહોંચ્યા, અને હરિણી નક્ષત્ર હાલાર દેશ ઉપર ઉતરી ગયું. ધિક છે તને ઓ મારા મૂલ્યવંતા ઉંટ! આજે તેં મને રણની અંદર જ રાત રાખી દીધો. મારૂને આજની રાતે જ મળવાની મારી પ્રતિજ્ઞા જૂઠી પડશે.]

ઉંટ ઉત્તર આપે છે :

[1]ભીડી લેને ગાતરી, તાણી લેને તંગ,
કાઢ તું પગની કાંકરી, પોગાડું મારૂ–પલંગ. ૨૪

[ઓ ઢોલા ! તું તારી પિછોડીની મજબૂત ભેટ તારી કમર પર બાંધી લે, મારા ઉપર માંડેલા જીનનો તંગ કસકસાવીને ખેંચી લે, અને મારા ડાબા પગમાં જે કાંકરી ખૂંચે છે તેને કાઢી નાખ; પછી જોઇ લે મારો વેગ; હું તને આજે જ રાતે મારૂના પલંગ પાસે પહોંચાડી દઇશ.]

માર્ગે વરસાદ તૂટી પડે છે. ઉંટ અને અસ્વાર અંધારી રાતે કીચડમાં ગોથાં ખાય છે. મનની ધારણા મુજબ પહોંચાયું નહિ :

નદિયું નાળાં જળ ઝરણું, પાણી અઢિયાં પૂર,
કરલો કાદવ કળમળે, પંથજ પુંગલ દૂર. ૨૫

[નદી નાળાં અને ઝરણાંઓમાં વરસાદના પાણીનાં પૂર ચડી ગયાં છે. ઉંટ કાદવ ખુંદી રહેલ છે. પુંગલગઢનો પંથ હજુ લાંબો રહ્યો છે.]

રણ વચ્ચે ઢોલાની આ દશા છે, અને એજ વિરહ–દશા વરસાદે મારૂની કરી છે :

ઉંડો ગાજે દુર ખિવે, વરસે દેશ વદેશ,
ગોરી ભીંજે ગોખમાં, પિયુ ભીંજે પરદેશ. ૨૬

---

૧ બીજો પાઠ : કાઢ તું પગરી કાંકરી, તાણી ભીડજે તંગ,
દીવા ટાણે ન પોચાડું (તો) કરજે ચાર અળંગ.

[પગની કાંકરી કાઢ, તાણીને મારાં તંગ ભીડી લે, પછી જો તને દીવા પ્રગટવાની વેળાએ મારૂને ગામ ન પહોંચાડું તો ખુશીથી મારા ચારે પગને કાપી અળગા કરી નાંખજે.]

માર્ગે કોઇ મુસાફર મળે છે, ઢોલો એને પૂછે છે : હે ભાઇ, કેવાંક છે મારૂનાં રૂપ ? મુસાફર એને ખોટો જવાબ દઇને ટીખળ કરે છે :

મારૂરો ચમકો ગિયો, ગિયો બાલપણ વેશ,
નેણાંરી વાંકપ ગઈ, પંજર હૂવા કેશ. ૨૭

[મારૂના રૂપનો ચમકારો તો ચાલ્યો ગયો. એનું બાળ જોબન તો ગયું. એનાં નયનોની ભમરોની બંકી છટા પણ ગઇ. એના માથાના કેશ પણ ધોળા બની ગયા. એવી મારૂને મળવા તું શું મૂર્ખ બનીને દોડી રહ્યો છે !]

સાંભળીને ઢોલો થંભી રહે છે :

ઉભો થળવટ એકલો, એવડ માંહ અસન્ન;
મારૂને મળવા તણું, લાગું પલ પલ મન્ન. ૨૮

[થળ (પારકર)ના રણમાં અસ્વાર એકલવાયો ઉભો થઇ રહે છે. મારૂને મળવા માટે એનું મન પલેપલ આતૂર છે.]

બીજો વટેમાર્ગુ મળે છે. ઢોલો પુછે છે : ઓ ભાઇ ! મારૂ કેવી દીઠી ? મુસાફર કહે છે :

ઉંચે ટીંબે અજવાસડો, જાણે વીજળિયાંહ;
મારૂ ધનરી દામની, ઝળકી પાંસળિયાંહ. ૨૯

[ઉંચા ટેકરા ઉપર (એક ઉંચા ગઢને ગોખે) મેં અજવાળાના ઝબકારા દીઠા. મેં જાણ્યું કે એ આકાશની વિજળી હશે, પણ એ વિજળી તો મારૂ હતી. ને એ તો એનાં અંગની પાંસળીઓ ઝબકારા કરી રહી હતી.]

સાંભળીને ઢોલો પંથે પડે છે. સાંજને પહોરે રણને સામે પાર ઉતરે છે. મારૂનાં ધામ એની નજીક આવી રહ્યાં છે. તે વખતે રણને પાછલે કાંઠે શું થઇ રહ્યું છે :

૫ : માલવણ શોધે ચડે છે

છાનામાના નાસી છૂટેલા ઢોલાના સગડ જોતી જોતી માલવણ પોતાની વેલડી હંકારતી પતિનો પિછો લે છે. સૂકા રણમાં, એક જાળના ઝાડને લીલુંછમ દેખીને માલવણ એને પૂછે છે:

ઊંડા થળ જળ વેગળો, તું કિમ લીલી જાળ!
કાં તો સીંચી સજ્જણે, (કાં) મે વૂઠો અણગાળ ૩૦

[ઓ જાળ! આ થળનું તળ તો ઘણું ઊંડું છે: પાણી તો તારાથી અતિ દૂર છે: છતાં તું લીલીછમ કયાંથી થઇ ગઇ! કાં તો કોઇ સજ્જને તને આંહી પોતાની મશકમાંથી પાણી સીંચ્યું હશે, અથવા તો આંહી ઓચીંતો વરસાદ વરસ્યો હશે.]

લીલુડી જાળ જાણે ઉત્તર આપે છે:

ના તો સીંચી સજ્જણે, મે ન વૂઠો અણગાળ;
આંહીથી ઢોલો પરવર્યો, કરલે ઝાલી ડાળ. ૩૧

[નથી મને કોઇ સજ્જન પુરુષે પાણી રેડયું, કે નથી મારા પર વરસાદ વરસ્યો. પણ હું સૂકાએલી હતી તેમાંથી લીલી તો એ કારણે બની ગઇ છું કે આંહીથી ઢોલા નામનો પ્રેમીજન નીકળ્યો હતો તેના ઊંટે મારી ડાળીને મ્હોંમાં લીધી હતી. એના સ્પર્શથી હું નવપલ્લવિત બની ગઇ.]

માલવણ આગળ વધે છે: પણ પછી તો સૂકી કઠણ ધરતી પૂરી થઇને કાદવ વાળો પ્રદેશ આવે છે: પોતે હતાશ બને છે:

[1]મેં તાં વાઇ ઉતાવળી, [2]ટાકરડી તળિયાંહ;
કરલે કાદવ ડોંધિયા, થળવટરી થળિયાંહ. ૩૨

[ટાકરડી (કઠણ) જમીન ઉપર તો હું ઉતાવળી ચાલી શકી. પણ અત્યાર સુધીમાં ઢોલાના ઊંટે તો આ થળ પ્રદેશનો કાદવ ઓળંગી નાખ્યો છે. હવે હું એને નહિ પહોંચી શકું.]

---

૧. હું તો વહી ઉતાવળી ૨. કઠણ તળ વાળી જમીન

માલવણ પાછી વળે છે : ગામ એને વેરાન સમ લાગે છે :

ઢોલો વળાઈ હું વળી, આવી નગર મુઝાર;
માણસરે નગરી હુઈ, મારે મન્ન ઉજાડ. ૩૩

[ઢોલાને વળાવીને હું પાછી વળી, નગરની અંદર આવી. બીજાં મનુષ્યોને એ ભરવસ્તીનું નગર છે, પણ મારે મન તો એ ઉજ્જડ વેરાન થઇ પડયું.]

૬ : મિલન અને લગ્નરાત્રિ

વળતે દિવસ સાંજરે પુંગળગઢના પાદરમાં ઉંડા ઉંડા કુવાને કાંઠે પનીઆરી પાણી ભરે છે : ઉંટનો અસ્વાર પણ ત્યાં આવીને ઉભો રહે છે : અસ્વારે એ જળ ભરનારીને ઓળખી છે. એ મરૂભોમની પુત્રી મારૂ છે. તરસ્યો ઉંટ મારૂના ભર્યાં બેડામાં મ્હોં નાખે છે. મારૂ એને કાંબડીની સોટી મારે છે. ઉંટ જાણે કે બોલે છે :

મારૂઇ મારૂઇ મન ઝૅંખું, મારૂઇ ઘેલડિયાં,
*પાણી.પીતો કેરહેલિયો, (તને) મારલ કાંબડિયાં ૩૪

હું તો મારૂ ! મારૂ ! ઝંખતો આવું છું. પણ મારૂ કેવી ઘેલી ! હું ઢોલાનો ઉંટ એના જળબેડામાંથી પાણી પીતો હતો તેમાં તો મારૂએ મને સોટીઓ મારી.]

હું ઢોલારો કેરહેલિયો, તું ઢોલારી નાર,
મુજ મ મારે કામડી, ફેર ન આવાં દ્વાર. ૩૫

[ઓ મારૂ ! હું ઢોલાનો ઉંટ છું, ને તું ઢોલાની નારી છે. મને કાંબડી ન માર, નહિ તો હું ફરીને તારે દ્વાર નહિ આવું.]

મારૂ ઓળખે છે : ઉંટને પંપાળે છે :

[1]જાણ્યો રબારી રાયકો, કાં ચારણ કાં ભાટ,
જાણત ઢોલાનો કેરહેલિયો, (તો) પહલે પાણી પાત. ૩૬

---

૧ બીજો પાઠ : સુલતાણારો સાંઢિયો, જો પીંગળગઢ આત,
હોત ગોરીનો વલ્લહો, (તો) પહલિયે પાણી પાત.

[મેં તો તારા અસ્વારને કોઇ રબારી ખેપીઓ અથવા ચારણભાટ માન્યો હતો. જો મેં જાણ્યું હોત કે તું ઢોલાનો ઉંટ છે, તો તો હું તને મારા ખોબામાં જ પાણી પીવરાવતને !]

માંડવ છાયો મોતીએં, તારે છાઇ ભાત;
ઢોલો મારૂ પરણિયાં, ધન આજૂરી રાત. ૩૭

[લગ્નનો માંડવો મોતીએ શણગારાયો, તારલાની ભાત આકાશમાં છવરાઇ ગઇ. ઢોલો અને મારૂ પરણી ઉતર્યાં; આજની રાત ધન્ય બની.]

કેડ્ય કટારાં વંકડાં, માથે મશરૂ મોડ,
ઢોલો રાતે લૂગડે, મારૂ નેણાં ચોર. ૩૮

[ઢોલાની કમ્મરે વાંકડી કટારો શોભે છે, માથા પર મશરૂની પાઘડી બાંધી છે. ઢોલો લાલ વસ્ત્રે દીપે છે, અને મારૂ પણ નયનોને ચોરે તેવી સુંદર બની છે.]

મારૂ નાહી ગંગજળ, ઉભી વેણુ સુકાય,
ચંદન કેરે રૂખડે, (જાણે) નાગ ઝપેટા ખાય. ૩૯

[પછી તો મારૂ ગંગાજળે ન્હાઇને ઉભી ઉભી એના વાળને સૂકાવી રહી છે. એના દેહ પર ઝૂલી રહેલો એ ચોટલો, ચંદન-વૃક્ષ પર નાગ લટકતો હોય તેવો દેખાય છે.]

મારૂ ચાલી મો'લ પર, છૂટા મેલી કેશ;
જાણે છત્રપત હાલિયો, કો'ક નમાવા દેશ. ૪૦

[કેશ છૂટા મૂકીને મારૂ મહેલ પર ચડી રહી છે : જાણે કોઇ છત્રપતિ રાજા કોઇ બીજા દેશને નમાવા ચાલ્યો હોય એવો ગૌરવભર્યો મારૂનો દેખાવ થયો છે.]

મારૂ ચાલી મો'લ પર, દીપક જગાડયે,
જાણે હનવો હાલિયો, લંકા લગાડયે. ૪૧

[હાથમાં દીવો પ્રગટાવીને મારૂ મહેલ પર ચડે છે. હનુમાન જાણે લંકા સળગાવીને ચાલ્યા જાય છે.]

મારૂ સૂતી અટારીએ, રતડો પલંગ બિછાય;
તારા તરવરિયું કરે, ચંદ રિયો લલચાય. ૪૨

[અટારી ઉપર લાલરંગી ઢોલીઓ બિછાવીને મારૂ સૂતી છે. એને દેખીને જાણે આકાશેથી તારલા ઝબૂકી ઝબૂકી એને મળવા માટે તરવરાટ કરી રહ્યા છે, ચંદ્ર પણ જાણે લોભાય છે.]

નવા મો'લ ને ધણ નવા, નવી જવાની નેહ;
ઠાકર ઘેર પધારીઆ, મોતી વરસ્યા મેહ. ૪૩

[નવા મહેલ, નવી સ્ત્રી, નવી જુવાની ને નવો સ્નેહ : પતિ ઘેર પધાર્યા. મોતીના જાણે મેહુલા વરસ્યા.]

કોરી ગાગર મદભરી, હેમ કટોરો હાથ;
રાણી ભરે રાજા પીયે, ધન આજૂરી રાત. ૪૪

[મદિરાથી ભરેલી નવી ગાગર છે. સ્ત્રીના હાથમાં સોનાનો કટોરો છે. ભરી ભરીને સ્ત્રી આપે છે, ને પુરૂષ પીવે છે, આજની રાત ધન્ય છે.]

મરૂભોમની પુત્રીના મુખ સામે નિહાળતો નિહાળતો સોરઠ-બાળ અચંબો પામે છે : પૂછે છે :

ખીજડ ઝાડ ને ભુરટ ખડ, ઉંડા નીર અથાહ;
*ઢોલો પૂછે મારૂને, (થારો) એવડો રૂપ કથાહ. ૪૫

[ઓ મારૂ ! તારી જન્મભોમમાં તો ભુંડાં ખીજડાનાં ઝાડ છે : ભુરાં ઘાસ છે : ને અથાગ ઉંડાં પાણી છે : છતાં તારૂં આવડુ મોટું રૂપ કયાંથી ?]

*મેં મથુરામાં મ્હાલતી, ગોકળરી ગલિયાંહ;
કાન કુંવરથી બહુ હસી, થાક રહી થલિયાંહ. ૪૬

*આ દોહાઓ બતાવે છે કે મારૂ જ મરૂભૂમિની પુત્રી હશે અને ઢોલો ચાહે તો સોરઠનો, ચાહે કચ્છનો પણ વાસી હોય.

[મારૂ પરિહાસ કરીને ઉત્તર આપે છે : "હું તો ગોપી હતી. કૃષ્ણાવતારમાં હું ગોકળ મથુરાની ગલીઓમાં મ્હાલતી હતી. કૃષ્ણના હાથમાંથી વછૂટીને હું નાસતી હતી, નાસીને દૂર નીકળી ગઇ; પછી તો થાકીને આ થળની મરૂભૂમિમાં રહી ગઇ.]

એ મિલન-સુખની વચ્ચે ઢોલો અને મારૂ પોતાના ખરા ઉપકારક મિત્ર ઉંટને તો છેક જ ભૂલી ગયાં. એને તો પગમાં ડામણુ નાખીને બાંધી જ રાખ્યો છે. ભાનભૂલ્યા પ્રેમીજનોને ઉંટ મેણું આપે છે :

કાળે માથે માનવી, ભગરે માથે ઉંટ;
નગુણા નરને ગુણ કિયા, (તેણે) બાંધી કરિયા ટૂંટ. ૪૭

[હુ ઉંટ બિચારો ભુરા રંગના માથાવાળો, કાળા રંગના માથાવાળાં (કૂડાં) મનુષ્યોની કૃતઘ્નતા શું સમજી શકુ ! આવાં નગુણાં માણસ ઉપર મેં ઉપકાર કર્યો, તો એણે તો મારા પગ બાંધીને મને ઠૂંઠીઓ જ કરી મૂક્યો.]

અને મારૂ ! તેં તો મને કાંટાનો ચારો નાખ્યો; પણ

કરલો કાંટા નહ ચરે, ચરે જ દૂજા ઉંટ;
લલેરો લાંઘણુ કરે, (જેણે) ચાખેલ ચંદણુ રૂખ. ૪૮

[હું કેહેલિયા જાતનો ઉંટ : હું કાંટાનો ચારો ન ચરૂં. એ તો બીજા હલકા સાંઢીઆ ચરે. હું તો ચંદનનાં ઝાડ ચાખનારો—ઉંચો ચારો ન મળે તો ભૂખ્યો રહું.]

સોરઠી ગીત-કથાઓમાં સુખી અંતવાળી આ એકજ છે. એનો અંત શ્રૃંગાર તરફ ઢળે છે. અંદરનું કાવ્ય પણ મારવાડી ઢબના દોહાઓનું છે, સોરઠી સોરઠાઓનું નથી. કથાનું વાતાવરણ તદ્દન સોરઠી નથી. આખી જ રચના કોઇ એકજ હાથની—ને તે પણ કોઇ રાજ-આશ્રિત મારવાડી ચારણની હોવા સંભવ છે. લોકસમૂહના હાર્દમાંથી પ્રગટ થએલ આ કૃતિ નથી. સં.

નાગ–નાગમદે

ગોહિલવાડમાં ગિરકાંઠાનું રાજૂલા ગામ છે. ત્યાંથી ત્રણ ચાર ગાઉ ઉપર સરોવરડું નામે નાનું ગામડું છે. અસલના કાળમાં ત્યાં એક સવીઆણા નામનું નાનું શહેર હતું; વાળા રજપૂતોનાં ત્યાં રાજ હતાં. ગામધણીનું નામ ધમળવાળો બોલાય છે. એને ઘેર નાગવાળો નામે જુવાન દીકરો હતો. નાગનાં રૂપગુણ અને વીરત્વ વિખ્યાત હતાં.

સવીઆણાથી એકાદ ગાઉ આઘે એક ડુંગરાની ધાર પડી છે. અત્યારે એ ધારને સરધાર નામે ઓળખે છે, પૂર્વે એને શ્રીધાર કહેતા. ત્યાં માલધારીઓના નેસ પડતા. એને શ્રીધારના નેસ કહેતા. નેસવાસીઓ ઢોરને પાણી પાવા માટે સવીઆણા શહેરના મોટા તળાવ ઉપર હાંકી જતાં.

એક વખત એ શ્રીધારની તળેટીમાં એકસામટા નવ નેસ પડ્યા. એક નેસ *ભેડા શાખાના આહિરનો હતો. ભેડા આહિરને ઘેર નાગમદે નામની ભરજુવાન દીકરી હતી. નાગમદે પોતાના બાપના નેસડામાં રોજ પ્રભાતે ભેંસોનાં મહીનું વલોણું ઘુમાવે, નેતરાં તાણતી તાણતી પ્રભાતીઆં ગાય, શ્રીધારથી છેટે સવીઆણા-

*લોકો એનું નામ કાનસુરો ભેડો કહે છે. એ કચ્છથી આવેલો એવું બોલાય છે

ની નજીક વડલા હેઠે આવેલી વાવમાંથી પાણીનાં બેડાં ખેંચી લાવે, એ વાવના થડમાં તળાવ હતું ત્યાં નહાવાધોવા જાય, અને બેત્રણ દિવસે માખણ ભેળું થાય તેનું ઘી ઉતારી, તાવણ ભરી સવીઆણા શહેરમાં વેચી આવે. સાટે સાટે ભેંસો સારૂ કપાસીઆ, ઘર સારૂ દાણા, ગોળ, તેલ કે મસાલા લેતી આવે.

એક દિવસ એ નવ નેસની બીજી કેટલીક બાઇઓની સાથે આ આહિર-બાળ નાગમદે પણ પોતાની તાવણ વેચવા સવીઆણા શહેરમાં આવે છે અને એક વાણીઆને હાટડે સહુ નેસડીઓ એક પછી એક પોતાની તાવણના તોલ કરાવે છે. કુમારિકા નાગમદેનો વારો આવે છે. વાણીઆનાં ત્રાજવાં માંહેના વાસણમાં પોતાની તાવણમાંથી ધાર કરીને પોતે ઘી રેડી રહી છે તેજ ઘડીએ બજારે અવાજ પડયો કે નાગવાળો આવે છે. પવિત્ર રાજપૂત જુવાન નાગ સહુ ગામલોકોના રામરામ ઝીલતો ઝીલતો બજાર સોંસરો ઘોડે ચડીને નીકળે છે, અને એક દુકાને જુવાન વહુદીકરીઓનું જૂથ બેઠેલું જોઇ પરનારી સામે ન જોવાય એ ભાવે એ બાજુએ પોતાના મ્હોં આડે ઢાલ ઢાંકી દે છે.

નાગમદેએ કચ્છમાંથી આવતાં આવતાં માર્ગે અનેક ઠેકાણે તેમજ આંહી નેસડાંમાં આ નાગવાળા વિષે મીઠી મીઠી વાતો સાંભળી હતી. જોવાની ઇચ્છા ઝાઝા દિવસની હતી. આજ મીટ માંડીને નિહાળવા રહી ત્યાં પેલુ પોતે રેડતી હતી તે તાવણનુ ઘી ઠામમાં પડવાને બદલે ભોંય ઉપર ઢોળાયું. પલકમાં પ્રેમ પ્રગટ્યો.

ફરીવાર તળાવકાંઠે મળ્યાં. નાગનું અંતર પણ અર્પણ થયું. યાદ ન રહ્યું કે એક રજપૂત છે ને બીજું આહિર છે: એક ગામધણી છે ને બીજી ગરીબ માલધારીની દીકરી છે: બેઉનાં નોખનોખે ઠેકાણે સગપણે ય થઇ ચુક્યાં છે. બેમાંથી એકેયનાં માબાપ કબૂલે જ કેમ? ઉલટું આ તો અનર્થ થશે એમ સમજી નાગમદેના બાપે ત્યાંથી ઉચાળા ઉપાડયા. શ્રીધારનો નેસ એક દિવસ પ્રભાતે સૂનસાન પડયો. નાગ આવીને એ ખંડિયરમાં ભટકતો હતો. મળ્યા વગર કે ખબર પણ કહાવ્યા વગર જે ચાલી ગઇ છે તેને સંભારતો હતો. એવે ટાણે ભમતાં ભમતાં ત્યાં એક

પગભાંગલો બોડો પાડો બેઠેલ દીઠો. પાડાની ડોકે ચિઠ્ઠી બાંધી હતી. લખેલુ કે નાગ! હું ફલાણે દિવસે આવીને તને સરોવર-પાળ્યે શંકરના દેવળમાં મળીશ. મારા બાપે તે દિવસે મારાં લગ્ન કરવાનું ઠરાવ્યું છે, પણ હું તો તારી થઇ ચુકી છું.

માવતરે તજેલો જુવાન નાગવાળો રાજરિદ્ધિ અને રજપૂતાણી સાથેના ઘરસંસારની લાલચ છોડી નાગમદેની વાટ જોતો દેવળમાં બેઠો. બહુ બેઠો. વદાડ પ્રમાણે પહાડ—કન્યા હાજર થઇ નહિ. હવે એ ક્યાંથી આવે? નહિ આવે. બાપે પરાણે પરણાવી દીધી હશે. મારે હવે જીવીને શો સ્વાદ કાઢવો છે? પોતે પેટમાં કટાર નાખીને દેવળમાં જ આત્મહત્યા કરી. પગથી માથા સુધી ફાળીઉં ઓઢી લીધેલું શબ પડયું રહ્યું.

માવતરના પંજામાંથી નાસી છૂટતાં નાગમદેને થોડું મોડું થયું. પણ એ વેગ કરતી આવી પહોંચી. રાત હતી. મંદિરનાં બારણાં અંદરથી બંધ હતાં. બંધ કરીને જ નાગ સુવો હતો. નાગ-મદે માને છે કે હજુ નાગ આવ્યો નથી. પછી અંદર નજર કરતાં નાગને પિછોડી ઓઢીને સુતેલો દીઠો. સમજી કે ઢોંગ કરે છે. કદાચ રૂઠી બેઠો હશે! ઘણાંઘણાં મેણાં ને વિનવણાં કર્યાં. પછી લાગ્યું કે ભરનીંદરમાં પડયો છે. જગાડયો જાગતો નથી. પ્રભાતે લોહીનાં પાટોડાં સૂઝયાં. નાગમદે પણ પોતાની ખાતર પ્રાણ છોડનારની સોડમાં જ સદાને માટે સુતી.

સરોવરડા ગામની નજીક આ સવીઆણા શહેરના, વડલા હેઠેની વાવના, તળાવના ને શિવાલયના અવશેષો, તેમજ શ્રીધાર (સરધાર)ની ટેકરીઓ મેં જોઇ છે. સ્થાનિક લોકો આ બધાં સ્થળોને વાર્તાનાં સ્થળો તરીકે ઘટાવે છે.

§

સવીઆણું સરધાર, નગરાંમાં નેહચળ ભલું;
બવળાં હાટ બજાર, રજવાડું રઘિએ ભર્યું. ૧

---

૧. નેહચળ: નિશ્ચલ

[શ્રીધારના નેસવાળું સવીઆણું શહેર સાચેસાચ સહુ નગરોની અંદર સારું નગર હતું. એની બજારો બહોળી હતી. એનું રાજ પણ રિદ્ધિસિદ્ધિથી ભરપૂર હતું.]

સવીઆણું સરધાર, બેય [1]તરોવડ દેવીએં,
એકે વણજ વેપાર, બીજે મરમાળાં માનવી. ૨

[સવીઆણું શહેર અને શ્રીધારનો નેસ, એ બન્નેને એકસરખાં જ સમજજો. કેમકે એકમાં જેમ ધીકતાં વાણિજ્ય વેપાર હતાં, તેમ બીજામાં, એ નાનું ગામડું છતાં, મર્માળુ, રસિકડાં, હેતાળવાં (નાગમદે સરીખાં) માનવીનો વાસ હતો. એકમાં સ્થૂલ દ્રવ્યસંપત્તિ હતી, તો બીજામાં સૌંદર્યની ને સ્નેહની સમૃદ્ધિ હતી,]

જે સવીઆણે શોખ, સરધારે નહિ શોખ તે;
લાડકવાયાં લોક, પથારીએ ફુલ પાથરે. ૩

[સવીઆણા શહેરમાં જે મોજ અને વિલાસ છે, તે સરધારનાં નેસમાં નથી. સવીઆણાનાં રસિક લોકો તો ફુલ પાથરીને સુવે છે.]

એવું એક મર્માળ માનવી માથા પર ઘીની તાવણ લઇ એક દિવસ સવીઆણાની હાટબજારે વેચવા આવ્યું. જેનાં વીરત્વ અને રૂપશીલ સાંભળ્યાં હતાં તે નવજુવાન નાગને દીઠો. આંખો ત્યાં ચોંટી રહી એટલે વાણિયાના વાસણમાં ઘી ઠલવનારા કંકુવરણા હાથ લક્ષ્ય ચૂક્યા: વાણિયો કહે કે "બાઇ, સામું ધ્યાન તો રાખ! તારું ઘી ઢોળાય છે!" મોહ પામેલી નાગમદે જવાબ વાળે છે:

ઘોળ્યાં જાવ રે ઘી, આજૂના ઉતારનાં!
ધન્ય વારો ધન્ય દી', નિરખ્યો વાળા નાગને. ૪

[મારી, આજના એક દિવસની છાશમાંથી ઉતરેલું ઘી ધૂળ મળતું હોય તો ભલે મળે. એટલું નુકશાન શી વિસાતમાં છે! કેમકે આજ તો મેં નાગને નિરખ્યો. આજનો દિવસ અને આજનો મારો ઘી ઉતારવાનો વારો તો ધન્ય બન્યો.]

---

૧. તરોવડ : સરખાં. 'ઘોળ્યાં જાવ! (છો જાય!) એ સોરઠી પ્રયોગ અતિશય જોરદાર અને ઉર્મિવાહી છે.

પરનારીઓને દેખીને પવિત્ર શીલનો પુરુષ નાગ એ બાજુ પોતાના મ્હોં આડે ઢાલ ઢાંકે છે. નાગમદે એથી નાગનું મ્હોં જોઇ શકતી નથી; એટલે પોતે મનમાં ને મનમાં લવે છે:

બાધી જોવે બજાર, પ્રીતમ ! તમણી પાઘને;
અમણી કીં અભાગ ! ધમળના ! ઢાલું દિયો ! ૫

[હે પ્રિયતમ ! બધી યે બજાર—તમામ લોકો-તમારી પાઘડીને જોઇ શકે છે; તો પછી મારાં શાં દુર્ભાગ્ય, કે ઓ ધમળવાળાના પુત્ર ! તમે મારા આડે ઢાલનો અંતર્પટ કરો છો !]

૨ઃ જળાશય પર મેળાપ

વડલા હેઠળ વાવ, હાલે ને હિલોળા કરે;
નાગમદે નાની બાળ, બેડાની પાણી ભરે. ૬

[સવીઆણાને પાદર વડલાની ઘટામાં વાવ આવેલી છે. વાવનું ભરપૂર પાણી દિવસરાત હિલોળે ચડી રહ્યું છે. (કારણ કે ત્યાં થોક-થોક પનીઆરીઓ બેડાં બોળી બોળી પાણી ભરે છે.) એ પનીઆરીઓના મેળામાં શ્રીધાર નેસથી ભેડા આહિરની નાની વયની પુત્રી નાગમદે પણ હેલ્યો ભરવા આવે છે.]

નાગ ત્યાં થઇને શંકરને દેવળ જવા નીકળે છે : નાગમદે નિરખી રહે છે. સભ્યતા સાચવી શકતી નથી. ભલે લોકો હીણું ભાખે ! હું શું કરું ? અંતરમાં લવે છે :

પાગે બેડી પેરીએં, હાથે ડહકલાં હોય;
(પણ) નાગડા ! નેવળ નો'ય, આંખ્યું કેરે ઓડડે. ૭

[પગને તો બેડી પહેરાવીને રોકી રાખી શકાય છે : હાથ કશું તોફાન કરતા હોય તો તેને પણ હાથકડી જડીને કાબુમાં રખાય. પરંતુ ઓ નાગ ! આ આંખોને માટે તો કોઇ બેડી કે કડી કર્યાં છે ! હું શી રીતે મારી દૃષ્ટિને દબાવી રાખું !]

બાધી : બધી   તમણી : તમારી   અમણી : અમારી
ધમળના : ધમળના પુત્ર

નાગ તો જળાશય ઉપર ગામની બ્હેનદીકરીઓનાં જૂથ હોવાથી નજર કર્યાં વિના જ સીધો ચાલ્યો જાય છે; એટલે પ્રેમમાં પાગલ બનેલી નાગમદે મનમાં ને મનમાં બોલે છે :

સામસામીશું સગા ! મીટું કાં માંડો નહિ ?
વઢીએં તો વાળા ! નેણઝડાકે નાગડા ! ૮

[હે સ્વજન ! સામસામી મીટ કાં નથી માંડતા ? માંડો, તો નયનેનયનનું પ્રેમ-દ્વંદ્વ રચીએ શકીએ.]

ત્રાંબાવરણું તળાવ, પદમણીયું પાણી ભરે;
નજર કરોને નાગ ! ધમળ સરધારાં ધણી ! ૯

[એ ત્રાંબા સરીખા ઉજ્જવળ ને નિર્મળ તળાવની અંદર સુંદરીઓ પાણી ભરે છે. નાગમદે ન્હાય છે. ઓ શ્રીધારના ધણી નાગ ! નજર તો કરો !]

નાગડા ! નાગરવેલ્ય, થડમાંથી લઇ થૂંબીયેં;
કાંક કાંક કૂંપળ મેલ્ય, (અમે) આશા ભરિયાં આવિયાં. ૧૦

[હે નાગ ! માળી જેમ નાગરવેલ્યને થડની આસપાસ જરા ખોદીને ધરતી પોચી બનાવે છે, તેને પરિણામે એ વૃક્ષ સહેલાઇથી પોષણ શોષીને ફાલે છે; તે રીતે તું પણ તારી પ્રીતિ રૂપ વેલડીને પોચી બનાવ ! એમાંથી સ્નેહનાં કુંપળ ફુટાવ. સખત ને અક્કડ ન રહે. કેમકે હું આશાભરી આવી છું.]

નાગ નીસરણી નાખ, કયે ઓવારે ઉતરીએં !
આમાંથી ઉગાર, (તો) વરીએ વાલા નાગને ! ૧૧

[ઓ નાગ ! હું આ તળાવમાં ન્હાઇ રહી છું. પણ કયે આરેથી હું બહાર નીકળું ? ડુબી મરાય તેટલું ઉંડું આ તળાવ છે. માટે તું જો અંદરથી નીસરણી નાખે, તો હું નીકળીને તને વરું. (આંહી મર્મમાં, વ્યંગમાં નાગમદે સમજાવે છે કે જીવનનાં—માબાપ, સગાં, સંસારવ્યવહારનાં—ઉંડાં નીરમાં હું ડુબી રહી છું. તારા પ્રેમની નીસરણી વડે તું મને કિનારે ઉતાર.]

નાગ નજર કર્યે, (મારા) પંડ માથે પાલવ નહિ;
અછતનાં અમે, દૂબળ ક્યાં જઈ દાખીએં ! ૧૨

[હે નાગ ! નજર તો કર ! મારા દેહ ઉપર વસ્ત્રો નથી. હું આ મારી રંક દશા ક્યાં જઈને દેખાડું ?–આહીં પણ એજ મર્માર્થ ચાલુ રહે છે.]

આ૦યાં ઉભે દેશ, ગાંજુ કોઈ ગમિયલ નહિ;
નાગ ! તમારે નેસ, [1]બાંધલ મન બચળાં જ્યું. ૧૩

[આખો પ્રદેશ જોતી જોતી હું ચાલી આવું છું. પણ બીજું કોઈ ગામ મને ગમ્યું નથી પણ ઓ નાગ ! આંહી તારા નેસમાં મારૂં મન નાનાં બચ્ચાંની જેમ મમતા વડે બંધાઈ ગયું.]

૩ : વિદાય

બન્નેના સ્નેહ–સંબંધની જાણ થયે ચેતી જઈને નાગમદેનો બાપ પોતાનો પડાવ ઉપાડી ચાલી નીકળે છે. કદાચ સવીઆણાના ગામધણી ધમળવાળાએ પણ ધમકી આપીને ચાલ્યા જવા કહ્યું હશે.

જાતાના જુવાર ! વળતાનાં વોળામણાં;
વાળા ! બીજી વાર, આવાશે તો આવશું. ૧૪

[નાગમદે મળી શકતી નથી. સંદેશો કહાવે છે : ઓ નાગ વાળા ! ચાલ્યાં જનાર પ્રિયજનના પ્રણામ સ્વીકારજે. બીજી વાર તો હવે અવાશે તો આવીશ.]

રાતમાં નેસ ઉપડી ગયો છે. પ્રભાતે નાગ નિત્યની પેઠે મળવા આવે છે. શું જુવે છે :

નહિ વલોણું વાસમાં, નહિ પરભાતી રાગ;
નાગમદેના નેસમાં, કાળા કળેળે કાગ. ૧૫

[પ્રયજ . . ; નવાસમાં વલોણાનો ઘેરો નાદ નથી સંભળાતો. પ્રભાતિયાં ગીતોના રાગ પણ કોઈ ગાતું નથી. નાગમદેના સુનસાન નેસડામાં કાળા કાગડા જ બોલી રહેલ છે.]

---

૧. બીજો પાઠ : " મનડે માળો ઘાલિયો."

નદી કિનારે નેસ, માળીંગાં માંડયાં રિયાં,
વાલાં વળ્યાં વિદેશ, ચાળો લગાડી ચિત્તને. ૧૬

[નદીકાંઠાના આ નેસ(ઝુંપડા)માં, ભીંતડાં ને માંડછાંડ એમનાં એમ રહી ગયાં છે. એટલી બધી ઉતાવળથી, ઓચીંતાં અમારાં પ્રિયજન, દિલને માયા લગાડીને વિદેશ ચાલ્યાં ગયાં.]

નાગમદેને નેસ, (મન) ખૂતલ ખરણુ[1] વારે
પરદેશી ગ્યાં પરદેશ, પોડીડા પલાણે. ૧૭

[એ પરદેશી તો પોડીઆ પલાણીને પરદેશ ચાલ્યાં ગયાં. પણ મારૂં અંતર આંહી નાગમદેના નેસમાં લાકડાંની માફક ખૂતી રહેલ છે.]

નાગમદેને નેસ, *ભાંગલ પગ ભીંસા તણો;
વાલાં ગિયાં વિદેશ, અવધે આવાણું નહિ. ૧૮

[આ એક ભાંગેલ પગવાળો ભેંસો (પાડો) આંહી પડયો છે. વહાલાં વિદેશે ચાલ્યાં ગયા છે. અવધિ નક્કી કરી હતી તે મુજબ વેળાસર મારાથી અવાયું નહિ.]

વારા સારુ વઢતિયું, દિ'માં દસ દસ વાર;
[2]વુઠી કયાં વઢનાર, [3]નીંઘા! [4]નીંઘલીઆળીયું? ૧૯

[ધાન ખાંડવાનો એક ખારણીઓ (નીંઘો) ત્યાં પડયો છે. નાગ એને પૂછે છે : ઓ નીંઘા! પોતપોતાનું ધાન ખાંડવાના વારા માટે તારા સારૂ દિવસમાં દસ દસ વાર લડી પડનારી એ નીંઘલેલ–નવજોબન ઉઘડેલ આહિરાણીઓ કયાં વહી ગઇ?]

---

૧. વારે : માફક ૨ વુઠી : વહી. ૩ નીંઘો : ખારણીઓ. ૪ નીંઘલિયાળી : જોબનવંતી. (ડુંડામાં દાણાના કણબેસે ત્યારે ડુંડું ઉઘડે છે તેને 'નીંઘલવું' કહે છે.)

* લોકો કહે છે કે આ લંગડા પાડાની ડોકે નાગમદે સંદેશાનો કાગળ બાંધી ગઇ હતી, પણ દુહામાંથી એવું કશું નીકળતું નથી.

૪ : મંદિરમાં મૃત્યુ

માબાપથી તજાએલો ને હીણાએલો નાગ પરદેશવાસી નાગમદેએ મોકલેલ સંદેશા મુજબ શંકરના મંદિરમાં વાટ જુએ છે. પણ એ રાત્રિના મુકરર સમયે નાગમદે આવી પહોંચતી નથી. અધીરો નાગ આશા છોડીને આત્મઘાત કરે છે. નાગમદે મોડી મોડી આવી પહોંચે છે. દેવાલયનાં બીડાએલાં દ્વારની જાળી સોંસરવું જોતાં, ચંદ્રમાના અજવાળામાં એ નાગને અંદર સૂતેલો દેખે છે:

સૂતો સોડય કરે, પાંઢેરી પછેડીએ;
બોલાવ્યો ન બોલે, નીંભર કાં થયો નાગડો! ૨૦

[સફેદ પિછોડીનું પગથી માથા સુધીનું ઓઢણ કરીને પિયુ સૂતો છે. ઘણુંય બોલાવું છું, પણ બોલતો નથી. મારો નાગ આવો નઠોર કાં બની ગયો છે!]

નાગ નામધારી એ પુરુષને નાગ (સાપ) પ્રાણીનું રૂપક આપે છે. પોતે જાણે કે વાદણ (ગારૂડણ) બની સ્નેહની મોરલી બજાવે

નીકળ વાલા નાગ! રાફડ કાં રૂંધાઈ રિયો!
(માથે) મોરલીયુંના માર, (તોય) નીંભર કાં થ્યો નાગડો! ૨૧

[હે વહાલા નાગ! (ઉંચી જાતના સાપ!) તારા ઉપર હું મારી પ્રેમ-મોરલીના સંગીત-પ્રહારો કરી રહી છું તોયે તું રાફડામાં (ભોણમાં) કેમ રોકાઇ રહ્યો છે? તું મોરલીને સ્વરે તો મોહાયા વિના કેમ રહી શકે?]

*મનની કીધી મોરલી, તનના કીધા ત્રાગ;
જોવા જનમની જોગણી, નીકળ બારો નાગ! ૨૨

[હે નાગ! મેં મનની મોરલી બનાવી. શરીરને તારનું વાજીંત્ર બનાવ્યું. હું જોગણ બની છું. એવો મારો જોગણવેશ જોવા તું બહાર તો નીકળ.]

---

*વાદી, વાદણ વગેરે ગારૂડીઓ સાપને પકડવા માટે સંગીતનાં અનેક વાદ્યો રાખે છે. આંહી નાગમદે નાગને વશ કરવા પોતાનું વાદણ-સ્વરૂપ અનુભવે છે.

વગાડું છત્રીશ રાગ, કાંધે જંતરડું કરી;
નીકળ બા'રો નાગ! વેશ જોવા વાદણ તણો. ૨૩

[હે નાગ! ખભા ઉપર જંતર (બીન) ઉઠાવીને હું છત્રીશ રાગિ-ણીઓ બજાવી રહી છું હું વાદણનો વેશ કેવો ભજવી રહી છું તે જોવા તો બહાર નીકળ!]

શું તું મારાથી ફરી બેઠો છે? જાતવંત હોય તે શું બદલે કદિ?

નવ કુળ માયલો નાગ, ફેણય માંડી પાછો ફરે;
જાય ભાગ્યો જળસાપ, નોળી વાટે નાગડા! ૨૪

[ઓ નાગ! વાદી પકડશે એવા ડરથ વિમુખ થઇને ચાલ્યો જનારો સાપ જો નવ ઉંચી ઓલાદના સાપ માંહેલો કોઇ હોય, તો તો વાદીની મોરલી વાગતાંની વારે જ સંગીત ઉપર આકર્ષાઇ, ફુલાઇ, ફેણ ચડાવી, પાછો વળશે; સંગીતને ખાતર જાન ખોવા પણ તૈયાર થશે. પણ મોરલી સાંભળતાં છતાં ય જો એ ભાગી જાય તો સમજવું કે એ કોઇ કુલિન સાપ નહિ પણ પાણીનો વાસી, દેડકાં જેવાં પામર જળચરો ઉપર જ જીવનારો હલકો સાપ હશે. એ જ રીતે મારી પ્રેમમોરલી ઉપર તું ન આકર્ષાય તો તને ય હું સાચો પ્રેમીજન નહિ પણ પામર મોહાસક્ત મનુષ્ય માની લઇશ.]

પણ નાગ તો નથી જ જાગતો. નથી જવાબ દેતો. એ તો મુડદું સુતું છે. અણજાણ નાગમદેનું દિલ દુભાય છે:

નવ કુળનો નૈ નાગ, (મારી) વિનતિયે ય વળ્યો નહિ,
સેલી નીકળ્યો સાપ, પાણીમાં પાસું દઇ. ૨૫

---

૧ બીજા પાઠ :

નવકુળ માયલો નાગ, ખીખવીયો ય ખસે નહિ;
જાય ભાગ્યો જળસાપ, દેડકાં ઉપર ડાંખરો.

અથવા

સરપોલીયાં સહાય, મોરલીએ મંડાય નહિ;
જાયો કોઇ ન જાય, નોળા વાદીને નાગડા!

[ના, ના, આ ઉંચ કુલનો જાતવંત નાગ ન્હોય; મારી આછીજી પર પણ પાછો ન વળનારો આ તો પાણીનો સાપ; પાણીમાં ડુબકી દઇને સરી ગયો.]

એમ મેણાં મારતાં તો પરોડ થયું. ચંદ્ર આથમ્યો :

વાળા ! જોતાં વાટ, નખતરપતિ નમી ગયો;
અંતર થાય ઉચાટ, નરખું કયાં જઇ નાગડા ! ૨૬

[હે નાગવાળા ! તારી વાટ જોતાં તો નક્ષત્રનો નાથ ચંદ્ર પણ આથમી ગયો. અંતરમાં ઉચાટ થાય છે. હું કયાં જઇ તને નિહાળું !]

કદાચ આ દેવાલયમાં સૂતો છે તે નાગ નહિ હોય. નાગ તો હજુ આવવાનો હશે. ચાલ્યો આવતો હશે:

દિ' ઉગ્યે દેવળ ચડું, જોઉં વાળાની વાટ;
કાળજમાં ઠાગા કરે, નાડયુમાં વાળો નાગ. ૨૭

[દિવસ ઉગ્યો. હું દેવાલયના ઘુમ્મટ પર ચડીને જોઉં છું, કે આઘે આઘે કયાંય નાગ આવતો દેખાય છે ! મારા કલેજામાં ને મારી નસોમાં વ્હાલો નાગ ઘા કરી રહેલ છે. ઠાગા=પ્રહાર]

પ્રભાતના અજવાળામાં સાચા બનાવની જાણ થઇ. અંદર જાય છે. મૃતદેહનું માથું ખોળામાં લેઇને વલાપ કરે છે:

તમે પાણી અમે પાળ્ય, આઠે પો'રે અટકતાં;
તેદુની ટાઢાળ્ય; વરવું વાળા નાગને. ૨૮

[હે વહાલા ! પ્રેમરૂપી જળાશયમાં તું પાણીસ્વરૂપ હતો; હું કિનારાસ્વરૂપ હતી. નિરંતર તું ને હું એક બીજાને અફળાઇ, ગાઢ શીતળતા અનુભવતાં. એટલે હવે તો તનેજ વરવું રહ્યું.]

સવારે સૌ કોય, મોકાણે આવે મલક;
(પણ) રાત્ય ન રોવે કોય, નાંધુ વણની નાગડા ! ૨૯

[હે નાગ! સવારે તો સહુ કોઇ સગાં–આખો મુલક વિલાપ કરવા આવે. પણ પ્રિયતમના શબ ઉપર સારી રાત તો સાચી પ્રિયતમા સિવાય બીજું કોણ રોવા બેસે? હું આખી રાત રડી છું.]

માટે હવે તો

અગર ચંદણનાં રૂખડાં, ચોકમાં ખડકું સ્હે!
હું કારણ નાગડો મુવો, (હવે) બળશું અમે બે. ૩૦

[એ દુનિયાનાં લોકો! અગર ચંદનનાં કાષ્ઠ મગાવીને ભરચૌટામાં અમારી ચિતા ખડકો. મારે કારણ નાગ મર્યો છે, માટે અમે બન્ને જણાં હવે ભેગાં જ બળશું.]

આ કથામાં એક આલણદે નામનું સ્ત્રીપાત્ર લાવવામાં આવે છે, ને એને નાગની પરણેતર સ્ત્રી તરીકે ઓળખાવાય છે. એ નાગમદેની ઇર્ષ્યાએ સળગે છે. મને એમ લાગે છે કે આ આલણદે નાગની સ્ત્રી હોવાને બદલે બીજી એક નેસવાસી કન્યા–નાગમદેથી વધુ રૂપવંતી, રૂપની અભિમાની, નાગના પ્રેમની ઉમેદવાર અને આખરે તિરસ્કાર પામેલી–હોવી જોઇએ. નાગનું મન હરવા માટે એ પોતાનો રૂપનો ગર્વ કરે છે:

આભામંડળ વીજળી, ધરતીમંડળ મે,
નરાંમંડળ નાગડો, (એમ) અસ્રીયાં આલણદે. ૩૧

[આભમાં જેમ વીજળી શ્રેષ્ઠ, ધરતીમાં મેહ શ્રેષ્ઠ, પુરુષમાં નાગ સુંદર, તેમ સ્ત્રીઓમાં આલણદે રૂપવંતી.]

પણ નાગ એના રૂપગર્વને તિરસ્કારે છે:

આલણદે! એંકાર, કાયાનો કરીએં નહિ;
ઘડેલ કાચો ઘાટ, માટીસું જાશે મળી. ૩૨

[એ આલણદે! દેહના સૌંદર્યનો અહંકાર ન કરવો ઘટે. કેમકે એ તો કાચી માટીના ઘડેલા વાસણ સમાન છે. આખરે તો માટીમાં જ મળી જશે.]

બાનરો

આ પણ પુરુષના પલટી ગયેલા હૃદયની અને સ્ત્રીના અવિચલ પ્રેમની કરુણ કથા છે. જુવાનનું નામ બાનરો અથવા બાનરશી છેઃ જાતે આહિર છેઃ પોતે કાંડોરડા ગામનો વાસી હશે એવો એક દુહામાં ઇસારો છે. યુવતીના નામનો દુહામાં નિર્દેશ નથી. કોઇ મૂળાંદે એનું નામ કહે છે. આખી કથામાં બાનરાનું પાત્ર પોતે આવીને ક્યાંયે ડોકાતું નથી. ત્યજાએલી પ્રેયસી પોતેજ પોતાના ઉદ્‌ગારો વાટે આપવીતી કહે છે.

પ્રથમ બન્ને વચ્ચે પ્રીત બંધાઇ. ભાદર–તટે ભરાતા કોઇક મેળામાં બેય ભેળાં થયાં હશે. વીસે વીસ દુહા સાક્ષી પૂરે છે કે આહિર–કન્યા એ જુવાનના ગરવા ગુણો ઉપર મોહીને મન અર્પણ કરી બેઠી હશે. મેળાની શૌર્યભરી રમતોમાં, રાસગરબીઓમાં ને ચાતુરીમાં બાનરશી બીજા સહુથી સવાયો દેખાયો હશે. બાકી દેહનાં પડછંદ પાતળિયાં રૂપ તો આહિરડાઓને જન્મથી જ વરેલાં હોય છે. પણ કોણ જાણે શા કારણે આ પ્રેયસીનાં સગાં એ સંબંધનો વિરોધ કરીને બેઠાં. વાત એટલે સુધી વધી ગઇ કે બાનરો જો હવે આવે તો બંદૂકે દેવો. બંદૂકથી બ્હીને બાનરો બદલી ગયો. બહાદુર બનીને પોતાની તલખતી પ્રેમિકાને બચાવવા –અરે મ્હોં દેખાડવા ય ન આવ્યો

પ્રેમિકા સંદેશા કહાવે છે. પણ જવાબ નથી મળતો ત્યારે પછી આશા તજે છે. બાનરો કહાવે છે કે હવે તો આપણો સંબંધ બંધાવો દોહ્યલ છે: બીજું કોઇ ઠેકાણું ગોતી લેજે. પણ ટેકીલી નારી નવા નેહ કરવા ના પાડે છે: આંબેથી ઉડીને બાવળ પર બેસવું એના હૃદય પંખીથી બને તેમ નથી.

પણ એને અંદેશો પડે છે: કદાચ બાનરાનું અંતર બીજે તો નહિ ઠર્યું હોય! શોધમાં નીકળી પડે છે, ઉન્હી લૂ ખાઇ ખાઇ, પગે ચાલી ચાલી, એના સુકોમળ શરીરનો બરડો પણ બેવડ વળી જાય છે. એના એજ ભાદર-કાંઠાના મેળામાં જઇ ગોતે છે. પણ બાનરો નથી જડતો. આખરે એને ખાત્રી થાય છે કે બાનરો બીજાનો થઇ ગયો,

પછી એના જીવતરમાં તો "ગર સળગી, ગઝબ થયો, સળગ્યાં સાતે વન!" પછી તો અગ્નિને બાથ ભરવી રહી. જીવ ક્યાંય ઝંપતો નથી. મન બળવા માટે મસાણે દોડે છે. પોતાનો પ્રેમીજન ખૂટલ નીવડે એ વેદનાની તો વાતજ શી કરવી! એ બધી જ્વાળાઓને આ સ્ત્રી પી ગઇ. પોતાનાં શિયળ સંકોડીને બેસી ગઇ. જીવનમાં સ્વેચ્છાપૂર્વક 'બ્રાહ્મણીનો રંડાપો' સ્વીકારી લીધો. સદાની એકલદશા સ્વીકારી.

§

ફરિયું ફેર ઘણા, (પણ) [૧]ટાંપળિયલ ટળિયું નહિ:
મનડું [૨]મેઢ તણા બેલ [૩]વારે બાનરા! ૧

[ઓ બાનરા,! મારૂં મન, ઘાણીના બળદની માફક ઘણાંયે ચકર ફર્યું, પણ એની ડોકમાં નાખેલું ચોગઠું એના તકદીરમાંથી ટળ્યું નહિ. તારા પ્રેમને અનંત કુંડાળે મારૂં હૃદય વેદનાનો ભાર વહેતું ફરતુ જ રહ્યું.]

સો સો સાદ કર્યે, સાનુમાં સમજ્યો નહિ;
કેડુકનો કાને બાનરશી બેરો થિયો! ૨

---

૧. ડોકમાં નાખેલ ચોગઠું ૨. ઘાણી ૩. માફક
૪. બીજો પાઠ: 'ડાડડિયુ દેતે, સગા! તું સાંભળ્ય નહિ.'

[તને ઘણા સાદ પાડયા. તું ઇશારેય સમજ્યો નહિ. ઓ બાનરા ! તું કાને બહેરો ક્યારથી બની ગયો છે ?]

ફળિયામાંથી ફકીર, ફેરી કઇ પાછો ફર્યો;
(એમ) અમું'થો આહિર, બાનરશી બીજો થયો ! ૩

[જેમ કોઇ ફકીર ભીખ માગવા માટે આવે અને ફળીમાં આંટો દઇને પછી અજાણ્યો બની ચાલ્યો જાય, તેવી જ રીતે, તું પણ ઓ આહિર ! મારા જીવનમાં આંટો મારીને બ નિસ્બત ત્યજી ચાલ્યો ગયો. બદલી ગયો.]

બંદુકની બીકે, આંયાં લગ આ૦યો નહિ;
અલબેલા આ૦યે ! બખતર પેરીને બાનરા ! ૪

[હે સ્વજન ! મારાં સગાંઓ આપણા સ્નેહનાં વિરોધી રહ્યાં એટલે તેઓ તને બંદૂકે મારશે એવી બ્હીકે શું તું ન આ૦યો ! સાચો સ્નેહ હોય તો ઓ વહાલા ! તું બખતર પહેરીને આવ !]

પોટા પાંખ વન્યા, માળા વિણુ કયાં મેલીએ ?
બે દિ'ની વાતું'માં, બાનરશી બોજો થયો ! ૫

[હે બાનરા ! મારા કોમાર—જીવન રૂપી પાંખ વિનાના પોટાને—બચ્ચાને —માળા વિના હું બીજે કયાં જઇ મૂકું ? ને તુ દિવસમાં જ શું બદલી ગયો ! થાકી ગયો !]

પરથમ દૈને બોલ, પાછાં પતળીએં નહિ;
કાપે કાળજ કોર (તોય) બાદલીએં નૈ બાનરા ! ૬

[એમ કેમ બદલાય ! પ્રથમ કોલ દીધા પછી કેમ છટકી શકાય ! કોઇ કલેજું વાઢી નાખે તો પણ કેમ પલટાય !]

મોંઘેરાં મળતે, સોંઘાં સાટવીએં નહિ;
લઇએં લખ ખરચે, એ પખ સરખાં બાનરા ! ૭

[મારે સારૂ આટલાં સંકટો વહોરવાં પડે છે તેથી મારી પ્રીત તને મોંઘી પડે છે ખરૂં ? બરાબર છે. મોંઘા ભાવની વસ્તુ જ્યાં સુધી

મળી શકતી હોય, ત્યાં સુધી સોંઘી ચીજ ન ખરીદવી ઘટે. લાખ રૂપીઆ ખરચીને પણ એવીજ ખરીદીએ કે જેનાં બન્ને પડખાં સરખાં હોય : ચાહે જેટલો ભોગ આપીને એવું પ્રિયજન સ્વીકારીએ, કે જેનાં બન્ને પક્ષો (મોસાળ અને પિતૃકુળ) ખાનદાન હોય. સોંઘું મળે તે તો તકલાદી જ નીવડે.]

પોપટ હોય તો પઢાવિયેં, સૂડાને નોય સાન,
મધદરિયે મેલી કર્યાં બાનરા! કેનાં બાન! ૮

[પોપટને પઢાવી શકાય, પણ સુડાને શબ્દો ઝીલવાની અકલ નથી હોતી; તેમ સાચા પ્રેમીને તો પ્રેમપાઠ શીખવી શકાય, પણ તારા જેવા અબુધને હું શું ભણાવું? ઓ નિર્દય બાનરા ! મધસાગરે રઝળાવીને તેં મને કોને સોંપી દીધી ?]

ભાદર ત્રટે ભરાય, ક્વલી કાંડોરડાધણી !
નહિ તું મેળામાંય, બાનરા ! કેસું બોલીયેં ? ૯

ભાદર તીરે મેળો ભરાય છે : હે કંડોરડાના વાસી ! હું ત્યાં ભટકી આવી. પણ તું તો મેળામાં જડયો નહિ. એટલે હું બીજા કોની સાથે બોલું ? હું નિરાશ થઇને પાછી ચાલી આવી-]

ભોં બીજી ભાળેલ નૈ, કો' જાવું કિસે,
તેં મેલ્યાં તિસે બેઠાં છૈયેં બાનરા! ૧૦

[બીજી કોઇ ભૂમિ તો દીઠી નથી. કહે, હું બીજે કયાં જાઉ ? તેં મને જ્યાં રઝળતી મૂકીને બેસારી છે ત્યાં ને ત્યાંજ હું તો બેઠી છું એ બાનરા !]

સગા! સાર કરે, વે'લી વરતાવાં તણી;
તેં મેલ્યાં તિસેં બેઠાં છૈયેં બાનરા! ૧૧

[હે સ્વજન ! હવે તો આશરે આવેલની વ્હેલી સંભાળ લે. તેં બેસારેલ છે ત્યાં જ હું બેઠી રહી છું.]

તું કહે છે કે મારે હવે બાજા કોઇ ઉપર મન ઢોળવું ! ના, ના, એ તો કેમ બને ? તું બીજો થયો, પણ હું સ્ત્રી કેમ નીચી ઉતરૂં ?

આંબેથી ઉડયે, બાવળ મન બેસે નહિ;
કાંઉ કણુ ખૂટયે, બીડ ખાવું બાનરા! ૧૨

[મારૂં મન-પંખી અત્યાર સુધી આંબાનાં મ્હોર મંજરી અને શાખો ખાનારૂં-તે હવે આંબાડાળેથી ઉડીને બાવળના ઝાડ પર નહિ બેસી શકે. ઓ બાનરા! અન્નના દાણા ઘરમાં ખૂટી ગયે, બીડ (ઘાસના કણ) શીદ ખાવાં? શી રીતે ખાઇ શકાય? અનાજ આરોગનારને બીડ ઘાસનાં બીયાં ભાવે જ શી રીતે?]

આંબેથી ઉડેલ, બાવળ મન બેસે નહિ,
ચંદણુથા ચૂકેલ, વન કોઇ વિસામો નહિ. ૧૩

[સ્વાદિષ્ઠ આંબા પરથી ઉડેલ પક્ષીનું દિલ બાવળના ઝાડ પર કેમ ઝંપે? સુગંધી ચંદન-વૃક્ષથી વિખૂટા પડેલા પંખીને વનમાં ક્યાંયે વિસામો નથી વળતો.]

કાદઃ કેળવતે, કળથીએ મન કોળ્યું નહિ;
કાંઉ કણુ ખૂટયે બીડ ખાવું બાનરા! ૧૪

[કાઠા ઘઉંને કેળવીને સુવાળી રોટલી ખાનારનું મન કળથી જેવા કુચાળા ધાન્ય ઉપર શી રીતે ઠરે! અનાજ ખૂટતાં હવે બીડનાં બીયાં ખાવાં કેમ ગમે? તારા પરની ઉંચી પ્રીત ત્યજીને બીજા પુરુષ પર કેમ દિલ ઠરે ઓ બાનરા!]

ટાઢયું ને તડકા, લૂ અમને લાગેલ નૈ;
વાંસા વળી ગયા, બેવડ થઇ ગ્યાં બાનરા! ૧૫

[હે બાનરા! તારી શોધમાં ચાલી ચાલીને અમારા બરડા બેવડા વળી ગયા. અમને આવી ટાઢ ને આવા તાપ, આવો ઉન્હો પવન કદિ યે નહોતા લાગ્યા.]

બેઠલ બદય ગાળી, [1]સંસાજી સંકેલો કરે;
ઉથડકના ઉઠે, બાનરસી! બીવું પડયું. ૧૬

---

૧. સંસા જી : સસલા જેમ

[સસલાની જેમ અંગો સંકોડીને હું મારી વિશ્વાસ રૂપી બખોલ ખોદી તેમાં લપાઇ બેઠી હતી. એમાંથી ઓ બાનરા, તેં મને ઓચીં-તાની ના સંભળાવીને ફફડાવી મૂકી.]

કોઇ વખુટલ વા'ણુ, સંધ આરો સૂઝે નહિ,
મધદરિયે મેરાણુ! બારે બૂડયાં બાનરા! ૧૭

[મારી સ્થિતિ કોઇ કાફલામાંથી વિખૂટા પડેલા એકાદ વ્હાણુ જેવી થઇ પડી છે. મારાં બારે વ્હાણુ તો મધસાગરે ડૂબી ગયાં છે; ને મારી એકાકી જીવન-નૌકાને હવે કિનારો સૂઝતો નથી.]

જાણ્યું હત તું જીસ, મારગ તડ મેલે કરે;
(તો) અવડી પ્રીત આહિર! બાંધત નૈ અમે બાનરા! ૧૮

[ઓ બાનરા! તું મને આમ રસ્તાને કાંઠે અંતરિયાળ મૂકીને ચાલ્યો જઇશ એવું જો મેં જાણ્યું હોત, તો આવી ગાઢ પ્રીતિ હું તારી સાથે બાંધત જ શા માટે, ઓ આહિર!]

બજારે બેસાય નહિ, ઘરમાં ઘર્યું ન થાય,
મન મસાણે જાય, બળવા સારૂ બાનરા! ૧૯

[હવે તો નથી બજારમાં તારી વાટ જોઇ બેસી શકાતું–શરમ લાગે છે; કે નથી ઘરમાં પેસીને જીવ ઝંપતો. ઘર ખાવા ધાય છે. હવે તો મન સ્મશાને બળી મરવા માટે દોડી રહ્યું છે.]

ગર સળગી ગઝબ થિયો, સળગ્યાં સાતે વન,
લાખું બાળ્યાં લાકડાં, બથું ભરીને બાનરા! ૨૦

[હે બાનરા! આ તો જીવનની અંદર મોટી પહાડી ઝાડી સળગી ઉઠી હોય, એક સામટાં સાત જંગલમાં દાવાનળ લાગ્યો હોય, અને જાણે કે એ લાખો લાકડાંને મેં મારી બાથમાં લઇ લઇ સળગાવ્યાં હોય, એવી જવાળાઓ મારા અંતરમાં જલી રહી છે.]

જીસ: જઇશ. (ચારણી). મારગ તડ: માર્ગ કાંઠે. મેલે કરે: મેલી કરી

હુતું તે હારાવિયાં, નવો ન થિયે નેહ,
(આ તો) ભવોનાં ભવ શેહ, બામણય રાંડી આનરા ! ૨૧

[જીવનમાં જેટલું હતું તે તો સર્વસ્વ તો હારી ગયાં. હવે નવેસર કાઇ સ્નેહસંબંધ થઇ શકશે નહિ. એટલે મારી હાલત તો બ્રાહ્મણીના રંડાપા જેવી થઇ ગઇ. એક વાર વિધવા થયેલી બ્રહ્મણી જેમ ફરીને પરણી શકતી નથી, તેમ મારે પણ, ઓ આનરા, તું જીવતો છતાં, સદાનો રંડાપો આવ્યો.

સુધારો

કથા ૯ : સૂરનો હેમીઓ

દુહાં નં. ૨ માં 'દુ:ખનો પૂછેલ' ને બદલે 'દુ:ખ નો પૂછેલ.'
'હેતમઠાં જ્યાં' ને બદલે 'હેતમઠાં વ્યાં'

દુહો નં. ૫ : સાચો પાઠ

ઘેરા મળે ઘણા, રણવગડે રોઝા તણા;
અસ્ગાંસું ઓળા, સરજેલા નૈ સૂરના.

દુહો ૧૩ : સાચો પાઠ

ખાધી તું વિણ ખાંડ હેમીયા! હૈયારણ થઇ;
(હવે) વછૂટશે વધજાણ ! (જે દિ') ખાશું ધા ખોરણ તણા.

[પ્રેમીજનથી તરછોડાએલી સ્ત્રી કહે છે : "ઓ હેમીઆ ! તારા વિના તો મેં કદિ કાઇ ઉપભોગ માણ્યા નથી. એક વાર તારા વિના ખાંડ ખાધી હતી, તેનો પણ હૈયામાં, છાતીમાં ભાર રહ્યો હતો. ને એ છાતીમાં રહેલો ડૂચો તો હવે જે દિવસ સ્મશાનમાં મારું મુડું સળગતું હશે ને વાંસડાના પ્રહારો ખાઇ રહ્યું હશે તે દિવસ જ છાતીએથી છુટશે. મારો જે આવો સ્નેહ, તેની સામે તેં કેવી બેવફાઇ બતાવી છે !]

સ્ત્રીઓનાં દર્દોના ખાસ ચિકીત્સક

માણસાવાળા ગંગાબાઈની ગર્ભા-
શયના સર્વ રોગ દૂર કરવાની
અપૂર્વ ઔષધિ

ગર્ભજીવન: (રજી.) ના સેવનથી ઋતુ સંબંધી સર્વે પ્રદર રક્ત ને શ્વેત જીર્ણ તાવ, અશક્તિ, મેદ, પેશાબે બળતરા, સોજો, કમળ સ્થળ ઉપર ન હોવું, કમરનો દુખાવો વી. સવ રોગ દૂર થઇ ગર્ભ ધારણ થાય છે.

કિં. રૂા. ૩) ટ. ખ. જુદું.

ગર્ભરક્ષક: (રજી.) આ દવાથી રતવા કસુવાવડ અસુધારા સાથે થતા બાળકનો જન્મ બાળક ન જીવવુ તથા ગર્ભ ધારણની મુદત દરમ્યાન તાવ, અશક્તિ વી. અનેક જાતના રોગ દૂર થઇ પૂરે માસે તંદુરસ્ત બાળકનો જન્મ થાય છે.

કિં. રૂા. ૪)= ટ. ખ. જુદું.

આ દવાથી ઘણી બ્હેનોને ઘેર ઘોડીયાં બંધાયાં છે.
થોડાં સર્ટિફીકેટો આ રહ્યા:

વાંસદા: તા. ૧૦-૩-૩૧

અમારી ભાણીઆણી સારૂ દવા મોકલી હતી તેથી સંતોષ છે. હાલ એમને ચોથો માસ જાય છે.

મિસ્ત્રી ભગવાનદાસ હ.

કલ્યાણજી: તા. ૧૦-૩-૩૧

અમોને તમારી દવાથી એક લાભ થયો છે. ઋતુ બરાબર આવે છે. તબીયત સારી રહે છે.

વેલજી દયાળ.

દર્દની પુરી વિગત સાથે લખો :—

ગંગાબાઇ માણશંકર

ગર્ભજીવન ઔષધાલય, રીચીરોડ,

પાડાપોળને નાકે, અમદાવાદ

ફક્ત પાંચજ ટીપાં ! ! !

ગુપ્તાની **અમી—કુપી** રજી. નં. ૧૨૬૪

ફક્ત પાંચજ ટીપાં **અમી-કુપી** લેવાથી ઉલટી, ઝાડો, કોલેરા, શરદી, સળેખમ, ચુંક, આંકડી, પેટનો દુખાવો, અજીર્ણ, વાયુ, બાદી, બદહજમી, શુળ, હીસ્ટીરીઆ, ઉટાંટીયું દાંત કે દાઢનું કળતર વિગેરે તુરત નાબુદ કરે છે.

ફક્ત પાંચજ ટીપાં **અમી-કુપી** બહારથી ચોળવાથી હાથ પગનો દુખાવો, સોજા, કળતર, રૂમેટીઝમ (વા) પવન સંધીવા લકવો માથાનો દુખાવો. ગઠીઓ વા, આદાશીશી, પાંસળાનું શુળ, કફ, છાતીનો દુખાવો, રાંઝણ વીંછીનો ડંખ વિગેરે દર્દોમાં તાત્કાળીક આરામ આપે છે.

ફક્ત એકજ શીશી ગુપ્તાની **અમી-કુપી** ઘરમાં તથા મુસાફરીમાં પાસે રાખો તે તમને તાત્કાળીક થઇ આવતાં ઉપર જણાવેલા દર્દોમાં કીંમતી મદદગાર થઇ પડશે.

કિંમત શીશી ૧) નો રૂ. દોઢ ૧।।

ત્રણ શીશીના રૂ૦ ૪). પો૦ અલગ.

રાજશાહી **ગોનોરીઆસ્પેશીફીક**

રજી. (પ્રમેહારી રસ) નં. ૧૨૬૪

જુનો કે ગમે તેવો પ્રમેહ હોય, માત્ર ચોવીશ કલાકમાંજ નાસવા માંડે છે. જાણે જાદુનો ચમત્કાર ! એક ડોઝ પેટમાં ગયો કે બે આની આરામ થયો છે એમ સમજો. પ્રમેહ માટે આવી ફતેહમંદ દવા બીજી કોઇ નથી. પેશાબમાં આગ, બળતરા, ટીપે ટીપે પેશાબ થવો, ઉનવા, હાથપગમાં ફાટ, ઉંઘ નહિ આવવી, અને આખો દિવસ એમાં જ જીવ લાગી રહેવો એ સર્વ આ દવાથી નાબુદ થાય છે. જેઓ માને છે કે પ્રમેહ એ એક નહિ સારૂ કરી શકાય તેવું દરદ છે તેઓને હમે રાજશાહી પ્રમેહારી રસ લેવા ખાસ ભલામણ કરીએ છીએ. સોએ સો દરદી સારા થયા છે, હજુ સુધી કોઇ નિષ્ફળ થયોજ નથી કીંમત શીશી એકના રૂ. ૨) ત્રણ શીશીના રૂ. ૫ા. પો. અલગ.

સી. સી. ગુપ્તા એન્ડ કું. મુ. પો. નડીઆદ